# શ્રી સંતરામ સ્તોત્રમ

## શ્રી સંતરામ સ્તોત્ર (૧૫) પુષ્પ

લેખક

**પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ**

શ્રી સંતરામ મંદિર, નડીઆદ.

| | | |
|---|---|---|
| લેખક | : | પ.પૂ. મહંત શ્રી રામદાસજી મહારાજ<br>શ્રી સંતરામ મંદિર, નડીઆદ. |
| ગ્રંથ સેવા સહાયક | : | શ્રી રાજુભાઇ સુતરીયા<br>શ્રીમતી ઉષાબેન આર. સુતરીયા<br>શ્રી જયંતીભાઈ દેસાઈ (દાસ)<br><br>શ્રી સંતરામ ભકત સમાજ<br>પોસ્ટ બોકસ નં. ૩૨૧૫૫ નેવાર્ક,<br>ન્યુ જર્સી ૦૭૧૦૨ (યુ.એસ.એ.)<br>Web site : www.santram.info<br>E-mail : jaymaharaj@santram.info |
| પ્રકાશક | : | શ્રી સંતરામ સમાધિ સ્થાન, નડીઆદ. |
| પ્રકાશન વર્ષ | : | સંવત ૨૦૭૬ વૈશાખ વદ-૧૪<br>શ્રી સંતરામ સ્વરૂપ પૂ. લક્ષ્મણદાસ મહારાજની<br>૧૫૧મી સમાધિતિથિ સ્મૃતિ |
| પ્રાપ્તિસ્થાન | : | શ્રી સંતરામ મંદિર, નડીઆદ<br>તેમજ શાખા મંદિરો |
| પ્રત | : | ૧૦૦૦ |
| મૂલ્ય | : | ગુરુ સેવા ભક્તિ |
| આવરણ ડિઝાઈન | : | હર્ષદભાઈ પ્રજાપતિ તથા આશિષભાઈ દવે |
| મુદ્રક | : | ક્રિષ્ના ઑફસેટ પ્રિન્ટર્સ, નડીઆદ. |

## જય મહારાજ

**આપને પ્રસાદીનું ભેટ આપેલ પુસ્તકનો ઉપયોગ થઈ ગયા પછી અન્યને વાંચવા આપવું અથવા મંદિરમાં પરત કરવું જરૂરી છે. આ પ્રસાદીનું પુસ્તક પસ્તીમાં વેચવા માટે નથી.**

॥ જય મહારાજ ॥

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૭૦ | ધ્નં જનાનામ્ | ૧ |
| ૭૧ | અચિંત્ય મૂર્તિ | ૧૦ |
| ૭૨ | મનને કેળવો | ૨૨ |
| ૭૩ | હ્યજ્ઞાન કાનન વિનાશન | ૩૩ |
| ૭૪ | અમે તો રાખનાં રમકડાં | ૪૪ |
| ૭૫ | જીવનની યાત્રા-ઘરથી સ્મશાન સુધીની | ૫૬ |
| ૭૬ | સંસાર સાગર તારણહાર | ૬૮ |
| ૭૭ | અજ્ઞાનના જંગલો | ૭૯ |
| ૭૮ | અચલ સુખની પ્રાપ્તિ | ૯૦ |
| ૭૯ | ગુરુ તત્વ સંપન્ન ગુરુ મહારાજ | ૯૮ |
| ૮૦ | ગુરુ દ્વારા આપણું ઘડતર | ૧૧૦ |
| ૮૧ | વિદિત વિશ્વ વિભૂમ્ | ૧૨૧ |
| ૮૨ | પરમાત્માનું તત્ત્વ જય મહારાજ | ૧૩૨ |
| ૮૩ | વિદિત વિશ્વ વિભુમ્ | ૧૪૩ |
| ૮૪ | મતાંધ નિવારકમ્ | ૧૫૪ |
| ૮૫ | અજ્ઞાનનાં અંધારાં | ૧૬૪ |
| ૮૬ | અનુપમાગમ | ૧૭૫ |

## પ્રકરણ-૭૦

# ધ્નં જનાનામ્

પરબ્રહ્મ પરમાત્મા જય મહારાજનું સાનિધ્ય આપણને સહુને પ્રાપ્ત થયું છે, જય મહારાજ અગાધ શકિતવાળા છે, વ્યાપક બ્રહ્મ શકિત જેની પાસે છે.

**''અખંડ મંડલાકાર વ્યાપ્તં યેન ચરાચરમ''**

કેવી શક્તિ છે કે, શરણે આવેલાના પાપોનુ ભંજન કરવાવાળા છે.

**''કલેશ પંચાદિહારમ્ બહુલભવભય ધ્નંજનાનાં ભજેઽહમ્''**

એને ખતમ કરી નાખે. તો એ વ્યાપક વિભૂતિમાં કેવી અનંત શક્તિ હશે? પોતાના પાપને તોડવા-ભાંગવાની કોઇ પણ મનુષ્યની હેસિયત છે ખરી? તાકાત છે ખરી? ઊલટાના જે પાપ છે, તે વધતાં જાય, વધતાં જાય, વધતાં જ જાય. ઓછા થવાને બદલે. જન્મ મૃત્યુ એ પણ મોટામાં મોટા ભય છે.

**''બહુલભવભય ધ્નંજનાનાં ભજેઽહમ્''**

એને તોડી નાખવાવાળા છે. કેવી પ્રબળ શક્તિ હશે? માણસ જેવો માણસ પોતાના જીવનમાં પોતાની જે પણ કાંઇ ત્રુટિઓ હોય, પોતાના જે પણ કાંઇ દોષો હોય, એ તોડી નથી

શકતો. એ પોતે પોતાના પાપોને જાતે દૂર કરવા માટે એટલો બધો કમજોર કહેવાય, શક્તિહીન કહેવાય. પોતાનાં પાપ, પોતાની કુટેવ, પોતાના અપરાધ, માણસ પોતે નથી કાઢી શકતો. કોઇક સદ્‌ગુરુ મળી જાય જેની પાસે વ્યાપક અગાધ શક્તિ હોય. અગાધ શક્તિ એટલે? આપણે કોઇક વસ્તુ ઊંચકવા માટે કેટલી શક્તિનો ઉપયોગ કરવો પડે છે? આખાં મકાનો હલાવી નાખવા કેટલી શક્તિ જોઇએ? આટલા મોટા પહાડ, એ તોડવા માટે કેટલી બધી મશીનરી જોઇએ? આ બે ત્રણ કલાકમાં આટલા મોટા પહાડ ધોઇ નાખ્યા, કઇ શક્તિ હશે એ? માણસ પોતાના જીવનમાં પોતાનાં પાપ નથી ધોઇ શકતો, જયારે આ વિભૂતિ! એમનું ઐશ્વર્ય, એમની શક્તિ તો એ,

**''ઘ્નં જનાનામ્''**

ધ્વંશ કરી નાખે. જોયું ને આ શક્તિ કેવી હતી, કેટલું બધું ધ્વંશ કરી નાખ્યું કેદારનાથમાં? એ અગાધ શક્તિ આપણા સૌના જીવનને માટે એક વિશિષ્ટતા આપે છે, કે જે ભવ ભય, જન્મ મરણના ફેરાને પણ તોડી નાખે છે. માણસનાં કર્મ એવાં હોય, કે જન્મ-મરણનું ચકકર બંધ થાય જ નહીં, પણ આ શક્તિ એવી છે, કે દ્રષ્ટિ માત્રથી એ ચકકરને સ્થંભિત કરી દે, નથી ચાલવાનું તારે.

**''બહુલભવભયઘ્નં જનાનાં ભજેઽહમ્''**

લખ ચોરાસીના જન્મ-મરણના એ ભયને એક દૃષ્ટિ માત્રથી, અને એટલા માટે જ,

**''જનાનાં ભજેઽહમ્''**

અમે ભકતજનો, અમે જય મહારાજના આશ્રિતો, શરણાગતો, જય મહારાજને અમે ભજીએ છીએ, જેમનામાં આવી

અગાધ, અનંત શક્તિ રહેલી છે. જય મહરાજના સ્વરૂપને આપણે માણી નથી શકતા. જેમ અર્જુનને ભગવાને પોતાના વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવી દીધાં, ત્યાર પછી અર્જુન ભગવાનને કહે છે કે, પ્રભુ

**''તેનૈવ રૂપેણ ચતુર્ભૂજેન**

**સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે''**

હે વિશ્વ મૂર્તિ, હે વિરાટ સ્વરૂપ, ફરી પાછા આપ ચતુર્ભુજ થઇ જાવ, મારાથી આપનાં દર્શન નથી થઇ શકતાં, અનંત શક્તિ હોય, એનાં દર્શન કરતાં પણ બીક લાગે. ઓહો! આટલું મોટું સ્વરૂપ છે? એવી દિવ્ય વિભૂતિ કે જેને અમે ભજીએ છીએ. અમે એમના જનો, તેમના સ્વજનો, 'જનાનામ્' જન કોને કહેવાય? જે પોતાનો હોય એને. બાપજી, અમે તો આપના છીએ, આપના સ્વજન છીએ, આપના આત્મીય છીએ, આપના જ અંશ અમે આત્માઓ છીએ. એટલા માટે જ કહ્યું કે,

**''જનાનામ્''**

એવા આ જનો આપને ભજી રહ્યા છે, અમે સદાને માટે આપનું સમરણ કરતા રહીએ, આપને શરણે રહીએ, આપને અમારી સ્મૃતિમાં રાખીએ. અમારું બધું જ આપને સમર્પિત કરી દઇએ, આપ જ છો અમારા. બધું જ કોને સોંપાય? જે પોતાનું હોય એને. કમાઇ લાવીને પગાર કોને આપી દો છો તમે ઘરમાં? એનું નામ સ્વજન. આવી હૃદયની અંદર એક ઊંડામાં ઊંડી શ્રદ્ધા, ભક્તિ, જે આપણને એક બહુ જ સારામાં સારો આધાર આપી દે, કે હાશ, અમે કોઇકના જીવનની અંદર બની શકયા છીએ.

આપણે જય મહારાજના બનવાનું છે. જય મહારાજ

હંમેશાં આપણું રક્ષણ કરી રહ્યા છે, આપણી રક્ષા કરી રહ્યા છે, એ સદ્‌ભાવ સદાય બન્યો રહે. આટલું બધું અમને આપવાવાળા છે, તો અમે સદાયના માટે એમને સ્મરીએ, એમનું જ ભજન કર્યા કરીએ.

**''ભજેહમ્''**

એવા અમે જય મહારાજને ભજીએ છીએ. જય મહારાજ કેવા છે?

**''શ્રોત્રિયમ્ સંતરામં''**

આપ શ્રોત્રિય છો, એટલે જ્ઞાનના સ્વરૂપ છો, જ્ઞાનના ભંડાર છો, આપ સદાય બધાની વચ્ચે દર્શન આપતા, સહુની અંદર સતત બિરાજતા-પ્રગટતા.

**''સતત રમતી ઈતિ સંતરામ''**

સતત દેખાય બધાયને, આત્મારામ સ્વરૂપે દરેકને પોતાનો જીવ દેખાય છે કે નથી દેખાતો? એની ઉપર ભય આવે ત્યારે, ઓહોહો આ આવ્યું. ત્યાં સુધી ખબર ન પડે, કે જીવ તાળવે ગયો, મોતના મુખમાંથી બચીને આવ્યા. જયારે આત્માના સ્વરૂપને ઓળખવો હોય, જય મહારાજ તો એ જ ઓળખાવે છે, પણ જયારે મોત સામે આવે ત્યારે જીવ વહાલો લાગે, અને કંઇક થશે તો?

**''દ્નં જનાનામ્ ભજેહમ્''**

પણ આગળ કહ્યું કે,

**''શ્રોત્રિયમ્ સંતરામં''**

આપ દરેકના હ્રદયમાં બેઠેલા પ્રગટ સ્વરૂપ આત્મારામ છો.

**''સતત સંતિ ઈતિ સંતઃ''**

જે સતત બધાયને દર્શન આપે છે, અને

**''સર્વેશામ્ હૃદયે રમતી ઈતિ રામ''**

સતત દરેકના હૃદયની અંદર, આત્મચૈતન્યસ્વરૂપે આપ જ બિરાજેલા છો. સંતરામનો આ અર્થ છે. એટલે જ આપ જ્ઞાનસ્વરૂપ છો, અને એમાં પણ કહ્યું કે, અમે આપને ભજવાવાળા છીએ, આપ કેવા છો?

**''બહુલ''**

અમે ઘણા બધા છીએ,

**''સંતરામ બહુલ''**

બહુલનો મતલબ છે ખૂબ, અનંત. આપ તો

**''શ્રોત્રિય સંતરામ બહુલ''**

આપ એટલા બધા છો, અગણિત, સર્વત્ર આપ છો, અને સર્વમાં બેસીને,

''ઘ્નં જનાનામ્ ભવભયમ્''

જે એમનું અનુસંધાન કરે છે, આ જન્મમરણના ફેરા કાપી નાખે છે. જન્મ મરણના ફેરા ટાળવાની આટલી શક્તિ જેમનામાં હોય, એ આપણને પ્રાપ્ત થયા હોય, પછી આપણને બીક શાની? જય મહારાજ તો બીકને તોડવાવાળા છે, પછી આપણી પાસે બીક કયાંથી રહેવાની હતી?

જય મહારાજ તો સર્વત્ર છે, સર્વવ્યાપી છે, પણ જે એમનું અનુસંધાન કરે છે એવા સ્વજનોના ભવભય દૂર કરવાવાળા છે. અમે આપનું અનુસંધાન સદાને માટે કરીએ છીએ.

**''ભજેહમ્''**

સતત અમે આપને સ્મર્યા કરીએ છીએ, ભજ્યા કરીએ છીએ, સાધન ભજન માણસને પાર ઉતારે છે.

**''યત્સંગાત્ નષ્ટ પાપઃ''**

પાપ નાશ પામશે અને,

**''ભજન સુખકર''**

મનથી ભજન કરાવશે, અને એ ભજન સુખકારક હશે, અને એ સ્વરૂપ છે જય મહારાજનું.

જેમના સાનિધ્યથી પાપો નાશ પામી જાય છે, ટકી શકતાં નથી. જેણે જય મહારાજનું શરણ લીધું છે, એની બુદ્ધિમાં પાપ કેવી રીતે ટકી શકે? પાપ એની નજીક પણ ન આવી શકે. જય મહારાજની રક્ષા હોય, પછી એને ભય કયાં રહ્યો? આમ જય મહારાજના સ્વરૂપને જો સાચી રીતે આપણે સમજી શકીએ, તો આપણા જીવનની અંદર. કે આપણા અંતઃકરણની અંદર પાપ ન પહોંચે, અંદર પ્રવેશી જ ન શકે, એણે બહાર જ ઊભા રહેવું પડે, દૂર જ ઊભા રહેવું પડે, દ્રષ્ટિ પણ ન કરી શકે. જય મહારાજનું ભજન સૌને સન્મતી આપનાર છે, સંસ્કાર આપનાર છે, સત્સંગ આપનાર છે, સદ્ગતી આપનાર છે. જો આટલું બધું જય મહારાજ આપતા હોય, તો શા માટે તેમને શરણે જઇ એમને ન ભજવા? ના અમારે તો આ દુન્યવી સાંસારિક વસ્તુઓ જોઇએ છે, એ આપો ને બાપજી. જય મહારાજ જેનાથી આપણને દૂર રાખવા માગે છે, કે આનાથી દૂર રહો, પણ આપણે તો? ના બાપજી અમારે તો એ જ જોઇએ છે, ગાડી જોઇએ. બંગલા જોઇએ, ઘણું બધું જોઇએ. તો આમ ભગવાનના ભજનની અંદર અને સંસારની અંદર, બંને

દિશાઓ જુદી છે, જે દિશામાં જવાનું છે એનાથી ઊલટી દિશામાં આપણે દોડીએ છીએ. જય મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે, બચાવજો, લાજ રાખજો, સુખી રાખજો, અને દુઃખના રસ્તા ઉપર આગળ દોડીએ છીએ. જય મહારાજ વાળવા ઇચ્છે છે કે, તેં પકડેલી દિશા ખોટી છે અને સાચી દિશામાં વાળી લઉં, પણ ના, આપણે માનતા નથી. જય મહારાજ સુખની દિશા તરફ લઇ જવા માગતા હોવા છતાં દુઃખની દિશા તરફ જ આપણી દ્રષ્ટિ હોય છે. આપણી વૃત્તિ પણ એ તરફ જ હોય છે. જય મહારાજ જે દિશા તરફ આપણને મોકલવા ઈચ્છે છે, એ દિશા તરફ આપણે જવું નથી, **એવાં તે કાંઇ છોકરાં આપી દેવાતાં હશે સાધુ થવા માટે? તમે સાધુ થયા એ બરોબર છે, ના, એ નહીં થાય, મારે તો એને પરણવાનો જ છે.** આમ જય મહારાજની લઇ જવાની દિશા જુદી છે, અને આપણે જઇ રહ્યા છે જુદી દિશામાં, અને પાછી સુખની અપેક્ષા રાખીએ છીએ, કે જય મહારાજ ઘરમાં સુખ શાંતિ નથી, કંઇક દયા કરો, પણ બધું જ પોટલાં બાંધીને લઇને તો ગયો છું, હવે સુખ શાંતિ કયાંથી હોય? ઉપાધિનાં પોટલાં બાંધીને લઇ આવ્યો છું, ઘરમાં એક એક પોટલું લઇને મૂકયું હોય, જય મહારાજ કહે છે આ ઉપાધિનાં પોટલાં માથે ના ચઢાવીશ, સુખી થવું હોય તો મૂક. ચલ આ બાજુ. જય મહારાજનું સ્વરૂપ તો દુઃખોમાંથી, ઉપાધિઓમાંથી છોડાવનારું છે. જય મહારાજ તો બંધનોમાંથી મુકત કરાવનાર છે. પણ આપણે સામે ચાલીને બંધનો ઈચ્છતા હોઇએ છીએ, કે આવવા દો ને બંધન. એક પછી એક બંધન વધતાં જ જાય, વધતાં જ જાય. વધતાં જ જાય. છૂટવાને બદલે અંદર ને અંદર ઊતરતો જાય, અંદર ને અંદર ઉતરતો જાય. ઉતરવાનું જાણી જોઇને, અને પછી બૂમો પણ પાડવાની દુઃખી થવાની,

બાપજી અમે દુઃખી છીએ, પણ ઉપાધિમાં તો જાતે ઉતરેલો છે.

**''ભવભયઘ્નં જનાનામ્''**

આવી મોટી ઉપાધિઓ દૂર કરવાનું સામર્થ્ય જય મહારાજમાં છે. આપણે સમજીએ, અત્યારે ભલે ને સમજાય, અમૂક ઉંમર પછી સમજી જ લેવું પડે, અને જો અમુક ઉંમર પછી પણ ન સમજયા તો ઘરની લાતો ખાવાનો વારો આવે. છોકરા જ તમને બહાર કાઢે. જયારે સમય હતો, અને આપણને ચેતવ્યા હતા, ત્યારે એના તરફ આપણું લક્ષ્ય ન હતું. હવે પરિસ્થિતિ એવી ઊભી થઇ કે પરાણે નીકળવાનો વારો આવ્યો એટલે સમજણપૂર્વક જે પણ કાંઇ જય મહારાજનો માર્ગ છે, એને ધીરે ધીરે અપનાવતા રહીએ, તો દુઃખના દિવસો જોવાના ન આવે. ભાગવતના એકાદશ સ્કંધની અંદર, ભગવાન પણ સવાસો વર્ષના થઇ ગયા હતા, ઉદ્ધવની પણ એટલી જ ઉંમર હતી, થોડીક ઓછી હતી, ભગવાને ઉદ્ધવને કહ્યું, કે ઉદ્ધવ ચાલ મારી સાથે આવવું છે? હું સ્વધામ જઉં છું, તો ઉદ્ધવે કહ્યું કે ના મારે નથી આવવું, હું હજુ અહીં રહીશ, **ભગવાને કહ્યું કે, જો અહીંયા જ રહે એનો વાંધો નહીં પણ જરા સંભાળીને ચાલજે. જે પણ કાંઇ મળે એનાથી ચલાવી લેતાં શીખજે, ભગવાને સંસાર જોયો હતો. અંતવેળાએ એ દશા જોઇ પોતાની નજર સામે, કે પોતાના જ પરિવારજનો પી પીને અંદરો અંદર એકબીજા સાથે લડી ઝઘડીને કપાઇ મર્યા,** આ કેવો મોટો ભય? ભગવાન જેવા ભગવાન ઉપસ્થિત છે. એમનો પોતાનો જ પરિવાર છે, બધા જ પી પીને અંદરો અંદર ઝઘડીને કપાઇ મર્યા. કૃષ્ણ તો ભગવાન હતા. છતાં પણ આ દ્રશ્ય એમણે પોતાની આંખે જોવું પડ્યું. ભગવાનને આ દ્રશ્ય અંત સમયે પોતાની આંખે જોવું પડ્યું છે, અને પછી સ્વધામ ગયા છે. તો જય મહારાજ તો આપણને

પહેલેથી જ એમાંથી બહાર કાઢી લેવા માગે છે, એ રસ્તે જશો નહીં, ચાલો સારો રસ્તો બતાવું છું.

**''યત્સંગાત્ નષ્ટ પાપ''**

એમના શરણ માત્રથી પાપો નાશ પામશે, દુઃખો નાશ પામશે, દુઃખો પણ નહીં રહે, અને અશાંતિ પણ નહીં રહે, પણ આપણી વૃત્તિઓ એ તરફ જવા માટે તૈયાર નથી, પછી દુઃખી તો થવાના જ છીએ અને ફરિયાદ કરીએ કે ભગવાન, જય મહારાજ, હું તો દુઃખી છું. ભલે બહારથી માણસ સુખી દેખાતો હશે. પૈસાથી, સંપત્તિથી, સંપન્નતાથી, પણ અંદરથી ભયંકર દુઃખી હશે. જય મહારાજનું શરણ મળ્યું છે, જય મહારાજે આપણને આટલી મોટી તક આપી છે, જય મહારાજના સ્વરૂપનાં આપણે દર્શન કરીએ છીએ, સ્મરણ કરીએ છીએ, અને એના વડે જે પણ કાંઇ પ્રાપ્ત થાય, એનાથી આપણું જેટલું પણ કલ્યાણ થાય, એટલું કલ્યાણ કરી લઇએ, એ જ સાચો માર્ગ છે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ–૭૧

# અચિંત્ય મૂર્તિ

''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્
હ્ય જ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્
ઉત્સાહ વર્ધનમહં તુ ચતુઃ ફલાય
નમામિ ભક્તિભિરજં તનુવાડમનોભિઃ''

પરમતત્વ પરમાત્મા ભગવાન દત્તાત્રેય યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહરાજ,

''**પૂર્ણ કામ**''

સૌનું મનોવાંછિત કરનાર છે. પ્રભુનું સ્મરણ કરતાં જ અનેક પાપોનો નાશ થાય છે. જેનું શરણ મળ્યા પછીથી એક પણ પાપ નજીક આવતું નથી, કારણ કે પાપ નાશ કરવાવાળા જ આપણી સમીપમાં બેઠા હોય, તો પાપ આપણી નજીક કયાંથી આવી શકવાનું હતું? પાપ જ બીને ભાગી જાય, કે અહીંયા જવા જેવું નથી. કોઇપણ પ્રકારના પાપ થવાની વૃત્તિ જ નહીં જાગે. જય મહારાજનું સ્વરૂપ તો.

''**ત્વનઘ**''

શું છે?

**''ભવ ભય ભંજન''**

આવા મોટા, અને કહ્યું ભકતો એ

**''પર ઉપકારી તમો છો અંતરયામી''**

પણ એની સાથે કહ્યું કે,

**''કોણ ભાગ્ય હશે સહેજે સદ્‌ગુરુનું દર્શન પામી''**

સહજથી. જય મહરાજનાં, કૃપાનિધાનનાં, દર્શન સહજ ભાવે થઇ જાય.

''કોણ ભાગ્ય હશે''

**''જેને કૃપાનિધાન કૃપા કરશે**

**તે જનને તો સદ્‌ગુરુ મળશે,**

**હરિદાસ હરિમાં તે મળશે.''**

કેટલા સરસ ભાવો છે ભજનોની અંદર. ભકતોએ, સંતોએ મહારાજને જે માણ્યા છે, જે અનુભવ્યા છે, જે ગાયા છે, તે શબ્દોની અંદર ભારોભાર તથ્ય છે. પદોના એક એક શબ્દોમાંથી, એક એક સંબોધનોમાંથી જય મહારાજનાં દર્શન આપણને થાય છે.

**''કોણ ભાગ્ય હશે''**

એવો કોણ ભાગ્યશાળી હશે, કે જય મહારાજનાં સહજ દર્શન એ પામી શકે?

**''જેને કૃપાનિધાન''**

**કૃપાનિધાન, કરુણાનિધાન, જેની ઉપર કૃપા કરે એ જ સત્સંગમાં આવીને બેસી શકે, અને સત્સંગમાં આવ્યા પછી કરુણાનિધાનની કૃપા હશે તો જ સત્સંગમાં મન લાગશે.**

**''તે જનને તો સદ્‌ગુરુ મળશે.''**

મળવાના જ છે. આમ જય મહારાજનું સ્વરૂપ અતિ સુલભ છે, જય મહારાજને પ્રાપ્ત કરવા સહેજ પણ અઘરા નથી, સહજથી.

**''ત્યારે સેહજાનંદમાં સહેજે ભળ્યા''**

સહજાનંદ સ્વરૂપ જય મહારાજનું છે. જય મહારાજનું સ્વરૂપ સહજ આનંદનું છે, કોઇ ખેંચી તાણી લાવેલો નહીં, કોઇ બનાવટી નહીં, સાહજિક આનંદ,

આ જય મહારાજનું સ્વરૂપ છે. આવા જય મહારાજના વિરાટ સ્વરૂપનું દર્શન કરવા જઇએ. અર્જુનની માફક આપણને પણ બીક લાગી જાય, આ વિરાટ સ્વરૂપ જય મહારાજનું?

**''તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન**

**સહસ્ત્રબાહો ભવ વિશ્વમૂર્તે''**

હે વિરાટ સ્વરૂપ, હવે તમે ચતુર્ભુજ થઇ જાવ, મને બીક લાગે છે. આપણે પણ જયારે જય મહારાજની સન્મુખ જઇએ, અને જય મહારાજ વિરાટ સ્વરૂપ જયારે બતાવે. ત્યારે કાચોપોચો હોય તે ગભરાઇ જાય, બી જાય, અરે ના ના મહારાજ, મારે નથી જોવું. બસ, આ વિરાટ સ્વરૂપ માટે કહ્યું કે,

**''વિદેહી સ્વરૂપે ઈશ્વર થઇને નિર્ગમો''**

આપ તો ઈશ્વર, મુકત છો, વિદેહી છો. તો આવા જય મહારાજ માટે સરસ મજાની સ્તુતિ ગાતાં કહ્યું કે, **''શ્રી સંતરામ ગુરુવર્યં અચિંત્ય મૂર્તિ''**

બાપજી આપ તો શ્રેષ્ઠના પણ શ્રેષ્ઠ છો, ગુરુ તો ખરા જ પણ ગુરુવર્ય, ગુરુ એટલે મોટા અને ગુરુવર્ય એટલે એથી પણ

વિશાળ, એથી પણ મોટા છે, જય મહારાજનું સ્વરૂપ કેવું છે?

**''અચિંન્ત્યમ્''**

ન કલ્પી શકાય એવું. ઓહો... જય મહારાજની અંદર આટલો મોટો ભંડાર ભરેલો છે? સમસ્ત સૃષ્ટિ એમાં સમાયેલી છે.

**''અખંડમંડલાકારં વ્યાપ્તંયેન ચરાચરં''**

કયાં લઇ જાય છે આપણેને? જેણે જેણે મહારાજશ્રીની સ્તુતિ કરી અને સ્તવ્યા, એમણે કહ્યું કે આપ તો વિરાટ છો, આવું વિરાટ સ્વરૂપ લઇને આપ પધાર્યા છો, અહિયાં પણ ભકતો, સંતો, મહાપુરુષો એ ગાયું કે,

**''શ્રી સંતરામ ગુરુવર્ય અચિંત્ય મૂર્તિ''**

કેટલા મહાન હશે? જેણે પણ અનુભૂતિ કરી હશે આ સ્તુતિના શબ્દો ગાતાં, તો જય મહારાજના વિરાટ સ્વરૂપનું એમણે કેવું દર્શન કર્યું હશે, કે કહયું કે,

**''અચિંત્ય મૂર્તિ''**

દૃષ્ટિ પણ ન પહોંચે ગમે તે દિશાઓમાં,

**''વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ''**

ચારે દિશાઓમાં આપ જ છો. જો આવા વિરાટ સ્વરૂપનાં દર્શન થાય, તો જેનામાં સામર્થ્ય ન હોય એની કેવી દશા થાય? હું શું જોઇ રહ્યો છું? બેહોશ થઇ જાય.

**''અચિંત્ય મૂર્તિ''**

કયારે પણ કલ્પી ન શકાય, કે પોતાની દૃષ્ટિમાં પણ ન સમાતા હોય, પોતે એટલે દૂર સુધી એમને અનુભવી પણ ન શકતા

હોય, કે આ છે જય મહારાજ! જય મહારાજ તો બ્રહ્મ તત્વ છે.

જય મહારાજનું સ્વરૂપ ન કલ્પી શકાય, ન અનુભવી શકાય, ન જોઇ શકાય.

કેટલું ચિંતન કરી શકશો જય મહારાજ માટે? જય મહારાજના બ્રહ્મતત્વને, બ્રહ્મતેજને તમે કેટલું કલ્પી શકશો? આ આકાશ છે, એને તમે કેટલું ઊંડું, કેટલું ઊંચું માનો છો? કેટલા કરોડ, કેટલા અબજ મીટર એ ઊંચું હશે? એનું તળિયું તો હશે ને? છત્રી નીચેથી પકડી રાખીએ તો છત્રીનો ઉપર નો ભાગ તો હોય ને તો આકાશનું અંતર કેટલું હશે?

**''પંખી ઉડે આસમાનમાં, પંથ તણો નહીં પાર,**

**અનલ અવની આવે નહીં, પંખીએ ન પહોંચાય.''**

પંખી પહોંચી શકવાનું જ નથી, આ અચિંત્યતા છે. આ એમની દિશાઓ છે,

**''દિશો ન જાને ન લભે ચ શર્મ''**

ગીતાની અંદર વિરાટ સ્વરૂપનાં દર્શન કરતાં અર્જુને સ્તુતિ કરી છે, ખબર નથી પડતી કે આપનું સ્વરૂપ કેટલે સુધી છે. અકલ્પનીય. જેને કહેવાય, અચિંત્ય. જય મહારાજનાં રોજ દર્શન કરીએ, સમાધિનાં, એની અંદર રહેલું જે સામર્થ્ય છે એને ઓળખવાનું છે. દર્શન તો રોજ કરતા હઇશું, થોડી શાંતિ મળતી હશે, આનંદ પણ મળતો હશે. સમાધિ સામે ઊભા રહીને દર્શન કરીએ તો એટલી સ્થિરતા પણ મળતી હશે. જય મહારાજની અગાધતા કેટલી છે? ન કલ્પી શકાય તેવી,

વિરાટ સ્વરૂપના દર્શન થાય, અને કહે કે ઓહોહો, આ બધી દિશાઓ અને બધું આપની અંદર જ છે, બધીજ દશે

દિશાઓ ભગવાનમાં જ સ્પષ્ટ દેખાય, તો કઇ દૃષ્ટિએ ભગવાનને જોવા? તો ભગવાને તે પણ કહ્યું કે,

**''દિવ્યં દદામિ તે ચક્ષુ''**

ભગવાનના સ્વરૂપને જોવા માટે, અચિંત્ય મૂર્તિને જોવા માટે દિવ્ય દૃષ્ટિ જોઇશે. **દિવ્ય દૃષ્ટિ એટલે ભેદભાવ સિવાયની, છળ કપટ સિવાયની, કોઇપણ વિકૃતિઓ સિવાયની દૃષ્ટિ જોઇશે,** કારણ કે પોતાના અને પારકા તો દેખાવાના જ છે ત્યાં ભેદ દૃષ્ટિ આવી ગઇ. અચિંત્ય મૂર્તિને જોવા માટે, દર્શન કરવા માટે તો

**''દિવ્યં દદામિ તે ચક્ષુ''**

વિરાટનાં દર્શન કરવા માટે તો દિવ્યચક્ષુ જોઇશે.

**''દિશો ન જાને ન લભે ચ શર્મ''**

આટલી દૈદિપ્યતા? ઓહો... આંખો ચકાચૌંધ થઇ જાય. જેમ કોઇ ગાડીની હેડલાઇટનો પ્રકાશ આંખોમાં પડે. એનાથી તો અબજો ઘણું તેજ, આંખોમાં એ શક્તિ જ નથી કે તે જોઇ શકે, જુઓ તો બળીને ખાખ થઇ જાય. જય મહારાજ અચિંત્ય છે, જય મહારાજનું સ્વરૂપ અવર્ણનીય છે, દર્શન કરવાનું સામર્થ્ય જોઇએ, હશે તો જ દર્શન થઇ શકશે, પણ નિત્ય ચિંતન તો થયા જ કરવું જોઇએ. જય મહારાજ અચિંત્ય છે, એ અમારી શક્તિ પ્રમાણે લઇશું. ભલે અમારી પાસે કોડિયું હશે, તો કોડિયા જેટલું અમે લઇ લઇશું, ખોબામાં આપશો તો ખોબા જેટલું લઇ લઇશું, ખોળામાં આપશો તો ખોળા જેટલું લઇશું, પણ એનું ચિંતન અવશ્ય કરીશું. એટલું યાદ રાખજો, જય મહારાજ તો વિશાળ મોટો ભંડાર છે. જે ભંડારને કોઇપણ સીમાઓ નથી, એટલો અગાધ ભંડાર છે, એમાંથી હૃદયપૂર્વક આપણે જે પણ કાંઇ ઈચ્છીશું, તે બધું જ જય

મહારાજ આપણને આપશે, અને લેવા દેશે કે લો લઇ જાઓ. તમારે સંયમ જોઇએ છે લઇ જાવ, સદ્‌વિચાર જોઇએ છે લઇ જાવ, સાત્વિકતા જોઇએ છે લઇ જાવ, તમારે નિર્મળ દૃષ્ટિ જોઇએ છે લઇ જાવ, હૃદયની અંદર નિર્મળતા જોઇએ છે લઇ જાવ. આટલી બધી અગાધતા છે. મહારાજશ્રી ઉદાર છે, એવી વ્યાપકતા છે, એવી અનંતતા છે, એમાંથી આપણાથી અનુભવાતું લઇ લો. જય મહારાજને તો કશું પણ ખૂટવાનું નથી, અને ના પાડવાના પણ નથી. અબજો માણસો જો સમુદ્રનું પાણી પીવે તો પણ સમુદ્રનું પાણી ખૂટે ખરું? જય મહારાજ તો સુખસાગર છે, સુખના સાગર છે. લઇ લઇને કેટલાં સુખ આપણે લઇ જઇશું? બહુ બહુ તો પોટલું બાંધીને લઇ જઇશું. દુઃખનાં પોટલાંએ એક બાજુ મૂકીએ. જય મહારાજ તો પરમ ઉદાર છે, એ જય મહારાજના પરિપૂર્ણ સ્વરૂપને ભલે આપણે ન પામી શકીએ, પણ આપણી શ્રદ્ધા, આપણી ભક્તિ પ્રમાણે આપણે મેળવી શકીએ, કે જય મહારાજ મારા છે, મારી મતિમાં સમાય, મારી દૃષ્ટિમાં સમાય, એટલા તો જય મહારાજ મારા છે. ભલે વધારે ન મળે પણ મારી મતિ, શક્તિ, બુદ્ધિ, ભક્તિ પ્રમાણે જય મહારાજને હું સમાવી લઉં મારા માં. આવી અગાધાતનું સામર્થ્ય છે, અને એ મેળવી લેવાનું છે. લોકો પણ આપશે અને દુનિયા પણ આપશે બધું, પણ જય મહારાજ જે આપશે તે કયાંયથી પણ નહીં મળી શકે. એ વિભૂતિઓ હંમેશાં જે પણ આપશે સંયમ આપશે, સદાચાર આપશે, સદ્‌ગતિ આપશે, પણ વૈભવ નહીં આપે, જેટલું જોઇએ એટલું લઇ જાઓ. પણ વૈભવ હશે તો ખૂંચવી લેશે, તને કયાં આની અંદર ડૂબાડી રાખવો? કાઢો બહાર એને, વૈભવો છોડાવશે, સંબંધો તોડાવશે, એને એકલો પાડી દેશે, આવ ચલ મારી પાસે, છે

તૈયારી? અનંતતા સુધી પહોંચવાનું છે. જય મહારાજ તો અચિંત્ય સ્વરૂપ છે, આપણી દૃષ્ટિ પણ નહીં પામી શકે, આપણી બુદ્ધિ પણ નહીં પામી શકે.

**''મન બુદ્ધિથી છે આઘુ''**

ઉપનિષદો પણ એ જ વાત કરે છે,

**''યતો વાચો નિવર્તંતે ઈન્દ્રિયાણી મનસા સહ''**

વાણીથી, મનથી, ઈન્દ્રિયોથી પણ અગાધ જુદું છે.

**''અગમ અગાધ અતિ યોગીરાજ મહામતિ''**

કેટલી બધી ઊંચાઇ બતાવી દીધી. આ જે જય મહારાજના સ્વરૂપને, આપણી ક્ષમતા પ્રમાણે, આપણી આંખો વડે, આપણા કાન વડે, આપણી ભક્તિ વડે આપણામાં સમાવવાનો પ્રયત્ન કરવો પડે, અને એટલાથી જ આપણે આનંદ માણી લેવાનો, કે જય મહારાજ આવા છે. મેં મારા હૃદયની અંદર જય મહારાજને એટલી સરસ રીતે ઉતારી લીધા છે. બસ એટલો આનંદ, બાકી તો દરેક પોતપોતાની દૃષ્ટિથી જોશે તો બધાને પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે મળશે, તમારી દૃષ્ટિ પ્રમાણે તમે જય મહારાજને લઇ જાવ.

''અચિંત્ય મૂર્તિ''

અને છતાંય અગાધ, જેટલા જોઇએ એટલા. જુદુ બેસીએ જય મહારાજને લઇને, એના કરતાં સુખના સાગરની અંદર જ પડતું મૂકી દઇએ. આખા ને આખા એમાં સમાઇ જઇએ, કશું સાચવવું પણ ન પડે. જય મહારાજમાં જ વિલીન થઇ જવાય, અને એ પ્રમાણે જો આપણે જય મહારાજની આરાધના અને ઉપાસના કરીશું, તો આપણામાં બધું જ આવશે, આપોઆપ આવશે, જય મહારાજ લઇ જવા દેશે, કે લઇ જાઓ. શાંતિ પણ મળશે, સુખ

પણ મળશે, સંયમ અને સદાચાર પણ પ્રાપ્ત થશે. મન જે ચંચળ છે, મન જે કયાંય શાંતિથી બેસવા દેતું નથી, મન પણ જય મહારાજની પ્રસાદીવાળું થતાની સાથે શાંત થઇ જશે.

**''મન લઇ અમનમાં ધરજો રે''**

એટલે આપણું મન જે ઉધામા મચાવે છે, જે અશાંત છે, એ આખા મનને જ એમાં પાછું બેસાડી દો. જેમ એક Colapsable પ્યાલો છે, ખેંચો એને, પછી એમાં પાણી કે દૂધ ધરો. બધું જ ભરાશે, તેનો ઉપયોગ થશે, અને ફરી પાછો એને ફીટ કરી દો, એક નાની રીંગ થઇ જશે, પછી એમાં કશું પણ ભરી શકાશે ખરું?

**''જયારે મનમાં મન સમાય''**

પ્યાલો એનો એ જ છે, રીંગો પણ એની એ જ છે, એ કડીઓને કડીઓની અંદર ફીટ કરી દો, એમ આપણા મનને મનમાં સમાવી દો, પછી સંસારનું કશું પણ અંદર ભરાશે નહીં, ભરાવા જ ન દઇએ. જે ચંચળ મન છે, અને વિકૃતિઓથી દુઃખી કરે છે, એ મન પણ જય મહારાજના સાનિધ્યમાં, જય મહારાજના શરણમાં બિલકુલ શાંત થઇ જશે, એટલી પ્રબળ શરણાગતિ જો આપણે એમની પાસે માગીશું તો એ સ્વીકારી લેશે, મન પણ શાંત થઇ જશે, પછી મન નહીં પજવે, સહેજ પણ નહીં પજવે, આ તો જાગ્યા ત્યાંથી સવાર. ઘરમાં એક નાનું છોકરું હોય, અને જો તોફાની હોય તો? માથું પછાડીને કહે કે, ભાઇ સાબ હવે તો તારાથી તોબા, થાકયા હવે આનાથી તો, એમ આપણું મન પણ થકવી નાખે છે આપણને. મનથી માણસ કેટલો બધો હેરાન થાય છે? મહારાજ હેરાન પરેશાન છું. મનથી, ત્રાસી ગયો છું, આત્મહત્યા કરવાનું મન થાય છે. આજે આવ્યો હતો એક છોકરો

૩૧ વર્ષનો. આત્મહત્યા કરવા તૈયાર થયો હતો, મારું મન મને હેરાન કરે છે, અરે ભાઇ તારું જ મન તને હેરાન કરે છે? આત્મહત્યા કરવાના વિચાર સુધી પહોંચી ગયો હતો. આજે જ આવ્યો હતો. એને શાંત કર્યો. આપણું મન આપણને કયારેય શાંતિથી બેસવા દેતું નથી, સવારે ઊઠયાથી રાત્રે સૂતાં સુધી. કયારેક કયારેક આવી હેરાનગતિ પણ કરી દે છે. પણ એ મનને જો જય મહારાજના ચરણમાં સોંપ્યું, તો તો પછી લીધા કરો એમાંથી. લેવાનું શું હતું. એમાં જ ઊતરી જાઓ એ સ્વરૂપની અંદર. પછી બીજું કશું પણ લેવાનું જ ન રહે. જય મહારાજનું આવું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય. આપણે સમજીએ કે આટલું બધું છે, મંદિરમાં આવી દર્શન કરીને સામેના કોઇક ખૂણામાં બેસી જજો. જુઓ પછી, અનુભૂતિ આવ્યા કરશે, મન પણ શાંત થશે. **જયારે અકળાયેલું હોય, કંટાળેલું હોય, કયારેક આવીને બેસી જજો. ત્યારે એવા ટાઇમે આવો કે જયારે ભીડ ન હોય, અને ચોકડી છે ત્યાં બેસી જાવ. જયોતની સામે, જુઓ કેટલી શાંતિ, એકાગ્રતા, સન્મુખતા અંદર મળે છે? જે મન માણસને અકળાવીને આત્મહત્યા સુધી પહોંચાડે છે. એ જ મન જય મહારાજના ચરણોમાં, એમના સાનિધ્યમાં બેસી ગયું. એટલે ચૂપ થઇ જશે.** કેમ કે જય મહારાજનું સાંનિધ્ય છે, મન સહેજ પણ હેરાન નહીં કરી શકે, કેમ કે જય મહારાજના સાનિધ્યમાં બેઠા છીએ. શિયાળવાં અને કૂતરાં ખૂબ હેરાન કરતાં હોય, પણ વાઘ કે સિંહની પાસે બેસી ગયા તો કોઇપણ નજીક આવશે ખરું? એમ આપણે પણ જય મહારાજ જેવા તેજસ્વી, જીવતાજાગતા જ્ઞાનના અગ્નિસ્વરૂપની પાસે બેસી જઇએ,

**''નહિ જ્ઞાનેન સદૃશં ઇહ વિદ્યતે''**

જય મહારાજે આપેલું જ્ઞાન સત્સંગ, એના જેવું પવિત્ર જગતમાં બીજું કશું પણ નથી, જે આપણા મન અને વિચારોને, આપણા જીવનને, આપણા વ્યવહારને સાત્વિક અને શાંત બનાવે. આવું સામર્થ્ય અને આવું શકિતશાળી શરણ આપણે સહુએ પ્રાપ્ત કર્યું છે, આપણા સહુના જીવનને ધન્ય બનાવનારું, સ્તુતિનું સંબોધન કેટલું સરસ છે.

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિ''**

વિરાટ સ્વરૂપને કયાં સુધી જોઇ શકીશું? લિંગ પુરાણમાં એક કથા આવે છે, કે બ્રહ્મા અને વિષ્ણુ એક વનમાં ગયા અને ત્યાં એક વિશાળકાય જોયું, કે આ શું હશે? એનો છેડો કયાં હશે? તો બ્રહ્મા હંસ બનીને ઉડ્યા, કે હું ઉપરનો છેડો શોધી આવું છું, અને વિષ્ણુ કાચબો બની પાતાળમાં ગયા એનો અંત શોધવા, વિષ્ણુ ઘણા ઊંડા ઊતર્યા અને પાછા આવતા રહ્યા, કે આ તો અનંત છે, પણ બ્રહ્માએ હંસની જેમ ઊડવા માડ્યું. ઊડવા માડ્યું, ખૂબ ઊડ્યા, ખૂબ ઊડ્યા, હું આનો છેડો શોધીને જ આવીશ. ઊડતા ઊડતા થાક્યા છે બ્રહ્માજી, ઉપરથી એક કેવડાનું ફૂલ મહાદેવજીના લિંગ ઉપરથી પડીને નીચે આવતું હતું. તો બ્રહ્માજી એ હંસરૂપે એને પકડી લીધું, કહ્યું કે મને કેટલાય બધા યુગ વીતી ગયા નીચે આવતા આવતા ત્યારે અહીં સુધી આવ્યો છું, બ્રહ્માજી કહે છે મને પણ ઉપર આવતા આવતા ઘણો બધો સમય વીતી ગયો. ચાલ તું મારી સાથે. નીચે આવીને વિષ્ણુજીને કહ્યું કે આનો છેડો શોધીને આવ્યો. આ સાબિતી છે. શરત હતી કે જે પરમાત્માનો છેડો શોધી લાવે તે મોટો. બ્રહ્માજી એ છળકપટ કર્યું. એટલે શિવજીએ પ્રત્યક્ષ આવીને શ્રાપ આપ્યો. તમારી કોઇ પૂજા નહીં કરે. જુઓ તમે બ્રહ્માની પૂજા થાય છે કયાંય? વિષ્ણુ અને શિવજીની પૂજા

થાય છે. અનંતતાને પામવું ઘણું દોહ્યલું છે. એટલે જય મહારાજનાં દર્શન કરી, શાંતિથી આપણી ક્ષમતા પ્રમાણે આપણામાં સમાવી લેવા.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૭૨

# મનને કેળવો

ગુરુવર્ય, ગુરૂજનોમાં અત્યંત શ્રેષ્ઠ જય મહારાજનું સ્વરૂપ, સત્‌ચિત્‌આનંદ બ્રહ્મ. જે પરમ બ્રહ્મતત્વ છે, એ શ્રી સંતરામ મહારાજનું સ્વરૂપ છે.

**''પુરણ બ્રહ્મ ચરાચર વ્યાપક સોઇ સુભગ તનુધારી''**

જે જડચેતન, ચરઅચર સર્વમાં વ્યાપ્ત છે, એ સ્વયં આ આપનું સ્વરૂપ ધારણ કરીને આવ્યા છે.

**''સોઇ સુભગ તનુધારી**

**સમર મન સંતરામ સુખકારી''**

હે મારા મન તું જય મહારાજને ભજ, એમનું સ્મરણ કર, એ કોણ છે ?

**''પુરણ બ્રહ્મ''**

એ બ્રહ્મ પરમાત્મા સ્વયં છે.

**''ચરાચર વ્યાપક''**

તે સઘળે છે. તે જ આ જય મહારાજનું વિગ્રહ ધારણ કરની આવ્યા છે.

**''ગુરુવર્યં અચિંત્ય મૂર્તિ''**

અનંત છે, અગાધ છે, એમનું ચિંતન કરીએ તો પણ એમનો પાર કયારેય ન પામી શકીએ. જેમાં અનંત શક્તિ છે. જય મહારાજની દિવ્ય ચેતના, એમની જે પરબ્રહ્મની શક્તિ છે, એટલી બધી અનંત છે કે એને કોઇ પાર ન પામી શકે.

**''અચિંત્ય''**

જય મહારાજનું ગમે તેટલું ચિંતન કરો, પણ એ એથી પણ ઊંડા અને એથી પણ અગાધ છે. જય મહારાજના સ્વરૂપની અંદર જેટલા ઊંડા ઉતરીએ સત્સંગમાં, જય મહારાજની ઊંડાઇ એટલી જ વધતી જવાની, એટલી જ અગાધ.

''અચિંત્ય મૂર્તિ''

જય મહારાજનું એ સ્વરૂપ અકળ છે કે, જેને કળી ન શકાય પામી ન શકાય. આપણે તો માત્ર દર્શન કરી અને જતા રહીએ છીએ, જય મહારાજની આ અકળતાને તો કોઇપણ પામી શકતું જ નથી એવી અગાધતા છે.

**''અગમ અગાધ અતિ યોગીરાજ મહામતી''**

જય મહારાજ અગાધ છે, અગમ્ય છે, એ આપણી ગમમાં ઊતરે જ નહીં, સમજણમાં ઊતરે જ નહીં. એટલા અગાધ છે, એમનું એટલું ઊંડાણ છે કે કોઇ પામી જ ન શકે. અહીંયાં સ્તુતિ કરતાં મહાપુરુષોએ કહ્યું કે, જય મહારાજ આપ તો અચિંત્ય છો, આપ ગુરુવર્ય છો, જેને કહેવાય કે ગુરુમાં પણ શ્રેષ્ઠ, ઉચ્ચ સ્થિતિ, ઉચ્ચ અવસ્થાવાળા આપ છો, અને એવા આપ ને,

**''ભજેહમ્''**

એવા આપનું અમે ભજન કરીએ છીએ, કે જેનાથી અમારું

કલ્યાણ થાય. અમે સંમતિ, સદ્ગતિ, સંયમ પ્રાપ્ત કરી શકીએ. અમારા જીવનમાં આપના શરણ વડે શાંતિ મેળવી શકીએ, સુખી થઇ શકીએ. અને એટલા માટે કહ્યું છે કે,

**''જનાનામ્ ભજેહમ્ ભવભયદનં''**

બધા પાપને દૂર કરવાવાળા એવા આપને અમે ભજીએ છીએ. સાવ સાચી વાત છે, માણસ પોતે પોતાના પાપ દૂર કરી શકતો જ નથી, એટલા માટે આશ્રય લેવો પડે જય મહારાજનો. જય મહારાજનો આશ્રય લઇએ એટલે શરણે આવેલાઓના જન્મમરણના, ભવોભવના પાપ તાપ ને ખતમ કરી નાખે છે. એવા શક્તિશાળી જય મહારાજને આપણે ભજીએ છીએ. જય મહારાજ સામાન્ય નથી. એમની ચેતના, એમની શકિત અનંત છે, કે જેનું વર્ણન પણ ન થઇ શકે. સમજવા માટે આપણી શક્તિ બુદ્ધિ પણ ઓછી પડે, અને પામવા માટે આપણું આયુષ્ય પણ ઓછું પડે. જીવનભર એમને ઉપાસીએ તો રહસ્યો ખૂલતાં જાય, ખૂલતાં જાય, પણ ઊંડાણ હાથમાં ન આવે. ખાણમાં અંદર ઉતરતા જાવ, ઉતરતા જાવ, એ ખાણમાંથી હીરા જવેરાત ખનીજ મળ્યા જ કરશે, મળ્યા જ કરશે, પણ એ ખાણનો અંત ન હોય, જય મહારાજનું સ્વરૂપ આપણને પ્રાપ્ત થયું. આપણે ભાગ્યશાળી છીએ કે જય મહારાજના શરણે આપણે પહોંચી શક્યા છીએ, એમના સ્વરૂપને પામ્યા છીએ, એમાં ઉતર્યા પછી લીધા જ કરો, લીધા જ કરો, પણ ઊંડાણ કયાં એ ખબર નથી.

**''એ સુખસાગરના કિનારે ઊંડાણ છે આરો નથી''**

જેટલા અંદર ઉતરીશું, ગહેરાઇમાં ઉતરીશું જય મહારાજના સ્વરૂપમાં, એટલો જ આનંદ આવશે, જય મહારાજના સ્વરૂપની અંદર કદાચ વિલીન થઇ જવાય, કે ચાલો જય

મહારાજને પામીએ. પામતાં પામતાં, પેલું ખાંડનું રમકડું હોય એને લટકાવીને પાણીમાં બોળી રાખીએ, સરોવરમાં ડૂબાડી રાખીએ, તો શું થાય? એ પાછું બહાર નીકળે ખરું? ઓગળી જાય. આપણે પણ જય મહારાજમાં અંદર ઉતરીએ તો અંત તો નહીં મળે, પણ અંદર ઓગળી જઇશું, અંદર ખોવાઇ ગયા. જય મહારાજમાં મળી ગયા, અંદર ભળી ગયા.

**''અમે સુખસાગરમાં જઇ ભળ્યા,**

**પહોંચ્યા તે પાછા ના વળ્યા''**

પછી શું આગળ કહ્યું?

**''સમજણને અજવાળે ગળ્યા''**

સમજણના અજવાળાની અંદર ઓગળી ગયા. જેમ દાળ ઓગળી જાય, કહે છે ને કે દાળ ગળી ગઇ, એવું જ કહીએ છીએ ને? એમ સમજણના પ્રકાશની અંદર સમજણ એટલી સરસ પ્રાપ્ત થાય, એટલી સાચી સમજણ આપણામાં આવે, **આપણે ક્યારેય પણ હઠે ના ચઢીએ, ખોટો દુરાગ્રહ ન રાખીએ, એનું નામ સાચી સમજણ. ખોટે રવાડે ચઢી અને જીદ ન કરીએ, એનું નામ સાચી સમજણ. સાચી સમજણ એટલે કોઇપણ જાતની બાબતનો, એનો સમજણપૂર્વક સ્વીકાર કરી લઇએ, ને ત્યાં આગળ એને સમાપ્ત કરી દેવાનું, એ સમજણને અજવાળે ગળ્યા.** હંમેશાં આપણી અનુકૂળતા, જે પણ કાંઇ મળે તેને આપણે પામીને આનંદ માણીએ, એમાં ઓતપ્રોત થઇ જઇએ, ભૂખ ખૂબ જ લાગી હોય, થાળી સરસ પીરસાઇ હોય, અને બધું જ વારાફરતી સરસ અને સ્વાદથી ખાતા હોઇએ, તો ભોજન અને આપણે શું થઇ ગયા? બંને એક થઇ ગયા. એમ જે કોઇ સત્સંગ છે, જે પણ કાંઇ આજ્ઞા છે, એને આપણા પોતાનામાં ઉતારીએ, ઉતારીને એને આત્મસાત કરી

લેવાની અને તેમાં ભળી જવાનું. જે પણ કોઇ સત્સંગ હોય, એને આપણા જીવનમાં સમજણપૂર્વક ઉતારી અને ભેળવી દઇએ. જે ખોરાક શરીરમાં જાય, પચી જાય, શકિત બને, લોહી બને, ઉર્જા બને, એમ સત્સંગની અંદર પણ ભળી જવાનું.

**''અમે સુખસાગરમાં જઇ ભળ્યા''**

જઇને ભળી ગયા,

**''પહોંચ્યા તે પાછા ન વળ્યા''**

રોજ સમયસર આવીને બેસી જાઓ છો કે નહીં?

દરરોજ આ સમયે 'પાછા ના વળ્યા' સત્સંગ સાંભળીએ છીએ જય મહારાજની અગાધતાનો, એમાં રસ પડે છે, આનંદ આવે છે, એમાં ઊંડા ઉતરતા જઇએ છીએ, અને જેમ ઊંડા ઊતરતા જઇએ છીએ તેમ સમજણપૂર્વક એમાં ઓગળતા જઇએ છીએ, એમાં ભળતા જઇએ છીએ, અને એ ભળેલું જીવનમાં આવ્યું, વ્યવહારમાં આવ્યું, દૃષ્ટિમાં આવ્યું, વર્તનમાં આવ્યું, એનું નામ છે,

**''પહોંચ્યા તે પાછા ન વળ્યા,**

**સમજણને અજવાળે ગળ્યા''** બસ સાચી સમજણ આપણા જીવનમાં આપણને પ્રાપ્ત થઇ જાય, આપણા મનમાં ઉતરી જાય, પછી કોઇપણ જાતનો સંઘર્ષ કે કોઇપણ જાતનો કલેશ રહે જ નહીં, દુઃખ કે અશાંતિ પણ નહીં રહે, એ સમજણ આપણને પચી ગઇ, એમ થાય કે નકામો સમય શા માટે બગાડવો. કોઇની જોડે જીભાજોડી કે સંઘર્ષમાં ઉતરીને વિચારો શા માટે ખરાબ કરવા? આપણું મન શા માટે નકામું કરી નાખવું? શા માટે હેરાન થવું? છોડો એ જીભાજોડી ને છોડો એ ખેંચતાણ. સમજણપૂર્વક આવી

જાઓ આપણા પોતાનામાં. સમજણપૂર્વકનું આખું જે જીવન છે, એનો જે આસ્વાદ છે, એ આસ્વાદ માણવા માટે આપણે એની અંદર ભળી જવું પડે. જય મહારાજના સ્વરૂપની અગાધતા, જય મહારાજના વિગ્રહની જે પરમશકિત, એને માણવા માટે આપણે ભળી જવું પડે. આપણી પોતાની સમજણને સમજણની પરિપકવતા જ તમને ત્યાં સુધી લઇ જશે, જય મહારાજના સ્વરૂપ સુધી લઇ જશે, પણ પરિપકવતા ન હોય તો? રસોઇ કાચી રહી ગઇ, મોંમાં જશે ખરી? નહીં જાય. બેસ્વાદ હશે તો નહીં જાય. આપણને આવડવું એ પરિપકવતા છે, રસોઇ તૈયાર થવી એ પરિપકવતા છે, એ આપણી અંદર જશે અને આપણે એને આત્મસાત કરી શકીશું. સમજણમાં કચાસ હશે તો પણ આપણે ભગવાન પાસે નહીં પહોંચી શકીએ. સંસારમાં રહેલી કચાશો કેટલી બધી હોય છે? વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંઘર્ષ, મનદુ:ખ, મનભેદ, અને કેટલાય રાગ-દ્વેષ. આ છે તે અપરિપકવતા છે. વ્યક્તિની અપરિપકવતા એના જીવનની અંદર પણ એને સફળ થવા દેતી નથી, **એટલું યાદ રાખજો વ્યક્તિના માનસમાં રહેલી અપરિપકવતા એના જીવનમાં એને કયારેય પણ સફળ નહીં થવા દે. પરિપકવતા ને કેળવવી પડશે. અને પરિપકવતા કેળવી હશે તો એમાંથી ઊર્જા શકિત, આપણી ભૂખ સંતોષાશે. તો છેક જય મહારાજના સ્વરૂપ સુધી પહોંચવા માટે, આપણા જીવનની અંદર બધા જ પ્રકારના નિયમોને અંદર સંગ્રહવા પડશે,** નિયમન, કંટ્રોલીંગ, અને એ જો નિયમન કંટ્રોલીંગ આપણા પોતાના હાથમાં નહીં હોય, તો પછી આપણે દુ:ખી જ થવાના છીએ. **વ્યકિત પોતે પોતની જાતને ન સંભાળી શકે તો બીજું કોણ સંભાળી શકવાનું હતું? મન ઉપર નિયંત્રણ રાખજો. જે પોતાના મન ઉપર નિયંત્રણ નથી**

**રાખી શકતો, ક્યારે એના જીવનમાં સુખી નથી થઇ શકતો. જે પણ કાંઇ માનસિક તણાવ અને અશાંતિ છે, તે બધું જ અનિયંત્રિત જિંદગીને કારણે છે. કોઇક મને અશાંત કરે એ વસ્તુ ભૂલી જજો, કારણ કે વિચારો કે અશાંતિ ઊભી કોણે કરી? ક્યાં થઇ? આપણા મને, આપણા પોતાનામાં જ, તો પછી બીજો કોણ આવીને એને બહાર કાઢી શકવાનો હતો?** આપણા મનમાંથી આપણી અશાંતિ, કે જે પણ કાંઇ પરિસ્થિતિ છે એ આપણે જ સર્જી છે, એને જો બહાર કાઢીશું તો જ આપણને શાંતિ અને સુખ મળશે, ગમે તેવા સારા માનસિક રોગના ડોકટર પાસે જશો, ગમે તેટલા પૈસા ખર્ચો, તો પણ તમારા મનની અજંપાની સ્થિતિ કોઇ દૂર નહીં કરી શકે, કોઇ દવા પણ દૂર નહીં કરી શકે, જયાંથી જેણે ઊભું કર્યું છે એની પાસે જ શાંત કરાવો, મનને મનમાં સમાવી દો.

**''મન લઇ અમનમાં ધરજો''**

ધીરે ધીરે એને પાછું લાવો, અશાંતિની અંદર મન બેસી ગયું છે, તો એને ધીરે ધીરે સમજાવીને પાછું લાવો, આ અશાંતિ આપણા કામની નથી, આપણું મન આપણી પાસે આવીને બેસી જાય પછી અશાંતિ જે છે એની પાસે સમજણપૂર્વક કઢાવી નાખો, પોતાના ઘરમાંથી આપણે સમજણપૂર્વક કચરો કાઢી ફેંકી દઇએ છીએ, એમ આપણા મનનો કચરો પણ બહાર કાઢી નાખો, સંગ્રહી રાખશો નહીં, જેણે જેણે મનનો કચરો સંગ્રહી રાખ્યો, સાચવી રાખ્યો, એ કયારેય પણ સુખી નહીં થવાનો. મનનો કચરો ફેંકી દો બહાર. આ કચરો છે આ ખોટું છે, આ નકામું છે, મને દુઃખી કરે છે, એને કાઢીને ફેંકી દો બહાર. તમે અવશ્ય શાંતિ મેળવશો, સુખી થશો. મનની સ્થિતિમાં આપણે આપણા જય મહારાજ સુધી પહોંચીએ. જો આપણું ઘર સાફસૂફ હશે, તો

આપણને આપણા ઘરમાં રહેવાનું મન થશે. જો ઘર ચોખ્ખું નહીં હોય તો, આપણું ઘર હશે તો પણ રહેવાની ઇચ્છા નહીં થાય, ચાલો અહિયાં નથી રહેવું, બીજાને ત્યાં રહેવા જઇએ. એમ આપણું મન પણ, જો આપણા મનને આપણે સાફ નહીં રાખીએ તો આપણને રહેવાનું મન નહીં થાય, મન કોઇકનામાં જશે, મન ગંદવાડે જશે, દૂષણમાં જશે, એટલે જો આપણે આપણું મન સરસ રીતે સાફ રાખીશું તો આપણને આપણામાંથી જવાની ઇચ્છા નહીં થાય. મારે કયાંય નથી જવું, અહીંયા જ સંતોષ અને શાંતિ છે, તો મન સદ્ગુરુમાં જઇને ભળ્યું.

**''અમે તો સુખ સાગરમાં જઇ ભળ્યા**
**પહોંચ્યા તે પાછા ન વળ્યા.''**

એવી રીતે આપણા જય મહારાજમાં અંદર ઊતરો, એક વસ્તુ યાદ રાખવાની, કે સીધા વ્યવસ્થિત આપણે એક જગ્યાએ ઊતરતા હોઇશું, તો બીજે કયાંય પણ ડાફોરિયાં મારવાની ઇચ્છા નહીં થાય, અને જયારે પણ આપણું જીવન ડાફોરિયા મારવાવાળું હશે તો પછી કયારેય સુખી નહીં થવાય, શાંતિ તો શોધી પણ નહીં જડે, અંદરથી શોધવા જશો તો પણ. જિંદગીમાં કયારેય પણ શાંતિ ન જોઇ, કયાંથી મળે? ભટકયા કરે છે મનથી. જો મનની સ્થિતિ સ્થિર હશે, તો પછી અશાંતિ કે દુઃખ ઉભું રહી જ શકવાનું નથી. **સુખ અને દુઃખ એ બંને મનના કારણો છે. આપણે જાતે જ આપણા પોતાનામાં દુઃખ ઉભાં કરીએ છીએ, અને પછી દુઃખી થઇએ છીએ.** આપણી જોડે એ જ જગ્યાએ, એ જ ઘરમાં અને એ જ સમયે ઊભેલી બીજી વ્યકિત, એ હસતો હશે, અને આપણે રડતા હોઇશું, કારણ કે આપણા મનમાં દુઃખ ભર્યું છે, અને એના મનમાં દુઃખ નથી. એ આનંદમાં છે. એકની એક જ પરિસ્થિતિ છે, એક

જ સમય છે, એક જ જગ્યા છે, છતાં પણ એક સુખી છે અને એક દુઃખી છે, દિવસ પણ એકનો એક જ છે, કેમ? મન. એટલે **હંમેશાં આપણા પોતાના મનને આપણા ઈષ્ટદેવમાં રાખો, સદ્‌વિચારમાં રાખો. સારા વિચારોની અંદર હશે મન તો દુઃખી નહીં થવાય.**

''**મન સતગુરુમાં ભળ્યું**''

જય મહારાજ તો કહે છે કે આવો મારી પાસે, વિષ્ણુદાસજી મહારાજે તો કહ્યું છે કે,

''**મનના માર્યા માનવી વન વન ફરે ઉદાસ**''

શું કરે? કયાં મનને મારવું? કયાં જવું ? વનમાં જઇને ઊભા રહ્યા તો ત્યાં પણ મન નથી મરતું, ઉદાસ થઇને કહે કે કયાં સુખ છે? વનમાં પણ નથી, ઘરમાં પણ નથી, પણ જ્યાં,

''**હરિ ગુરૂ સંત કૃપા થકી પૂરણ પદ પ્રિછાય**''

પૂર્ણપદ આત્મબળ વધે એ જ. જયારે સાચું સમજાય ત્યારે જ આ બધામાંથી મુક્તિ મળે, બહાર અવાય, એટલે જ આ સ્તુતિની અંદર જય મહારાજના સ્વરૂપનું દર્શન કરાવ્યું, કેવું?

''**શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્**''

આપણી કલ્પના શક્તિની બહાર છે એવી અનંતતા છે, એવું અચિંત્ય સ્વરૂપ છે. આપણે તો દર્શન કરી જતા રહીએ છીએ. કોઇ દિવસ જય મહારાજનું સ્વરૂપ માણ્યું? ના, જયોતશ્રીની સામે, સમાધિશ્રીની સામે સ્થિર થઇને ઉભા રહો, સ્થિર થવા શરીરથી, મનથી, વૃત્તિથી, અને પછી ધીરે ધીરે દરરોજ એમાં અભ્યાસ કરો, જુઓ પછી અનુભવ શું મળે છે? જય મહારાજ અચિંત્ય મૂર્તિ છે, જય મહારાજનો વિગ્રહ કંઇ સામાન્ય નથી, સામાન્ય માણસના જેવું શરીર નથી. દેખાતા ભલે હોય

સામાન્ય માણસ જેવા, પણ જય મહારાજ તો અચિંત્ય મૂર્તિ છે, અગાધ છે, એમનામાં ઊંડાણ છે, એમની અંદર પરમતત્વ રહેલું છે, અને એ પરમતત્વ જાગ્રત છે. આપણા દરેકની અંદર ચેતનાત્મક પરમ તત્વ છે જ, પણ એ સમજણપૂર્વક જાગ્રત નથી. મૂર્છિત અવસ્થામાં છે. આપણી બધી જ વૃત્તિઓ શરીર તરફ દોડે છે, આત્મા તરફ તો લક્ષ્ય જ નથી, કેમ કે ત્યાં સુષુપ્ત અવસ્થા છે. આત્મા માટેની સમજણની આપણી સુષુપ્ત અવસ્થા આપણા પોતાના નિજ સ્વરૂપ સુધી પહોંચવા દેતી નથી. શરીરની છે, એની સાથે બધા જ વ્યવહાર રાખીએ છીએ. આપણે શરીરને જ ઓળખીએ છીએ, પણ આપણા પોતાના સ્વરૂપને નથી ઓળખતા. જે ઘરમાં આપણે રહીએ છીએ, એ ઘરને આપણે ઓળખીએ છીએ, ઘરને સાચવીએ છીએ, સજાવીએ છીએ, ખવડાવી પીવડાવીએ છીએ, પણ અંદર રહેનાર જે હું પોતે આત્મા છું, એના વિશે આપણે અભાન છીએ. આપણી પોતાની પોતાના સ્વરૂપની સુષુપ્ત અવસ્થા. આપણા પોતાના સ્વરૂપ માટેની સુષુપ્ત અવસ્થા, નથી સમજી શકતા કે હું કોણ છું, શરીર શું છે, શરીર તો કાલે પડી જશે. શ્વાસ લઇએ છીએ એને આપણે પ્રાણ કહીએ છીએ, એ શ્વાસનો પ્રાણ આપણામાંથી આવી અને બહાર જાય તે આપણો, પણ બહાર નીકળી અને હવામાં ભળી ગયો તે? એમ આપણા શરીરમાં રહેલી આત્મા ચેતના આત્મા છે જયાં સુધી સાચી, એ શરીરમાંથી નીકળી અને વ્યાપકમાં ભળી ગઇ, ત્યાં એ વ્યાપકનું સ્વરૂપ છે. સમજતા વાર લાગશે. એ વ્યાપકના સ્વરૂપને સમજવાનું છે. જય મહારાજ માટે શું કહ્યું છે,

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

સર્વત્ર એ જ બિરાજેલા છે જય મહારાજ.

''સોઇ''

એ જ આ શરીરધારી છે, વિગ્રહ ધારી છે, અને એમના જ અંશ આપણે છીએ.

**''ઘટ ઘટ વ્યાપી છો ગુરુ મહારાજ''**

તમે ક્યાં નથી, તમે સર્વત્ર છો.

તમે ક્યાં નથી? તો, હું બધે જ છું.

**''સમજણ ને અજવાળે ગળ્યા''**

તો એ સમજણ જીવનમાં કેળવવી પડે. જેમ લોટ કેળવીએ છીએ રોટલીનો, પુરીનો, અને વેડમીનો લોટ કેળવવાનો હોય તો વધારે સાચવવું પડે ને? નહીં તો ફાટી જાય. તો જેમ લોટને કેળવીએ તો એમાંથી સરસ રસોઇ થયા, એમ જો મનને કેળવીએ તો જીવન સ્વાદિષ્ટ બનશે. મનને કેળવવાનું છે. ઘોડાને કેળવો, હાથીને કેળવો, સિંહને કેળવો જોઇએ, સરકસની અંદર પછી તે બધા જ ખેલ કરે છે કે નથી કરતા? તો પછી મન કેમ ન કેળવાય? કેમ નથી કેળવાતું મન? પોતાની આળસ, આપણી પોતાની આપણા મન તરફની બેદરકારી, પેલું ખાવું છે, પેલુ પહેરવું છે, આ જોવું છે, એમાં તૈયાર, બેદરકારી. મન જો સારી રીતે કેળવાયેલું હશે, તો સારી રસોઇની માફક જિંદગી પણ સારી બનાવી શકીશું.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૭૩

# અજ્ઞાન કાનન વિનાશન

પરમેશ્વર પરબ્રહ્મ અવધૂત, આપણા સહુના આરાધ્ય ઇષ્ટદેવ, એમની કૃપા, એમનો આશીર્વાદ, આપણને આ સત્સંગની પ્રસાદી સ્વરૂપે પ્રાપ્ત થઇ રહ્યો છે. જય મહારાજના સ્વરૂપનાં દર્શન કરી રહ્યા છીએ આપણે. સ્તુતિના એક એક શબ્દની અંદર જય મહારાજનું અલૌકિક અગમ્ય સ્વરૂપ, એના દર્શન કરીએ છીએ. જય મહારાજ અચિંત્ય મૂર્તિ છે, ન કલ્પી શકાય એવી અગાધ.

''અચિંત્ય મૂર્તિ''

એમનું વર્ણન શું કરવું? ભગવાને જશોદામાંને પણ સ્વરૂપ બતાવ્યું, ભગવાને અર્જુનને પણ એ સ્વરૂપ બતાવ્યું. આવાં વ્યાપક દર્શન, અનંત વિરાટ સ્વરૂપનાં દર્શન, એ જ અચિંત્ય છે. એનું ગમે તેટલું ચિંતન કરીએ, તો પણ એ પામી ન શકાય. એની અંદર રહેલી જે રહસ્યમય ગેબી શક્તિ, એની પૂરેપૂરી અનુભૂતિ પણ પ્રાપ્ત ન થઇ શકે. માત્ર જય મહારાજના શ્રીવિગ્રહનાં જ દર્શન થાય, પણ એમાંએ શ્રી વિગ્રહમાં રહેલી અનંતતા, એમની

અગાધતા, અવર્ણનીય છે, અને જેને પ્રાપ્ત થયું એ ભૂલી શકતો નથી, એનું વર્ણન કરી શકતો નથી કે, આ છે? આશ્ચર્યચક્તિ થઇ જાય. જય મહારાજની અચિંત્ય અવસ્થા જે છે, મન પણ ત્યાં આગળ થંભી જાય, કે હું શું દર્શન કરી રહ્યો છું? એ અવાક બની જાય, કાંઇ પણ શબ્દો ન નીકળે, એ દિવ્ય સ્વરૂપની અંદર જ એ પોતે મગ્ન થઇ જાય, એ અચિંત્ય મૂર્તિ, એનું વર્ણન કેવી રીતે થઇ શકે? વાણી પાસે શબ્દો નથી, વાણી છે એમાં શક્તિ નથી, આટલું સામર્થ્ય કોની પાસે હોય? સામાન્ય નદી હોય તો પાર કરી શકાય, તરતાં આવડતું હાય તો તરી શકાય, જબરજસ્ત મોટું પૂર ધસમસતું આવ્યું હોય એમાં કોણ બાથ ભીડી શકે? ભલભલા તરનારા પણ એમાં વહી જાય, ખેંચાઇ જાય, એ અનંત શક્તિ છે ખરી, પણ એ સીમિત છે. જય મહારાજના અચિંત્ય સ્વરૂપની શક્તિ એય અગાધ છે, આપણે એને નહીં પામી શકીએ, નહીં માપી શકીએ, અને છતાંય એની અનુભૂતિ થાય. એ અનુભૂતિ કરવા માટે આપણામાં ક્ષમતા જોઇશે, નહીં તો દર્શન કરતાં કરતાં ભય પેસી ગયો, તો તાવ ચડી જાય. એટલે એ અચિંત્ય સ્વરૂપ માટે જે મહાપુરુષોએ, સંતોએ ગાયું કે આપ આ વિભૂતિ છો, અને આપનામાં શક્તિ કેવી છે? જંગલ જોયાં છે? જંગલ કેટલાં મોટાં લાંબાં પહોળાં હોય, એ જંગલની અંદર દાવાનળ જયારે સળગે ત્યારે જંગલનાં જંગલ બાળીને ખાખ કરી નાખે, માઇલોના માઇલો સુધી સળગી જાય એ, એને ઓલવી પણ ના શકાય, એટલાં બધાં ભડ ભડ ભડ સળગતાં હોય, એ દાવાનળ પહાડ ઉપર લાગે જંગલોમાં, અને નીચે સૂકા પાંદડા ભરેલા હોય, બે ડાળીઓ ઘસાય, અને એમાંથી જો તણખો પડી ગયો ને, તો તરત જ દાવાનળ ભડકી ઊઠે. એટલા મોટા જંગલને જે બાળી નાખે તેને

દાવાનળ કહે છે, આપણા દરેકના જીવનની અંદર અજ્ઞાનનાં એટલાં બધાં જંગલો ઊભાં થયેલાં છે.

**''હ્યજ્ઞાન કાનન''**

કાનન એટલે જંગલ. અજ્ઞાનનાં જંગલ એટલા બધાં આળબીડ છે, એકબીજાને અડીને, કે અજ્ઞાનના જંગલમાંથી રસ્તો જ ન જડે, કે કયાંથી બહાર નીકળવું. મનમાં અજ્ઞાનનાં એટલાં બધાં ઝાડી-ઝાંખરાં પડેલાં છે, માણસ એમાં અટવાઇ જાય, બહાર નીકળી જ ન શકે, અંદર જ ગૂંચવાઇ જાય. જીવન આવું અટવાવાવાળું હોય, અને જીવનમાં આવાં પાપ અજ્ઞાનના કાંટા અને ઝાંખરા સહેજ પણ માણસને આગળ ન વધવા દે, છે ત્યાં નો ત્યાં જ ઉભો રાખે. આપણે પેલી વાત કરી હતી ને, જંગલમાં આપણે ગયા હતા. આટલી નાની સરખી, અને એક નાનું સરખું ધુંગુ સામે આવ્યું, અને એક લીલો લાંબો સાપ, જવાના રસ્તા ઉપર જ મોઢું પહોળું રાખીને ઊભો રહ્યો હતો, અને આપણે થોડેક જ દૂરથી જવાનું હતું. આપણે એની સામે જોઇ રહ્યા, એ આપણી સામે જોઇ રહ્યો, થોડી સેકન્ડો જોઇ રહ્યા પછી આપણે વિચાર્યું, કે જો આપણે એને કશું કરવાનું નથી તો પછી એ આપણને શું કરવાનો હતો? એકદમ થોડાક જ અંતરથી આપણે એની પાસેથી પસાર થઇ ગયા. જંગલોની અંદર એવા ભયસ્થાનો હોય, એક જણે કહ્યું પણ ખરું, કે તમે જે રસ્તે જાવ છો તે જ રસ્તે હમણાં જ એક સિંહ અને સિંહણ ગયા છે, બાવાજી તમે જાઓ છો તો ખરા પણ તમારી આગળ આગળ જ સિંહ ગયો છે, છતાં પણ એ જ રસ્તે આપણે ચાલવા માંડ્યું. એ જંગલમાં આપણે સાપ પણ જોયા, અને સિંહ પણ જોયા. આ જંગલો ભયાવહ હોય છે,

પાપના એ કાંટા, આસક્તિઓનાં એ ઝાંખરાં તમને આગળ વધવા જ ન દે.

''હ્યજ્ઞાન કાનન''

અજ્ઞાનના જંગલો દરેકના જીવનની અંદર પથરાયેલાં જ હોય છે, એવાં ઘનઘોર હોય કે પાર ન ઊતરી શકાય, પશુઓ પણ એમાં ફસાઇ જાય, જંગલની ઝાડીઓની અંદર. જીવનમાં અજ્ઞાનનાં જંગલો પણ આવાં જ ગાઢાં ગૂંચવી નાખે, ફસાવી નાંખે તેવાં હોય છે, તો જય મહારાજ કોણ છે ?

**''હ્યજ્ઞાન કાનન વિનાશન હવ્ય વાહમ્''**

અજ્ઞાનનાં જંગલોને બાળીને ખાખ કરી નાખનારા જુઓ, જય મહારાજનું નવું સ્વરૂપ મળ્યું, દર્શન કરી લ્યો. જય મહારાજ આવા શક્તિશાળી છે. એ માનવજીવનનાં પાપનાં આળબીડ જંગલોને બાળીને ભસ્મ કરી નાખે, નહીં તો માણસ એમાંથી ખસી જ ન શકે. એના વેલામાં, અને એનાં ઝાંખરાંમાં એવો જકડાઇ જાય, એવો વિલાઇ જાય કે પછી તેમાંથી બહાર નીકળી જ ન શકે. એવા અજ્ઞાન જંગલોને બાળીને રસ્તો મોકળો કરી આપે, કે આવો,

**''હવ્ય વાહમ્''**

અજ્ઞાનનાં બંધનો તમને પાછળથી એટલાં બધાં ખેંચી રાખે કે, એ રસ્તે તો જવાનું જ નથી હોં, **આપણે સાધુ તો થવું જ નથી, અજ્ઞાનના જંગલ તમારે છોડીને બહાર નીકળવું હોય તો પણ ન નીકળવા દે, અમે જંગલમાં ફસાયા છીએ, તો તને શા માટે છોડીએ? તને પણ પરણાવી અને જંગલમાં જ ફસાવવો છે.** એ અજ્ઞાનની અંદર માણસ ફસાયેલો જ રહે. બંધનો, અશક્તિઓ, જબરજસ્ત એવું પકડી રાખે, કે આ તો મારી ફરજ છે, આ તો મારે કરવું જ

પડે. બધાયને મારે સાચવવા જ પડશે, કમાવવું પડશે, ઘર ચલાવવું પડશે, માંદા થયા એની આજુબાજુ બેસી રહેવું પડે, દોડાદોડ કરવી પડે, એક રાવજીભાઇ કરીને રહેતા હતા. અલ્હાદવગાના. એમના નાનાભાઇએ એમને પરણાવવાની વાત કરી લગ્ન કરી લેવાની એટલે એવો જવાબ સંભળાવી દીધો કે, આ બધાને પરણાવ્યા પછીથી કોઇના માટે વેઠ કરવા જવાનું? એમના માટે જ નોકરી કરવા જવાનું ને? મારે કમાઇ કમાઇને એમને ખવડાવવાનું? એમના માટે વૈતરું કરવાનું? બહુ જ સરસ શબ્દો બોલ્યા હતા, પણ યાદ નથી આજે. આ અજ્ઞાનની અંદર પડી એમાં ફસાઇને દુઃખી થવું તેના કરતાં જય મહારાજનું શરણું લીધું છે, બાપજી અજ્ઞાનના જંગલમાં અમે તો ફસાયેલા જ છીએ, હવે આપ એનો નિકાલ લાવો.

**''શરણાગત જનેભ્યઃ''**

**''અજ્ઞાન કાનન વિનાશન હવ્ય વાહમ્''**

અજ્ઞાનનાં જંગલો હોય, અને જંગલો તો આપણે જોયાં છે ગાઢ જંગલ હોય, દિવસે પણ અંધારું લાગે. ભર દિવસે સૂર્ય તપતો હોય, જંગલમાં ફરીએ તો અંદર અંધારું હોય. સાચવીને જવું પડે, બેટરી જોઇએ. માણસને પોતાને પોતાના જીવનનો રસ્તો જ ન જડે અજ્ઞાનના જંગલની અંદર. મારો સાચો રસ્તો કયો એ માણસને સૂજે જ નહીં. કયા રસ્તે જવું જોઇએ એ અંધકારના અંધારામાં, અજ્ઞાનના જંગલમાં કોઇ દિશા કે રસ્તો સૂજે જ નહીં. જય મહારાજ દાવાનળ સ્વરૂપ છે.

**''અજ્ઞાન કાનન વિનાશન હવ્ય વાહમ્''**

અગ્નિ સમાન થઇને, દાવાનળ સમાન દોડવું પડે, ભાગવું

પડે, પૂરનાં પાણી ધસમસતાં આવતાં હોય, તો આપણે દોડવું પડે. જો રહી ગયા તો પોતાની સાથે ખેંચીને લઇ જાય. ડૂબાડી દે. એમ માણસના જીવનની અંદર પણ જો અજ્ઞાન એની પાછળ પડી ગયું તો એને તાણી જ જશે, ખેંચી જ જશે. પણ જય મહારાજ દાવાનળ સ્વરૂપ છે. અજ્ઞાનની પાછળ પડી જાય. જેમ પૂરનું પાણી પાછળ પડે તો નાસવું ભારે પડી જાય, કે આજે ડૂબાડી નાખશે, ભાગો અહીંયાથી. એ અજ્ઞાનના જંગલોને બાળી નાંખવાવાળા અનલસ્વરૂપ આપ છો. બસ પછી અમારે ફિકર શી? આ અજ્ઞાનના જંગલોમાંથી તમે જ અમને કાઢી આપો. જય મહારાજને જ પ્રાર્થના કરીએ છીએ, આપનું આ સ્વરૂપ છે, આપ તો દુઃખના ડુંગરો કાપવાવાળા છો, અંધકાર-અજ્ઞાનના અંધકારનો નાશ કરવાવાળા છો. અમારાં આ અજ્ઞાનનાં બધાં જ બંધનો, અજ્ઞાનનાં આ બધાં જંગલોબાળી નાખીને પાર ઉતારો.

**''ઉત્સાહ વર્ધનમહં તુ ચતુઃ ફલાય''**

અમારો ઉદ્ધાર કરજો. અમારું જીવન હંમેશાં ઉત્સાહી બન્યું રહે. આ સંસારનાં, અજ્ઞાનનાં બંધનો અમને હતાશ અને નિરાશ કરી મૂકશે, આ બધી સમસ્યાઓ અને આ બધી જવાબદારીઓ અમને ભાંગી નાખશે, માટે આપ,

**''ઉત્સાહ વર્ધનં''**

અમારા જીવનની અંદર આપ ઉત્સાહ પ્રેરજો, કે અમે ભાંગી ન પડીએ, સંસારના ભારથી અમારું જીવન, અમારું મન ભાંગી ન પડે. આપ અમારી વહારે ધાજો, અને અમને જીવન જીવવાનો ઉત્સાહ આપજો.

નિરુત્સાહી ન બનીએ, નિરાશ ન થઇ જઇએ, અને જો એવી સ્થિતિ આવે અમારા ગૃહસ્થ જીવનની અંદર, ત્યારે બાપજી અમારી વહારે ધાજો, અમને આશ્વાસન આપજો, અમને સાચો માર્ગ બતાવજો. અમારું જીવન ક્યારેય પણ ભાંગી ન પડે, અમને બેઠા કરવા માટે આપ આવજો.

કોઇ માણસ કોઇ પરિસ્થિતિથી મનથી ભાંગી પડયો હોય, તો આપણે કેટલો સમજાવીએ છીએ, કેટલો પ્રયત્ન કરીએ છીએ, ગમે તેમ થાય પણ એને બહાર કાઢવા માટે પ્રયત્ન કરીએ છીએ. અર્જુન રીતસર ભાંગી પડ્યો છે. નિરુત્સાહી થઇ ગયો, કે મારે લડવું નથી.

''**ન યોત્સ્ય ઇતિ ગોવિંદમુકતવા તુષ્ણીં બભુવઃ**''

કે મારે નથી લડવું.

''**વિસૃજ્ય સશરં ચાપં**''

હથિયાર મૂકી દીધા કે મારે લડવું નથી, અને

''**રથોપસ્થ ઉપાવિશત્**''

રથને પાછલે પગથિયે જઇને ઊભા રહી ગયા અર્જુન,

''**શોક સંવિગ્ન માનસઃ**''

લમણે હાથ દઇ શોક મગ્ન થઇને, પ્રભુ મારે નથી લડવું. લડવા માટે તો અઢાર અક્ષણી સેના ભેગી થઇ છે. કુરુક્ષેત્રની વચ્ચે આવીને ઊભા રહ્યા છે. બસ થોડી ક્ષણોમાં યુદ્ધ શરૂ જ થવાનું છે, ત્યારે અર્જુન કહે છે કે મારે નથી લડવું. ભાગી પડયો અર્જુન, એને બેઠો કરતાં કરતાં અઢાર અધ્યાયની ગીતાનું જ્ઞાન સંભળાવ્યું, ત્યારે અર્જુન કહે છે કે,

**''કરીશ્યે વચન તવ''**

આપ કહો છો તે પ્રમાણે કરીશ. પહેલા તો કહ્યું કે,

''ન યોત્સ્ય''

ભલે બધા ભેગા થઇ મને મારી નાખે, તો પણ હું કોઇને પણ કશું નહીં કરું, અને અઢારમા અધ્યાયની અંદર કહે છે, કે પ્રભુ આપ બતાવો કે મારે શું કરવું ? યુદ્ધ તારી સામે જ છે, ભગવાને પણ એમ કહી દીધું, હવે તને જે ઠીક લાગે તેમ કર. એકવાર ભાંગી પડેલા અર્જુનને ઊભા કર્યા પછી અર્જુન જયારે કહે છે કે,

**''કરીસ્યે વચન તવ''**

તમે કહો કે હું શું કરું?

**''યથેચ્છસિ તથા કુરુ''**

**મેં તો તને તારું કર્તવ્ય બતાવી દીધું, હવે તારી ઇચ્છા પ્રમાણે તું કર, ભગવાન કયારેય પણ બંધાતા નથી.**

અહીંયા આપણે પણ જયારે ભાંગી પડીએ આપણા સાંસારિક જીવનની અંદર, તૂટી ગયા હોય મનથી, દિલથી, ત્યારે કહે કે મહારાજ અમારી વહારે ધાજો.

**''ઉત્સાહ વર્ધનમહં''**

અમારો ઉત્સાહ ભાંગી ન જાય, તૂટી ન જાય, અમારા જીવનની અંદર નિરાશા ન આવે, આપ અમને સંભાળી લેજો, અને એવા વખતે અમને ઉત્સાહ પ્રેરજો. ભાંગી પડેલા માણસને બેઠો કરવો, સમજાવવો એ બહુ જ અઘરું કામ છે. **એક ભાઇ આવ્યા હતા, બહાર સત્સંગમાં બેઠા હતા. મહારાજ આપઘાત કરવા**

**જઇ રહ્યો છું, આશીર્વાદ આપો, એને બેસાડ્યો. આ જે પેઇન્ટિંગ કરે છે ને ઉપર જનાર્દનભાઇ, એમનો ભત્રીજો. સમજાવ્યો થોડીવાર, જમાડ્યો, રાતે રાખ્યો, પછી બીજા દિવસે સવારે, બાપજી હવે હું ઘરે જવું છું. ભાંગી પડેલા માણસને ઉત્સાહ આપવો, બેઠો કરવો, એ જય મહારાજનું કામ છે.**

એને જીવવા માટેનો ઉત્સાહ પ્રેરવો પડે, કે આમ ભાગી ન પડાય. જીવન એટલું સસ્તું નથી કે એને ફેંકી દેવાય કોઇ ખાડામાં. જય મહારાજ તો જીવનનો ઉત્સાહ પ્રેરવાવાળા છે, અને અજ્ઞાનની અંદર હતાશ થઇ ગયેલો, બંધનોમાં બંધાયેલા માણસને બહાર કાઢી, એને ફરીથી જીવંત કરવો એ જય મહારાજનું સ્વરૂપ છે.

અમારો ઉત્સાહ વધારજો,

**''યતુઃ ફલાય''**

ચારેય પ્રકારના ઉત્સાહ, ચાર પ્રકારના પુરુષાર્થ કયા છે? ધર્મ અર્થ કામ અને મોક્ષ.

**'યતુઃ ફલાય'**

ચાર ફળો મેળવવાનાં છે જીવનમાં, ધર્મ પણ મેળવવાનો છે, પૈસો પણ મેળવવાનો છે, ઉપભોગ કરવાનો છે, એનો ઉપભોગ કામથી કરવાનો છે. એ બધું કરતાં કરતાં ભગવદ્‌પ્રાપ્તિનો મોક્ષ પણ મેળવવાનો છે. આ ચાર પુરુષાર્થ અજ્ઞાનને કારણે એ અવ્યકત છે, નથી દેખાતા, કે આ ચાર કામ કરવાનાં છે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, આ ચાર પુરુષાર્થ વેદમાં કેવી રીતે ગોઠવ્યા? **ધર્મ અને મોક્ષની વચ્ચે રહીને અર્થ અને કામને, ભોગ અને સંપત્તિને, કેવી રીતે એનો ઉપયોગ કરવો? ધર્મ અને મોક્ષ**

**એ બેની વચ્ચે, પહેલો ધર્મ અને ચોથો મોક્ષ, બીજો અર્થ અને ત્રીજો કામ, આ ચાર પુરુષાર્થ છે. એ ચાર પુરુષાર્થની અંદર અમારો ઉત્સાહ ન ભાંગી પડે, અમે ગૃહસ્થી તરીકે પણ અમારા ભોગો ભોગવીએ, અમારા વૈભવને પણ અમે સંપન્ન કરી એને માણીએ, પણ એ ધર્મ ભ્રષ્ટાચારથી નહીં. ધર્મથી અર્થ કમાવવાનું છે, અને મોક્ષને ખ્યાલમાં રાખીને ભોગ ભોગવવાના છે. ક્રમ કેવો મૂકયો છે? ધર્મને લક્ષમાં રાખી અને અર્થ, કમાવવાનું, અને મોક્ષ અને મૃત્યુને ધ્યાનમાં રાખી ભોગવવાના. ધર્મ અર્થ કામ અને મોક્ષ, આ ચાર પુરુષાર્થો છે, અને એ જ જીવનનું ફળ છે, એટલા માટે કહ્યું કે,**

**''ઉત્સાહ વર્ધનમહં યતુઃ ફલાય''**

અમારો ઉત્સાહ વર્ધન કરજો. આ જીવન જીવવાનું છે. આ ચાર પુરુષાર્થોની સફળતા માટે જય મહારાજનું આ સ્વરૂપ છે. નથી ઓળખી શકતા આપણે. દરિયાને કિનારે રહીએ છીએ પણ દરિયાની સામે નજર પણ નથી કરી શકતા, કે આ દરિયો છે. જય મહારાજનું આ સ્વરૂપ છે આપણા સહુને માટે

**'શ્રી સંતરામ ગુરુ વર્યમચિંત્ય મૂર્તિમ્'**

મનની કલ્પનામાં આવે છે કે જય મહારાજનું સ્વરૂપ આ છે. આટલા વર્ષોથી આવીએ છીએ, પણ કોઇ દિવસ સમજ્યા નથી. દર્શન કરીએ છતાં પણ જય મહારાજની આટલી મોટી અગાધ શકિત, તેમનો જબરજસ્ત મોટો પ્રભાવ આપણે જાણી શકતા નથી. આ મોબાઇલની જ વાત લો, ભલે આવડું નાનું યત્ર છે, પણ તેનો પ્રભાવ કેટલો? દૂર દૂર સુધી લોકો આ સત્સંગ સાંભળી રહ્યા છે. છે એમ જય મહારાજનું સ્વરૂપ, પાંચ ભૌતિક છે આ વિગ્રહ, પણ એમાં અગાઢતા છે, અનંતતા છે, અને આટલુ

બધું દૂર કરવાની આટલું બધું આપવાની એમનામાં શક્તિ રહેલી છે. આપણે સહુ આવા જય મહરાજને આપણા જીવનમાં પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઇએ, અને એ પ્રમાણે આપણા જીવનને સાર્થક બનાવીએ.

|| જય મહારાજ ||

## પ્રકરણ–૭૪

# અમે તો રાખનાં રમકડાં

પરમ તત્વ પરમાત્મા સ્વયં આ ધરાતલ ઉપર આવે છે, કોઇને કોઇ નિમિત્તથી, કોઇને કોઇ મહાપુરુષના દિવ્ય શરીર ધારણમાં પરમાત્મા સ્વયં પધારે છે. જય મહારાજનું આ ધરાતલ પર પધારવું, એ પણ એક પરમાત્માનું જ સ્વરૂપ છે, જે આપણા કલ્યાણને માટે, સહુના કલ્યાણને માટે, સદીઓ સુધીના માનવને માટે છે. અધ્યાત્મ આપવાવાળા એમનું સ્વરૂપ શાશ્વત છે.

''શ્રી સંતરામ ગુરુમચિંત્ય મૂર્તિમ્''

જેમની શાશ્વતતા જ એવી છે, કે જેનો અંત ન હોય, જેનો આરંભ ના હોય, છતાં અસ્તિત્વ તો હોય જ એ પરમાત્માનું સ્વરૂપ છે. જેનો આરંભ પણ ન હોય, જેનો અંત પણ ન હોય, એ પરમ તત્વ આ સૃષ્ટિનું આદિ કારણ છે, કે જેના વડે આ સૃષ્ટિનું નિયમન ચાલે છે. કોઇ કહે કે આ બધી દુનિયા તો એની મેળે ઉત્પન્ન થઇ છે. કશું પણ એમ ને એમ ઉત્પન્ન થાય છે ખરું? આ મકાનમાં બેઠા છીએ, પહાડો પર મૂકી દો એને કપચી, રેતી, સિમેન્ટ, સળિયા બધું જ, શું એમ ને એમ આ મકાન બની જશે? સૃષ્ટિ એમ ને એમ બની ગઇ હશે ખરી? એનો કોઇ નિર્માતા, એનો કોઇ આદ્ય સંકલ્પ કરનાર અવશ્ય છે, કે જેણે આ સૃષ્ટિનું

નિર્માણ કરેલું છે. જગત આખું સર્જિત થયેલું છે અને એનો સર્જનહાર છે. એ સર્જનહાર આપણા જીવનનું પણ સર્જન કરવા માટે આવે છે. ભલે સૃષ્ટિનો કાળ અનંત છે, આ પૃથ્વીની અંદર આપણા જેવા તો કેટલાય આવ્યા અને ગયા, આવશે અને જશે, એનો કાળ એટલો બધો લાંબો છે, કે વાત ન પૂછો. એમાંથી આપણને મળ્યો છે કેટલો? એની ગણતરી પ્રમાણે એક ચપટી. ભલે આપણે કહીએ કે પચ્ચીસ પચાસ સો વર્ષ, પણ જ્યાં લાખો કરોડો વર્ષો હોય એની અંદર આપણા આયુષ્યની ગણતરી કેટલી? આ કયું સ્થાન? એક ચપટી જેટલું. ટીટોડી સરોવરમાંથી પાણી પીવે તો સરોવરમાંથી કેટલું ખૂટવાનું? જરા પણ નહીં, એમ આ અનંતકાળની અંદર આપણે આવી અને જઇએ, એનાથી કાંઇ પણ વધી ઘટી જતું નથી, એ તો એનું એ જ છે. જય મહારાજના સ્વરૂપને આ સ્તુતિની અંદર કહ્યું કે આપ તો,

**''અચિંત્ય મૂર્તિમ્''**

જે આપણી સમજની અંદર આવી જ ન શકે, પણ બહાર એ વ્યાપક તત્વ પરમ તત્વ છે. આપણી જેટલી સમજ છે એટલું જ આપણી પાસે છે, બાકી સમજ્યા વગરનું તો ઘણું બધું છે. જે સમજાયું એનાથી આપણે એમ નહીં માની લેવાનું કે મને સાક્ષાત્કાર થઇ ગયો. સાક્ષાત્કાર તમારી સમજ પૂરતો જ તમને થયો. તમારી જે ક્ષમતા છે કેપેસિટી, તમારો એટલો જ સાક્ષાત્કાર તમને થયો, પણ છતાંય એનો આનંદ આવે છે. ભગવાન તો વ્યાપક છે, વિરાટ સ્વરૂપ છે. સમસ્ત દર્શન આ દ્રષ્ટિની ખામી હતી સમસ્ત વિરાટ સ્વરૂપનાં દર્શન આ દષ્ટિમાં તો આવી શકવાના જ નથી. તમે ક્ષિતીજ સુધી જોઇ શકશો પણ પછી આગળ શું? આકાશની અનંતતા એટલી બધી છે, કે આપણી દષ્ટિ

એને માપી જ ન શકે, અમાપ જેને કહેવાય. એમ જય મહારાજનું સ્વરૂપ પણ અચિંત્ય છે, આપણે બુદ્ધિશક્તિ, સમજશક્તિ, આપણા ચિંતનની અંદર, આપણી બુદ્ધિ સમજ શક્તિની બહાર છે. જયાં અર્જુને પણ સ્તુતિ કરી.

**''મનંતબાહું શશિસૂર્યનેત્રમ્''**

આપ તો અનંત છો પ્રભુ. એ જેને દર્શન થયું, જેણે પામ્યું, એ જ એને સમજી શકે. જય મહારાજના અચિંત્ય સ્વરૂપને આપણી કેવી રીતે સમજી શકીશું? મળ્યા છે, આપણને તો મળ્યા છે, એ પરમ તત્વને આપણે ઓળખવાનું છે. મળ્યું છે ખરું. પણ એને ઓળખવું પડે, નહીંતર પેલો પાઠ હતો ને ભણવામાં, પારસમણી ફેંકી દીધો, આ પાઠ ભણ્યા છો ને? પારસમણીને એણે ઓળખ્યો નહીં, હાથમાં આવેલો પારસમણી એણે ફેંકી દીધો દરિયામાં પાણીની અંદર. **આ સંસાર સાગરની અંદર આપણને જે આયુષ્ય અને જીવન મળ્યું છે, એ પારસમણી છે, પણ ઓળખી ન શક્યા, સમજી ન શક્યા એની કિંમતને, અને સંસારના દરિયામાં ફેંકી દીધો,** પાઠ હતો ને પારસમણી ફેંકી દીધો? આ જીવન છે એ પારસમણી છે. આપણે એને ઓળખવાનું છે. આ સૃષ્ટિ જે અનંત છે એના અંશ છીએ આપણે. શરીર ઉપર કેટલાં રુવાડાં અને કેટલા વાળ છે? એ બધા જ આપણા શરીરના અંશ ખરા કે નહીં? ભલે શરીર ઉપર જુદા દેખાતા હોય, પણ એને શરીરનો આશ્રય છે, એમ સમગ્ર સૃષ્ટિ એ પરમાત્માનાં રુવાડાં અંશ છે. જેમ આ શરીરની અંદર અબજો કોષો છે, અને અબજો કોષોની અંદર પણ ચેતના રહેલી છે, સૃષ્ટિ પણ એ પ્રમાણે છે.

**''સૃષ્ટિ મંડાણ છે સહુ એની પેરે,**
**જોગી જોગેશ્વરા કોક જાણે''**

કોઈક યોગીઓ જ પોતાના તપોબળથી, પોતાના જ્ઞાનચક્ષુથી તેને જોઇ શકશે. અહીં જય મહારાજ માટે કહ્યું કે,

**''અચિંત્ય મૂર્તિમ્''**

જય મહારાજના સ્વરૂપને માણી શકાય, પણ નાણી તો નહિ જ શકાય, કે ભાઇ આની કિંમત શું હશે? નાણો જોઇએ? બરાબર છે, પણ જય મહારાજને નાણી શકશો ખરા? નહીં નાણી શકાય.

**''અનંત વિર્યમ્''**

જેમની શક્તિ અપાર છે. આપણે આવડા મકાનને બાંધવું હોય તો કેટલા મજૂરો અને કેટલાક કારીગરોને કામે લગાડીએ, ત્યારે મકાન તૈયાર થાય, અને એની જે અનંત શક્તિ છે, કે થોડુંક જ હલાવે એની સાથે બધું જ ધરાશાઇ. સમય કેટલો લાગ્યો, કેટલી શક્તિ વપરાઇ, અને એને કેટલી વાર લાગી? બે પાંચ સેકન્ડ તો બહુ થઇ ગઇ.

**''અચિંત્ય મૂર્તિમ્''**

એક વસ્તુ સમજી રાખજો, કે આ પ્રકૃત્તિ છે, તેજ વાયુ પાણી, જમીન, આકાશ આ બધા એ આપણામાં જ છે, અને એમાંથી જ આપણે બધા જોડાઇને બન્યા છીએ. વર્કશોપમાં વસ્તુઓ તૈયાર થાય, પણ રો મટીરીયલ તો લાવવું પડે ને? પાંચ ભૌતિકતા એ રો મટિરિયલ છે, હવા, પાણી, અગ્નિ આ બધું આવે, પછીથી આ પુતળું ઘડાય. જો પ્રકૃત્તિ જ તોફાની હોય કેદારનાથ જેવી, ભયંકર હવા પણ તોફાને ચડે, પાણી પણ તોફાને ચડે છે કે નહીં? આ ધરતી પણ તોફાને ચડે, પછી કોઇની પણ સલામતી ખરી? હવે જો પાંચેય તત્વો જ તોફાની હોય, તો પછી

પાંચ તત્વમાંથી બનેલું શરીર શાંત બેસી રહેશે ખરું? કારણ કે એની અસર આવવાની જ છે, પવનની પાણીની, પૃથ્વીની, આકાશની, વાદળની, સૂર્યની પણ અસર આવે. એટલો તાપ કરી નાખે છે. એ પંચતત્વો આપણામાં બેઠેલા છે શાંત ન બેસી રહે તો?

**''મનંતબાહું શશીસૂર્યનેત્રમ્''**

સૂર્ય ચંદ્ર તો આપની આંખો જેવા છે. કેટલાય સૂર્ય-ચંદ્ર હશે, વૈજ્ઞાનિકોએ શોધ્યા છે. અત્યારે જે પણ કાંઇ આકાશમાં દેખાય છે. જે એમની દ્રષ્ટિમાં છે, તેમાં લગભગ બે હજાર જેટલા સૂર્ય તારાઓ છે. એક સૂર્યનો તાપ કેટલો બધો પડે છે? આખી આ બ્રહ્માંડની અંદર જયાં સુધી માનવની નજર પહોંચે છે આકાશમાં, ત્યાં સુધી લગભગ બે હજાર જેટલા છે, તો એથી આગળ કેટલા હશે એની શી ખબર? આપણને તો આ એક સૂર્ય જ ભારે થઇ પડે છે, હાય હાય કરીએ છીએ.

**''અચિંત્ય મૂર્તિમ્''**

જેનું કોઇ ચિંતન જ ન કરી શકાય એટલી વિરાટ શક્તિ છે, અગાધ શક્તિ છે,

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્''**

આપ ગુરુવર્ય તો છો જ, અમારા માટે તો આપ સર્વશ્રેષ્ઠ છો. **અમારા માટે ફકત ગુરુ નહીં, પણ ગુરુવર્ય, ગુરુઓમાં પણ સર્વશ્રેષ્ઠ છો, એટલે તો અમારું જીવન આપને અર્પણ કર્યું છે. અમે આપને સમર્પિત થયા છીએ, અને હવે અમે આપના છીએ અને આપ અમારા છો,** એમાં કોઇ ભેદ નથી. જય મહારાજ આપણા, અને આપણે જય મહારાજના, આવો એક નાતો થઇ જાય, અને એ ત્યાં

સુધી પહોંચે પછી ઓતપ્રોતતા, એમનામાં અને આપણામાં કોઇ પણ ભેદ ન રહે, કોઇપણ જુદાપણું ન રહે, ઓતપ્રોત થઇ જાય, જેમ દૂધમાં સાકર ભળી જાય, એટલે સાકર અને દૂધ એક થઇ ગયા, છૂટા ન પડે, છૂટા પાડવા હોય તો પણ ન પડે, એવી આત્મીયતા, એવું અદ્વૈત,

**''અદ્વૈતાનંદરૂપાત્''**

બીજું નહીં. જે એકબીજામાં ભળી ગયા પછી જુદા કેવી રીતે કહેવાશે? વરસાદ પડતો હોય, આટલા બધા વરસાદના છાંટા પડતા હોય, અબજોની સંખ્યામાં હોય, અને બધા જ નીચે પડી અને છેવટે દરિયામાં જાય, એટલે પછી કોનું અસ્તિત્વ જુદું રહ્યું? અનંત આત્માઓ છે, એ અનંત પરમાત્માની અંદર વિસર્જિત થઇ જાય છે, કારણ કે એના છે એમાં વિસર્જિત થઇ જાય છે. આપણું શરીર પાંચ ભૌતિકતાનું બનેલું છે, અંદર ચેતના છે એ એની વિશિષ્ટતા છે, બાકી પેલાં પણ હાડપિંજર હોય છે અને આ જીવતાં જાગતાં હાડપિંજર છે. એકસ-રેમાં શું બતાવે છે? એની અંદર બીજું કશું બતાવે છે? આ જીવતાં જાગતાં હરતાં ફરતાં હાડપિંજર છે, એમાં કોઇ ફેર નથી. આ જગત, આ સૃષ્ટિ એ પરમાત્મામાંથી જ આવેલી છે અને પરમાત્મામાં જ વિસર્જીત થવાની છે, એમાં જ વિલીન થવાની છે. પાણીનું ભરેલું એક વાસણ હોય કે તળાવ હોય, એમાં તમે એક કાંકરો નાખો, એક પથ્થરો નાખો, એમાંથી વલય ઉત્પન્ન થશે, અને એ વલયો છે તે કિનારે અથડાઇને ફરી પાછાં જયાંથી એ ઉત્પન્ન થયાં હતાં ત્યાં પાછાં સમાઇ જશે, આ વિજ્ઞાન છે. એ ચેતના પણ એ જ્યાંથી ઉદ્‌ભવી છે, આ જગતની અંદર. આ સૃષ્ટિની અંદર અનેક જન્મોથી ફરતાં ફરતાં એ પાછાં ત્યાં ને ત્યાં જ આવતાં હોય છે,

એટલે એ રીતે અદ્વૈત છે. **આ જીવ ભટકતો ભટકતો કયારેક તો ઈશ્વર સુધી પહોંચવાનો છે એ ચોકકસ છે.** પણ કોઇ ભૂલો પડ્યો હોય, કોઇ અથડાતો કુટાતો જાય, કોઇ ભટકતો જાય અને કોઇક સીધો પહોંચી જાય, પણ પહોંચવાનું તો ઈશ્વર પાસે પાસે જ છે. કોઇ અપરાધ કરતો પાપ કરતો જાય, અને પછી એ બધાને ભોગવતો ભોગવતો જાય અને કોઇ સીધો જ પહોંચી જાય. આમ ગુરૂવર્ય એવા જય મહારાજના આપણે છીએ અને એ આપણા છે, કશું જુદુ નથી, એમાનાથી કશું પણ અલગ જુદું નથી. વાદળાં સમુદ્રની વરાળથી ઊંચે ચડે, અને એ વરસાદ રૂપે, અસંખ્ય છાંટાઓ રૂપે ફરી પાછાં દરિયામાં મળી જાય. પાણીના છાંટા સાથે એક માણસની મિત્રતા થઇ ગઇ, બંનેને એકબીજાની મૈત્રી ગમી ગઇ, છુટા પડતાં પેલા માણસે પૂછયું કે ભાઇ તારું સરનામું આપીશ? પાણીના છાંટાએ કહ્યું કે હા, આ સમુદ્ર દેખાય છે, એ મારું સરનામું છે. જયારે આવવું હોય ત્યારે આવજે, પેલા માણસે કહ્યું કે હા હું મળવા આવીશ. ઘણો સમય વીતી ગયો, પછી પેલો માણસ દરિયા કિનારે ગયો, તો દરિયાને કહે કે અહીંયા એક છાંટો હતો પાણીનો, મારે એની સાથે સારી મિત્રતા અને સારો પરિચય થઇ ગયો હતો, એને મને અહીંનું સરનામું આપ્યું હતું, એ મને મેળવી આપશો? સમુદ્રે કહ્યું કે હા, આખા સમુદ્રની અંદર એક ટીપું પૂરા સમુદ્રમાં ફલાઇ ગયું છે. શરીરની પાંચ ભૌતિકતા, પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, એ એકઠા થયા છે, એના પ્રમાણથી, અને જે દિવસે વિલય પામી જશે ત્યારે દરેક પોતપોતાના ઠેકાણે, પોતપોતાનામાં ભળી જશે. એકલો આત્મા જ પરમાત્મામાં જાય છે એવું નથી, પાંચ ભૌતિકતા પણ પાણી પાણીમાં, માટી માટીમાં, હવા હવામાં, આકાશ એટલે જગ્યા જગ્યાની અંદર, અને

તેજ તેજની અંદર પહોંચી જાય છે, એટલે વ્યાપક બ્રહ્મની અંદર ભળવું તે આનું નામ છે.

**''તમે બ્રહ્મમાં ભેળા થયા''**

એ રીતે આપણે આપણા આત્માને ચૈતન્ય સ્વરૂપે પરમ ચૈતન્યની અંદર ભેળવી દેવાનું છે, કયાંય બીજે જવાનું નથી. કર્મ અનુસાર, પ્રારબ્ધ અનુસાર એણે જે કાંઇ પણ કર્મ કર્યાં હોય એ ભોગવવા માટે એણે જુદી જુદી જગ્યાએ જવું પડે છે મન બનીને. પણ જો મન પોતાનું પ્રારબ્ધ કરવાનું છોડી દે તો પછી પોતે આત્મસ્વરૂપ બનીને આત્માની અંદર જતું રહે છે. જવું પડે છે કેમ આટલા બધા જન્મ લેવા પડે છે એની કેમ ઇશ્વરમાં નથી બની જવાતું, ગાડી કયાં આગળ આવી આપણી અનેક ઈચ્છાઓ જ અધૂરી રહી ગયેલી હોય છે, અને જીવનની અંદર અનેક ઇચ્છાઓ અધુરી પડેલી હોય છે, અને જયાં સુધી અધુરી પડેલી ઇચ્છાઓ હશે ત્યાં સુધી એને ભોગવવા માટે આવવું પડશે, કે બેન્કમાંથી લીધેલી જેટલી પણ લોનો હોય, એ બધી જ લોનો ચૂકવવી જ પડશે, અને બેલેન્સ હશે તો એ બેલેન્સ પણ તમારે જ વાપરવાનું છે, તો જીવનું પાપ અને પુણ્ય બધું જ એણે જ ભોગવવાનું હોય છે. ગીતામાં ભગવાને કહી દીધું ને,

**''નાદત્તે કસ્યચિત્પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ''**

**ભગવાન કોઇનાં પાપ પણ લેતો નથી, અને કોઇના પુણ્ય પણ લેતો નથી, જે જેનાં હોય છે એને જ ભોગવવાં પડતા હોય છે, એટલે જયાં સુધી એનાં ખાતાં ચોખ્ખાં ન થાય ત્યાં સુધી એ ભગવાન સુધી પહોંચી શકતો નથી,** બેલેન્સ ચોખ્ખું કરીને આવો, એમ ને એમ મારી પાસે નહિ અવાય. તો પાંચ ભૌતિકતા હંમેશા પોતપોતાના ક્ષેત્રની અંદર વિલીન થઇ જતી હોય છે, અલગ નથી

રહેતી, અલગ તો આ શરીર રહે છે. પાંચ ભૌતિકતાના થોડા થોડા અંશો ભેગાં થઇને આ એક સ્ટેચ્યું બનાવ્યું, આ બીજું પૂતળું બનાવ્યું, આ ત્રીજું રમકડું બનાવ્યું, એમ બધાને બનાવ્યાં રાખનાં રમકડાં, પેલું ભજન છે ને,

**''અમે તો રાખનાં રમકડાં''**

આ તો બધાં રમકડાં જ છે, રાખોડીમાં જ પાછાં મળી જવાનાં છે. આ વસ્તુ જયારે આપણને સમજાય પરખાય ત્યારે પરમાત્માની અનંતતાનો પરિચય થાય, કે ઓહો આટલી બધી અનંતતા છે? જય મહરાજનું આ સ્વરૂપ છે, અનંત. સહુને પોતાનામાં ભેળવવા માટે તો પધાર્યા છે. જે પણ કાંઇ આપ્યું એમણે પોતાનું, તે સર્વને માટે આપ્યું છે.

**''અચિંત્ય મૂર્તિમ્''**

આવી અચિંત્ય મૂર્તિ આપણા જીવનની અંદર એકા-એકા અલોપ થઇ ગઇ છે જય મહારાજ સહજ મળી ગયા છે,

**''ત્યારે સહજઆનંદમાં સહેજે ભળ્યા સતગુરુ મહારાજ''**

સહજ આનંદ સુધી પહોંચવું હોય તો બસ જીવનને હળવું બનાવો, સહજ બનાવી દો, કે જેને કારણે આપણા જીવનમાં કોઇપણ પ્રકારનો ભાર આપણા મન ઉપર ન રહે, અનંતને ઓળખવા, અનંત સુધી પહોંચવા માટે પણ હળવા થઇ જવું પડે. હળવા એટલે નરસિંહ મહેતાની જેમ, મીરાંની જેમ, માત્ર પોતાના ઇષ્ટની અંદર જ રચ્યા પચ્યા રહે, ને સંસાર આખો એક બાજુ રહી જાય, તો જ તમે ત્યાં સુધી પહોંચી શકશો. એટલું જ કહેવાનું કે,

**''નડે નહીં કોઇ મને સંસાર''**

આ સંસારની કોઇપણ વસ્તુ, કોઇપણ વ્યકિત કે કોઇપણ

પરિસ્થિતિ, કોઇપણ સંપત્તિ, મને સહેજ પણ અડચણરૂપ ન થાય. ભલે, છે એમ બધું જ રહ્યું, પણ કશાયમાં મારુ મન બંધાઇ જવું ન જોઇએ. જો કયાંક બંધાઇ ગયા તો આગળ નહીં વધી શકાય, ચાહે સંપત્તિમાં બંધાયા, ચાહે સત્તામાં બંધાયા, કે ચાહે પરિવારની વચ્ચે બંધાયા, પછી પત્ની બાળકોની વચ્ચે આગળ નહીં નીકળી શકાય. એના માટે તો પોતાના જીવનમાં માત્ર હળવાશ. જો જીવનમાં હળવાશ હશે, તો જલદીથી ત્યાં સુધી પહોંચી શકાશે, નહીંતર બધા જ પાછળથી ખેંચશે. સ્વામી રામતીર્થ કહે કે, લગ્નની ઇચ્છા કરી કે કોઇપણ ઇચ્છા કરી, તો એ ઇચ્છાના એન્જિનમાં બેઠા પછીથી છેક પાછળ વેગનોના વેગનો જોડેલાં છે, કમર તૂટી જાય ત્યાં સુધી ખેંચ્યા જ કરો. એક રેલવેના એન્જિનની પાછળ કેટલા બધા વેગનો જોડાયેલા હોય છે, એવી જ રીતે સંસારની અંદર આપણી પાછળ પણ કેટલા બધા જોડાયેલા હોય છે, બધાયને ખેંચવા પડે, કમર તૂટી જાય. તો જીવનને એવું સહજ અને સરળ બનાવીએ, કે જેથી કોઇપણ પ્રકારનો બોજ આપણને આગળ વધવામાં અડચણ રૂપ ન બને. મારે ભણવું છે, મારે પહોંચવું છે એ લક્ષ્ય સુધી, હું સહજતાથી પાર ઉતરી શકીશ, બાકી ભગવાને તો કહ્યું છે કે,

**''ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન''**

હે અર્જુન. હે પાર્થ, આ જગતની અંદર મારે કોઇ પણ પ્રકારનું કર્તવ્ય છે જ નહીં. છતાંય સહજતાથી, સાહજિકતાથી થઇ ગયું. મારું માનીને. એને કર્તવ્ય માનીને પકડી રાખીને દુઃખી નહીં થવાનું, અરે મારે તો આ કરવાનું હતું ને, થયું નહીં ને, હવે શું કરીશ. આ પરમાત્માની સૃષ્ટિમાં આપણા જેવા તો કેટલાય જંતુઓ આવી અને જતાં રહ્યાં, કદી એની કોઇ વસાત નથી.

ચોમાસામાં કેટલાં બધાં જીવડાં ઊભાં થાય છે, લાઇટ દીવાની આગળ કેટલાં બધાં જીવડાં હોય છે, અને સવારે જોઇએ ત્યારે ઢગલો મરી ગયેલાં પડ્યાં હોય, એની કેટલી કિંમત ? કેટલી ગણતરી એની? કેદારનાથ એકીસાથે ઢગલો માણસો મરી ગયા, એ જીવડાંની માફક જ પડ્યાં છે. એમ આ આખું જગત, આ આખો સંસાર, એમાં દરેક જીવ થોડાક સમય માટે આવે, અને પછી જતો રહે. એ જે અસ્તિત્વ માટેનો અહંકાર છે આપણો જીવીએ છીએ ત્યાં સુધી જ અહંકારને પોષીએ છીએ, અને જો સાચી વાત કહીએ, તો અસ્તિત્વનો જ માત્ર અહંકાર છે. અસ્તિત્વ જાય ને એની સાથે અહંકાર ચોપટ. ગમે તેવો મોટો હોય તો પણ. **આપણી જાતને ટકાવી રાખવા માટે આપણે અહંકારને પોષતા હોઇએ છીએ, શાંતિ હું છું, સમથિંગ છું, હું આ કરું છું, એમ અહંકાર અનેક બાબતનો, એટલે જીવનની અંદર માણસ જીવે છે પોતાનું જીવન, પણ એ અહંકારથી જ જીવે છે.** અને એના અસ્તિત્વમાં, એ ચેતના છે એના શરીરમાં, એ પોતે પોતાનું સ્વરૂપ છે, એ નથી ઓળખતો. માત્ર દૃષ્ટિની અને એ પણ માત્ર આ સૃષ્ટિની અનેક જાતની જે ભૂલભૂલામણીઓ છે, એની વચ્ચે અટવાઇને, એકબીજાની સાથે તો પોતાનો અહંકાર ટકરાવીને, એમ કેવા જીવી રહ્યા છીએ, હું કેવો બધાથી ઉપર નીકળી ગયો છું, મેં કેટલું બધું ભેગું કર્યું, આ અહંકાર છે. બસ એ અહંકારને પોષવા માટે જ માણસ જીવતો હોય છે, આમ કરી લઉં, આમ કરી નાખું, પણ જયાં જીવન પૂરું થઇ ગયું એ અહંકાર પણ ખતમ થઇ જાય. ગમે તેવો મોટો માણસ હોય તો પણ. ચર્ચિલ હોય, નેપોલિયન હોય, જીવન સમાપ્ત એટલે બધું જ સમાપ્ત. જેણે ઇતિહાસનાં પાનાં રચ્યાં, પણ સમાપ્ત થઇ ગયા એટલે પૂરું થઇ ગયું. ત્યાં આગળ

કશું ન ઉપજે, એનું કશું પણ ન ચાલે, તો જય મહારાજના સ્વરૂપ માટે કહ્યું કે,

**''અચિંત્ય મૂર્તિમ્''**

અને અચિંત્ય એટલે? જેનું વર્ણન ન થઇ શકે, જેને સમજી ન શકાય, એવી અચિંત્ય વ્યાપકતાની અંદર આપણા બધાની આ અવસ્થા, આ અસ્તિત્વ છે.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૭૫

# જીવનની યાત્રા-ઘરથી સ્મશાન સુધીની

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્**

**હ્યજ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્''**

ગુરુવર્ય, સૌના આરાધ્ય, સૌના વંદ્ય એવા ગુરુવર્ય યોગીરાજ અવધૂત અમારા ગુરુ જય મહારાજનું સ્વરૂપ એ

**''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ''**

સમસ્ત સૃષ્ટિની અંદર ચરાચરમાં વ્યાપક,

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક**

**સોહિ સુભગ તનુ ધારી**

**સમર મન સંતરામ સુખકારી''**

હે મારા મન તુ સ્મરણ કર, કોનું? જય મહારાજનું.

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

આ બીજું કોઇ નથી, આ એ જ છે જે પૂર્ણબ્રહ્મ વ્યાપક છે તે, લક્ષ્મણદાસજી મહારાજને અનુભૂતિ કરાવી છે જય મહારાજે, લક્ષ્મણદાસજીને દર્શન કરાવ્યાં છે પોતાના સ્વરૂપનાં, અને લક્ષ્મણદાસજી મહારાજે જય મહારાજના વિગ્રહની અનુભૂતિનું દર્શન આપણને કરાવ્યું છે.

**''જન લક્ષ્મણ બલિહારી''**

હું તો એમનો જન છું, સ્વજન આત્મીય જન છું, તો મારી ઉપર આટલી બધી બલિહારી કરીને, આટલી બધી કૃપા કરીને મને આ સ્વરૂપ દર્શાવ્યું, અને જે દર્શન થયાં એ એમણે સ્તુતિમાં ગાયું.

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક,**

**સોહી સુભગ તનુ ધારી,**

**સમર મન સંતરામ સુખકારી''**

જે બ્રહ્મસ્વરૂપ છે, જેનું અચિંત્ય મૂર્ત સ્વરૂપ છે,

**''અચિંત્ય મૂર્તિમ્''**

એને કેવી રીતે કલ્પી શકીશું? એ કલ્પના બહારની વાત છે. જે સમજણ કરતાં પણ અનંત ઘણું વિશેષ છે, એ અનંતને આપણી બુદ્ધિમાં, આપણી સમજણમાં કેવી રીતે સમાવી શકીશું? જય મહારાજે તો સ્પષ્ટ કહી દીધું સમરોલીમાં, સુરતની બાજુમાં આમરોલી કરીને ગામ છે એનું નામ, ત્યાં સંદેશો મોકલ્યો અને એ વાત કહી કે,

**''સમજણથી સમજણ છે અળગી''**

**''સોહી સુભગ તનું ધારી**

**પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

આ એ છે. પણ આપણે જે સમજીએ છીએ, તેના કરતાં એ સમજણ બહુ જ જુદી છે. બહુ જ સરસ વાત કહી છે,

**''સમજણથી સમજણ છે અળગી''**

જે આપણે સમજ્યા છીએ કે, ચાલો જય મહારાજને

આપણે સમજ્યા, પણ ના, એ કંઇક જુદી જ છે,

આમ આપણને કદાચ જય મહારાજના સ્વરૂપને ઓળખતાં વાર લાગે, સમય લાગે, પણ ધીરજ રાખવાની. જય મહારાજનું આવું અચિંત્ય મૂર્તિનું સ્વરૂપ, એનાં આપણે દર્શન કરવાં જ છે. એને માટે ધીરજ રાખવી પડશે. એ દર્શન આપશે જ. જયારે આપણી ક્ષમતા આવશે. અર્જુનની સાથે બહુ વાતો કરી દસમા અધ્યાય સુધી, વિભૂતિ યોગ બતાવ્યો, કે જો આ મારું સ્વરૂપ છે, આ હું છું, આ બધા મારામાંથી જ છે. એ બધાં મારાં જ સ્વરૂપ છે. આખું વિશ્વ બતાવી દીધું એની અંદર, પણ વિશ્વરૂપ દર્શન નથી કરાવ્યું, કે એ અગિયારમાં અધ્યાયમાં આવ્યા ને ત્યારે કહ્યું કે હવે તું લાયક થયો છું, લે ચાલ.

''**પશ્ય મે યોગમૈશ્વરમ્**''

મારા યોગના ઐશ્વર્યને તું જો. આમ ભગવાને દસ-દસ અધ્યાય સુધી અર્જુનને વિરાટનાં દર્શન નથી કરાવ્યાં, અને પછી અગિયારમાં અધ્યાયની અંદર કરાવ્યાં છે, લે આ વિરાટ સ્વરૂપનાં દર્શન કર. માં જશોદાને મોઢામાં વિરાટનાં દર્શન કરાવ્યાં, જશોદામાં ડરી ગયાં, અરે હું આ શું જોઉં છું? કાનાના મોઢામાં આખું બ્રહ્માંડ દેખાય છે. ભગવાને પાછું પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું. એ વિરાટ વ્યાપકતાની અનંતતાની એક ક્ષમતા, એનાં દર્શન કરવાની ક્ષમતા બધાયને નથી મળતી. જય મહારાજે લક્ષ્મણદાસજી મહારાજને દર્શન કરાવ્યું કે

''**તમે વિશ્વમાં રહ્યા વ્યાપી,**
**તમને ઓળખશે કોઇ બડભાગી**''

બોલો, અને શું કહ્યું?

**''તમારા ચરણ કમળ ઉપર જાઉ વારી''**

બસ સમર્પિત થઇ જાઉં છું આપના ચરણોમાં. કેમ કે તમે તો

**''પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક**

**સોહી સુભગ તનુ ધારી''**

એ જ આપનો આ વિગ્રહ છે, વ્યાપક બ્રહ્મ છે. એ બ્રહ્મ તત્વ જ આપણા સૌની વચ્ચે આપણને પ્રાપ્ત થયું છે, અને એટલે જ કહ્યું કે,

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્''**

કેવી રીતે માપી શકશો? આવડો મોટો પંદર સો માઇલ લાંબો હિમાલય છે, કેટલું ફરી શકશો? કેટલું જોઇ શકશો? એ જંગલો હશે, પહાડો હશે, બરફ હશે, પથ્થર હશે, પૂરો જોવામાં આખો જન્મારો જતો રહે. એમ જય મહારાજને પણ જો માણવા હોય, અનુભવવા હોય તો અનંતની, આખા હિમાલયને નહીં માપી શકાય એમ જય મહારાજ અનંત છે, અચિંત્ય છે, એમને પરિપૂર્ણ રીતે તો નથી જ પહોંચી શકવાના, પણ જેટલું દર્શન થયું છે એટલું મારું દર્શન છે, બસ. બાકી સર્વ દર્શન છે, સાંખ્ય દર્શન છે, યોગ દર્શન છે, ન્યાય દર્શન છે, બૌદ્ધ દર્શન છે, કુલ છ દર્શન છે બધા જ. બધામાં ભગવાનનું જ પ્રતિપાદન કર્યું છે, પણ પોતપોતની દૃષ્ટિથી, પોતપોતાના દાયરામાં રહીને. એટલે જે અનંતતા છે એ બધાયને પ્રાપ્ત નથી થતી, જુદા જુદા દર્શનોમાં ઈશ્વરનું પ્રતિપાદન કર્યું છે, એનું નામ છે,

**''અચિંત્ય મૂર્તિમ્''**

આટલા બધા મહાપુરુષોએ, તપસ્વીઓએ પરમાત્માના

સ્વરૂપના દર્શનનો કેટલો પ્રયત્ન કર્યો? ભગવાનનાં દર્શન કરાવીએ. ભગવાન બુદ્ધે બુદ્ધની રીતે બુદ્ધદર્શન લખ્યું, જૈને જૈનની રીતે દર્શન લખ્યું, ચાર્વા કે ચાર્વાકની રીતે લખ્યું, ન્યાયવાળાએ ન્યાયની રીતે લખ્યું, સાંખ્યવાળાએ સાંખ્યની રીતે લખ્યું અને વેદાંતવાળાએ વેદાંતની રીતે લખ્યું. આ છ એ છ દર્શનમાં પોતપોતાની રીતે પરમાત્માને સ્થાપિત કર્યા છે, છતાં પણ પરિપૂર્ણ નહીં,

**''અચિંત્ય મૂર્તિ ગુરુવર્ય''**

ગુરુવર્ય, ગુરુ શ્રેષ્ઠ આપ તો અચિંત્ય છો, આપની વ્યાપકતાને કોઇ માપી ન શકે. આકાશની ઊંચાઇને માપી આવો જય મહારાજની ઊંચાઇને માપી શકાય, પણ એ જય મહારાજને માટે કહે કે,

**''મન પવન તણા જેણે તોલ કીયા''**

મનનું વજન કરો જોઇએ, કેટલું નીકળશે? પવન, શ્વાસોશ્વાસ, શ્વાસોશ્વાસની સાથે, મન અને પવન. પવન એટલ શ્વાસોશ્વાસને મનની સાથે સમાવવું, બે ને એક કરવાના છે, બંનેને સરખું તોલવાનું છે અને એના દ્વારા એ શ્વાસોશ્વાસની સાથે મનને, જેને સૂરત કહીએ છીએ તે,

એટલે સૂરત અને શબ્દ. મનને પવનમાં રાખવાનો, અને શ્વાસોશ્વાસ છે એમાં શબ્દને ભેળવવાનો. અઘરો વિષય છે પણ વાસ્તવિકતા છે. એ ઉપાસનાના ક્ષેત્રમાં મન અને પવન, એમ સૂરતને શબ્દમાં સમાવી લો, મનને છોડી દો, મનને શ્વાસોશ્વાસની સાથે જોડી દો બસ,

**''અહોનિશ અખંડ કીજીએ સ્મરણ શ્વાસોશ્વાસ''**

વિષ્ણુદાસજી બોલ્યા છે,

**''પંડ છતે પરબ્રહ્મમાં સૂરતી જઇને સમાય''**

મૃત્યુ પછી તો બ્રહ્મલીન થઇ જાય, પણ છતે જીવને

**''પંડ છતે પરબ્રહ્મમાં''**

જીવતે જીવ બ્રહ્મલીન થઇ જાય આ જે આ જીવનમાં, પણ કયારે ?

**''મન પવન તણા જેણે તોલ કિયા''**

ગુરુ બાવનીની અંદર આપણે સૂરત શબ્દને ખૂબ જ અનુભવ્યો. એમ સૂરત શબ્દની સાથે એક થવાય. ત્યારે જ એ પોતાના નિજસ્વરૂપ, પરમાત્મા સુધી પહોંચી શકે છે. જય મહારાજનુંને એ સ્વરૂપ છે, કે જેમણે મન અને શ્વાસોશ્વાસને એક કરીને પોતાની વ્યાપકતા અનંત સુધી પોતાના અસ્તિત્વને મૂકે છે. આકાશને માપવાની વાત કરો જોઇએ, જેમ આપણે અહીંયા છીએ, અહીંયા દ્વારા જ આકાશની વાત કરીએ છીએ, પણ જયાં બીજે કયાંક કોઇક હશે તો એ આ પૃથ્વીને જ તારાની માફક જોતા હશે. એની વાત નહીં કરતા હોય? એવું કયારેય ન માની લેશો, કે આ પૃથ્વી ઉપર જ ફકત જીવન છે. અબજો તારાઓ છે, અને એની અંદર કયાંક કેટલીય સૃષ્ટિ હશે, છે જ. હશે નહીં, અને બધા જ પોતપોતાની રીતે વિચારતા હશે. જય મહારાજ તો અચિંત્ય મૂર્તિ છે, અકલ્પ્ય જેને કહેવાય, આપણી કલ્પનામાં, આપણા વિચારમાં બેસી જ ન શકે. પરમાત્માનું તત્વ કલ્પના બહારની વસ્તુ છે, અને સ્વરૂપ પણ. એટલે જ સ્તુતિકર્તાએ જય મહારાજને વર્ણવ્યા, આપણને દર્શન કરવા માટે કહ્યું કે,

''શ્રી સંતરામ ગુરુવર્ય''

ગુરુ તો બધાના જ છે, પણ જય મહારાજ તો,

''અચિંત્ય મૂર્તિમ્''

કયાં છે? કેવડા છે? એક કીડી હોય, અને એ મોટા પહાડ ઉપર ચડવા જાય, એ કીડી કેટલું ચડી શકશે? કીડીને થોડીક જ વારમાં લાગશે કે આ તો બહુ જ ઊંચો છે. એમ એક માણસનું મન, ચલો આકાશને માપવા માટે નીકળીએ, મુલાકાત. **રાત્રે ખુલ્લા આકાશમાં ઊભા રહીએ. એક નાનો સરખો ઝીણો તારો દેખાય છે ત્યાં પહોંચવું છે, મનથી પહોંચી ગયા. મનથી પરમાત્મા સુધી પણ પહોંચી શકાય છે. મનથી દુરાચાર સુધી પણ પહોંચી શકાય છે, પણ દુરાધાર સુધી પહોંચવાનું બહુ જ સરળ અને સસ્તું બની ગયું છે દરેકને, પણ ભગવાન સુધી, ભગવદ્ પ્રાપ્તિ સુધી પહોંચવાની કોઇની પણ જીગર ચાલતી નથી, કોઇ તૈયાર નથી થતું. તો જો મન ખોટે રસ્તે જઇ શકતું હોય, તો સાચે રસ્તે કેમ જઇ ન શકે?** પણ એમાં આપણી કમજોરી છે, આપણા મનની નબળાઇ છે, બધા જ ખોટા રસ્તે મન સારી રીતે લઇ જઇ શકતું હોય, દુરાચારના રસ્તે, તો એ મન સાચા રસ્તે, સારા આચારના રસ્તે કેમ લઇ જઇ ન શકે? ભગવાને તમને શક્તિ આપી છે, કે આકાશના કેટલા ઊંડાણની અંદર તારાઓ ને તમે નજરમાં લઇ શકો, અને મન ત્યાં સુધી પહોંચી શકે છે, અનંતતા છે, તમે જોઇ શકો છો ખરા પણ માપી શકતા નથી, એમ જય મહારાજનું જે અચિંત્ય મૂર્ત સ્વરૂપ છે, એ એટલું બધું વિશાળ અને વ્યાપક છે, જેને અગમ્ય કહેવાય, બીજા શબ્દોમાં કહીએ તો અગોચર, અગમ્ય, એના માટે શું કહ્યું ખબર છે?

**''ત્યારે અગમ અગોચર ઘર જડ્યું''**

ઇન્દ્રિયોથી પણ ન શકાય, આપણી બુદ્ધિથી પણ ન જ સમજી શકાય, એ ઘર જડી ગયું. હવે કેટલી ઊંચાઇ હશે? કેટલી ઊંડાઇ હશે?

નિકટમાં નિકટ છે એ ઘર, પરમાત્માની અચિંત્ય મૂર્તિ વ્યાપક છે, પણ આપણાથી સહેજ પણ દૂર નથી. આપણા પોતાનામાં જ છે, આપણે પોતે જ છીએ, પણ છતાંય આપણે ભૂલી ગયા છીએ, મન ભૂલીને બેઠું છે. મન પોતાની જ સંપત્તિને ખોઇને-ભૂલી ને બેઠું છે, પોતાની પાસે આટલી બધી સંપત્તિ છે છતાં પણ ભૂલી જવાથી ગરીબ થઇને બેઠું છે, અને વિષય સુખોના ભોગોની ભીખ માગવા જાય છે, મને આ આપો, મને આ ભોગો આપો, અલ્યા તું જ્યાં બેઠો છું, અને તું આ વિષયોના ભોગોની ભીખ માગવા નીકળ્યો છું એના કરતાં તો અનંતઘણું છે અંદર. શા માટે ભીખ માગવા નીકળ્યો છું? પણ ના, હું તો સાવ ગરીબ છું, હું તો ભૂખ્યો છું, મને કાંઇક આપો, બસ માણસની આ કંગાળ વૃત્તિ, તે માણસને અનંત સુધી કયારેય પહોંચવા દેતી નથી. ઉપર એટલા બધા થર ચડી ગયા હોય, એની તરફ નજર જ ન જાય. આ તો રાફડો હોય ઘરમાં, તેને ખોદીને કાઢીએ તો? અરે આ શું નીકળ્યું? આ બધા રાફડા બાઝેલા છે, એને હટાવીએ ત્યારે ખબર પડે કે આની અંદર તો આટલી કીમતી અનંતતા ભરેલી પડેલી છે. જય મહારાજના સ્વરૂપને આપણે પોતે સમજીએ, ભલે અગમ અગોચર છે, ગો એટલે ઇન્દ્રિયો અને ચર એટલે ત્યાં સુધી જવાનું, ત્યાં સુધી જઇ જ ન શકે. આપણી ઇન્દ્રિયો ત્યાં સુધી જઇ જ ન શકે, કેમ કે એની પાસે તાકાત નથી. એની પાસે શક્તિ નથી, ભગવાન કહે કે લે અર્જુન,

**''દિવ્યં દદામી તે ચક્ષુઃ પશ્ય મે યોગમેશ્વરમ્''**

મારા યોગને, મારા ઐશ્વર્યને જોવું છે? લે આ દિવ્ય ચક્ષુ તને આપું. પછી જો. એટલે અચિંત્ય મૂર્તિના દર્શન પણ જય મહારાજના,

**''સિર સતગુરુ સંત પરતાપ વરતી ઠરતી''**

વૃત્તિઓ ઠરે ત્યારે એ દૃષ્ટિમળે. એમ ને એમ નથી મળતી. એટલે એ અનંતતા ને માત્ર આપણે તો વંદન કરીને જ છૂટી જવું પડે. બીજું કશું પણ નથી કરી શકતા. **બસ આપના છીએ, આપને શરણે છીએ, અને અચિંત્ય મૂર્ત સ્વરૂપ આપ છો એવા આપને અમારા વંદન છે. જયારે આપની દયા થાય, આપની કૃપા થાય, અને અમે લાયક બનીએ ત્યારે દર્શન આપજો,** બાકી તો આપ અચિંત્ય છો, અનંત છો. આવું ઊંચુ સ્વરૂપ જેમનું છે એ આપણને પ્રાપ્ત થયા છે, એ સ્વરૂપને એ ચેતનાને, આપણે મેળવી શકયા છીએ, એમનું શરણ આપને મળ્યું છે, અહોભાગ્ય આપણા છે. પૂર્વનાં પુણ્ય આપણાં ઉદય થયાં છે, કે આવા જય મહારાજ આ ટાણે આપણને મળ્યા છે.

**''આ અવસર આ ટાણે રે''**

આ અવસર છે અને આ ટાણું છે, પહોંચી જઇએ, પણ ચૂકી જઇશું તો પાછા ખોઇ બેસીશું. આવી અનંતતાનું સાનિધ્ય મળ્યું હોય, શરણ મળ્યું હોય, એ તો આપણા કેટલાય જનમોના પુણ્યની કમાણી ભેગી થઇ હોય ત્યારે મળે. આવા ગુરુવર્ય શ્રેષ્ઠ. હવે આટલી બધી શ્રેષ્ઠતા કેમ આપી દીધી? ગુરુ એટલે શ્રેષ્ઠ થયું, ગુરુ એટલે જે મોટો છે તે. આપણા સૂર્ય મંડળની અંદર એક ગ્રહને ગુરુ કેમ કહ્યો? સૂર્યમંડળના બીજા ગ્રહો કરતાં એ સૌથી મોટો છે માટે એને ગુરુ કહ્યો. ગુરુ શબ્દનો અર્થ જ છે મોટો. હવે ગુરુ કહી

દીધું, પછી વર્ય કહેવાની કયાં જરૂર હતી? છતાંય જય મહારાજ માટે કહ્યું કે ગુરુવર્ય, આપ એવા અનંત છો, અચિંત્ય છો, ગુરુવર્ય છો, ગુરુ શ્રેષ્ઠ છો, એમાં એવો ભાવ પોતાના હૃદયપૂર્વક વ્યકત કર્યો છે. સ્તુતિકર્તાએ એનું દર્શન આપણને બધાયને સત્સંગમાં કરાવ્યું, કે લો કરો દર્શન. એ મહાપુરુષોનો ઉપકાર છે. એમણે જે પણ કાંઇ આપ્યું છે તે આપણા માટે આપ્યું છે, એ મહાપુરુષોના ઉપકારને આપણે ઝીલીએ. એમણે તો ઉદારતાથી, નિસ્વાર્થભાવે લોક કલ્યાણ માટે સ્થાપિત કરી દીધું ઉદારતાથી. કોઇપણ જાતની અપેક્ષા નહીં, મારે શું કરવું છે? પણ તે છતાંય મારે આપવું છે, તો આપી દીધું કે લો લઇ લો. જો મહાપુરુષોએ આપણને આટલું બધું આપ્યું હોય, તો આપણે કૃતકૃત્ય થઇએ. આપણે એમના આભારી નહીં પણ ઋણી છીએ આપણે. તમે તમારી અનુભૂતિના-સ્વરૂપનાં દર્શન અમને આ સ્તુતિ દ્વારા અહીંયાં કરાવ્યાં. જય મહારાજ આપ અચિંત્ય મૂર્તિ છો. જેમ નાનું બાળક હોય, અને પિતાની પાસે બેસે અને પિતાને કહે કે હે પપ્પા તમે આવડા મોટા છો. ના બેટા હું તો તારો બાપ છું, જો તારી સાથે જ બેઠો છું ને, હું કયાં મોટો છું? આ જ છે અચિંત્ય મૂતિ. એ સ્વરૂપ હોવા છતાંય જય મહારાજ આ વિગ્રહ ધારણ કરીને આપણા બધાની વચ્ચે બેસે છે, શરણ આપ્યું છે આપણને, કે જુઓ હું તો તમારી સાથે જ છું. તમને બધાને છોડીને એવા મોટા સ્વરૂપમાં કયાં જવાય? બાપ મોટો હોવા છતાંય અધિકાર હોય, રાષ્ટ્રપતિ હોય, પણ પોતાના છોકરાને એમ કહે કે હું રાષ્ટ્રપતિ છું? કહે કે બેટા હું તારો બાપ છું. એમ જય મહારાજનું અચિંત્ય સ્વરૂપ છે, અચિંત્ય છો આપ, છતાં પણ અમારા માટે તો આપ જય મહારાજનો જ વિગ્રહ છો, અને કહી દઇએ કે,

**"મને મહેર કરી મહારાજ રાખો શરણે રે"**

આપણી પ્રાર્થના સાંભળી આવડા મોટા અચિંત્ય સ્વરૂપ, છતાંય જો આપણે હૃદય પૂર્વક ભાવથી પ્રાર્થના કરીએ, તો આપણને બાજુમાં બેસાડે, માથે અને બરડે હાથ ફેરવે.

**"સિર સતગુરુ સંત પરતાપ"**

આ વૃત્તિઓ કયારે ઠરે? જય મહારાજની કૃપા માથા ઉપર બની રહે ત્યારે એમ લાગે, કે ના જય મહારાજે મને ઠાર્યો છે, મને શાંત કર્યો છે, અને એ આવા ચરાચર વ્યાપક હોવા છતાંય મારી ઉપર આટલી બધી કૃપા કરી છે, મને પાસે બેસાડીને,

**"બોલાવીને પાસે બેસાડો બાપ**

**પમાડો શીદ હવે પરિતાપ**

**ભમાવો છો શીદ હવે ભગવાન**

**દયા કરી દીજે અભયપદ દાન"**

ગુરુ મહિમામાં છે. બસ આપણે આટલી જ પ્રાર્થના કરીએ કે આપ અચિંત્ય છો, અનંત છો, છતાંય અમારા તો બાપ છો, અમારી જોડે બેઠેલા છો. જય મહારાજનો આવો વિગ્રહ આપણા અંતઃકરણમાં આવીને ઠરે,

**"ચૈતન્યં શિષ્યમધ્યે શાંત શ્રી સંતરામં"**

**"પ્રભુ મારા રૂદિયા કમળ વચ્ચે રહો છો"**

કયાં ગયા, બોલો? અચિંત્ય તો છો જ, પણ છતાં પણ કયાં છો? મારા હૃદયમાં પણ છો. તો એટલા મોટા વ્યાપક સ્વરૂપને શોધવાની માથાકૂટ કર્યા વગર આપણે આપણા હૃદયમાં જ જતા રહીએ. આ અહીં બેઠા મારા મહારાજ હૃદય સુધી, આપણા પોતાના હૃદય સુધી, આપણા પોતાના સ્વરૂપ સુધી

પહોંચવાની શક્તિ માટે આપણે જય મહારાજને કહીએ, કે જય મહારાજ શક્તિ આપો. આપ જયાં હૃદયમાં બેઠા છો ત્યાં સુધી અમે પહોંચી શકીએ. રસ્તો ટૂંકો છે પણ અગમ્ય છે. **જીવનની યાત્રા કયાંથી કયાં સુધી? ઘરથી સ્મશાન સુધીની,** પણ વર્ષો સુધી બધે રખડયા ભટકયા, પછીથી છેક છેલ્લે આ ટૂંકો રસ્તો હાથમાં આવે. આ જીવનાયાત્રા બહુ લાંબી નથી પણ ભટકી ભટકીને,

**''હું રખડી રખડી થાક્યો, શોધું છું શીતળ છાયા''**

બસ આટલો ટૂંકો જ રસ્તો છે, પણ કેટલું રખડી રખડીને આવ્યો આખરે છેલ્લે. જન્મથી મૃત્યુ સુધીની યાત્રા આટલી જ ટૂંકી છે. અનંતતાને એક બાજુએ મુકીને, **પ્રભુ આપની અનંતતા ભલે આપની પાસે હોય, પણ અમને તો ટૂંકો માર્ગ જ જોઇએ છે. આપ અમારા હૃદયમાં જ બેઠેલા છો, આટલું ચિંતન કરીએ. અચિંત્ય એવા જય મહારાજના દર્શન કયારેક તો પ્રાપ્ત થાય.**

|| જય મહારાજ ||

## પ્રકરણ–૭૬

# સંસાર સાગર તારણહાર

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્**

**હ્યજ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્''**

અજ્ઞાનનું જંગલ,

''હ્યજ્ઞાન કાન''

પરબ્રહ્મ પરમાત્મા એવા જય મહારાજનું સ્વરૂપ કેવું અકળ છે? પૂરેપૂરું તો કોઇ પણ માણસ ન કળી શકે, કદાચ અંદર ઊતરે તો પાછો જ ન આવે. જય મહારાજના સ્વરૂપની અંદર ઉતરે તો પાછો બહાર નીકળી જ ન શકે, ઓહો જય મહારાજ આવા વ્યાપક છે? આવા શક્તિશાળી છે? આવા મહાન છે? આમ જોતજોતાની અંદર ઓગળી જાય. જય મહારાજના સ્વરૂપમાં એવું અગમ

**''અગમ અગાધ અતિ યોગીરાજ મહામતિ''**

એ જય મહારાજનું સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં છે, એમને માટે કહ્યું કે,

**''ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ''**

અને

**“અજ્ઞાન કાનન”**

વિચાર કરો કે અજ્ઞાન જે જંગલ કહી દીધું, અને એ જંગલમાં રહેવાવાળો માણસ પણ કેવો કહેવાય? જંગલી. અજ્ઞાનના જંગલમાં રહેવાવાળો જંગલી જ કહેવાય. આ અજ્ઞાનના જંગલની અંદર માણસ જો ભૂલેચૂકે પણ પેસી ગયો, અને ભૂલો પડ્યો, તો પછી પતી ગયું. અજ્ઞાનના એ જંગલની અંદર માત્ર અંધકાર સિવાય કશું પણ ન હોય. અજ્ઞાન એ એવું ગાઢું અને ઘેરું જંગલ છે, કે જેમાં રસ્તો પણ ન જડે, અજ્ઞાનના જંગલમાંથી માણસ પાર નીકળી જ ન શકે. એ અજ્ઞાનના જંગલમાં અંધારું જ અંધારું હોય. અજ્ઞાનનું જંગલ ભયંકર ગાઢ અંધારાવાળું છે, એવું ભયંકર આળબીડવાળું છે, બહાર જ નીકળી ન શકે, અંદરને અંદર સડ્યા કરે, દુઃખી થયા કરે, પણ એ બહાર નીકળી જ ન શકે. કોઇ સદ્‌ગુરુ મળે, અને જંગલમાંથી બહાર કાઢે તો. આવા ભયંકર અજ્ઞાનની અંદર ગુંચાયેલો સપડાયેલો માણસ, એની અવસ્થા કેવી? એની જિંદગી કેવી? જે કોઇ હોય અને જે અજ્ઞાનને લીધે ઊભાં થતાં દુઃખો, પરિતાપો, કલેશ, ઇર્ષા, માનસિક અનેક પ્રકારની વિકૃતિઓ, એ બધી જ અનુભવાતી હોય. અટવામણમાંથી બહાર નીકળી શકાય છે ખરું? કેવો ગૂંચવાડો હોય છે? ભલભલો હાથી પણ અંદર પેઠો હોય ને, ખૂબ જ તાકાતવાળો, તો પણ એ જંગલમાંથી બહાર ન નીકળી શકે. અજ્ઞાનનાં જંગલ અતિશય અંધકારમય હોય, અને એની અંદર પગ મૂકો તો પણ મુશ્કેલી. જંગલમાં જો જો, વર્ષો જૂનાં પાંદડાઓનો થર લાગ્યો હોય, પાંદડા ખરેલા હોય તો અડધા પગ અંદર ઉતરી જાય એ જંગલનાં પાંદડામાં, કયાં શું છે તે કશી પણ ખબર પડે નહીં. આપણે જંગલમાં ફર્યા પણ છીએ, અને જોયું પણ છે,

પાંદડાંની અંદર પગ ઉતરી જાય, અને એ પાંદડાં ઉપર મોર પણ જો ચાલતો હાયને તો પણ લાગે, કે સિંહ આવ્યો, વાઘ આવ્યો. આ પગલાનો અવાજ જ એ રીતે પડે. આમ જીવનમાં આખો સંસાર એ અજ્ઞાનનું જંગલ છે, અને એની અંદર માણસ ભૂલો પડે જ છે, એને પોતાને ખબર પડે કે આ તો ફસાઇ ગયા આ જંગલમાં. ફસાયા પછીથી લાગે કે આના કરતાં તો ના ગયા હોત તો સારું. મુકુંદભાઇ ચોકસી કરીને હતા જાનકીદાસજી મહારાજના વખતમાં. રોજ રાત્રે સેવામાં આવે, પછી અગાસીમાં આંટા મારીએ, કહે કે મહારાજ જો થોડા વહેલા મળી ગયા હોત તો હું લગ્ન જ ન કરત, કહે કે થાકી ગયો છું, ત્રાસી ગયો છું, યુવાન હતા તે વખતે આપણા જેટલી જ ઉંમર હતી વધારે ન હતી. બાવીસ પચ્ચીસ વર્ષ હશે, કહ્યું કે મળ્યા હોત તો પણ નીકળી ના શકત આ અજ્ઞાન છે, એ બધી જ માણસના જીવનની અંદર વિટંબણાઓ ગહેરા જંગલ જેવી જ છે. તમને ગુંચવ્યા જ કરે, ગુંચવ્યા જ કરે. ઘરે દિકરા-દિકરીઓ હોય, એમને પરણાવ્યાં એટલે પાછી અડધી દુનિયા ફરી ઊભી થઇ ગઇ. એમના બીજા બધા સંબંધો સાચવતાં સાચવતાં એ રીસામણાં-મનામણાં ચાલે, પાછી ખટપટો શરૂ થાય. દીકરી પરણાવી દીધી. હાશ હવે કોઇ ચિંતા નહીં, પણ પાછળ આવવા જ માંડે, મોટું લશ્કર ઉપાધિઓનું. આમ છે ને ફલાણું છે ને ઢીકણું છે, આ લાવને પેલું લાવ, ભાઇસાબ, આના કરતાં તો દીકરી ન પરણાવી હોત તો સારું. એમ માણસ જેમ બહાર નીકળવા ઇચ્છે એમ વધારે ફસાતો જાય. આ અજ્ઞાનનું જંગલ છે. હવે આવા ફસાવનારા આ અજ્ઞાનના જંગલમાંથી બહાર કાઢે કોણ? બધા જ ફસાયેલા છે. કયા વડીલ, કયા સમજુ, કયા વિદ્વાન, કયા પંડીત બહાર કાઢે? બધા જ અંદર ફસાયેલા છે અજ્ઞાનના જંગલમાં.

એટલું સારું છે કે બધા જ એકબીજાની નજીક નજીક છે, એટલે જંગલ અતડું નથી લાગતું. આ જે કેદારનાથના જંગલમાં ફસાયેલા હોય, આજે સોળ દિવસો થયા છતાં પણ કાંઇ પત્તો નથી, તેઓની કેવી દશા હશે? કેવી ટાઢ સહન કરતા હશે? આ સંસારના જંગલની વિટંબણાઓ આવી ભયાવહ હોય, અસહ્ય હોય, કે આ સંસાર આવો છે ધાર્યો પણ ન હતો, માન્યો પણ ન હતો. જે મોટી મોટી કલ્પનાઓ કરતા હતા સોના જેવી પણ આ તો કાદવ જ નીકળ્યો. સોનું ક્યાં ગયું? અત્યારે તમે સોનામાં છો. આ જીવનના જંગલોમાં કાદવ પણ છે, જો એમાં કળી ગયા તો બહાર નીકળવું મુશ્કેલ છે. એકવાર કાદવથી રગદોળાઇ ગયા હોય અને પછી માણસને ખેંચીને બહાર કાઢયો હોય, એ ત્યાં ઊભો હોય તો ભૂત જેવો લાગે, બસ આવી જ દશા સંસારના જંગલની છે. એટલે સંસાર જંગલ કહ્યું,

**''હ્યજ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્''**

અજ્ઞાનનું જંગલ કહ્યું, અને અજ્ઞાનનું જંગલ કયું? આ સંસારમાં ઉપાધિઓએ નવરા બેસવા દીધા ખરા? ઉપાધિઓ, આપત્તિઓ, વિટંબણાઓ એક પછી એક જુદાં જુદાં નામ ધારણ કરીને આવતી જ જાય. તારું નામ શું? મારું નામ આપત્તિ, મારું નામ ઉપાધિ, મારું નામ વિટંબણા, આવો આવો આવો, બોલાવી અને ઘરમાં બેસાડવા પડે કે આવો તમે બેસો, રાખવા પણ પડે. આપત્તિઓ, ઉપાધિઓ અને વિટંબણાઓ વારાફરતી આવતી જ હોય, એક વસ્તુ પણ છે જે આમાનું કશું પણ ન હોય તો માણસ બેચેન થઇ જાય? એના ઘરમાં એને ગમે પણ નહીં. કોઇક ને કોઇક ઉપાધિ એને જોઇએ જ. નહીં તો ત્રાસી જાય ઘરમાં, કે આ શું? કંટાળો આવે છે, કશું પણ નહીં કરવાનું? એટલે પછી એ શું કરે?

પાડોશીને ત્યાં જાય ઉપાધિ લેવા માટે, પછી ઘરે આવીને કકળાટ ચાલુ, આનું નામ છે અજ્ઞાનનાં જંગલ.

''હ્યજ્ઞાન કાનન''

કોઈકે ચડાવ્યા હોય તો પણ, આમ કરી જ નાખું, સમજણ પાડી દઉં, અને કહ્યું એટલે સાચું હશે તો જ કહ્યું ને? આમ કેટલી બધી બાબતો મનમાં ભેળવી લઇને માણસ આવે ઘરમાં. આ ઘર સંસાર એ જ મોટામાં મોટું જંગલ છે. તો આવી જિંદગી છે, આવું જીવન છે, અને એમાં દરેક માણસ દુઃખી છે. દરેક હેરાન છે. હવે આનો ઉપાય શું? માણસ વધારે દુઃખી હોય ત્યારે એનું મગજ જરા પણ કામ ન કરે, કોઇ નિર્ણય ન લઇ શકે. બીજા શબ્દોમાં કહીએ તો બુદ્ધિ બહેર મારી જાય. **ગમે એટલો ભણેલો બુદ્ધિશાળી માણસ હોય, પણ પોતાની આપત્તિમાં એ પોતાનો નિર્ણય નથી લઇ શકતો.** ડોકટરોમાં પણ એવો નિયમ છે, જીનીવા કોડ છે, કે જયારે પણ એક ડોકટર બીમાર પડે ત્યારે એની પોતાની દવા એણે પોતે નહીં કરવાની. બીજા ડોકટરોએ સેવા આપવાની, જીનીવા, આખી દુનિયાના ડોકટરોને આ કાયદો લાગુ પડે છે, મફતમાં સારવાર કરે બીજા ડોકટર, ધંધા ભાઇ,

**''કેવટ ન લે કેવટની ઉતરાઇ''**

કેમ? તમે અમને સંસાર સાગર પાર કરાવો છો, અને હું નદી પાર કરાવું છું, આપણો ધંધો તો એક જ ને? ડોકટરોનો ધંધો એક જ, એટલે એકબીજાને મદદરૂપ થાય. અહીંયાં તો કોણ કોને મદદ કરે? બધા જ એક સરખા છે આ અજ્ઞાનના જંગલની અંદર, એને તો પરમાત્મા જ બચાવી શકે. અને એટલે જ સ્તુતિ કરનાર મહાપુરુષે જય મહારાજને સંબોધ્યા,

''હ્યજ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્''

એને બાળીને નાશ કરી નાખો છો, વાહ કેટલી નિરાંત, આ ઉપાધિઓનું આખું જંગલ બળી જાય, નિરાંત થઇ ગઇ, અને આખી જાળ તૂટી જાય. પણ એ અજ્ઞાનની જાળ કેવી છે, ખબર છે? પહેલાં પણ એકવાર વાત કહી હતી, **શિકાર આયેગા જાલ બિછાયેગા દાના બિખેરેગા નહીં ફસના નહીં ફસના, એ દશા દરેકની છે. ફસાયા પછી પણ કહે કે નહીં ફસના, નહીં ફસના. પોતે જાળમાં હોય, શિકારી એને ખભે નાખીને જતો હોય, પેલા સંતે શીખવાડ્યું હતું કે શિકારી આવે તો એની જાળમાં ફસાવવું નહીં.** ખૂબ જ શીખવાડ્યું હતું, ખૂબ જ રટાવ્યું હતું, ખૂબ જ મહેનત કરી, છતાં પણ પેલાં પક્ષીઓ જયારે પેલો પારઘી આવ્યો ત્યારે એની જાળમાં ફસાયાં. અજ્ઞાનના જંગલને ગમે તેટલું વર્ણવીએ, ગમે એટલું સાંભળીએ, કે આમાં ફસાશો નહીં, છતાં પણ જાળની અંદર ફસાયાં, પછી પણ બોલે કે નહીં ફસના, નહીં ફસના. આ માણસનો જીવન ક્રમ છે, સ્વભાવ પડી ગયેલો છે,

''**હ્યજ્ઞાનકાનનવિનાશન હવ્યવાહમ્**''

પણ એ જંગલને રહેવા જ ન દે ગુરુ મહારાજ. એને રહેવા દીધું હોય તો ફરી પાછાં પક્ષીઓ એ જાળમાં ફસાયને? અજ્ઞાનના જંગલનો નાશ કરી નાખે.

''**અજ્ઞાનનો સંહાર કરીને ભૂપત ગોળી ચલાવી**''

અજ્ઞાનનો સંપૂર્ણ નાશ કરી દે ગુરુ મહારાજ.

''**અજ્ઞાનનું અંધારું ગયું રે ગુરુ ગમે અજવાળું થયું**
**સાચું સુખ સાગરે કહ્યું**''

અજ્ઞાનના જંગલમાંથી બહાર નીકળો, ગુરુ મહારાજ કહી રહ્યા છે.

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્''**

અચિંત્ય મૂર્તિ છે, અચિંત્ય શક્તિ છે, અને એ પોતે આ સમસ્ત સંસારના જંગલમાંથી સૌને ઉગારવા માટે જ વિગ્રહ ધારણ કરીને આપણે ત્યાં પધાર્યા છે. જેને બહાર નીકળવું હોય એને જય મહારાજ બહાર કાઢે, કે આવો બહાર નીકળી જાઓ. હાથ લાંબો કરવા છતાં, પછેડીનો છેડો નાખ્યો છતાંય એ પકડે નહીં, ના અમને તો અહીંયાં આગળ બહુ જ ગમે છે, અમે તો ડૂબેલા જ સારા છીએ. પેલું ભૂંડ હોય ને ભૂંડ, એ ભૂંડને ગંધાતા કીચડની અંદર પણ ઘસઘસાટ ઊંઘ આવે, એને બહાર કાઢો તો પણ એ પાછું ગોળ ફરીને આવીને કીચડમાં જ બેસશે. સંસારી જીવો છે, ફરી પાછા એ સંસારના કીચડની અંદર પાછા આવીને બેસશે. ભૂંડ કીચડમાં સૂતું હોય, એનાં નાનાં નાનાં બચ્ચાં એની આગળ પાછળ, ઉપર આજુબાજુ બેઠા હોય, એને કેટલું વહાલું લાગે? એમ લાગે કે હાશ હું કેટલું સુખી છું, મારો પરિવાર મારી જોડે છે.

**''હ્યજ્ઞાન કાનન''**

આવું જંગલ છે આ સંસાર. એમાં જય મહારાજ એકમાત્ર આપણા તરણોપાય છે, આપણને તારવાવાળા છે.

**''અપાર સંસારરસમુદ્રમધ્યે**

**સમ્મજજતો મે શરણં કિમસ્તિ''**

કોને શરણે જવું?

**''ગુરો કૃપાલો કૃપયા વદૈતદ્''**

ગુરુ મહારાજે રસ્તો બતાવ્યો છે, કીચડમાં ફસાયો છું? આ સંસાર સાગરમાં ડૂબકાં ખાઉં છું? ઊભો રહે, એ સંસાર સાગરની અંદર ભગવાનના ચરણોનું મોટું જહાજ છે.

**''વિશ્વેશપાદામ્બુજ દીર્ઘનૌકા''**

ભગવાનના ચરણોનું, ગુરુ મહારાજના ચરણોનું મોટું જહાજ છે, ચડી જાવ એમાં. નહીં તરવાનું કે નહીં કશું પણ કરવાનું. નિરાંતે પાર ઊતરી જવાનું. જય મહારાજ તો વિશ્વેશ છે, એમના ચરણોમાં જઇને સુઇ જાવ. નહિ ડુબાય. બાકી આ સંસારમાં તરતાં હાથ પગ તૂટી જશે, તો પણ પાર નહિ ઉતરી શકાય.

**''અપારસંસારસમુદ્રધ્યે**
**સમ્મજજતો મે શરણં કિમસ્તિ''**

ડુબુ છું, ડૂબું છું, પ્રભુ ઉપાય બતાવો, ગુરુ મહારાજના ચરણોની નૌકામાં બેસી જા, પકડી લે. આમ અજ્ઞાનના જંગલોમાં ગમે તેટલા અટવાયા હોઇએ, કે દુઃખી હોઇએ, બસ ચાલ્યા આવો, બહાર નીકળી જાઓ. જય મહારાજ અજ્ઞાનના જંગલોને બાળીને ખાખ કરી નાખશે, કેવી રીતે? સત્સંગથી. જય મહારાજની સ્તુતિ બીજી આવશે,

**''અન્નાદ્યૈઃ પંચકોશૈઃ રહિત પરશિવં પૂર્ણભકત્યા ગૃણંતં''**
**યોગીંદ્રૈશ્વાપિ વંદ્યં ચ ભવભયહરૈ સ્તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ**
**શિષ્યાંસંબોધયંતં નરકભયહરં લક્ષણૈકયત્વમાદ્યં**
**શાંતં શ્રી સંતરામં પ્રણતજનમનોભીષ્ટદં નિત્યમીડે.''**

શિષ્યોને એમ કહે કે તત્વમસિ, તું તે જ છું, આત્મા સ્વરૂપે.

**''સ્તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ**
**શિષ્યાન્સંબોધયંતં નરકભયહરં''**

જે નરકની યાતનાઓ છે તે દૂર કરવાવાળા છે.

**''સ્તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ શિષ્યાન્સંબોધયંતં નરકભયહરં''**

તું તે જ છું આત્મા સ્વરૂપે, તું શરીર નથી, તું પાંચ ભૌતિક નથી, પરમાત્માના અંશ રૂપે તું પોતે જ છું,

**''શિષ્યાતસંબોધયંતં''**

એને બોધ આપીને, કે જો બહાર નીકળી જા, આ શરીર તો નરકનું ભરેલું છે.

**''દેહેસ્થિમાંશ રુધિરે...''**

આ શરીરમાં છે શું? હાડકાં, માંસ, ચામડાં, લોહી, મળમૂત્ર વગર બીજું છે શું ? એટલે ભાગવતમાં તો વ્યાસજીએ કહી દીધું છે કે,

**''દેહેસ્થિ....''**

કુમતિ છોડ, આ તો નરક છે. શંકરાચાર્યએ પણ કહ્યું કે મોટામાં મોટું નરક કયું?

**''કો વાસ્તિ ઘોરો નરકઃ''**

તો કહે કે,

**''સ્વદેહઃ''**

આપણું શરીર એ જ મોટામાં મોટું નરક છે. કેટલું પણ સારામાં સારું, કિંમતીમાં કિંમતી લાવીને ખાઇએ પીએ, એને આ શરીર કીચડ ને કાદવ, મળ જ કરવાનું છે, એને કચરો જ કરવાનું છે. મોટામાં મોટું જો કોઇ નરક હોય તો એ આપણું શરીર છે. કેટલી બધી યાતનાઓ ભોગવડાવે છે? નરકનાં દર્શન કરવાં હોય તો હોસ્પિટલમાં જજો. ચીસો પાડતા હોય, રડતા હોય, કણસતા

હોય, ઇન્જેકશન લેતા હોય, બોટલો ચઢાવ્યા હોય, દુઃખી હોય, ગમગીન હોય, એ નર્કનું સાક્ષાત દર્શન મળે છે. જે પણ કાંઇ સજા થઇ હોય રોગોથી, અકસ્માતોથી, પણ એ બધા જ જુઓ તો તમને નરક લાગે. આ નરક છે. માણસો કેટલા પીડાઇ રહ્યા છે, કેટલા રીબાઇ રહ્યા છે.

''**કો વાસ્તિ ઘોરો નરકઃ સ્વદેહઃ**''

આ આપણું શરીર એ મોટામાં મોટું નરક છે. જયાં સુધી અજ્ઞાનનો ભાવ આપણા માનસમાંથી નહીં નીકળે, ત્યાં સુધી આ જીવન, આ જગત નરક જેવું જ છે, જંગલ જેવું છે.

''**હ્યજ્ઞાન કાનન**''

અજ્ઞાનનું ભયંકર જંગલ. એની અંદર ડૂબ્યા જ રહેવાનું. જે નીકળી ગયો, સન્યસ્ત લઇ લીધો, એ બહાર નીકળી ગયો, તરી ગયો અજ્ઞાનના જંગલમાંથી. અને જે બેઠો છે કે આ તો મારે જ કરવાનું, ને મારાથી કંઇ જતું રહેવાતું હશે? બંધનો જેણે પોતાની જાતે સ્વીકારી લીધાં છે, આ તો મારે કરવાનું જ છે. થોડું જતું રહેવાય છે? નહિતર શું થઇ જાય હું જતો રહું તો આ બધાનું! અરે ભલભલા જતા રહ્યા. બોલો શું થયું? જતી રહી દુનિયા? એટલું યાદ રાખજો, કે **જાગ્યા ત્યાંથી સવાર,** નીકળી જતાં આવડવું જોઇએ. ઘણા બધા એવા મહાપુરુષો છે, તે પોતાનું અઢળક બધું છોડીને નીકળી ગયા હોય. રઘુનાથદાસ કરીને એક ચૈતન્ય મહાપ્રભુના શિષ્ય, મોટા જાગીરદાર. બે ભાઇઓ વચ્ચે એક જ દીકરો, ચૈતન્ય મહાપ્રભુમાં એવી લગન લાગી એ નામ સંકીર્તનની અંદર, તે ઘરેથી જ ભાગી જાય. ઘર છોડીને ભાગી જાય. હવે મોટા જાગીરદાર બે ભાઇઓ વચ્ચે એક જ દીકરો, એટલો બધો વૈભવ, પણ જેને લાગ્યું કે ચાલો આમાં શું રાખ્યું છે? એ જ

રાહુલ, એ જ સિદ્ધાર્થ, રાજાઓના દીકરાઓ, રાજસત્તા જેને મળવાની હતી, એ પણ એને છોડીને ચાલી નીકળ્યા, કે ચાલો, અહીંયાં છે શું?

**''હ્યજ્ઞાન કાનન''**

આ સંસાર અજ્ઞાનનું માત્ર જંગલ જ છે, બીજું કશું જ નથી. આવા અજ્ઞાનના જંગલમાંથી બહાર કાઢે કોણ? બહાર નીકળવું કેવી રીતે? એ તો જય મહારાજ સિવાય બીજું કોણ કાઢી શકે? કોઇ સિદ્ધ મહાપુરુષો, કોઇ દિવ્ય ચેતનાઓ આ જગતની સૃષ્ટિ ઉપર પધારી હોય, એ જ એમના વિગ્રહ દ્વારા સૌને સત્સંગથી દર્શનથી., પ્રેમથી પોતાની નજીક લાવી, આશીર્વાદથી વરદાનથી એને એમાંથી બહાર કાઢે. સેવાથી પણ બહાર નીકળી શકાય. **સત્સંગ અને સેવા, એ આ સંસારના ભયાવહ જંગલમાંથી બહાર નીકળવા માટેના આ બે રસ્તા છે.** અજ્ઞાનમાંથી પણ જો બહાર નીકળવું હોય તો સત્સંગ જોઇશે, સત્સંગ એક જ એવો રસ્તો છે, કે જે તમને અજ્ઞાનના જંગલમાંથી બહાર કાઢી આપે. આ સત્સંગના રસ્તે ચાલ્યા કરો, તો બહાર નીકળી ગયા, કેમ?

**''અજ્ઞાન અંધારું ગયું ગુરુગમે અજવાળું થયું''**

બસ જય મહારાજે આપણને જ્ઞાન આપ્યું,

**''દીક્ષા જ્ઞાન તણી દીધી રે**

**શિલી શિખામણ દીધી રે''**

નીકળી જ જઇએ એમાંથી. આમ અજ્ઞાનના જંગલમાંથી કાઢનાર એકમાત્ર સદગુરુ મહારાજ છે, અને એ જ સર્વની ઉપર કૃપા કરે.

# પ્રકરણ–૭૭

# અજ્ઞાનના જંગલો

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિમ્**

**હ્યજ્ઞાન કાનન વિનાશ હવ્ય વાહમ્''**

**''હ્યજ્ઞાન કાનન''**

અજ્ઞાનના જંગલ જોતા જ બી જવાય. એ અજ્ઞાનનાં જંગલો આપણા અંતઃકરણમાં જ ખીચોખીચ ભરેલાં હોય, આપણા અજ્ઞાનના જંગલોની આરોપાર આપણે પોતે જ જોઇ ન શકીએ, એટલા બધા ગાઢ અને ગીચ જંગલો, છતાંય એની અંદર ફસાઇને જીવવાનું. દુઃખી થઇને પડ્યા રહેવાનું. ક્યાં જઇએ? શું કરીએ? અમે આ દશામાં પડ્યા છીએ. અજ્ઞાનના ગાઢ જંગલોની ભયાવહ દશા કેવી હોય? આપણે સામાન્ય જંગલનું નામ સાંભળતાની સાથે જ ગભરાય જઇએ, કે ભાઇ જંગલમાં તો આવું હોય. આખું ચિત્ર માનસ પટ ઉપર રજૂ થઇ જાય, સાંભળતાની સાથે જ ના પાડી દઇએ. અજ્ઞાનનાં ભયાવહ જંગલો પોતાના અંતઃકરણની અંદર ભરેલાં પડ્યાં છે, અટવાઇ ગયા, ગૂંચવાઇ ગયા, ભૂલા પડી ગયા અંદર, શું કરશો? બહાર નીકળવાનો કોઇ આરો જ ન હોય, કોઇ ઉપાય જ ન જડતો હોય, ઉપાય શોધ શોધ કરીએ, બહાર નીકળવા પ્રયત્ન કરીએ પણ અંદર જ ફસાતા

જઇએ. આ અજ્ઞાનના જંગલો છે, અને એ જંગલની અંદર એટલાં બધાં બિહામણાં દ્રશ્યો હોય. સર્પ પણ એટલા બધા હોય, જીવજંતુ કીડી મકોડા પણ હોય ચારેબાજુ, કદાચ વાઘ આવશે, આમ બધી બાજુથી ભય. માણસને એક પલવાર પણ જંપીને બેસવા ન દે એવી સ્થિતિ હોય, ઊંઘવા પણ ન દે. કઇ ઘડીએ કયાંથી શું આવશે, જંગલમાં જાગતા રહેવું પડે. આ અજ્ઞાનના જંગલની અંદર જાગતા રહેવું જ પડે, ભગવાને ગીતાના બીજા અધ્યાયમાં પણ કહ્યું છે કે,

**''યસ્યાંજાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ''**

બધા જે રાત્રિની અંદર ઊંઘતા હોય, ત્યારે જ્ઞાનીઓ જાગતા હોય, જયારે આખી દુનિયા જાગતી હોય ત્યારે જ્ઞાનીઓ બધાય ને જોતા હોય.

**''યસ્યાંજાગ્રતિ ભૂતાનિ''**

જાગતા હોય બધા,

**''સા નિશા પશ્યતો''**

એ નિશા, એ અજ્ઞાનની રાત્રી, ધોળા દિવસે એની અંદર એના મનમાંથી પણ કોઇ વિચાર રસ્તો કાઢી શકતો નથી, એવી છે ભયાવહતા જીવનની. ભગવાને ગીતામાં કહ્યું કે અજ્ઞાનની એ અંધારી રાત્રિની અંદર,

**''સા નિશા પશ્યતો મું ને''**

એ તપસ્વીઓ, એ જ્ઞાનીઓ રાત્રીની અંદર દિવ્યચક્ષુથી જોઇ શકે છે. દિવ્યચક્ષુ એ બીજું કશું પણ નથી, પણ આપણી જ્ઞાન દ્રષ્ટિ છે. આપણી સમજશક્તિ છે જેના વડે આપણે દરેકને જોઇ શકીએ. બધા માણસો જ છે ને, આખરે બધાયમાં ભગવાન

જ બેઠેલા છે ને? ભલે ગમે તેવું હોય પણ બધાયનું લોહી તો એક સરખું જ લાલ છે ને? ચાલો આપણે બધાય સાથે, એવી દ્રષ્ટિ, એ જ્ઞાન દ્રષ્ટિ,એ જ્ઞાન જયારે કેળવાય આપણા મનની અંદર ત્યારે તેનું નામ દિવ્ય દ્રષ્ટિ કહેવાય, એ અજ્ઞાનના અંધકારની અંદર પણ પોતાની સમજના પ્રકાશ વડે જોઇ શકે છે.

**''સમજણને અજવાળે ગળ્યા''**

સમજણનું અજવાળું જ્યાં થાય, ત્યારે બધું જ સ્પષ્ટ દેખાય છે, કે આ બધું ખોટું છે. આ બધા જેવી રીતે જીવી રહ્યા છે અજ્ઞાનના અંધકારમાં, ખોટું જીવી રહ્યા છે, એમ સમજુ માણસને દ્રષ્ટિપૂર્વક દેખાય એનું નામ છે દિવ્યદ્રષ્ટિ. એનું નામ છે જ્ઞાનનો પ્રકાશ. **જ્ઞાનનો પ્રકાશ અંધારી રાત્રિની અંદર પણ દષ્ટિ આપે છે,** કે આ પાપ છે, આ ન થાય, આનું નામ અજ્ઞાન છે. આ પાપ છે તેનો રંગ કાળો છે, અંધારી રાત્રે પણ એ જોઇ શકે છે. જ્યારે ધોળા દિવસે પણ કશું ન દેખાય પાપ કરવામાં, દુરાચાર કરવામાં. વિકૃતિઓ પોષવામાં એને પોતાનું પાપ જ દેખાયા કરે, કુકર્મ જ દેખાયા કરે, એ પાપની અંદર ગરકાવ થયા જ કરતો હોય, અજ્ઞાનના અંધકારની અંદર. ખોટાં કામ કરવાની અંદર રચ્યો પચ્યો રહે, દુરાચારની અંદરથી એ બહાર જ ન નીકળી શકે, કે આજ મારો ધંધો છે ને આ જ સારામાં સારો છે. એવી રીતે ભયાવહ રીતે એની માનસિકતા ઊભી થઇ ગઇ હોય, કે એ વિકૃતિઓ કરવાની અંદર જ એને રસ હોય, એમ જ એમને લાગતું હોય કે મારો વિકાસ થઇ રહ્યો છે, હું આગળ વધી રહ્યો છું, માત્ર એને અંધકારની અંદર કશું પણ દેખાય જ નહીં. તો આવું અજ્ઞાનનું જંગલ દરેક વ્યકિતના જીવનમાં આવતું હોય છે. અજ્ઞાનનું ગાઢ જંગલ, અંધકારવાળું, દરેકે દરેક વ્યકિતના જીનવમાં આવતું હોય

છે, પોત પોતાનું હોય છે.

**''અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યંતિ જંતવઃ''**

અજ્ઞાનથી બધું જ ઢંકાય જાય, છવાઇ જાય, અને એ અંધકારની અંદર એ જીવાત્મા ભરમાઇ પડે.

''મુહ્યંતિ''

પોતાનું જ ઘર હોય, રાત્રે સૂઇ ગયો હોય બારણું બંધ કરીને, દિવો પણ ન સળગતો હોય, અને રાત્રે આકસ્મિક રીતે ઊઠે તો ભ્રમ થઇ જાય, એને લાગે કે આ બાજુ બારણું છે, પણ દિવાલમાં જ માથું ભટકાય. આ ભ્રમ થઇ ગયો. અનુભવ તો થયો જ હશે એકવાર બધાયને. પોતાના ઘરમાં રાત્રે ઊઠીને. આવે. આપણો અનુભવ છે પાછલી રૂમની અંદર. પેલી દિશા યાદ રાખી હોય પેલા કાગડાની માફક, એટલે પાછા ત્યાં જતા રહીએ. એક સ્ટીમર ઉપર કાગડાએ માળો બાંધ્યો હતો, સ્ટીમર પછી પોતાના રસ્તે આગળ જવા માંડી, કાગડો ત્યાં જ બેસી રહ્યો હતો, પછી સ્ટીમર દૂર દરિયાની ખૂબ અંદર ગરકાવ થઇ ગઇ, કાગડો સ્ટીમરની અંદર માળામાં જ બેસી રહ્યો. કાગડો ઊડે ઊડે, ચારે બાજુ ખૂબ ઊડે, પછી લાગે કે કયાંય આરો નથી મળતો, એટલે પાછો સ્ટીમરમાં આવી પોતાના માળામાં બેસી જાય. ચારે બાજુ ઊડીને જુવે પણ કયાંય એને બેસવાની જગ્યા ન મળે, એટલે પાછું ત્યાંને ત્યાં. આ દશા દરેકની છે, કે દેખાય જ નહીં. જેમ પોતાના ઘરની અંદર દિશા ભ્રમ થઇ ગયો, બારણું જ ન જડે, પછી મન મારીને સૂઇ જાય કે સવારે અજવાળું થશે ત્યારે બહાર જઇશું, એમ કરીને સૂઇ જાય. પોતાના ઘરમાં જ રસ્તો નથી જડતો. એમ આપણે દરેકે દરેક વ્યકિતના મનની અંદર અજ્ઞાનનું એટલું ભયંકર જાળાંવાળું જંગલ છે, કે એમાં જ એ પોતે ગૂંચવાયા કરે, અટવાયા

કરે, બહાર નીકળી જ ન શકે, એને રસ્તો જ ન જડે. આવી અવસ્થામાં જીવ જાય કયાં? જય મહારાજ જેવી વિભૂતિ સમર્થ હોય, અને સ્તુતિ કરનાર મહાપુરુષો એમ કહે કે આપનો પરિચય શું? જય મહારાજ તો આપણને બધાને કહે કે જુઓ ભાઇ, અજ્ઞાનના જંગલોમાં ગૂંચવાઇને પડ્યા જ છો, ભૂલા પડેલા અને અટવાયેલા તો છો જ પોતાના અજ્ઞાનના જંગલમાં. ચાલો જય મહારાજ પાસે જઇએ, તેમની પ્રાર્થના કરીએ,

**''શ્રી સંતરામ ગુરુવર્યમચિંત્ય મૂર્તિ''**

આપ તો અચિંત્ય વ્યાપક છો,

**''હ્યજ્ઞાન કાનન વિનાશન હવ્યવાહમ્''**

ઓહો મળી ગયો રસ્તો. જય મહારાજને શરણે ગયા, અજ્ઞાનના જંગલને જય મહારાજ બાળીને ખાખ કરી નાખશે એટલી એમની કૃપાની દ્રષ્ટિ. જેટલી અણસમજો આપણામાં ભરેલી પડેલી હોય, ગાઢ જંગલની માફક, એ બધા જ અણસમજનાં ગૂંચળાં જય મહારાજની એક જ દૃષ્ટિ પડી,

નાશ કરી નાખે એનો. એક પણ ગૂંચળું ન રહેવા દે.

**''ગુંચાયેલા ગુંચાળિયાં કાપ્યાં રે**

**ગુરુજીએ આતમ સુખ આપ્યાં રે''**

હવે એક બાજુ ગુંચળીયાની વાત કરે, અને બીજી બાજુ આતમસુખની વાત કરે, આત્માનુભૂતિની. વ્યવહાર ગૂંચળાં જ છે, એ તમને ગુંચવ્યા જ કરશે, ગુંચવ્યા જ કરશે, અને જો જય મહારાજના શરણે આવી ગયા તો,

**''ગુરુજી એ આતમ સુખ આપ્યાં**

**ગુરુજીએ કૃતાર્થ કીધા''**

કેટલી ઊંચી વાત કહી? કૃતાર્થ કર્યા એટલે આ ભવની અંદર આપણું જે લક્ષ્ય છે માનવ તરીકેનું, માણસના જન્મ તરીકેનું, ભગવાને મોકલ્યા છે લક્ષ આપીને તે લક્ષપ પ્રાપ્ત કર્યું એટલે કૃતાર્થ થયા.

**''ગુરુજીએ કૃતાર્થ કીધા**

**આપ સરીખા કરી દીધા''**

બોલો, જય મહારાજ તો એટલા બધા દયાળુ ઉદાર છે, જે પણ કોઇ એમને શરણે ગયો એને પોતાના સ્વરૂપ બાનવી દીધો.

એ અજ્ઞાનના ભયંકર જંગલને બાળી નાખવાની શક્તિ અને સામર્થ્ય જય મહારાજ પાસે છે, માત્ર એક દૃષ્ટિ, માત્ર એક વચન,

**''જાસુ વચન રવિ કર નીકર''**

જય મહારાજનું, ગુરુ મહારાજનું એ વચન રવિની, સૂર્યની માફક, સહેજમાં ક્ષણિકમાં આખી રાત્રિના અંધારાને ફેંકી દેવાવાળું, આખા જીવનનો અંધકાર જય મહારાજના એક વચનની અંદર, માત્ર એક વાક્યની અંદર,

**''સ્તત્ત્વમસ્યાદિ વાક્યૈઃ નરકભયહરમ્''**

તત્વમસિ વચનોથી,

**''વેદવચસા દીપ પ્રકાશઃ કૃત તં નૌમી''**

વેદનાં વાક્યોના દીવા મૂકી દે, આપણા જીવનની અંદર. ક્યાંય ભૂલા ન પડો, કયાંય ઠોકર ખાઇને પડી ન જાવ.

**''વેદ વચાસા દીપ પ્રકાશ કૃતઃ''**

વેદવાક્યના દીવા મૂકી દીધા, પુરૂં થઇ ગયું, સંસારનો

અંધકાર આપણને નહીં નડે.

**"તત્વમસિ"**

તે પોતે તું જ છું.

**પ્રજ્ઞાનમ્ બ્રહ્મ, અહમ્ બ્રહ્માસ્મિ, અય આત્મા બ્રહ્મ,** આ બધાં વેદવાક્યો છે, અને વેદવાક્યોના દિવા મૂકી દીધા પછી આ શરીરથી માણસ ક્યારેય પણ આસકત નહીં થાય, દેહાસક્તિ મૂકાવી દેશે આ વેદવાક્યો, અને એટલા માટે જ કહ્યું કે,

**"વેદ વાચાસા દીપ પ્રકાશઃ કૃત**

**તં નૌમિ પ્રતિ પાલકં શરણદં દત્તં હરિં પ્રાંજલિઃ"**

આપ દત્તાત્રેય સ્વયં છો, આપ શ્રીહરિ સ્વયં છો, આપને અમારા વંદન છે, આપે અમારા જીવનની અંદર બોધ આપીને, તત્વમસ્યાદિ આપીને અમારાં અજ્ઞાનનાં અંધારાં બધાં જ કાપી નાખ્યાં. આ છે જીવનના અજ્ઞાનનાં અંધારાં, અને એ અંધારાં દૂર કરવાનું સામર્થ્ય માત્ર સદગુરુ જય મહારાજ પાસે જ છે. એમના શરણે આવ્યા છીએ, પછી જીવનમાં અંધકાર રહેવા દેશે જ નહીં, સંપૂર્ણ અજ્ઞાન દૂર કરીને જ્ઞાનના અજવાળે લઇ જશે.

**"તમસોમાં જ્યોર્તીગમય"**

મને આ અંધકારમાંથી હે પ્રભુ, જય મહારાજ, અજવાળા તરફ લઇ જાવ.

**"મૃત્યુમામ અમૃતમ્ ગમય"**

મને મૃત્યુમાંથી અમૃતમાં લઇ જાવ.

**"અસત્યો માહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા"**

**પરમ સત્ય કહ્યું, આપણા આત્માનો પ્રકાશ એ પરમ સત્ય**

છે, કે જે **પરમાત્મા સ્વરૂપ સ્વયં છે. પરમાત્માનો જ અંશ છે,** પરમ સત્ય એટલે આત્મા. માણસ તરીકે ભગવાને જન્મ આપ્યો છે, અને એનું મિશન લઇને આવ્યા છીએ, આત્માનુભૂતિ, કે તમારે પોતે પોતાના આત્માને ઓળખી લેવાનો છે, આપ્ત દીપો ભવ, તારી જાતને ઓળખવા માટેનો પ્રકાશ તું થા, બહુ જ સ્પષ્ટ છે. મહાપુરુષોએ જે પણ કાંઇ આદેશ આપ્યા, તે આ જ છે. જય મહારાજ માટે પણ સ્તુતિમાં સંબોધન થયું,

**''હ્યજ્ઞાન કાનન વિનાશન હવ્યવાહમં''**

આપ દાવાનળ સમાન છો. જંગલોના જંગલો બાળી મૂકે, ખબર છે ને અત્યારે અમેરિકામાં ચાલે છે? જંગલોના જંગલો બળી ગયાં, કેટલા બધા ફાયટરો પણ બળી ગયાં, એવા દાવાનળ સ્વરૂપ આપણા જીવનના અજ્ઞાનતાના જંગલોને બાળીને ખાખ કરી નાખનારા છે. લો, આટલી બધી સુવિધા મળી ગઇ છે ને, તો પછી ચાલોને જય મહારાજના શરણે, સત્યભાવથી જઇએ, અજ્ઞાનનાં આખાંને આખાં જંગલો દાવાનળ બાળીને ખાખ કરી નાખશે, પછી બીક કોની? એકવાર જંગલ નાશ પામી ગયું, પછી નહીં સર્પ, નહીં જીવ જંતુ, નહીં હિંસક પ્રાણી, તો આમ જય મહારાજ આપણને નિર્ભય બનાવે છે, પણ એ માટે એમને શરણે પહોંચવું પડે, જો દરિયો જોવો હોય તો પહેલા મુંબઇ જવું પડે, ત્યાં જઇએ તો દરિયો જોવાય, એમ આપણે પણ આપણા જીવનમાં જો આ અજ્ઞાનના જંગલોમાંથી બહાર નીકળવું હોય, તો જય મહારાજ સુધી પહોંચવું પડે. જય મહારાજના દર્શન કરો, આવી હળવાશ હોય ત્યારે સાનિધ્યમાં બેસીને સત્સંગ કરો, મનથી જરૂર તમારી સાથે વાતો કરશે, એવી એકાગ્રતા એવી ધીરતા જોઇશે. એક વસ્તુ છે, અતિ આર્તતા હોય, અતિ દુઃખી હોય, અતિ ભય

હોય, ત્યારે ભગવાનને પ્રાર્થના કરવા બેસી જઇએ, એ પ્રાર્થના ભગવાન સાંભળતા હોય એમ આપણી સમસ્યા દૂર થઇ જાય છે. ભયંકર આપત્તિ આવી પડી હોય, જય મહારાજ હવે તમે ધાજો, જયારે એ આર્તનાદ નીકળે છેલ્લા શ્વાસવાળો આર્તનાદ, એ પ્રાર્થના જરૂર સંભળાય, એવા ભાવથી જય મહારાજના શરણે પહોંચી જઇએ, આપણા અજ્ઞાનનાં આખાંને આખાં જંગલો બધાં સાફ થઇ જશે. બધાં જ નાશ કરી નાખશે, નાશ કરી નાખે એટલે જીવનની કોઇપણ અણસમજ, વ્યવહારમાં પણ કોઇ અણસમજ ઊભી થવા જ ન દે, અને થઇ હોય તો પણ તરત જ એનું નિરાકરણ કરાવે, કોઇ પણ પરિસ્થિતિ આવી પડી હોય, એ પરિસ્થિતિ આપણા મનની શાંતિને ખંડિત ન કરી શકે, એની ઉપર ઘા ન કરે, આપણી પોતાની શાંતિ જળવાઇ રહેવી જોઇએ. કોઇપણ પરિસ્થિતિની વચ્ચે, ગમે તેવી બાબત આવી હોય, પણ મન વિક્ષિપ્ત ન થાય, એને હળવાશથી લઇ લે, એનો હળવાશથી રસ્તો કાઢી લે, પણ પોતાના મનની શાંતિ સહેજ પણ ગુમાવવા ન દેવાય. કેટલી કિંમતી છે? કેટલી મોંઘી છે? એ આપણે સહુ જાણીએ છીએ. બજારમાં વેચાતી મળતી હોય તો લઇ આવો જોઇએ, ખરીદી લાવો, ઝાડ ઉપરથી તોડી લાવો, જીવનની શાંતિ વિક્ષિપ્ત ન થાય, કેમ કે એ મોંઘામાં મોંઘી છે, એનાથી મોંઘુ કશું પણ નથી આ જગતમાં. પોતાના જીવનમાં મનની શાંતિ, અને એ મનની શાંતિ કયારેય પણ હણાય નહીં. કોઇપણ પરિસ્થિતિ આવી હોય તો એને હળવાશથી લઇ લઇએ. જે પણ કોઇ પરિસ્થિતિ આવી હોય એનો હળવાશથી નિકાલ થવો જોઇએ, તો જ આપણે સત્સંગમાંથી કંઇક મેળવ્યાનો અનુભવ કરી શકીશું, સંતોષ થશે, સત્સંગમાંથી મને કંઇક મળ્યું, જય મહારાજને શરણે આવ્યા

છીએ, મારા મનની અંદર કયારે પણ અશાંતિ ઊભી ન થવા દે, સ્મરણ ભજન આત્માનું અનુસંધાન સતત બન્યું રહે. સંસારમાં છીએ, વ્યવહારમાં છીએ, વ્યવહારની અંદર અનેક રાગ-દ્વેષ, સુખ દુઃખ આવીને ઊભાં રહેવાનાં જ છે, પણ કોઇપણ પરિસ્થિતિની અંદર આપણી સ્વસ્થતા મનની ડગે નહીં.

**''મેરુ રે ડગે પણ જેના મનડાં ડગે નહીં''**

એવા સંતોને વારંવાર નમીએ, એ વિભૂતિઓ જે આખા સંસારને શરણ આપતી હોય, શાંતિ આપતી હોય, દરેકને સુખશાંતિનો અનુભવ કરાવે, એમના સાનિધ્યમાં જાવ ત્યારે મન અને અંતઃકરણ શાંત થઇ જાય, ઓહો... અહીંયાં તો બહુ જ શાંતિ છે, અનુભૂતિ થયા વગર ન રહે. આમ મહાપુરુષોના, એ દિવ્યચેતનાઓના સાનિધ્યમાં, એમના શરણમાં આપણે આવ્યા છીએ તો આપણા જીવનને એ શાંત કરશે જ, એવો દ્રઢ વિશ્વાસ આપણા મનમાં હોવો જોઇએ. એ સાથે લઇ જઇશું તો જ આપણા જીવનને થશે કે જય મહારાજનું જે બિરુદ છે તે સાર્થક થયું છે. કેમ કે મારા જીવનના અજ્ઞાનના જંગલો બાળીને ખાખ કરી નાખ્યાં. એ સમજવાનું છે કોઇ પણ પરિસ્થિતિમાં, ઘરના વ્યવહારમાં કોઇ પણ અણસમજ ઊભી થાય, સંબંધો ગુંચવાવા માંડે, ભયંકર સ્થિતિમાં આવી પડે, ત્યારે એ ગૂંચવાડામાંથી બહાર નીકળવું. હળવાશ કરી લેવી, આપણા મનની શાંતિ, આપણું જે અનુસંધાન, એ સહેજ પણ વિખૂટું ન પડવા દેવું. એટલી ધીરતા, એટલી ગંભીરતા, એટલી સ્થિરતા આપણા પોતાનામાં જય મહારાજના શરણે સત્સંગ દ્વારા આવવી જ જોઇએ, કે આવું બને કેમ? મારામાં આટલો ગુસ્સો કેમ આવી ગયો, હું કેમ ધીરજ ગુમાવી બેઠો, એ પરિસ્થિતિના લીધે મારા મનમાં કેમ આટલી

બધી ગરબડ ઊભી થઇ ગઇ. ને એક વસ્તુ યાદ રાખજો, કે **મનની શાંતિ જો એકવાર વિક્ષિપ્ત થઇ ગઇ, તે ફરી પાછી સ્થિર થવી મુશ્કેલ થઇ પડે.** ઘણો બધો સમય બગાડીએ ત્યારે મન પાછું ઠેકાણે આવે. એટલે ખૂબ જ આગ્રહ રાખો આપણા મનની અવસ્થામાં કયારેય પણ દુઃખ કે ગ્લાનિ આવવા જ ન દેવી, કદાચ આવે તો પણ એનું તરત ને તરત જ નિવારણ કરી દેવું.

''હ્યજ્ઞાન કાનન વિનાશન હવ્યવાહમ્''

જય મહારાજ આપને શરણે અમે છીએ, જરૂર અમારા અજ્ઞાનનાં જંગલોનો આપ નાશ કરશો.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૭૮

# અચલ સુખની પ્રાપ્તિ

**''અચલ મોક્ષયુતં મમ દૈવતમ્**
**સકલ શાસ્ત્રરહસ્યવિદં ગુરુ**
**વિદિત વિશ્વવિભું શિવમીશ્વરમ્**
**નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

**''અચલ મોક્ષ યુતં''**

પરબ્રહ્મ સ્વરૂપ, જેણે આત્માને જાણ્યો છે, જેમણે પોતાના સ્વરૂપનાં દર્શન કર્યાં છે, અનુભવ કર્યો છે, એમને જ અચલ સુખની પ્રાપ્તિ થાય છે,

જેને કહેવાય કે આત્મદર્શન. જે અચલ આત્માની અનુભૂતિ થઇ છે તે, અને જે આ દેહભાવ, જીવભાવથી મુકત થયો છે તે,

**''અચલ મોક્ષ યુતં''**

**દેહાધ્યાસ એ માણસને દુઃખી કરે છે. દેહાધ્યાસથી જ બંધન આવે છે. જેનો દેહાધ્યાસ મટી ગયો એ મુકત બની ગયો, એને જીવતે જીવતાં મોક્ષ પ્રાપ્ત થઇ ગયો. જેને જીવનમુકિત કહેવામાં આવે છે, એ જ અચલ મોક્ષ. જીવનમુક્તિ એટલે ઘરના, સંસારના વ્યવહારોમાં**

**રહેવા છતાંય, એ બધું જ કામ કરે છતાંય તેનાથી ઉપરામવૃત્તિ. કરવાનું બધું જ, પણ અંતઃકરણ સુધી એની વિકૃતિ, એની પીડા, એની અશાંતિ ઊભી ન થવી જોઇએ. સારું થયું તો પણ શું, ખોટું થયું તો પણ શું, જે થયું તે થવાનું હતું તે થયું, એમ કરી અને એમાંથી મુકત થઇ જાય, એટલે વ્યવહારામાંથી નિર્લેપ, વ્યવહારમાંથી નિર્લિપ્ત થાય એટલે લગભગએ જીવન મુકત થઇ ગયો. કાંઇ પણ થાય તો પણ, કાંઇ નહીં, આ તો બનવાકાળ હતું બની ગયું. એટલે એમાં વિરકત ભાવ. જે પણ કાંઇ થયું ભલે થયું, પ્રયત્ન કર્યો અને છતાં પણ ન થયું, પ્રયત્નો કરવા છતાં પણ ન થાય તો એની અંદર કલેશ નહીં, ખેદ નહીં, એનું નામ છે જીવનમુક્તિની અવસ્થા. વ્યવહાર બધો જ કરવાનો, ઘરનો બધો જ વ્યવહાર કર્યા પછી પણ એમાંથી નિર્લેપ રાખવું રહેવાનું ઘરમાં છે, પરિવાર સાથે સંબંધ છે, જેમ કમળના મૂળ કીચડમાં હોય, એનો છોડ પાણીમા હોય, પણ કમળ ઉપર બહાર નિકળેલું હોય. જન્મ એમાંથી જ છે, પોષણ પણ એમાંથી છે, છતાં કમળ ખીલી અને બહાર નીકળે અને પાણીને સહેજ પણ અડવા ન દે,** પાણીનો સહેજ પણ સ્પર્શ થાય તો પણ એ સરકી અને નીચે પડી જાય. એટલે જ એમાંથી છે જીવન, પોષણ એમાંથી છે, છતાં પણ એનાથી અલગ.

**''પદ્મપત્રમિવાંભસા''**

''અચલ મોક્ષયુતં''

કે આટલા બધા વયવહારની વચ્ચે, દુનિયામાં જન્મ્યા, જીવન તો છે જ, જીવન છે ત્યાં સુધી આ બધો વ્યવહાર પણ છે, એ બધાને સાથે રાખીને,

**''અચલ મોક્ષયુતં''**

બધાયને સાચવે, બધાયને આશીર્વાદ આપે, બધાયને પોતાના સત્સંગની દિવ્યતાની પ્રસાદી પણ આપે, છતાં પણ એમાંથી અલિપ્ત, બધા જ સુખી થાવ. પણ જય મહારાજનું સ્વરૂપ તો

''અચલ મોક્ષયુતં''

કોઇપણ અધ્યાસ નહીં, કોઇ પણ બંધન નહીં, બંધન હંમેશા રડાવશે જ, પછી તે લોખંડની બેડીનું હોય કે સોનાની બેડીનું હોય, સોનાની બેડી હશે તે બધાને બતાવશે, કે જો સોનાની બેડી પહેરી છે ને, પણ લોખંડની બેડી પહેરી હોય તો ઘરમાંથી બહાર ન નીળકે, છુપાવે, પણ આખરે બંધન તો બેઉ છે. **આ સંસારના બંધનો એ સોનાની બેડી જેવા છે, જુઓ મે સોનાની બેડી પહેરી છે, પણ એ મુક્તિ નથી, એ પણ બંધન જ છે. મુકત રહીશું તો જીવનની અંદર ખૂબ જ આનંદ આવશે, ખૂબ જ શાંતિ મળશે, અને એને કારણે તમે એવા પ્રફુલ્લિત હશો, એટલા બધા સુખી હશો, કે એમ લાગશે કે અરે કેટલો બધો સરસ આનંદ આવે છે. બધા જ વ્યવહારની વચ્ચે રહીને શાંતિથી જીવી શકાય, એનું નામ જ છે જીવનમુક્તિ, બીજા શબ્દોમાં કહીએ તો અધ્યાસ, બધું જ કરીએ પણ એમાં આસક્તિ નહીં થવા દેવાની, જેમ ખીલે બંધાયેલું પશુ અને મુકત ફરતું પશુ, એમ આપણું મન ખીલે બંધાયેલું હોય તો એનું નામ છે બંધન, અને બંધન છૂટે નહિ જલ્દી. આસક્તિના બંધનો જે સામે ચાલીને સ્વીકારેલા હોય, એ બંધનો જલ્દી તૂટે છૂટે નહીં, આ તો મારે જ કરવાનું હોય ને, આ તો મારું જ છે ને મારી પોતાની ફરજ જ છે ને, એ ચાલે કાંઇ, કર્યા વગર કંઇ ચાલતું હશે કાઇ? આ સ્વીકારેલા બંધનો છે, એને કહેવાય કે આસક્તિ. એ બંધનોમાંથી મુકત થવા માટે પણ સાચી સમજણ હોવી જોઇએ.**

''ગુરુજીએ સમજણ આપી સમજાવ્યા રે''

કેટલા સરસ ભાવો છે! સમજણ મળે એવી રીતે સમજાવ્યા. બધાની વચ્ચે હોઇએ તો પણ એમ થાય કે, જય મહારાજે આટલું સરસ જ્ઞાન આપ્યું છે! આટલી સરસ સમજણ આપી છે, છતાંય તું આવો કેમ? કોઇપણ પ્રકારની જયારે વિકૃતિ આવે, વાસના આવે, કોઇ બંધન આવે, આસક્તિ આવે, તો તું આવો કેમ? બસ ચિંતન આ કરવાનું છે, અને એ રીતના ચિંતન વડે જ ધીરે ધીરે અભ્યાસથી એમાંથી બહાર નીકળી શકાય. એક વખત એવો આવશે સમજણપૂર્વકનો, નિષ્ઠુરતાનો નહીં, વેરઝેરનો નહીં પણ એક સાહજિકતા આવે જીવનની. આ સંસાર છે. એમાં જન્મેલો કોણ મરતો નથી? જેની માટે આપણે લાગણી શોક અને દુઃખ વ્યકત કરીએ છીએ, એમની લાઇનમાં જ આપણે ઊભા છીએ, તમારા પછી અમારો વારો આવવાનો જ છે, સતત એટલું યાદ રાખવાનું કે મૃત્યુ નિશ્ચિત છે જ, એની માટે મનની અંદર એટલી બધી તૈયારી રાખવાની. મૃત્યુ કોને કહેવાય એની પૂરેપૂરી સમજણ આપણામાં હોવી જોઇએ. રડવાનું કેમ થાય છે, દુઃખી કેમ થઇએ છીએ. જેણે મૃત્યુની સમજણ કેળવી નથી, દુઃખ અને મૃત્યુના શોક લાગતા હોય છે, પણ જે અચલ મોક્ષ છે, જય મહારાજે આપણને શરણ આપ્યું છે, જય મહારાજનું સ્વરૂપ કેવું છે?

''અચલ મોક્ષ''

આવી રીતે જીવો. જય મહારાજે આપણને બધાયને આશ્રય આપ્યો છે, આપણને સૌને ભક્તિથી, જ્ઞાનથી, દર્શનથી, સત્સંગથી આપણને પોષ્યા છે, છતાં અલિપ્ત, અસંગ. કોઇએ એવા સમાચાર આપ્યા, કે મહારાજ ધામમાં ગયા, ભલે એનું

કલ્યાણ થાય, એને સદ્‌ગતિ મળે, બસ આટલું જ કહેશે. એમાં કલેશ ન હોય, ભલે પોતાની આજુબાજુનો હોય કે સ્વજન હોય, કેમ કે એક સાચી સમજણ, કે આ પાંચ ભૌતિકતા છે, કોઇક પ્રક્રિયાથી ભેગી થઇ છે, એનાથી આ શરીર બન્યું છે, પણ એક સમય એવો આવશે કે આ પાંચ ભૌતિકતા છે તે છૂટી પડી જવાની, અને દરેક પોતપોતાનામાં ભળી જવાની, આત્માચેતના વ્યાપકમાં, પાણી પાણીમાં, માટી માટીમાં, અગ્નિ અગ્નિમાં, આકાશ આકાશમાં, અને વાયુ વાયુમાં, નિશ્ચિત છે જ. એમાં એટલું જ સમજાય કે આકાર બદલાયો છે, નાશ કશાયનો થતો નથી. સાયન્સ-વિજ્ઞાન કહે છે કે પ્રક્રિયા વડે પરિવર્તન આવે છે, નાશ નથી થતો, બસ એ જ વસ્તુ અધ્યાત્મ કહે છે, કે આત્મા અવિનાશી છે, એનો નાશ કયારેય થતો નથી, તો આપણી આત્મચેતના એ અચલ મોક્ષ છે. આપણે જય મહારાજને સંબોધીએ છીએ કે

**''અચલ મોક્ષયુતં''**

એ અચલ મોક્ષની અવસ્થા, જીવનમુકિતની અવસ્થા, અને એમાં બિલકુલ બંધન વગરની સ્થિતિ, આજુબાજુ અનેક પરિસ્થિતિઓનાં દર્શન થતાં હોય પણ પોતે સ્વસ્થ. એકેય જડતા આપણામાં નથી, આખા સંસારમાં જડતા છે, યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો હતો, પાણી પીવા ગયા, વારાફરતી આગળના ચાર મૃત્યુ પામ્યા હતા, યુધિષ્ઠિર જાતે ગયા પાંચમા, પાણી લેવા, ત્યાં યક્ષે કહ્યું કે ઊભા રહો, મારા પ્રશ્નોનો જવાબ આપો, અને જે મારા પ્રશ્નોનો જવાબ આપ્યા વગર પાણી પીશે, તેની ગતિ પણ આ ચારની જે ગતી થઇ છે તેવી થશે. એટલે યુધિષ્ઠિરે કહ્યું કે, પ્રભુ આપ કોણ છો. હું યક્ષ છું. યુધિષ્ઠિરે કહ્યું કે જેવી મારી ક્ષમતા

હશે તે પ્રમાણે હું આપના પ્રશ્નોનો જવાબ આપવા માટે પ્રયત્ન કરીશ, ઘણા બધા પ્રશ્નો પૂછયા યક્ષે. એમાં એક પ્રશ્ન પૂછયો કે આ દુનિયામાં મોટામાં મોટું આશ્ચર્ય કયું? મોટામાં મોટું આશ્ચર્ય શું? શું હશે કહો? મોટામાં મોટું આશ્ચર્ય શું હશે? યુધિષ્ઠિરે પોતાની ક્ષમતા પ્રમાણે ધીરજથી જવાબ આપ્યો, કે **દુનિયાના લોકો મૃત્યુના પ્રસંગોને વારંવાર, અવારનવાર જોયા કરે છે, છતાં પણ, મને કયાં મોત આવવાનું છે, એવી રીતે જીવે છે, તે મોટામાં મોટું આશ્ચર્ય છે.** અને મૃત્યુના પ્રસંગો જોવા છતાંય, સ્મશાનની અંદર બેઠો બેઠો તમાકુ ખાતો હોય, અને શેર બજારની વાતો કરતો હોય, ગમે તેવાં ખોટાં કામ કરતો હોય, મૃત્યુનો ભય, હંમેશાં મૃત્યુને પોતાના લક્ષમાં, પોતાની નજર સમક્ષ રાખો. કયારેય ખોટા માર્ગે જવાશે નહીં. **ડોંગરેજી મહારાજ કહેતા હતા કે દિવસમાં એકવાર મૃત્યુને યાદ કરજો, પાપ નહીં થાય. મૃત્યુની સમજદારી આપણા જીવનમાં પૂરેપૂરી કેળવી લેવાની, જેને કારણે મૃત્યુનો ભય સહેજ પણ ન લાગે.** મીરાબાઈએ કેટલી સરસ પંકિત કહી દીધી,

**''પરણું તો પ્રીતમ પ્યારો રાંડવાનો ભય ટાળ્યો''**

પોતે કૃષ્ણની જોડે છે, પછી કયાંથી વિધવા થવાનું હતું? આ સમજણથી 'અચલ મોક્ષ યુતં' અચલ મોક્ષથી જે સંપન્ન છે, મોક્ષથી સંપન્નતા મેળવવી એટલે મોક્ષ એ મારો હક છે, પણ કયારે? દેહાધ્યાસ અને આસકિત વગરનો અધ્યાસ. આસક્તિ વગરનો ભાવ હૃદયમાં જાગે ત્યારે જ મોક્ષનો અધિકારી બની શકે છે. સંપૂર્ણ આ જગતના બંધનોથી થાક્યા હોય, કંટાળ્યા હોય, કેટલો જીવ બાળ્યો હોય, કેટલાં પાપો કર્યાં હોય, બે હાથ જોડવાનું મન થાય, એ રીતે નહીં, એ તો દુર્ગતિ છે, દુર્ગતિ થશે, ફરીથી આવવું પડશે રખડવા માટે, ભોગવવા માટે, એટલે સૌથી પહેલાં

મૃત્યુને સમજણપૂર્વક સ્વીકારો, એનું નામ મોક્ષ. સમજણપૂર્વક, રોકકળ કરીને નહીં, મરવાનું તો છે જ, કોઇ હાય હાય કરતો મરે અને કોઇ હરી હરી કરતો મરે, બે જ રસ્તા છે. હરી હરી કરતો એટલે શાંતિથી. જેણે મૃત્યુને સમજી લીધું છે, નિશ્ચિત છે, મૃત્યુ અનિવાર્ય છે, એને પાછું હડસેલી શકવાનું નથી, જે છે એ છે જ, એના માટેની સમજણ આપણા મનની અંદર હંમેશને માટે દ્રઢ રહેવી જોઇએ. ભગવાને ગીતામાં કહ્યું છે કે,

''જાતસ્ય હિ ધ્રુર્વો મૃત્યુ''

જે જન્મેલો છે એનું મૃત્યુ નિશ્ચિત છે, અને જે મરેલો છે એનો જન્મ પણ નિશ્ચિત છે,

આ અચલ સિદ્ધાંત જેને કહી દીધો, કોઇનાથી પણ ચળાવી ન શકાય, બદલી ન શકાય, ભગવાન અવતરિત થઇને આવે મનુષ્ય દેહમાં, તો એ નિયમો ભગવાનને પણ લાગુ પડે, ચાલો સ્વધામમાં પાછા. કૃષ્ણ ભગવાન માટે સ્તુતિ કરી, રામ ભગવાન માટે સ્તુતિ કરી, કે પ્રભુ આપનું અવતાર કાર્ય પૂર્ણ થયું, હવે આપ પધારો પાછા, તો એ જેને અટલ કહેવાય, એને કોઇ પણ ટાળી ન શકે, અટલ છે.

''ધ્રુવં જન્મ મૃતસ્ય ચ''

મરેલાનો જન્મ પણ એટલો જ નિશ્ચિત છે. જન્મેલાનું મૃત્યુ તો નિશ્ચિત છે જ, મૃત પામેલાનો જન્મ પણ નિશ્ચિત છે. ગાંધીજી તો એટલે સુધી કહે છે કે, આજે સાંજે આથમતો સૂર્ય આવતીકાલે સવારે ઊગવાનો છે, એ જેટલું નિશ્ચિત છે એટલું જ મૃત્યુ પછીનો જન્મ નિશ્ચિત છે. બસ આ જ સમજણ કેળવવાની, એનું નામ જ છે,

''અચલ મોક્ષયુતં''

મૃત્યુનો ભય સહેજ પણ નહીં, એ જે દ્રઢતા આવી જાય, જય મહારાજ તો સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે, અને જય મહારાજ તો વ્યાપક બ્રહ્મ છે, વ્યાપક બ્રહ્મ તત્વ છે, એમનું અચલ યુકત હોવું એ તો સાહજીક છે, એમના માટે કોઇ નવીન વાત નથી. પણ જયારે આપણે એમના શરણમાં ગયા છીએ, જયારે આપણે એમને ઉપાસીએ છીએ, એ આપણને આ દર્શન કરાવે છે, કે જુઓ પરમાત્મા સ્વરૂપ હું સર્વમાં બેઠેલો છું.

**''ઘટઘટ વ્યાપી છો ગુરુ મહારાજ''**

**''કંઇ દાસ આસપાસ રાખી તાર્યા''**

દરેકમાં બેઠેલા છે જય મહારાજ, અને અચલ મોક્ષ સ્વરૂપ છે.

**''આપી ઉપદેશને ઓધાર્યા''**

સત્સંગ આપીને, સાચી સમજણ આપીને દરેકનો ઉદ્ધાર કર્યો છે. જય મહારાજ 'અચલ મોક્ષ યુતં' હોય, આપણે એમને શરણે બેઠેલા હોઇએ, પછી આપણો ઉદ્ધાર ન થાય એવું બને ખરું? **સમજણપૂર્વક જીવવું, અને જીવતાં જીવતાં મૃત્યુને સમજી લેવું.**

|| જય મહારાજ ||

## પ્રકરણ-૭૯

# ગુરુ તત્ત્વ સંપન્ન ગુરુ મહારાજ

''અચલ મોક્ષયુતં મમ દૈવતમ્
સકલ શાસ્ત્રરહસ્યવિદં ગુરુ
વિદિત વિશ્વવિભું શિવમીશ્વરમ્
નિખિલ વાદિમતાંધ નિવારકમ્''
''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરુમ્''

**સદ્ગુરુ પરમાત્મા સ્વરૂપ છે, સદ્ગુરુ એ ભગવાનના પ્રતિનિધિ છે. ભગવાનને જયારે પણ કોઇ પણ વાત કહેવી હોય, ત્યારે એ સદ્ગુરૂના સંતોના મુખે જ કહેતા હોય છે.**

ગુરુ એ બધા જ શાસ્ત્રોનું રહસ્ય છે, માત્ર વિદમ્, જાણવાવાળા નહીં, પણ સદ્ગુરુ જીવતું જાગતું સમસ્ત શાસ્ત્રનું રહસ્ય છે, જેને ભેદ કહેવાય. ભેદ જાણવો હોય તો સદ્ગુરૂ પાસે જવું પડે. કોઇ પણ ગહન ભાવ, સમજણ પ્રાપ્ત કરવી હોય તો એક માત્ર શરણ સદ્ગુરુનું છે. શાસ્ત્રોનું રહસ્ય પણ સદ્ગુરૂ જ આપશે.

જે સંત કવિઓ થઇ ગયા, એમની ભાષા પણ એવા પ્રકારની હોય, એવી પદ્ધતિની હોય કે એનો અભ્યાસી માણસ જોઇએ, એન એ જ એને ઉકેલી શકે, બાકી સામાન્ય માણસ જો એનો અર્થ કરવા જાય તો કયાંનો કયાં નીકળી જાય. એવા રહસ્યને સમજવાવાળા જે છે એમને સદ્‌ગુરુ કહેવામાં આવે છે. ગેબી એટલે શું? ગેબીનો અર્થ શું કરશો? અગમ્ય. ગેબી એટલે એવી અલૌકિક વાણી જે છે જેને કોઇ ઉકેલી ન શકે, સમજી ન શકે, જેમ કે

**''ખખ્ખા ખાંડની બીબાં ભરે કોયલ કાગડો કુંજર કરે,**
**મીન મગર બહુ જળચર જાત જેવું બીબું તેવી ભાત,**
**મિસરી જોતાં તો મને ઠરે, ખખ્ખા ખાંડનાં બીબા ભરે''**

સામાન્ય માણસને તો આમાં કશું પણ ન સમજાય, સામાન્ય માણસ એટલું સમજે કે આકૃતિ છે, આ વસ્તુ છે. ખાંડનાં બીબા ભરાય, રમકડાં બનાવે, કોયલ કાગડો કુંજર એટલે હાથી, માછલું મગર આવું બધું બનાવે.

**''મીન મગર બહુ જળચર જાત''**

અનેક જાતનાં રમકડાં બનાવે પણ,

**''મિસરી જોતા તો મન ઠરે''**

પણ એની અંદર જે ખાંડ રહેલી છે, એ જુવે તો સાચું સમજ્યો કહેવાય. રમકડાં ખાંડનાં છે, રમકડાં જુદા જુદા આકારના છે, એકને હાથી કહેવાશે, એકને માછલું કહેવાશે, એકને મગર કહેવાશે, એકને કાગડો કહેવાશે, એકને કોયલ કહેવાશે, રમકડાં તરીકે જુદાં જુદાં ઓળખ્યાં.

અને જેવાં બીબાં હશે એવી એની ભાત પડવાની જ છે,

પણ એમાં મુખ્ય શું છે? ખાંડ. તો એમાં એક અવળવાણી લખી દીધી પ્રીતમ સ્વામીએ કે,

**''મિસરી જોતાં તો મન ઠરે''**

રમકડાં તો જુદાં જુદાં ગમે તે હોય, પણ ખાંડનો ઉપયોગ શેમાં કરવો છે? મિસરીમાં. પછી હાથી હોય તો પણ તોડી નાખવાનો, ઘોડો હોય તો પણ તોડી નાખવાનો. તો એ જે ખાંડ તરીકે ઓળખ્યા એ સાચું, એમ બધા જ જુદા જુદા જુદા જુદા આકાર છે. જેમ પેલાં રમકડાંમાં ખાંડ મુખ્ય છે, એમ દરેકના શરીરમાં,

**''મિસરી જોતા તો મન ઠરે''**

જેમ ખાંડ જુવે અને મન ઠરે, એમ આત્મા જુવે, આત્માનાં દર્શન થાય ત્યારે જ મન શાંત અને સ્થિર થાય.

હવે આનો અર્થ કેવી રીતે કરશો? આપણે પહેલાં કેટલી વાર વાંચ્યું હશે, પણ આનો અર્થ શું થતો હશે? આ ખાંડના બીબાં અને આ મિસરી, પણ જોયું કે,

**''મિસરી જોતાં તો મને ઠરે''**

હમણાં પકડાયું એને, કે આત્માને જાણીએ અને સમજીએ ત્યારે જ આપણું મન સ્થિર અને શાંત થાય, ત્યાં સુધી નહીં, બાકી તો બધાં રમકડાં જ દેખાય જુદાં જુદાં એટલે મહાપુરુષોની, જે સંત કવિઓ છે એમની વાણી, શબ્દો, વાક્યોને સમજવા માટે એક નવા પ્રકારનું વ્યાકરણ જોઇએ. એને સમજવા માટે, તો અહીંયાં કહ્યું કે,

**''અચલ મોક્ષયુતં''**

અને એની અંદર કહ્યું કે

**''સકલ શાસ્ત્ર વિદમ્ ગુરુમ્''**

ગુરુ કેવા છે? સમસ્ત બધા જ શાસ્ત્રોનું રહસ્ય અને એનું જે મૂર્ત સ્વરૂપ એ જય મહારાજ છે. જેમ તુલસીદાસજીએ રામાયણમાં કહ્યું કે, ભરતજી કોણ છે? ભરતજીનો પરિચય તમારે જોઇએ છે? ચોપાઇમાં તુલસીદાસજીએ ભરતજીનો પરિચય આપ્યો,

**''ભરતહિ કહહી સરાહિ સદાહિ**

**રામપ્રેમ મૂર્તિ તનુ અહહિ''**

આ ભરત કોણ છે, રામના પ્રેમનું મૂર્ત સ્વરૂપ જે કોઇ છે તે આ ભરતજી છે, એમ જય મહારાજ સદ્ગુરુ એ કોણ?

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરૂમ્''**

બધા જ શાસ્ત્રોનું રહસ્ય એટલે જય મહારાજ. સદ્ગુરુની પાસે બધું જ છે, અને બધા જ માણસો પૂછવા આવે કે, જય મહારાજ મારો આ પ્રશ્ન છે, મારો આ પ્રશ્ન છે, મારી આ મુશ્કેલી છે, મારી આ સમસ્યા છે. જે જાણતા હોય એ જ એનો ઉકેલ આપે ને? એટલે સ્તુતિકારને જય મહારાજનાં એવાં દર્શન થયાં, કેવાં દર્શન થયાં?

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્''**

બધા જ શાસ્ત્રોનો સાર આપ છો. કહો જોઇએ, આટલા વખતથી આપણે દર્શન કરીએ છીએ, પાઠ પણ કરીએ છીએ, નિત્ય નિયમ પણ કરીએ છીએ, પણ આ રહસ્ય સમજાય છે? એને ઉકેલવું પડે, તો જય મહારાજનું સ્વરૂપ કેવું છે? સદ્ગુરુ શાસ્ત્રનું રહસ્ય છે. જયારે પણ જાઓ પ્રશ્ન લઇને, જિજ્ઞાસા લઇને, એનો

ઉકેલ શાસ્ત્રની રીતે જ તમને આપે, દુઃખી થઇને આવ્યા છો, પરિવારમાં નિકટના કોઇ વ્યકિતનું અવસાન થઇ ગયું છે, રડતા રડતા આવીએ બાપજી ઘરમાં આવું થયું છે, ઉંમર બહુ નાની હતી, આમ અનેક વાતો મૂકે. જય મહારાજ એને આશ્વાસન આપે, સાચી વાત છે તારી, સ્વજનની માટે લાગણી તો હોય જ, સાથે જ રહ્યા હોય એટલે એના પ્રત્યે આવા દુઃખનો ભાવ તો સ્વભાવિક છે, અને સ્વજન ગુમાવ્યાનું દુઃખ તો દરેકને થાય, આમ એના પ્રવાહમાં જોડે જોડે ચાલે. પણ જય મહારાજ તમને આશીર્વાદ આપે, આશ્વાસન આપે અને દુઃખ સહન કરવાની શક્તિ આપે, પછી કહેશે, ભાઇ ભગવાને ગીતામાં કહ્યું છે કે,

**''જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રૂવં જન્મૃતસ્ય ચ''**

જે જન્મ્યો છે તે મરવાનો છે એ નકકી જ છે, ભગવાન બોલ્યા છે, શાસ્ત્રો કહે છે, આમ ધીરે ધીરે એને શાસ્ત્ર તરફ લઇ જઇ, સાંત્વના આપી અને હસતો મોકલે. રહસ્ય શું છે એ જોવાનું છે. એમાં રહસ્ય એટલું જ કે તમને શાસ્ત્રનું રહસ્ય આપી દે, કે જો ભાઇ શરીર છે, ક્ષણભંગુર છે, નાશવંત છે, જે છે શાશ્વત એ તારું સવરૂપ આત્મા છે, તું એનું ચિંતન કર, તું એની સામે જો, આમ એને દુઃખમાંથી શાસ્ત્ર તરફ બેસાડી દેશે, અને એને પોતાને સંતોષ થશે કે ભાઇ જે માણસ ગયો છે એવી રીતે આપણે પણ જવાનું જ છે, એની પાછળ કતારમાં ઊભા જ છીએ. એનો આગળ વારો આવી ગયો, પાછળ આપણે પણ ચાલીએ જ છીએ, બસ એક દિવસ આ લાઇનમાં આપણો પણ વારો આવવાનો જ છે, માટે હવેથી બાકીનું છે તે સંભાળી લો. આવી રીતે ગુરુ મહારાજ એને શાસ્ત્રનું રહસ્ય સમજાવી એના જીવનની વાસ્તવિકતાનું દર્શન

કરાવે. એ છે સદ્‌ગુરુનું શાસ્ત્ર રહસ્ય.

''**સકળ શાસ્ત્ર રહસ્યં**''

રહસ્યને જાણવાવાળા નહિ, પણ રહસ્યનું મૂર્ત સ્વરૂપ. એટલે જ જય મહારાજ. બીજે કયાં શોધવા જવાનું, કે આપણને શાસ્ત્ર ગ્રંથોની વાત કરી છે સીધી, ઉપનિષદોની વાત કરી છે, વેદોની વાત કરી છે અને એમાંથી આત્માની શાશ્વતતા, શરીરની નશ્વરતા, જન્મ અને મરણ આ બધું જ સમજાવી દે. અને શાસ્ત્રનું રહસ્ય જયારે પણ જોઇતું હોય તો સદ્‌ગુરૂ પાસે પહોંચી જાવ, એ જીવનું રહસ્ય પણ આપશે, આત્માનું રહસ્ય પણ આપી દેશે, પરમાત્માનું રહસ્ય પણ આપી દેશે, આ પરમાત્મા છે, આ આત્મા છે, સંસારનું રહસ્ય પણ આ છે, આમ બધા જ શાસ્ત્રોનો સાર જે છે એ સદ્‌ગુરૂ મહારાજ છે. એમની પાસે બધું જ છે, શાસ્ત્રની પરિપૂર્ણતા એમનામાં જ છે. રામકિંકરજી હતા, એમ કહેવાય કે રામચરિત માનસનું મૂર્ત સ્વરૂપ, એક એક આમ અંતરથી મૂકી અને આપી દે, રહસ્ય ખોલી નાખે, માનસના કોઇ પણ ખૂણામાંથી વાત કરો, કોઇપણ પ્રશ્ન પૂછો તો તરત જ સાહજિકતાથી જવાબ આપી દે, એટલે માનસનું મૂર્ત સ્વરૂપ. દુર્વાસા મુનિને શું કહેશો? સાક્ષાત્ ક્રોધનો અવતાર, ક્રોધની મૂર્તિ, બરાબર છે ને? કોઇક માણસ વિશે કહીએ કે આ તો લોભનો અવતાર છે, એમ જય મહારાજ સ્વયં શાસ્ત્રના રહસ્યનું મૂર્ત સ્વરૂપ છે. આટલાં સરસ રહસ્યોની વચ્ચે જય મહારાજના આટલા સમરસ આપણે દર્શન કરતા હોઇએ, શાસ્ત્રો ભણવાની જગ્યાએ સ્વયં જય મહારાજને જ ભણી લઇએ,

''**સંતરામ સાચું ભણ્યા રે ભણીને ભણાવે**''

પહેલાં એમણે જોઇ લીધું છે, સકલ રહસ્યોને પોતાનામાં આત્માસત્ કરી લીધાં છે, અને આત્મસાત કરી લીધા પછીથી પોતે જ એનું સ્વરૂપ બની ગયા છે. કોઇપણ જાય, એનું રહસ્ય એની સમસ્યા, બધાનો ઉકેલ ત્યાં આગળ મળી જાય. શાસ્ત્રોના રહસ્યો તો વિદ્વાનોને પણ પ્રાપ્ત થતાં નથી હોતાં, એ રહસ્યો પ્રાપ્ત કરવા માટે કેટલું બધું ભણે, વિચારે, ચિંતન કરે, ત્યારે એ શાસ્ત્રનાં રહસ્યો ખૂલતાં હોય છે. જયારે અહીંયાં તો જય મહારાજ સ્વયં શાસ્ત્રના રહસ્યનું મૂર્ત સ્વરૂપ છે. આપણને રોજ દર્શન થાય કે જય મહારાજ આપ તો જેને જ્ઞાની કહેવાય, જેમ સ્વામી ગંગેશ્વરજી મહરાજ હતા, પ્રજ્ઞાચક્ષુ હતા પણ ચારેય વેદો કંઠસ્થ હતા, એમ કહેવાય કે આ તો સાક્ષાત્ ચાર વેદોની મૂર્તિ છે, એને મૂર્ત સ્વરૂપ કહેવાય, એને જ્ઞાન કહેવાય. થાળી પીરસેલી બહાર હોય તો એને રસોઇ કહેવાય, પણ જમી લીધા પછી અંદર એને જુદું શું કહેશો? એ રસોઇ આપણા પોતાનામાં આવી ગઇ, અંદર પચી ગઇ, એટલે એ આપણા પોતાનામાં આવી ગયું, એ છે ભોજનનું રહસ્ય, તો સદ્ગુરુને સમજવા માટે માણસની પાસે શ્રદ્ધા હોય, ભક્તિ હોય, ત્યારે સદ્ગુરુને ઓળખી શકાય છે. સદ્ગુરુને જલ્દી ઓળખી શકાતા નથી. બેઠા હોય તો સામાન્ય માણસ જેવા જ લાગે. સામાન્ય માણસ જેવા કોઇક માણસ બેઠા છે, પણ જયારે એમનાં રહસ્યોને આપણે સમજીએ ત્યારે લાગે કે, ઓહો, આ તો કોઇક મહાન વિભૂતિ છે. જીતા મુનિ નારાયણને ત્યાં જય મહારાજ એક બાળયોગી તરીકે રહ્યા. સામે કિનારે રામનાથજીને ત્યાં આવતા જતા, બધાને એમ કે આ કોઇ નાનો સાધુ છે અને આપણે ત્યાં રહે છે, પણ જયારે રામનાથજીને ત્યાં સંતોની મંડળી આવી અને સંતોની મંડળીને જળ પીરસવાની જવાબદારી જય

મહારાજે લીધી. એમના હાથમાં જળપાત્રની જે તુંબી હતી એનાથી આખી પંગતને પાણી પીરસ પીરસ કર્યું. કોઇને ખબર ના પડી, પણ પેલા રામનાથજી હતા એમને ખબર પડી ગઇ. એમનું રહસ્ય ખબર પડી ગયું કે આ બાળયોગી કોઇ સામાન્ય નથી. આટલા બધા સંતોની પંગતને પાણી પીરસે છે એમની તુંબીમાંથી પાણી ખૂટતું નથી. ત્યાર બાદ રામનાથજીએ જોયું કે તાપી નદી બે કાંઠે ગાંડીતૂર વહે છે, એટલે એમણે કહ્યું કે બાલયોગી આજે રહી જાઓ અહીં આગળ સામે કાંઠે કેવી રીતે જશો? બાલયોગીજીએ કહ્યું કે મારી રીતે હું મારું કામ કરી લઇશ. મહારાજશ્રી બહાર નીકળ્યા થોડીવાર રહીને રામનાથજીએ બહાર ડોકિયું કર્યું કે કયાં ગયા બાલયોગી? જોયું તો તાપી નદીનો અડધો રસ્તો પાર કરી દીધો. રામનાથજીને ખબર પડી કે ચોકકસ આ કોઇ સામાન્ય સાધુ નથી, આ તો સ્વયં કોઇ વિભૂતિ છે. એક દિવસ રામનાથજી જીતામુનિને ત્યાં બિરાજ્યા હતા, બંને જણ ગોષ્ઠી કરતા હતા સાથે બેસીને. વાતમાંથી વાત નીકળી, રામનાથજીએ જીતામુનિને કહ્યું, તમે એમનાં રહસ્યો જાણો છો. રામનાથજીએ કહ્યું હા, મેં એમનાં દર્શન કર્યાં છે. એ કોઇ સામાન્ય નથી. એટલામાં મહારાજશ્રી ત્યાં પધાર્યા, જિતામુનિએ કહ્યું કે બાલયોગી, રામનાથજી શું કહે છે? એટલે મહારાજશ્રીએ જવાબ આપ્યો કે રામનાથજી તો સાધુ છે ને સાધુ સ્વભાવના છે, એટલે સરળતાથી આવી બધી વાતો કરે, એમાં કંઇ નવાઇ નથી. એ તો સાધુ છે એટલે આવી વાતો જ કરવાના. આટલું કહીને ત્યાંથી બહાર નીકળી ગયા. જાણ્યું કે હવે મારાથી અહીં રહી શકાશે નહિ, મારું રહસ્ય ખૂલી ગયું.

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરુમ્''**

જે પોતાની પાસે હતું એ રામનાથજી એ અને જીતા મુનીજીએ જાણ્યું, એટલે એ ત્યાંથી અદૃશ્ય થઇ ગયા, પણ પોતાના રહસ્યને કેવી સાહજિકતાથી ફેરવી નાખ્યું? ના, ના, એ તો સાધુ સ્વભાવ છે ને એટલે બોલે આવું, આમ કરીને એ વાતને ટાળી દીધી. આવા રહસ્યો અને આવી જેની પાસે શક્તિ છે, છતાંય પોતાનામાં ગુપ્ત રાખે. જાણકાર ખરા, પણ જયાં સુધી એની જરૂરિયાત ન હોય ત્યાં સુધી એને બહાર ના આવવા દે, અને બહાર આવી હોય તો કોઇને પણ જાણ ના થવા દે. આ પરમ તત્વનું રહસ્ય.

**''સકલ શાસ્ત્ર રહસ્ય''**

હવે શાસ્ત્રનું રહસ્ય શું? જીવનનું રહસ્ય શું? અંદર બેઠેલો આત્મા, કે જેણે પોતાના આત્માને પણ ઓળખી લીધો છે, અને પરમાત્માને પણ સારી રીતે જાણી લીધો છે.

**આત્માને જાણ્યા પછી આ જગતમાં બીજું કશું પણ જાણવા જેવું રહેતું નથી. પરમાત્માની પાસે પહોંચી ગયા પછી બીજે કયાંય જવાનું રહેતું નથી.** આટલું તો ભગવાન ગીતાની અંદર કહે છે, કે જેને પ્રાપ્ત કર્યા પછી, કે જેને મેળવ્યા પછી બીજું કશું પણ મેળવવાનું રહેતું નથી, જવાપણું નથી રહેતું. આટલાં બધાં રહસ્યો જેની પાસે છે, જે પોતે રહસ્યમય છે, જય મહારાજનું સ્વરૂપ રહસ્ય છે. પરમાત્માને જાણવા એટલે પરમને પ્રાપ્ત કરી લીધા, અને જેણે પરમને પ્રાપ્ત કરી લીધા એણે જે શાસ્ત્રોની અંદર પ્રતિપાદન કરવામાં આવ્યું છે, પુરાણમાં, ઉપનિષદોમાં, વેદોમાં, ગીતામાં, મહાભારતમાં, રામાયણમાં શું પ્રતિપાદિત કરેલું છે? આત્મા શાશ્વત અને એક જ છે, પરમાત્મા આ સૃષ્ટિમાં એક જ છે,

અને આ સકલ સૃષ્ટિનું નિયમન કરવાવાળ પણ એ એક જ છે. બધા જ શાસ્ત્રો કહે છે એક પરમાત્માને જ માત્ર, બધું જ કહ્યા પછી એ બધા આજે એક જ દિશામાં એક જ જગ્યાએ પહોંચે છે.

**''પનિહારી અનેક કૂવો એક,**

**ઘાટ અનેક પણ નદી એક''**

એમ જય મહારાજ પોતાના સ્વરૂપથી શાસ્ત્રોની જે વાતો છે જુદી જુદી જુદા જુદા ઉપનિષદો, ચાર વેદ, આ બધું જ, આ બધાનો જો સાર કાઢવામાં આવે તો એ બધાયનો સાર એક જ પરમાત્મા. તમે કોઇપણ ભજન કરો, પણ ભજનમાં આખરે ભજવાના તો એક જ ભગવાનને. કોઇપણ સત્સંગ કથા સાંભળો, એની અંદર પણ છેલ્લે તો એક ભગવાન સુધી પહોંચ્યા છે. **આમ રહસ્ય માત્ર એક જ છે. આ જગતમાં બધા જ શાસ્ત્રોનું પરમ તત્વ પરમાત્મા, અને આત્માની અનુભૂતિથી જ પરમાત્મા સુધી પહોંચી શકાય છે,** એ જ જગતનું આ સકલ શાસ્ત્રનું પરમ રહસ્ય છે. સકલ શાસ્ત્રનું મૂર્ત સ્વરૂપ એટલે આપણા જય મહારાજ, અને એ જ સાક્ષાત્ સદ્ગુરુ છે કે જે ગુરુતત્ત્વને જાણે છે, જેણે ગુરુતત્વ સંપન્ન કરી લીધું છે, શ્રેષ્ઠ તત્ત્વ, અને શ્રેષ્ઠ તત્ત્વ શાનું? પરમાત્મા સુધી પહોંચ્યાનું, બીજું કાંઇ નહીં, કોઇપણ વ્યકિત ભણી-ગણીને એની ડિગ્રી મેળવી લે, એટલે એમાં એ પોતે પરિપૂર્ણ થઇ ગયો, અને એના નામે એ ઓળખાવા માંડ્યા, વકીલ, ડોકટર, પ્રાધ્યાપક, એન્જિનિયર, કેમ કે જે ભણ્યો અને એણે જે મેળવ્યું એના વડે એનો પરિચય થઇ ગયો, એમ જય મહારાજ સકલ શાસ્ત્રનું તત્ત્વ છે, સકલ શાસ્ત્રના રહસ્ય એ પોતે છે. સકલ શાસ્ત્રનું રહસ્ય એટલે જય મહારાજ. જય મહારાજે બધું જ મેળવી લીધેલું છે એની ઉપાધિ

નથી, પણ એ બધું જ જાણવાવાળા શ્રેષ્ઠ છે, શ્રેષ્ઠ જ્ઞાનની જેને અનુભૂતિ છે તે સદ્‌ગુરુ છે, તો સદ્‌ગુરુનાં સ્વરૂપ કોઇ જુદાં નથી હોતા.

**''એને શબ્દ ન કહીએ**

**એ તો શબ્દ નહીં કોઇ સાર છે**

**એવા સદ્‌ગુરુ સ્વરૂપ હોય અલગા''**

કોઇ જુદા જ. એ આ સંસારના વ્યવહારની અંદર ક્યારેય પણ ગૂંચાય નહીં, અંદર હોય તો પણ એમનું સ્તર ઉપર હોય, ઊંચું હોય, શાસ્ત્રના રહસ્યને સમજી લીધા પછી આ સંસાર અને વ્યવહારની ઉપાધિઓમાં એ સહેજ પણ ફસાશે નહીં, એમાં નહીં ઉતરે, કેમ કે એ રહસ્ય જાણીને બેઠા છે. સંસારનું પણ રહસ્ય છે. જેમ શાસ્ત્રનું રહસ્ય છે, સમગ્ર સૃષ્ટિનું રહસ્ય છે, એમ આપણા જીવનનું પણ રહસ્ય છે, અને જય મહારાજ દરેક રહસ્યને જાણવાવાળા છે. તો આમ એ બધાં જ રહસ્યો જેણે આત્મસાત્ કરી લીધાં છે, એટલે એના સ્વરૂપે એ પોતે જ થઇ ગયા, એનાથી અલગ નથી. જયારે અંધારામાં પૂછો, રાત્રે ઉંઘમાંથી ઉઠાડીને પૂછો કે જાગતા હોય ત્યારે પૂછો, કોઇપણ પરિસ્થિતિની અંદર બધી જ રીતે તમને સ્પષ્ટ શાસ્ત્રના રહસ્યની જ વાત કરશે, આનાથી અલગ બીજું કશું પણ નથી, જે છે તે આ જ છે, હવે તારે બીજું જે પણ કાંઇ કરવું હોય તે કર, આમ જગતના રહસ્યો, સૃષ્ટિનાં રહસ્યો જેમની પાસે છે, જેમની પાસે પૈસા હોય તે પૈસાદાર કહેવાય, સત્તાવાળો હોય તેને સત્તાધીશ કહેવાય, રાષ્ટ્રના ઊંચામાં ઊંચા પદે બેઠો હોય તો તેને રાષ્ટ્રપતિ કહેવાય, દુકાને બેઠો હોય એને વેપારી કહેવાય, એમ જય મહારાજ સકલ શાસ્ત્રનું

રહસ્ય છે, અને એટલા માટે જ એમની માટે સંબોધન કર્યું કે,

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરુમ્''**

સ્તુતિકર્તાએ કહ્યું કે આપ કોણ છો? કોઇ સામાન્ય માણસ નથી, માત્ર પાંચ ભૌતિક શરીર નથી, આપ કોણ છો?

એ જ સદ્ગુરુ મહારાજ આપ છો.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૮૦

# ગુરુ દ્વારા આપણું ઘડતર

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરુમ્''**

ગુરૂપૂજનની પૂર્વ સંધ્યાએ આપણે ગુરુ મહારાજના આવા સરસ સત્સંગમાં બેઠેલા છીએ. ગુરુ તત્વને સમજવાનું છે. ગુરુ મહારાજનો ઉપયોગ જીવનમાં કેટલો છે એને આપણે વિચારવાનું છે. ગુરુ મહારાજ આપણને કેવી રીતે આકાર આપે છે, ઘડે છે? જેમ કુંભાર માટલું ઘડે તો ઉપરથી બધાયને દેખાય, એમ ટપલા મારતા હોય, અને અંદરથી આમ ખૂબ જ દબાવીને હાથ રાખે કે એ ભાંગી ન જાય. **સદ્ગુરુ ઉપરથી મારે ચોટ, અને અંદરથી સંભાળી રાખે.** તુલસીદાસજી એ બહુ જ સરસ વાત કરી છે.

**''સાસતી કરી પુની કરહુ પસાઉ**

**નાથ પ્રભુન્હ કર સહજ સભાઉ''**

આપ સદ્ગુરુ મારા નાથ છો, ઉપરથી તો ઘડવા માટે ટપલા મારો છો,

''સાસતી''

શાસન કરે છે, અને નીચેથી

''પસાઉ''

જેમ વાગ્યું હોય અને તેની પર હાથ ફેરવીને, બસ મટી ગયું છે, સારું થઇ જશે, આમ પસાવવું, પસાવવું એટલે એને પંપાળવું. **અંદરથી તો પંપાળી રાખે અને ઉપરથી મારે ચોટ, આ સદ્‌ગુરુનો સ્વભાવ છે.** એકવાર નારાયણદાસજી મહારાજ એમની ઉંમર પણ નાની હતી શરૂઆતમાં, નોકરી કરતા હતા, આપણે પણ સાતમા ધોરણમાં ભણતા હતા. આપણી ઉંમર બહુ મોટી ન હતી. અહીંયાં પહેલાં પાઠ બેસે, એ પાઠમાં આપણે રમાયણ બોલાવતા હતા અને જેવો પાઠ ઊઠે એટલે સીધા જ રસોડામાં જમવા દોડી જવાનું. એકવાર રસોડે ગયા ત્યાં છોકરાએ કહ્યું કે અમને સિનેમા જોવાના પૈસા આપ્યા છે, એટલે આપણે ત્યાંથી પાછા વળ્યા, મહારાજશ્રી જાનકીદાસજી મહારાજ સાથે બેઠેલા એટલે આપણે પણ એમની બાજુમાં કોણી અઢેલી બેસી ગયા. પૂછયું કે કેમ પાછો આવ્યો? બહુ જ પ્રેમથી બાથમાં લઇને પૂછયું, શું થયું? આપણે કહ્યું કે પૈસા આપ્યા બધાને પિકચર જોવાના. હું લેવા આવ્યો છું, બાપજીએ કહ્યું નહીં લેવાના, લેવાતા હશે? ત્યાર પછી ત્યાં જ બેસાડી રાખ્યો. એટલામાં એક મજૂરીઆત માણસ જેને કહેવાય, એવો માણસ આવ્યો એને એના ખિસ્સામાંથી એક રૂપિયો કાઢીને મૂકયો. આ આજની નહીં પંચાવન વર્ષ પહેલાંની વાત છે. તે વખતે મહારાજશ્રીની પાસે સોડમાં જ બેસવાનું મળતું હતું. કુટુંબીજનોને પણ એવું બેસવાનું નહીં મળ્યું હોય. આંગળી કરીને આપણને બતાવ્યું કે જો આ. તે માણસની સાથે એનું એક નાનું બાળક પણ હતું. એ બાળકને અડધાં જ કપડાં પહેરાવ્યાં હતાં, ચડ્ડી નહીં. તે વખતે નડિયાદની

વસ્તી પાંત્રીસ ચાલીસ હજારની જ. મહારાજશ્રીએ બતાવ્યું, પણ એટલી નાની ઉંમરમાં સમજણ શું પડે? ચૂપ થઇને બેસી રહ્યા મહારાજશ્રી પાસે. રાત્રે સૂવા માટે અગાસીમાં બધી પથારીઓ પથરાય. આપણે પથારીમાં બધા સૂતા હતા ત્યારે પૂછયું, કે પેલું શું કહ્યું હતું? સમજણ ન પડી ત્યારે કહ્યું કે એ માણસ બહુ પૈસાદાર હતો ખરો? આપણે કહ્યું કે ના. એ માણસની જોડે એનું નાનું બાળક હતું એને પૂરાં કપડાં પહેર્યાં હતાં ખરાં? આવો નાનો માણસ આખો દિવસ મજૂરી કરે, તે વખતમાં દોઢ કે બે રૂપિયા મળતા હતા આખા દિવસની મજૂરીના. આજની માફક ૩૦૦ નહીં, માંડ બે રૂપિયા મળે. એ માણસ પોતે ગરીબ છે, એણે એનું ઘર ચલાવવાનું છે, એનું બાળક છે, એ રૂપિયામાંથી એ એના બાળકને બીજું કંઇ ખવડાવી શકે કે નહીં? એ રૂપિયો જે એણે મૂકયો તે આપણને પિકચર જોવા માટે મૂકયો હતો? આ છે ઉપર મારે ચોટ અને અંદરથી સંભાળી રાખે, એવા સંસ્કાર પાડે. **ગુરુજનોનું ઘડતર છે જીવનમાં, આપણને તો પચાસ વર્ષ સુધી એ ઘડતર મળ્યું છે જય મહારાજના સાનિધ્યમાં રહીને. કદાચ તે વખતે બીજું કોઇ હોય તો હઠ કરે કે ના મારે તો જોઇશે જ, હું તો જવાનો જ છું, છતાંય તે દિવસે જે ઘડતર મળેલું છે તે અત્યારે કેવું કામ લાગે છે?** ગઇકાલે એક માણસ આવ્યો, લગભગ સાડા ત્રણ ચારની વચ્ચે, બૂટ પહેરીને આવ્યો હતો, બાજુમાં બેઠેલા ભાઇ બોલતા હતા, આપણે કહ્યું કે બોલશો નહીં, અપંગ માણસ છે. એના પગ નથી એવું લાગે છે. પછી આવી આધારે બેસી એનો પગ છોડ્યો, બૂટ કાઢયો, એનો થેલો ધીરે રહીને બાજુએ મૂકયો, પછી ખસતો ખસતો છેક આવ્યો, પગે લાગ્યો, પૂછયું કે કયાંથી આવો છો?

કહ્યું કે ધંધુકાથી આવું છું. સામાન્ય માણસ હતો, કહે કે બાપજી ગુરુપૂર્ણિમા છે ને, ભીડમાં અવાય નહીં એટલે અત્યારે આવ્યો છું, એમ કહીને દોઢસો રૂપિયા મૂકયા. આ મોંઘવારીમાં તમને કામ નહીં લાગે? તો કહે કે ના બાપજી, આ તો ગુરુપૂર્ણિમાની દક્ષિણા છે, મૂકવા આવ્યો છું. જય મહારાજના તો મારી ઉપર બહુ જ ઉપકાર છે. એ સંસ્કાર, એ રૂપિયાથી સિનેમા જોવાય ખરું? એ સંસ્કાર બોલે જય મહારાજનો નારાયણદાસજી મહારાજના કે આ સામાન્ય માણસ આટલા મૂકી ગયો, પછી એને પ્રસાદ આપ્યો, પ્રસાદમાંથી થોડોક લઇ પાછો આપ્યો કે બધાને વહેંચી દેજો. આ એની શ્રદ્ધા અને ભક્તિ, એને પ્રસાદ પણ નથી જોઇતો, પોતાની મહેનતનો પોતાની કમાણીનો. એ આ પૈસા મૂકી ગયો. હવે એ પૈસો આપણાથી ખોટી રીતે કેવી રીતે વપરાય? જે બધા મૂકી જાય છે, એમાં નાનો માણસ પાંચ કે દસ રૂપિયા મૂકે, એનાં કપડાં પણ વ્યવસ્થિત ન હોય છતાં પણ મૂકે, એની સામે આપણે જોઇ રહેવાનું, કે આ માણસ આટલી મોંઘવારી, એની આવી સામાન્ય સ્થિતિ, અને આટલી શ્રદ્ધા, ભક્તિ, ત્યાગ અને સમર્પણથી અહીંયાં મૂકી જાય છે, ઘણીવાર તો એવા માણસોને જોઇ અને આંખમાં ઝળઝળીયાં આવી જાય, કે આ માણસ ભલે નાનો છે. પણ કેટલો ઉદાર છે, આ મોંઘવારીમાં પોતાની સગવડો સાચવવાની મૂકી આ દસ રૂપિયા અહીંયાં મૂકી જાય છે, ત્યારે એમ થાય કે આ પૈસો કયારેય પણ ખોટી રીતે ન વપરાય. આપણાથી એનો દુર્વ્યય ન થાય, કારણ કે નાનાપણથી જ સંસ્કાર મળેલા છે. એકવાર ચોમાસાના દિવસો હતા, ત્યારે જાનકીદાસજી મહારાજ સવારમાં એક વાટકો દૂધ લે અને બપોરના બે વાગ્યે થોડાંક ફળ લે,

બસ આ સિવાય બીજું કશું પણ ન લેતા, શ્રાવણ મહિનાનો વરસાદનો સમય હતો, વરસાદ પડતો હતો અને સમય થઇ ગયો, એટલે પૂછ્યું કે દૂધ આવી ગયું? આપણે કહ્યું કે બાપજી દૂધ નથી આવ્યું, દેસાઇ વગામાંથી એક માજી લઇને આવતાં હતાં. થોડીવાર પછી પૂછ્યું કે દૂધ આવ્યું? આપણે કહ્યું કે બાપજી નથી આવ્યું. થોડીવાર પછી આપણે કહ્યું કે બાપજી હજી માજી આવ્યાં નથી, એક પિત્તળની લોટી એમાં દૂધ ગરમ કરી ઇલાયચી નાખી, ખાંડ નાખીને લેતાં આવે વર્ષોથી એ લાવતાં. થોડીવાર પછી આપણાથી પૂછાઇ ગયું કે બાપજી લઇ આવું બજારમાંથી? અહીં આવ, શું કહ્યું? આપણી ઉંમર તો બહુ નાની, કહ્યું કે બાપજી સમય થઇ ગયો છે એટલે દૂધ તો લાવવું જ પડશે ને? **આપણને એ શબ્દો સાંભળવા મળ્યા, કે આ બધા જે અહીં પૈસા મૂકી જાયછે તે આપણી માટે વેચાતું લાવી અને ખાવા માટે મૂકી જાય છે? હવે આવડા મોટા મહારાજ, પોતે ધારે તે લાવીને ખાઇ શકે, પણ ના, આ સંપત્તિ તો સંતરામ મહારાજની છે આપણી નથી. આપણે એના માલિક નથી આપણે તો એના સેવક છીએ.**

**''સંપત્તિ સબ રઘુપતિ કી આઇ''**

એનો દુર્વ્યય આપણા હાથથી ન જ થવો જોઇએ, આપણા સ્વાર્થ માટે એ ન વપરાવો જોઇએ. આ છે ગુરુજનોનું ઘડતર, એમના સંસ્કાર. મોસાળમાં ગયા હતા, તળાવની પાર જવાનું હતું, દરણું દરાવવાનું હતું, એક પીળી ઢબૂડી આપી હતી, હજુ પણ યાદ છે. દરણું લઇને ઘંટીએ જઇને કાંટા ઉપર મૂક્યું, કહે કે લાવો બે પૈસા, ખિસ્સામાં ન મળે, કયાંક પડી ગયા હતા. તળાવ પાર કરીને પાછા આવ્યા તો ખૂબ જ પ્રસાદ મળ્યો, **આ જે તૂટલો દાંત દેખાય**

**છે ને, એ પ્રસાદની યાદગીરી છે, આનું નામ ઘડતર છે. એ નાની ઉંમરમાં પૈસો ખોવાયો ત્યાર પછી કદી પણ ખિસ્સામાંથી પૈસા ખોવાયા નથી, એ કાળજીનું ઘડતર હતું.** હરિદ્વારમાં બધા સંતો જમી પરવારીને ઓટલા ઉપર બેઠા હતા, અને આ ખિસ્સામાં બે બેની બે નોટો મૂકી હતી, પછી ઊઠીને બંધા અંદર ગયા ત્યારે આપણે જોયું કે આ ચાર રૂપિયા કયાં ગયા? પડી જવા ન જોઇએ, ગયા કયાં? શોધતા-શોધતા નીકળ્યા, અને જ્યાં બેઠા હતા એ ઓટલાની ધાર નીચે એ બે નોટો પડી હતી, જાય કેમ? જવી ન જ જોઇએ, જે એકવાર સબક મળ્યો છે. આનું નામ છે ઘડતર, એકવાર મુંબઇ ગયા હતા, અને મુંબઇની ટ્રેનમાં એટલી બધી ભીડ, થેલો આમ બહાર લટકે, પાઇપ પકડી રાખી હતી. પગથિયા ઉપર ઊભા રહેવાનું, ગાડી ચાલે, અને હાથ છોડાય નહીં, ભીડ એટલી બધી હતી એટલે છેક ધાર ઉપર હતા, તો એક જણાએ ખિસ્સામાં હાથ નાખ્યો, અંદરથી એંશી રૂપિયા કાઢયા, એ પણ જોયું, કે કાંઇ વાંધો નહીં. આ બધાને અનુભવ કહેવાય જીવનના. પણ એમાં એટલું તો ચોકકસ કે ગુરુજનોએ જે ઘડતર આપેલું છે એનાથી આ બધું જ છે તેના માત્ર આપણે સેવક છીએ, માલિક નથી. માલિક તો જય મહારાજ જ છે, એવો ભાવ આપણો સદાયને માટે રહેવો જોઇએ. ગુરૂજનો કયારેક આકરામાં આકરા શબ્દો સંભળાવે. એક લંડનવાળા ચીમનભાઇ છે, એ પ્રસંગે પ્રસંગે આવે છે, અને આ વખતે આવવાના છે. અમે બધા સાથે હતા, તે સવારે ચાર વાગ્યે ઊઠે તો રાતના દસ વાગ્યા સુધી નવરા ન બેસી રહે. આખા મંદિરમાં કંઇનું કંઇક કંઇકનું કંઇક કર્યા જ કરે. એમને આંખે બરોબર દેખાય નહીં, ભોગીલાલે કહ્યું કે આંખના ડોકટરને

બતાવો, જોયું તો એમની આંખે સાડા દસ નંબર, ડોકટરે કહ્યુ કે ચશ્માં તો પહેરવાં જ પડશે. ગુરૂજનોનું ઘડતર કેવું હોય છે તે સમજવાની વસ્તુ છે. મહારાજશ્રી બહુ જ કડક હતા સ્વભાવના. જે તેમની નજીક રહે એમના પ્રત્યે તે બહુ જ કડક રહેતા હતા. એને ઘડવા માટે જરાપણ ઢીલું ન છોડે, પણ બહારથી આવતા હોય તે બધા માટે સૌમ્ય. બધા કહે કે મહારાજ કેટલા બધા દયાળુ છે, પણ નજીક રહ્યા હોય એમને ખબર પડે કે મહારાજ કેટલા કડક છે. હવે તે જમાનામાં ચશ્માં પહેરવાનાં, માત્ર ૧૯ રૂપિયા એની કિંમત હતી. હવે જ્યારે આપણે કોઇ કામ હોય, પરીક્ષા કે વાંચવાનુ હોય, તો એ ચીમનભાઇ જાય અને મહારાજશ્રીને વાત કરે. આટલા નિકટના હતા. ચશ્માં પહેરવાની વાત કહેતાં અઠવાડિયું વીતી ગયું, પણ એ કહી ન શકે. પછી એક દિવસ બહુ જ થોથવાતા આવાજે કહ્યું કે મહારાજશ્રી ડોકટરે ચશ્માં પહેરવાનું કહયું છે, અને ઓગણીસ રૂપિયાનાં ચશ્માં છે, તૂટક તૂટક અવાજે કહ્યું, પછી આપણે ત્યાંથી પસાર થતા હતા તો બોલાવ્યા, પછી કહ્યું આપણને કે જો આને બજારમાં વેચવા મૂકયો હોય તો એક રૂપિયો પણ આવે ખરો? એને ઓગણીસ રૂપિયાનાં ચશ્માં પહેરવાં છે.

''સાસતી''

ઉપરથી ટપલા મારે. જુઓ તમે, ઘડતર એવું હોય છે ગુરુજનોનું, કેટલા કઠોર હોય છે? આજે બપોરે વાત કરીને, ઇન્દ્ર જેવા દેવોના રાજા પાસે આ કામ કરવવાનું, સ્વર્ગનો રાજા હતો છતાં પણ બધી જ સેવા કરાવડાવી. ગુરુજીએ સોંપેલી સેવાની અંદર જો માણસ પાર ઉતરે ને,

**''ગિરર્ભિ ગરુણાં પરુશાક્ષરાભિઃ તિસ્કુતાયાં નરામહત્વં''**

શાસ્ત્રીજી બોલ્યા હતા ને આ શ્લોક,

**''અલબ્ધશાણોકહાણા**

આપણા જીવનમાં ગુરુનું ઘડતર મહત્ત્વનું છે, એ વ્યકિતને કેવો ઘડે છે, માણસને કેવો તૈયાર કરે છે, આવી આ સાક્ષાત મૂર્તિઓનાં દર્શન કરવાનાં છે, કે ગુરુજનોના ઘડેલા આ સાક્ષાત્ આવા છે. પછીથી ચશ્મા મંગાવ્યાં પણ ખરાં, અને આપ્યાં પણ ખરાં, એકવાર તો આવો જવાબ સાંભળવા માટે કાન ખુલ્લા રાખવા પડે. હવે જે સવારના ચાર વાગ્યાથી ઊઠી અને રાતના દસ વાગ્યા સુધી કાંઇનું કાંઇ કર્યા કરે, નવરા બેસવાનું જ નહીં, સ્વાભાવિક થાય કે આને લાવી આપોને, એ બહુ જ કામ કરે છે, પણ એ ઘડતર છે જીવનનું. તમે કેટલી સહીષ્ણુતા કેળવી શકો છો, કેટલી સહનશીલતા કેળવી શકો છો. આપણને ભણતા હતા ત્યારે બધા છોકરાઓની ફી મહારાજશ્રી આપી દેતા હતા, આપણે પણ છાનામાના આપતા હતા, પણ આપણી માટેની મોટામાં મોટી સમસ્યા ઊભી થઇ હતી, મહરાજશ્રી આપે જ નહીં, ભલે આપણે અંદર ગમે તેટલી લેવડ દેવડ કરતા હોઇએ, પણ આપણી જાત માટેના પૈસા આપણાથી લેવાય ખરા? એમાંથી આપે તો જ લેવાય. ફી ભરવાના પૈસા એકવાર તો નારાયણદાસજી મહારાજે પોતાના પગારમાંથી ફી ભરી આપી હતી. લે, એ ઘણી બધી લાંબી વાતો છે, પણ તે છતાંય તમારી કસોટી કરી લે કે તમે કોઇની પાસે માગતા તો નથી ને. આવેલી પરિસ્થિતિ વિકટ છે, નોટીસ બોર્ડ ઉપર નંબર આવી ગયો કે આટલા આટલાએ ફી નથી ભરી, એમનું એડમિશન કેન્સલ કરવામાં આવશે. આવી આકરામાં

આકરી પરીક્ષાઓ ગુરુજનો કરે, અને એમાંથી ઘડતર થાય. વાતો તો ઘણી બધી છે પણ તે છતાયે ગુરુજનોનું ઘડતર એવું હોય છે, સામાન્ય માણસને લાગે કે આવા કઠોર હશે જય મહારાજ, નજીકના માણસ પ્રત્યે આટલી કઠોરતા રાખે, પણ નજીકના માણસને ખૂબ કશે ખૂબ કશે. પોતાના નજીકના માણસને એ ભયંકર રીતે કસોટીએ ચડાવે, કદાચ હીરો કસતાં કસતાં કે પહેલ પાડતાં ફાટી જાય છે?

''તિરસ્કૃતા....''

બહુ જ મોટી વાત છે. તો આમ ગુરુજનોનું મહત્વ જીવનમાં આપણા ઘડતર માટેનું, આપણા વ્યક્તિત્વના ઘડતર માટેનું કેવું અમૂલ્ય હોય છે. એક પથ્થરમાંથી એ મૂર્તિ કંડારતા હોય, બધો જ કચરો કાઢી નાખતા હોય, અને ત્યાર પછી કહેવાય અત્યારે કે મહારાજ કેટલા સારા છે. આ કેટલાંય બધાં છોતરાં ઉખડ્યાં છે, ને કેટલાય ટાંચણે વીંધાયા છે, ત્યારે તમારું બધાની વચ્ચે આટલા સારા દેખાય છે.

**''તિરસ્કૃત યાન્તિ નરા મહત્વં''**

કઠિન પરિસ્થિતિમાં આવી રીતે ઘડાય ત્યારે પથ્થરમાંથી મૂર્તિ બહાર આવે. પથ્થર તો બધાય છે, ઘણીવાર માથું કૂટીને બોલવું પડે છે કે આ પથરા! બોલે છે ને કે પથ્થરો પાકયો. પણ ગુરુજનો એક પથ્થરમાંથી એને માણસ બનાવે. ગુરુ પૂર્ણિમા છે, ગુરુતત્ત્વને સમજવાનું છે, અને ગુરુજનો જયારે આવી આકરી કસોટી લે ત્યારે પણ સહેજ પણ એમાંથી ડગે નહિ, માની લો કે એને ઘડતાં ઘડતાં એક તિરાડ પડી ગઇ તો આખું જ નકામું, એમ

જો ઘડાતાં ઘડાતાં સહેજ તતડી ગયો તો એ નકામો થઇ ગયો. જો સહેજ પણ તિરાડ પડી ગઇ પછી એ મૂર્તિ કિંમતી તો નહીં જ રહે, એમ માણસના જીવનના ઘડતરની અંદર આટલી બધી કસોટી કરાવવા છતાંય શિષ્યો કે સંતો બિલકુલ શાંત રહે, એનામાં સહનશક્તિ એટલી છે એનું દર્શન કરાવે, અને જે એમાંથી પાર ઉતરે તો, બસ પછીથી મૂર્તિ સ્વરૂપે બધાની વચ્ચે સરસ શોભે, એનું જીવન એનો સ્વભાવ એનો વ્યવહાર જુઓ કેટલો સરસ સૌમ્ય છે, નારયણદાસજી મહારાજનું ઘડતર કેવું હતું? આજે હજુ પણ આપણે યાદ કરીએ છીએ, અને એ જય મહારાજના આપણી ઉપર જે ઉપકાર છે, આપણી ઉપર જે ઋણ છે, તેમાંથી કેવી રીતે મુકત થઇ શકીશું? જે જે પણ કાંઇ એમણે આપેલું છે, જે જીવન સંસ્કારનું ઘડતર છે, અને જે અત્યારે હાજર છે એ સંસ્કારો, એનું ઋણ કેવી રીતે ચૂકવાય? કહ્યું તમને કે ફેકટરીની ઓફિસ લઇ લો, કેપ્ચર કરી લો ફેકટરી, કે આખી ફેકટરી આપણા હાથમાં, એમ શરીરની ઓફિસ એટલે માથું જ ને, માથું મૂકી દેવાનું, ઓફિસ આપી દીધી હવે આખું જીવન આપનું જ છે.

**''માથું મૂક્યું તમ ચરણે રે શામળીયા''**

ગુરુ પૂર્ણિમા એ ગુરુઋણ ચૂકવવાનો પર્વ છે. વ્યવહારમાં પડયા હોઇએ, અને કશું પણ યાદ ન આવતું હોય પણ, અરે ગુરુ પૂર્ણિમા? આવતી કાલે તો જવાનું છે જય મહારાજને ત્યાં. કેમ? ગુરુદક્ષિણા આપવાની છે, કેમ કે ઋણ એટલું બધું છે માથે એ ચૂકવી શકાય એમ નથી, પણ કંઇક તો આપી આવીએ, આપી આવીએ નહિ અર્પણ કરી આવીએ, જેનો આપણે સમય વાપર્યો છે, જેમાં આપણી શક્તિ વપરાઇ છે, એવું કાંઇક જય મહારાજને

ચરણે ધરી આવીએ, છેવટે સ્ટેશને જઇ, મજુરીનું પોટલું ઉપાડી એક આનો લઇ આવીને પણ જય મહારાજને ચરણે મૂકે, કે લો બાપજી મારી ગુરુદક્ષિતા, તો ગુરુ ઋણ એ કયારેય પણ નથી ચૂકવાય, ગુરુ ઋણમાંથી મુકત ન થઇ શકાય, માત્ર એની ચરણ વંદના જ થઇ શકે. અને આ ગુરૂપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ આપણે સહુ ગુરુવંદના કરીએ, અને એમાંથી આપણા જીવનને ઘડીએ અને ખૂબ જ સફળ બનાવીએ.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૮૧

# વિદિત વિશ્વ વિભૂમ્

પરમ તત્ત્વ પરમાત્મા યોગીરાજ અવધૂત આપણા હૃદયમાં રહી રહ્યા છે, સર્વનું કલ્યાણ કરવાવાળા છે એ પ્રભુ,

**''અચલ મોક્ષ યુતમ્''**

સ્વયં અચલ મોક્ષનું સ્વરૂપ છે, અને સહુને અચલ મોક્ષનો માર્ગ આપવાવાળા પણ એ સ્વયં છે, જેને કહ્યું કે,

**''મમ દૈવતમ્''**

જય મહારાજ, મારા સદ્‌ગુરુ ભગવાન, અમે આપના શરણે છીએ.

**''સકલ શાસ્ત્ર રહસ્ય વિદમ્ ગુરુમ્''**

બધા જ શાસ્ત્રોનું પરમ રહસ્ય એ પોતે જ છે, અને એવા ગુરુને જાણવા છે.

**''વિદમ્ ગુરુમ્''**

સદ્‌ગુરુનું સ્વરૂપ એ તત્ત્વ છે, સદ્‌ગુરુ સ્વયં પ્રણીપાત સ્થિતિમાં આવે, ત્યારે એ મનુષ્ય-દેહ ન રહેતા એ સ્વયં તત્ત્વ બની જાય છે. ગુરુ તત્ત્વને જાણવા માટે તો કેટલાય ઉપાસકો, સાધકો, સંતો, ઋષિઓ કેટલો બધો પ્રયત્ન કરે, ત્યારે ગુરુત્વને

પામીને એને સમજી શકે છે. અહીંયા કહ્યું કે,

**''વિદિત વિશ્વ વિભૂમ્''**

આપ તો સમસ્ત સૃષ્ટિના જાણકાર છો. જે પરમ તત્ત્વ છે એ જ જય મહારાજનું સ્વરૂપ છે, અને એ સ્વયં વિભુ છે, જે સર્વત્ર છે સર્વવ્યાપી છે છતાંય નિર્લેપ છે, નથી હોવા છતાંય સર્વથી નિસંગ છે, એને વિભુ કહેવામાં આવે છે. તો જો પરમ તત્ત્વ સ્વયં વિભુ તરીકે સૃષ્ટિના તત્ત્વને સર્વત્ર પ્રસરાવતા હોય, અને એ તત્ત્વને જ પોતાનામાં રાખતા હોય, પોતે આખા સમગ્ર વિશ્વના તત્ત્વની અંદર વિરમી રહ્યા હોય, એને શાસ્ત્રોએ પરમાત્મા વિભુ કહ્યા છે, આપ સ્વયં પ્રભુ છો, વિભુ છો, અને સૃષ્ટિના એ તત્ત્વનું સ્વરૂપ પણ આપનું પોતાનું જ છે, એને કહ્યું કે,

**''શિવમ્ ઈશ્વર''**

આપ કલ્યાણકારી ઈશ્વર છો. જય મહારાજનો વિગ્રહ સૌના કલ્યાણ માટે છે. શિવ શબ્દનો અર્થ જ કલ્યાણ થાય છે. શિવ એ કલ્યાણનું સ્વરૂપ છે, અને એમને શરણે જાય તે સહુનું કલ્યાણ કરે છે. જય મહારાજને શિવસ્વરૂપ કહ્યા, **'શિવ મિશ્વરમ્'** કહ્યા, આપ ઈશ્વર તત્ત્વ છો અને સમસ્ત સૃષ્ટિના જીવમાત્રનું કલ્યાણ માત્ર છો.

**''શિવમ્ ઈશ્વર''**

ઈશ્વર એટલે જગતનું ઐશ્વર્ય. જગતના સર્વ કાર્યોમાં એ પોતે જ બિરાજેલા છે. આ બધું જ ઐશ્વર્ય જય મહારાજના સ્વરૂપની અંદર જ છે. એનું નામ ઈશ્વર. આ જગત એ જ એમનો વૈભવ છે. વૈભવમાં કેટલાં બધાં આશ્ચર્યો છે, કેટલાં બધાં કલ્યાણ છે, જ્યાં જ્યાં નજર નાખો ત્યાં આગળ આશ્ચર્ય જ છે. એક દાણો

વાવો અને અંદરથી દસ-પંદર ફાંસલા નીકળે. એક એક ફાંસલા ઉપર એક એક ડુંડું હોય અને એક એક ડૂંડા ઉપર પાંચસો પાંચસો દાણા હોય, શું આ આશ્ચર્ય નથી? આખી સૃષ્ટિમાં તમે જુઓ, પ્રકૃતિમાં તમે જુઓ તો તમને પરમાત્માના એશ્વર્યનાં જ દર્શન થશે. પક્ષીઓનાં ઈંડા છે, તૂટી ગયેલા ઈંડાને જુઓ, એમાં માત્ર પ્રવાહી જ હશે, પણ એ જ ઈંડું વીસ દિવસ પચ્ચીસ દિવસ સેવાયા પછીથી? એ પ્રવાહીની અંદર આંખો, પાંખ, ચાંચ, પગ, આ બધું કયાંથી આવ્યું? એક માત્ર પ્રવાહીની અંદરથી આ રચના થઇ કેવી રીતે? આ પરમાત્માનું ઐશ્વર્ય છે. પરમાત્માના આ આશ્ચર્ય અને ઐશ્વર્યનો વૈભવ છે. જમીન છે, એક જ જમીનના ટૂકડાની અંદર કારેલું વાવો, ટામેટું વાવો, મોટાં થાય એટલે એ બધાનો પોતાનો જ અલગ-અલગ સ્વાદ. માટી પણ એ જ છે, પાણી પણ એ જ છે, અને ખાતર પણ એ જ છે, આ છે ઈશ્વરનો વૈભવ અને આ છે સૃષ્ટિનું આશ્ચર્ય. માણસના આખા શરીરની અંદર બધું જ વ્યવસ્થિત રીતે ગોઠવી આપ્યું, જો આંખ કાન એની જગ્યાએ ન હોય, અને બીજે કયાંક હોત તો કેવા લાગે? તમે જુઓ, આખી સૃષ્ટિમાં દરેક માનવનું શરીર એકસરખું જ, કોઇને પણ હાથની જગ્યાએ પગ અને પગની જગ્યાએ હાથ, એવું થયું છે ખરું? ભૂલો થાય તો થાય જ છે ને? હમણાં ન આવ્યું પેપરમાં, કે જમણા હાથને બદલે ડોકટરે ડાબા હાથનું ઓપરેશન કરી નાખ્યું, તો સૃષ્ટિનું આશ્ચર્ય આ છે. આ બધું જ આશ્ચર્ય આપણી નજરમાં આવે, પણ આપણે એનાથી અનભિજ્ઞ છીએ, આપણું તેની તરફ લક્ષ્ય નથી, દ્રષ્ટિ નથી, અને એના કારણે ઈશ્વરના ઐશ્વર્યનાં એના વૈભવનાં દર્શન આપણે કરી શકતા નથી. એક વનવાસી આવ્યો, બિલકુલ અભણ છે, એને કશી પણ ખબર ન હોય કે કોમ્પ્યુટર શું

છે, ટીવી શું છે, મોબાઈલ શું છે, પછી એને શું ગતાગમ પડવાની હતી? એ આ બધી વસ્તુથી અનભિજ્ઞ છે. એમ આપણે પણ એના જેવા જ છીએ. ઈશ્વરની આ સૃષ્ટિમાં આટલું બધું ઐશ્વર્ય હોવા છતાંય આપણી આંખમાં કે આપણા મગજમાં આવતું જ નથી. ભગવાને આ સૃષ્ટિનું સર્જન કર્યું. અને એની અંદર માણસને રાત અને દિવસ બેઉ આપ્યાં, જો એકસરખું જ આપી દીધું હોત તો? અંધારું ત્યાં અંધારું કે અજવાળું ત્યાં અજવાળું, શું દશા થાત? કેવી સ્થિતિ થાય? તો આ છે ઈશ્વરનું ઐશ્વર્ય. આખી સૃષ્ટિમાં જ્યાં નજર નાખો ત્યાં, જુઓ ક્યાંય પણ, તો જય મહારાજ માટે અહીંયાં આગળ કહ્યું કે,

**''શિવમ્ ઈશ્વર''**

બધાનું કલ્યાણ કરવાવાળા છો આપ, જીવમાત્રનું કલ્યાણ કરો છો,

સમગ્ર સૃષ્ટિમાં આપ પ્રચલિત છો ભગવાન તરીકે, વિભુ તરીકે. હવે વિચાર કરો, જેણે આ સ્તુતિ કરી હશે એને જય મહારાજનાં ક્યાં દર્શન નહીં થયાં હોય.

કેટલી ઊંચી શક્તિ હશે? કેટલું ઊંચું ગુરુ તત્ત્વ હશે? એની અંદર બધું જ સમાયેલું હોય, પણ લાગે આપણા જેવા જ. બે હાથ બે પગવાળા માણસ જેવા સાદા જ લાગે. એમને ઓળખવા પડે, અંદર ઉતરવું પડે. ગુરુનું તત્ત્વ શોધવા માટે સદ્ગુરુ સુધી પહોંચવું પડે, સદ્ગુરુમાં ભળવું પડે. અને એમાં ભળીશું તો જ સદ્ગુરુનું સ્વરૂપ સમજાશે.

**''જેમ લુણ ઉદકમાંહી ગળ્યું**
**એમ મન સદ્ગુરુમાં ભળ્યું''**

જેમ મીઠું પાણીમાં ઓગળી જાય, અને પછી તમે પાણી ગાળો તો પણ મીઠું હાથમાં આવે નહીં, એમ મન પણ સદ્‌ગુરુમાં પૂરેપૂરું ભળી જાય, એકરસ થઇ જાય, સમરસ જેને કહેવાય. દૂધમાં પાણી ભળે એટલે દૂધ અને પાણી સમરસ થઇ જાય, દૂધમાં સાકળ ભળે એટલે દૂધ અને સાકર સમરસ થઇ જાય. એમ સદ્‌ગુરુ તત્ત્વને પામવા અને ત્યાં પહોંચવા માટે એમાં ઓતપ્રોત થવું પડે. લાડુ છે, એમાં ઘી ગોળ ને લોટ વ્યવસ્થિત ભળે, સરસ શેકાય, ચોખ્ખું ઘી નાખેલું હોય, અને પછી બધું ભેગું થઇને લાડુ બને. આ વખતે તો લાડુ પ્રસાદ બહુ જ સરસ હતો, કેમ એટલો સરસ થયો એ? કેમ કે એની અંદર જે બધાએ ભળવું જોઇએ તે એકબીજામાં ભળીને અને એકરસ થઇ ગયા. કયાં લોટ જુદો પડે, કયાં ગોળ જુદો પડે, કયાંક ઘી જુદું પડે, તો એવો સ્વાદ ન આવે. જયારે આ બધું જ એકબીજામાં ઓતપ્રાતે થઇ જાય, એના અણું એકબીજાની સાથે ભળી જાય, પછી એનો સ્વાદ આવે. એમ જીવનની અંદર પણ

**''મન સદ્‌ગુરુમાં ભળ્યું**
**જેમ લુણ ઉદકમાંહી ગળ્યું''**

રસોઇની અંદર નાખેલા જે મસાલા છે, બધા જ મસાલા સમરસ બની જાય, પછી એ રસોઇ કેવી સ્વાદિષ્ટ બને? જમવાની કેવી મજા આવે? પણ જો હલાવવાનું રહી ગયું હોય અને કશીક વસ્તુ એક બાજુ ચોંટી રહી હોય તો, ક્યાંક ખારું લાગશે, ક્યાંક તીખું લાગશે, ક્યાંક મોરૂ લાગશે, ક્યાંક હળદરવાળું હશે, ક્યાંક સફેદ થશે, એ રસોઇ જોવી પણ નહીં ગમે. પરમાત્મા જેમ સર્વત્ર સર્વમાં છે, આપણે આપણા જીવનમાં પણ પરમાત્માને અને આપણને-જીવનને એવી રીતે સમરસ બનાવીએ કે આપણને આપણું પોતાનું જીવન ગમે, કે હાશ જીવવાનો આનંદ આવે છે,

જીવનમાં રસ પડે છે. પછી મનની અંદર કલેશ ન આવે, કંટાળો ન આવે, કંઇક ચીડ અને આવેશની અંદર પણ મૃત્યુને યાદ કરી ન લઇએ. **સાહજિક અવસ્થામાં યાદ થાય તો એ તો જ્ઞાન છે, પણ અકળામણમાં મૃત્યુ યાદ આવે ને ત્યારે આત્મહત્યા બની જાય છે. પણ સમજણપૂર્વકનું મૃત્યુ આવે એનું નામ સમાધિ થઇ જાય છે.** પ્રેમથી સંતોષથી, શાંતિથી મૃત્યુને વિચારીએ, મૃત્યુને જોઇએ, અને એના વડે આપણે આપણી જાતને સંભાળી લઇએ, સજાવી લઇએ, એનું નામ સમાધિ. તો મૃત્યુના માટે પણ માણસના જીવનની અંદર એવી તૈયારી હોય, કે એને સમજાય. તો આ બધું સદ્‌ગુરુ સુધી પહોંચીએ, સદ્‌ગુરુને પામીએ, સદ્‌ગુરુને આપણા જીવનમાં ઉતારીએને, ત્યારે આ વસ્તુ મળે.

**''વિચાર કરતાં વસ્તુ મળે**
**સમજો સમજણમાં સોઈ''**
**''ગુરુજી એ સમજણ આપી સમજાવ્યા રે''**

એ જય મહારાજની સમજણ છે, એની સાચી સમજણ એટલે? પંડિતોની ભાષામાં કહીએ તો જ્ઞાન, અને આપણે સાદી રીતે સમજવું હોય તો, ભાઇ સમજણ પડી? આપણે બધા કાંઇ વિદ્વાનો નથી, હા ભાઇ સમજાયું, અમને ગુરુ મહારાજે કાંઇક સમજણ આપી અને સમજાવ્યું છે. એનું નામ છે સાચી સમજ. તો જય મહારાજ માટે અહીં કહ્યું કે

**''વિદિત વિશ્વ વિભૂમ્''**

આપ તો સૃષ્ટિના વિભુ છો, આપ પરમ તત્ત્વ છો. એ વિભુ સ્વરૂપે આપ સર્વત્ર છો. દરેક ખૂણે ખૂણે, પહાડ, વન, જંગલ, વનસ્પતિ સર્વમાં આપ જ છો, સૃષ્ટિના કોઇપણ છેડે,

કોઈપણ ખૂણે ભગવાન જય મહારાજ સિવાય કશું પણ છે જ નહીં. જ્યાં જય મહારાજ ન હોય, ઈશ્વર ન હોય, વિભૂ ન હોય ત્યાં કશું પણ હોઇ જ ન શકે. દરિયાના ઊંડા તરી યે પણ એ વિભૂ તરીકે ત્યાં બિરાજેલા છે, કેમ?

**''વિદિત વિશ્વ વિભૂમ્''**

જેને આખા વિશ્વનું વિદિતપણું, ભાન, જ્ઞાન છે, સમજણ છે, અને એ પોતે જ એનું સ્વરૂપ છે, અને એ પોતાનું જ સ્વરૂપ સર્વત્ર જોયા કરે છે.

**''પોતે જોયું પોતાનું આપ રે''**

જેની કલ્યાણકારી દ્રષ્ટિ હોય, જેણે કલ્યાણકારી ઈશ્વરના સ્વરૂપને આત્મસાત કરી લીધું છે, જે પોતે શિવ સ્વરૂપ છે, એને કહ્યું કે,

''ઈશ્વર''

આપણા સહુના ઈશ્વર છે. પરમાત્માના ઐશ્વર્યને ખૂબ સમજણપૂર્વક સાચી દ્રષ્ટિથી જોઇએ, તો જ દેખાય. ભગવાને અર્જુનને કહ્યું કે મારું વિરાટ સ્વરૂપ જોવું છે?

**''દિવ્યંદદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્''**

તારા ચર્મચક્ષુથી તું નહીં જોઇ શકે, હું તને દિવ્ય જ્ઞાન આપું છું. જ્ઞાન મળે ત્યારે જ વિશ્વની અંદર આ વિરાટ વિભૂનાં દરેક જગ્યાએ દર્શન થાય, દરેકને થાય દર્શન, પરમાત્માનો સાક્ષાત્કાર થાય. એકવાર રામસુખદાસજી મહારાજના સંતસંગમાં, વહેલી સવારે, બિકાનેર ગયા હતા. એમણે વહેલી સવારે ચાર વાગ્યે સત્સગમાં કહ્યું કે ભગવાનકા દર્શન હોતા હૈ, પણ ભગવાનના દર્શન કરવા માટે આપણી આ રીતની તૈયારી હોવી

જોઇએ. એક યુવાન ઊભો થયો, કહ્યું કે સ્વામીજી આપ જો કહોંગે વો મૈં કરુંગા, મુજે ભગવાનકે દર્શન કરવાઇએ, સ્વામીજીએ કહ્યું કે તેરે સે નહિ હોગા, તું બૈઠ જા. પેલો યુવાન કહે કે નહીં નહીં આપ જો કહોગે વો મૈં કરુંગા, આપ કી હર આજ્ઞાકા પાલન કરુંગા, મારે ભગવાનનાં દર્શન કરવાં છે, તમે મને દર્શન કરાવો જ. સ્વામીજીએ કહ્યું કે તું બેઠ જા, અભી તું બાલક હૈ, બચ્ચા હૈ, પેલો યુવાન જીદે ચડ્યો કે નહીં હું ભગવાનના દર્શન કર્યા વગર નહીં જાઉં અહીંથી. સ્વામીજીએ કહ્યું કે અચ્છા માનેગા કરેગા હમ જો કહેંગે વો? સબ કુછ કરના પડેગા, તભી ભગવાન કા દર્શન વિભૂ કે સ્વરૂપમેં સભી જગહ હોગા. યુવાને કહ્યું કે આપ આજ્ઞા કરો. સ્વામીજીએ કહ્યું કે યહાઁ સે નિકલને કે બાદ રાસ્તેમેં જો ભી મિલે, સબકો પ્રણામ કરતે કરતે જાના. જો ભી મિલે ઉન સભી કો. યુવાન કહે કે અગર કુત્તા મિલે તો? તો કુત્તે કો ભી પ્રણામ કરના, આગે ગધા ભી મિલેગા, ગધેકો ભી પ્રણામ કરના પડેગા, કરેગા તું? નહીં સ્વામીજી યે તો નહિ હોગા, એટલે સ્વામીજીએ કહ્યું કે પહેલે હી કહા થા, કી તેરે સે નહિ હોગા, તું બૈઠ જા, હમને તો પહેલે હી કહા થા, અબ જા રાસ્તે મેં જો કોઇ ભી મિલે તો સબકો દંડવત પ્રણામ કરતે કરતે હુએ જા, નહીં સ્વામીજી લોગ મુજે પાગલ બોલેંગે, સ્વામજીએ કહ્યું કે પાગલ તો હોના હી હૈ. પરમાત્માનાં વિશ્વ વિભુ તરીકે દર્શન કરવાં હોય તો એ સાચી સમજણ જોઇએ. ભગવાને અર્જુનને દર્શન કરાવ્યાં તો શું એમ ને એમ દર્શન કરાવ્યાં હશે? જેની જોડે લડવાનું હતું તે બધા ને ભગવાને પોતાના શરીરમાં બતાવ્યા.

**''દ્રોણંચ ભીષ્મં ચ જયદ્રથં ચ**
**કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્''**

આ બધાના સ્વરૂપને ભગવાને પોતાની અંદર જ બતાવ્યાં, અરે ભગવાન, હું તો તમને જુદા માનતો હતો પણ આ તો મારા બધા દુશ્મનો આપનામાં છે, ભગવાને કહ્યું કે દુશ્મન માનવાના નહીં. અર્જુનને જેની સાથે લડવાનું હતું. જે જે શત્રુ પક્ષે હતા, તે બધાનાં દર્શન ભગવાનમાં થયાં, અને જો ત્યાં ભેદદ્રષ્ટિ હોય તો અર્જુન પગે લાગશે ખરો? તમે શાના ભગવાન? પગે લાગશે ખરો? કૂતરામાં શાના ભગવાન, ગધેડામાં શાના ભગવાન? **દ્રષ્ટિ જયાં સુધી ન બદલાય, સમજણપૂર્વકની સાચાજ્ઞાનની દ્રષ્ટિ ન બદલાય ત્યાં સુધી આખી સૃષ્ટિની અંદર ભગવાન વિશ્વવિભૂ હોવા છતાંય એમનાં દર્શન ન થાય.** પરમાત્મા વિશ્વ વિભુ છે, સમસ્ત જગતનો વૈભવ એમની પાસે છે, અને સૃષ્ટિનું એશ્વર્ય પણ એમની પાસે જ છે. તે સર્વના માલિક છે, તે સ્વરૂપ જ છે, પણ ના, એ તો કેવી રીતે સમજાય? જય મહારાજના સ્વરૂપની અંદર આ દર્શન થાય. **જે સેવાના પ્રકલ્પ છે, એની અંદર સેવાર્થે જે પણ કોઇ આવ્યા છે તે બધાની અંદર જય મહારાજ જ બિરાજેલા છે, હું કોઇ વ્યકિતની સેવા નથી કરતો, હું કોઇ ગામડાના માણસને કે સ્ત્રી કે પુરુષની સેવા નથી કરતો, પણ એનામાં બિરાજેલા જય મહારાજ છે એમની સેવા કરું છું, આ છે,**

**''વિશ્વ વિભૂમ શિવમ્ ઈશ્વર''**

કલ્યાણ એની અંદર છે, અને જ્યાં કલ્યાણ છે ત્યાં ઈશ્વર છે. શિવ એટલે કલ્યાણ. એ મારા ઈષ્ટદેવ છે, અને એ સ્વરૂપની અંદર મારે ભળવું છે, એ જેવી દ્રષ્ટિ આપશે એ પ્રમાણે જ મારે કરવાનું છે.

**''તમે જે ઓચરજો ઉરમાં**
**પછી મળી રહ્યું મહા નૂરમાં''**

દર્શન કરતાં કે સેવા કરતાં કરતાં પણ એમાં ભગવાનનાં જ દર્શન થાય. એકનાથજીએ ગંગાજળ ગધેડાને પાયું, તો એની અંદર એમને શિવજીનાં દર્શન થયાં. રામેશ્વરમાં પહોંચ્યા પછી બધાએ ગંગાજળનો શિવજી ઉપર અભિષેક કર્યો, એકનાથજીને મનની અંદર થોડો ખેદ થયો, કે અરે મારું ગંગાજળ રસ્તામાં વ્યર્થ થઇ ગયું, કે ના પહોંચી શક્યું શિવજી સુધી. ભગવાન શિવે પ્રત્યક્ષ થઈને કહ્યું, કે એકનાથ જરા પણ દુઃખી થઇશ નહીં, **તારા એ ગંગાજળનો ગધેડા સ્વરૂપે મેં જ સ્વીકાર કર્યો છે,** આમ દ્રઢ વિશ્વાસ રાખવો પડે. જેને ગુરુજીનો હોય દ્રઢ વિશ્વાસ, શ્રી ગુરુ નારાયણ પરમાત્મા, એને મળશે જ પણ,

**‘‘ગુરુજીના વેણનો રાખો વિશ્વાસ’’**

આપણામાં આવીને બેઠા છે જય મહારાજ. કહ્યું કે હું સર્વત્ર છું, ચરાચર વ્યાપક છું. કહ્યું છે ને કે,

**‘‘ચૈતન્યં શિષ્યમધ્યે’’**

**‘‘મારા રુદિયા કમળ વચ્ચે રહો છો**

**મારી હૃદયગુફામાં ઉતર્યાં’’**

પણ દ્રઢ વિશ્વાસ નથી, ડગી જઇએ છીએ અને કયારેક કયારેક અંદર બેઠેલા જય મહારાજને ભૂલી જઇને ખોટા માર્ગે પણ ચઢી જઇએ છીએ, દ્રઢતા નથી. જય મહારાજનું સ્વરૂપ મારા પોતામાં જ રહેલું છે, એવી પાકી દ્રઢતા હોય તો ખોટા રસ્તે, કુમાર્ગે જવાય જ નહીં.

**‘‘વિદિત વિશ્વ વિભૂમ્’’**

**મારા પરમાત્મા, મારા જય મહારાજ, સમસ્ત સૃષ્ટિનો વૈભવ છે, સમગ્ર સૃષ્ટિના જીવ માત્રનું કલ્યાણ કરવાવાળા ઈશ્વર સ્વયં પોતે**

જ છે.

**''વિદિત વિશ્વ વિભૂમ્ શિવમ્ ઈશ્વર''**

કલ્યાણકારી ઈશ્વર છે, અને એ પ્રાપ્ત કર્યા છે, એ આપ છો. આ સ્તુતિકર્તા કેવો હશે, કે જેને જય મહારાજના વિગ્રહમાં આટલાં મોટાં દર્શન થયાં હશે, આ મોટું આશ્ચર્ય છે. ભલે આપણે રોજ દર્શન કરતા હોઇએ, પણ પંચતત્ત્વ દર્શન જેને કહેવાય, અને જયાં બધું જ કરતા હોઇએ અને બધું જ દેખાયા કરતું હોય, મન એમ જ ભટકયા કરે, આવેગ અને આવેશમાં આવે, તો તત્ત્વનાં દર્શન થાય. પરમાત્મા સ્વયં તત્ત્વ છે, ગુરુ તત્ત્વ છે ગુરુ ભગવાન છે, પરમ તત્ત્વ છે, અને **એમનું દર્શન થાય એના માટે નિત્ય પ્રાર્થના કરીએ, કે જય મહારાજ અમારી ઉપર કૃપાદ્રષ્ટિ કરજો, અમને આ પ્રસાદી જરૂર આપજો, એના વડે અમે કૃતાર્થ થઈએ, પાવન થઇએ.**

|| જય મહારાજ ||

## પ્રકરણ-૮૨

# પરમાત્માનું તત્ત્વ જય મહારાજ

મારા ભગવાન પરબ્રહ્મસ્વરૂપ યોગીરાજ અવધૂત, મારું મન સદાય આપના ચરણકમળની અંદર ભ્રમરની માફક બન્યું રહે, ચરણમાં વૃત્તિ સદાય ભમ્યા જ કરે ભમ્યા જ કરે. જેમ ભ્રમર કમળના પુષ્પની સુગંધી, કમળના પુષ્પની શોભા જોઈને ત્યાંથી ખસે નહીં, એવી રીતે મારું મન પણ ગુરુ ભગવાન પરબ્રહ્મ જય મહારાજના ચરણોમાં નિત્ય રમ્યા કરે. ચરણોની પવિત્રતા છે, ચરણોની ગતિ છે, ચરણોની સાચી દિશા છે, એને વળગી રહેનાર આ મન ભ્રમર,

**''ચરણ ભકત ભવાબ્ધિ વિદાહકમ્''**

આપનાં શ્રીચરણો ભવસારગને સૂકવી નાખનારાં છે. એવા સમસ્ત સૃષ્ટિનું તત્ત્વ, સમગ્ર સૃષ્ટિને જાણે છે, ખૂબ સારી રીતે એના તત્ત્વને જાણે છે.

**''વિદિત વિશ્વ વિભૂમ્''**

અને સર્વનું કલ્યાણ કરવાવાળા છે.

**''શિવમ્ ઈશ્વરમ્''**

હવે એવા પરબ્રહ્મ સ્વરૂપ, એમને કહ્યું કે જય મહારાજનું સ્વરૂપ કેવું છે ? જે આ સૃષ્ટિની અંદર અજ્ઞાન છે, સૃષ્ટિની અંદર જે

વિતંડાવાદ છે, જે જુદા જુદા મતવાદીઓ છે, એ બધાયના અંધકારનું નિવારણ કરવાવાળા છે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

જુદા જુદા વાદવિવાદ, સંપ્રદાયોના ઘર્ષણ, જુદા જુદા સંપ્રદાયોની પોતાની અલગ વૃત્તિઓ, એ બધાયનો નાશ કરવાવાળા છે, સાક્ષાત પરબ્રહ્મ છે. પરમાત્મામાં કોઇ ભેદ હોતો નથી, કોઇ ભેદ છે જ નહીં, પણ જે પોતાના સંપ્રદાયભાવથી ભગવાનમાં જે ભેદ પાડે છે, એમને માટે તો જય મહારાજ બધાયનું નિરાકરણ કરવાવાળા છે, આખરે તો માત્ર એક જ,

**''વિદિત વિશ્વ વિભુમ્''**

આ જગતની અંદર માત્ર એક જ પરમાત્માનું તત્ત્વ છે, અન્ય કાંઇ છે જ નહીં. જેમ અનેક પ્રકારના ઘરેણાં હોય, કે ખાંડનાં જુદાં જુદાં રમકડાં હોય, બધાં જ ઘરેણાંમાં સોનું જ હોય આખરે, જુદા જુદા આકારનાં રમકડાંમાં આખરે તો ખાંડ જ છે, એ વસ્તુનું દર્શન કરાવી રહ્યા છે. જય મહારાજ સ્વયં નારાયણ બ્રહ્મતત્ત્વ છે, પણ જગતને વાદવિવાદમાંથી બહાર કાઢવા માટે દત્તાત્રેયનું સ્વરૂપ ધારણ કરી પધાર્યા છે. ભગવાન દત્તાત્રેયે ત્રણેય જે ઉપાસનાના મત છે, એ બધાયને એક મત કર્યો છે, વૈષ્ણવ હોય, શૈવ હોય કે શાકત હોય, જયારે ત્રણેયના સંઘર્ષ અતિ થયા હતા, ત્યારે દત્તાત્રેય ભગવાનનું પ્રાગટય થયું છે. ભગવાન દત્તાત્રેય પોતાનું સ્વરૂપ આપી કહ્યું, કે જુઓ વિષ્ણુ પણ હું છું, શિવ પણ હું જ છું અને શાકતનું મૂળ સ્વરૂપ બ્રહ્મા પણ હું જ છું. કયાં જુદાપણું છે? બધાનું મૂર્ત સ્વરૂપ માત્ર એક જ વિગ્રહ છે, અને તે ભગવાન દત્તાત્રેય. પરમાત્માના ભેદ પાડવાવાળા, જેને ભેદભક્તિ કહે છે, એ ભેદભક્તિને દૂર કરવા માટે, એનાથી દૂર રહેવા માટે ભગવાને

દત્તાત્રેનયું સ્વરૂપ લઇ આપણને સહુને એક માર્ગ બતાવ્યો, અને એના માટે કહ્યું કે જય મહરાજ સ્વયં પરબ્રહ્મ દત્તાત્રેયમાંથી જ પધારેલા છે, એટલે અહીં કહ્યું કે

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

આ બધા જે જુદા જુદા મતવાદીઓ છે, એમને શાંત કરી દીધા છે. **ભગવાનની અંદર ભેદ પાડનારો કે ભેદ જોનારો મંદબુદ્ધિનો છે. જયાં સર્વત્ર એક જ તત્ત્વ હોય ત્યાં એને જુદું કેવી રીતે કરી શકાય?** એને અલગ કેવી રીતે ગણવામાં આવે? બસ માત્ર એક જ પરમાત્મા છે. કયારેય પણ પરમાત્માને જુદા ન ગણો, ભગવાનની સર્વવ્યાપકતાને ખંડિત ન કરો. જે ભગવાન સનાતન પ્રમાણે સર્વત્ર સર્વમાં છે, અખંડ છે, સર્વવ્યાપક છે, એને સાંપ્રદાયિક વિચારો દ્વારા અલગ-અલગ કુંડાળામાં ભગવાનને આપણે મૂકી દઇએ છીએ, અને એનાથી એનક મતમતાંતર અને સંઘર્ષ ઊભા થાય, કે **મારો ભગવાન મોટો અને તારો ભગવાન નાનો, આ બાળવૃત્તિ છે, બાળ ચેષ્ટા છે. ભગવાન ક્યાંય નાનો-મોટો જોયો છે?** પરમાત્મા તો સર્વત્ર સર્વમાં એક જ સ્વરૂપ છે અને એ ભગવાનની સર્વવ્યાપકતાની અંદર ખંડન મૂકવું કે કાપ મૂકવો એ મહાન પાપ, મહાન અપરાધ છે. ભગવાનને કયારેય ટુકડો પાડી શકાતો નથી, ભગવાનને ક્યારેય જુદો પાડી શકાતો નથી. પરમાત્મા સર્વત્ર છે અને એક જ છે, પણ એને જે સમજતા નથી એવા મત-મતાંતરવાદીઓ પોત પોતાના અલગ વિભાગ લઇને બેઠેલા હોય, એમને શાંત કરવા માટે જય મહારાજ પધાર્યા છે. જય મહારાજને આંગણે જુઓ, બધા જ સંપ્રદાયવાળા આવતા હશે, જૈન પણ આવે, દરેક સાધુઓ પણ આવે કોઇપણ જાતના સાંપ્રદાયિક ભેદભાવ સિવાય, કેમ કે આ ભગવાન દત્તાત્રેયનું સ્થાન છે, અહીં

કોઇ ભેદ ન હોય, જાતિનો ભેદ ન હોય, સંપ્રદાયનો ભેદ ન હોય, કોઇ ઉપાસનાનો પણ ભેદ ન હોય, અટલે

''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''

અંધકારને દૂર કરવાવાળા છે. કોઇપણ ઈશ્વરના સ્વરૂપને માનો, કોઇપણ ઈશ્વરના સ્વરૂપને ભજો, ભલે જુદા નામથી હોય પણ એ પરમાત્મા પ્રભુ વિભૂ એક જ છે, એ જુદો છે જ નહીં, બીજું પણ નથી, જેને કહેવાય કે અદ્વૈત. પરમાત્મા એક જ છે, એમની શક્તિ પણ એક જ છે, શિવ સ્વરૂપે ભજો, વિષ્ણુ સ્વરૂપે ભજો, શક્તિ સ્વરૂપે ભજો, રામ કે કૃષ્ણ સ્વરૂપે ભજો, કોઇ પણ સ્વરૂપે ભજો, બધા જ પરમાત્માના જ સ્વરૂપ છે. અને એટલા માટે તો આપણા ધર્મગ્રંથોની અંદર આચાર્યો એ જુદા જુદા ચોવીસ અવતાર બતાવ્યા છે, પણ એ બધાય ચોવીસ અવતાર કે ચોવીસ ગુરુ અવતાર માત્ર એક જ પરમાત્મા છે. ધર્મગ્રંથો એ પણ બધાનાં દર્શન કરાવી બધાયનું એકમાં જ સમાપન કરી દીધું છે. કયારેય પણ પરમાત્માને જુદો સમજશો નહીં, ભગવાનની સર્વવ્યાપકતાને કયારેય પણ ખંડિત ન કરશો. કોઇપણ ભગવાનની હઠ લઇને બેસીએ કે આ જ ભગવાન સાચા અને બીજા કોઇ છે જ નહીં, તેને કહે છે સાંપ્રદાયિક કુંઠિતતા, સાંપ્રદાયિક જડતા જેને કહેવાય, અને એને મતાંધતા કહ્યું, એ જડતા દૂર કરવા માટે જય મહારાજ પધાર્યા છે. આપ એનું નિવારણ કરવાવાળા છો. કેટલી સરસ વસ્તુ કહી દીધી? ઉપાસનાની બાબતમાં ભલે ભિન્નતા હોય, તરસ લાગી હોય, ખૂબ જ તરસ લાગી હોય તો બહુ જ ઠંડુ પાણી હોય, ઠંડુ ન હોય, શરબત હોય, નાળિયેરનું પાણી હોય, ગમે તે હોય પણ, લાવો એકવાર. નામ જુદાં જુદાં છે, પછી તમે જેવાં પીણાં કહેતા હોય તે બધાં આવી ગયાં, પીવે એટલે શું થાય? તૃપ્તિ થાય. તો

એ ગમે તે વસ્તુ લઇને આપણે પીએ, આખરે છીપાવવાની તો તરસ જ ને! હાશ મારી તરસ શાંત થઇ, પછી તમે લોટામાં લઇને પાણી પીવો, કે પ્યાલામાં લઇને પાણી પીવો, કે વાડકીએ પીવો, પણ એ જુદાં જુદાં પાત્રોની અંદર પાણી તો એક જ, અને પીધા પછીથી સંતોષ પણ એક જ, મારી તરસ છીપી. બસ આટલું જ સમજીએ તો પણ ખ્યાલ આવે, કે આ જુદી-જુદી સાંપ્રદાયિક ખેંચાતાણ એ મૂર્ખતા છે. એ વાસ્તવિકતા નથી, એ સાચું નથી. ભલે કોઇ આકસ્મિત વિચારધારાને આપણે સ્વીકારી લઇ ભગવાનને જુદો પાડીએ, એ પણ યોગ્ય તો નથી જ, એ પણ અપરાધ જ છે. જય મહારાજનું સ્વરૂપ, જય મહારાજનો વિગ્રહ એટલા માટે છે, કે આવો, જય મહારાજના આંગણે બેસો, એમાં બૌદ્ધ પણ હશે, જૈન પણ હશે, બધા જ આવીને બેસે અહીં, બધા જ સંપ્રદાયોવાળા પણ આવીને બેસે છે, કેમ કે જય મહારાજ તો,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

આ મત-મતાંતરવાદીનું નિરાકરણ કરવાવાળા છે, એનો નિકાલ કરવાવાળા છે, આવો બધા જ બેસો. જયારે મહારાજશ્રી અહીંયાં બિરાજતા હતા ત્યારે, મહારાજશ્રી તો પરબ્રહ્મ છે, બ્રહ્મ તત્ત્વ છે એટલે કોઇપણ સ્વરૂપનાં દર્શન આપી શકે,જે પણ કોઇ ઉપાસક જેની ઉપાસના લઇને આવ્યો હોય એને જય મહારાજમાં એના ઈષ્ટદેવનાં જ દર્શન થાય.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

મતવાદીઓના અજ્ઞાનને દૂર કરવાવાળા છે. કોઇ રામની ઉપાસના લઇને આવ્યો, કોઇ કૃષ્ણની ઉપાસના લઇને આવ્યો, એને જય મહારાજમાં એમનાં જ દર્શન થાય. પોતે બ્રહ્મસ્વરૂપ છે, અને આ બધાં જ સ્વરૂપ એમનાં જ છે, એટલે આવેલા સાધકને

પણ એમ થાય કે, ના ના હું તો મારા ઇષ્ટદેવ માટે બરાબર જગ્યાએ આવ્યો છું, જય મહરાજ એને એની શ્રદ્ધા ભકિત પ્રમાણે દર્શન આપે. એને સંતોષ થાય કે હું જેની ઉપાસના કરું છું એનાં મને દર્શન થયાં. આમ,

**''સકલ શાસ્ત્ર રહસ્યવિદં''**

સકલ શાસ્ત્રનું રહસ્ય, અને એ રહસ્યનું સ્વરૂપ, એને પણ પોતે જાણવાવાળા છે, એ જેને મળ્યા,

**''મમ દૈવતમ્''**

એ જ મારા ગુરુ, એ જ સદ્ગુરુ છે, કે જેમનામાં અમને પૂર્ણ આનંદ છે, પૂર્ણ સંતોષ છે. એટલે પછી એની અંદર તમને પૂરેપૂરી તૃપ્તિ છે, કે આ તો અમારા જ ભગવાન છે. નામ શું રાખ્યું? જય મા'રા જ, બીજા કોઇના પણ નહીં. કેટલો સરસ શબ્દ છે? કૃષ્ણનો ઉપાસક આવે અને કહે કે જય મા'રાજ. દરેકને પોતાનો વ્યક્તિગત દાવો કરવાનું મન થાય, કોણ? મા'રાજ છે, બીજાના નહીં.

''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''

દર્શને આવનાર દરેક સાધક ભક્તને જય મહારાજમાં પોતાનું મમત્વ થયા વગર રહે જ નહિ. બસ મહારાજ છે, મને કેટલો પ્રેમ આપે છે, મારી સાથે કેટલી સરસ વાતો કરે છે, મને આદર પણ આપ્યો. કોઇપણ આવ્યો તેને જમાડ્યો પ્રસાદ પણ આપ્યો, કે લે, આ છે દરેકને જય મહારાજનમાં પૂરેપૂરો સંતોષ, દરેકને એમ થાય કે જય મહારાજ તો મારા જ છે, એટલે એક વ્યકિતગત સંબંધો થઇ ગયા દરેકને, કે જય મહારાજને હું સારી રીતે જાણું છું. જય મહારાજ મને સારી રીતે ઓળખે છે. અમારો

અંગત પરિચય છે. કેટલો સરસ ભાવ? એકબીજાને સંબોધન કરવાનું પણ કેટલું સરસ છે, જય મહારાજ. ભગવાનની જય બોલાવીએ છીએ, પણ આપણી સફળતા કયારે ઇચ્છીએ? તો જય એટલે સફળતા, મારાજ, મારી જ સફળતાઓ, અને મારી સળફતા કઇ? બીજી કોઇ નહીં, આ દુનિયાદારીની નહીં, સાંસારિક દુનિયાની નહીં, પોતાની આત્માનુભૂતિ,

''અચલ મોક્ષયુતં''

જેની અચળતા છે માત્ર આત્માની, બ્રહ્મની, એના સિવાય અન્ય ગતિ નથી.

**''નાન્યેવ નાન્યેવ નાન્યેવ ગતિરન્યથા''**

બીજી કોઇ ગતિ નથી માત્ર એક પરમાતમા સિવાય, અને એમાં ભગવાને ગીતામાં કહ્યું છે કે

''સર્વત્ર સમ દર્શન''

બધામાં મને જુવો.

**''યો મામ્ પશ્યતિ સર્વત્ર સર્વમ્ ચ મયી પષ્યતિ''**

બધામાં મને જુવે અને મારામાં બધાને જુએ, કયાં ઊંચનીચતા રહી? વર્ણભેદ પણ કયાં રહ્યો? ભગવાનની આગળ સર્વ સમાન છે.

**''સંમોહમ્ સર્વ ભૂતેષુ''**

હું બધાને માટે સમાન છું. જો જય મહારાજ માટે કહ્યું હોય કે,

**''પુરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

તો પછી એમના માટે કોણ નાનું અને કોણ મોટું? કયો

ભેદ? સર્વત્ર એક સમાન.

**''હરિ વ્યાપક સર્વત્ર સમાના પ્રેમ તે પ્રગટ હોઇ''**

ભક્તિથી, શ્રદ્ધાથી, પ્રેમથી ભગવાન પ્રગટ થશે જ, તે સર્વત્ર છે. હવે આટલી બધી આપણા શાસ્ત્રગ્રંથોની દ્રઢતા બતાવી. આખરે પરમાત્મા એક જ છે, તો ઉપાસનાઓ અંગત, અનેક, અલગ-અલગ હોય, અને છતાંય અંધકાર, જડતાનો અંધકાર. **અજ્ઞાનના અંધકારને કારણે ભગવાનને પણ વિભકત કરી નાખે છે, જુદા જુદા પાડી નાખે છે, અને એટલે જ આપણા આખા રાષ્ટ્રના સમાજની અંદર એકતા નથી,** દરેક પોતપોતાનો ચોકો કરીને બેસી ગયા છે, કે આપણું આટલું. અરે આખો સંસાર ભગવાનનો છે, અને આખી સૃષ્ટિના આપણે બધાય એ ભગવાનના જ છીએ, કયો ભેદ કયો સંપ્રદાય રહ્યો? છતાં માણસને એની વિકૃતિઓ, કોઇ એવા પ્રકારના એના માર્ગદર્શન હોય એના કારણે એની શ્રદ્ધા ઉપર કુઠારાધાત જેવો દૂરુપયોગ થતો હોય. આ જગતમાં માનવ આવ્યો, પગ મૂક્યો, ત્યારથી આજ સુધીના બધા જ માનવીના જીવનની અંદર ભગવાનની આવશ્યકતા દરેકને પડી છે. જંગલના કોઇક ખૂણે પણ એ વનવાસી હશે, અભણ હશે, એ પણ પોતાની રીતે પણ ઈશ્વરની આરાધના કરતો હશે, તો ઈશ્વર તો બધી જ ભાષાઓ જાણે છે, દુનિયાની દરેક ભાષાઓ, અરે પશુ-પક્ષીઓની ભાષાઓ પણ એ જાણે છે, એમની પ્રાર્થનાને પણ ભગવાન સ્વીકારી લે છે. ગજરાજની પ્રાર્થના ભગવાને સ્વીકારી, એ તો પોતાની ભાષામાં જ બોલ્યો હશે, તો ભગવાનને કેવી રીતે ખબર પડી હાથીની ભાષા? દ્રૌપદીએ પણ પોકાર્યા ભગવાનને, એમણે માણસની ભાષામાં પ્રાર્થના કરી, ભગવાન કેટલી ભાષાઓ જાણતા હશે? ભગવાનને કોઇપણ રીતે માત્ર તમે યાદ

કરો, એ આવશે જ, કોઇપણ નામથી, કોઇપણ સ્વરૂપથી એવું નથી કે તમે આની ઉપાસના કરો છો એટલે બીજા નહીં આવે, અને બીજાની ઉપાસના કરો છો તો આ નહીં આવે, દરેક સ્વરૂપ એક જ છે, અને તમને આ લેવા નહિં આવે ને, આટલા બધા છે તેમાંથી કોણ લેવા આવશે, એ અજ્ઞાનનો અંધકાર છે, અમને જ ભજો અમે ચોકકસ આવીશું લેવા માટે. આ છે અજ્ઞાન, તો આવા જે અજ્ઞાનો છે, તેનું નિવારણ કરવા માટે જય મહારાજનો વિગ્રહ છે, જય મહારાજનું અવતરણ છે, અને એને કહ્યું કે,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

જય મહરાજને શરણે, જય મહારાજને આંગણે, જય મહારાજને દ્વારે જેને પણ આવવું હોય તે આવો, જય મહારાજનું દિલ વિશાળ છે, સર્વત્ર સર્વ વ્યાપક છે, કહી દીધું છે ને કે,

**''પુરણ બ્રહ્મ ચરાચર વ્યાપક''**

નહી તો સીમિત ના કહી દીધા હોત, કે આટલામાં જ છે આપણા જય મહારાજ, પણ સર્વત્ર

**''તમે સર્વે અંગે વ્યાપી રહ્યા''**

દરેકમાં દરેક અંગ અંગમાં આપ વ્યાપ્ત છો. ભગવાન બધાયને ઓળખે છે, બધાયને જાણે છે, દરેકમાં એ પોતે સ્વરૂપે બિરાજે છે, એમનાથી અન્ય કોઇ બીજું ચેતન તત્ત્વ આ જગતમાં છે જ નહીં, એ સર્વમાં છે સર્વત્ર છે. હા, એ ચૈતન્ય એમાંથી બહાર નીકળી જાય પછીથી એ ભગવાનથી જુદો થઇ ગયો. સર્વમાં એ જ છે, **એટલે સાંપ્રદાયિક સંકુચિતતાઓને મનમાંથી ભૂંસવી જ પડશે, સર્વત્ર એક જ પરમાત્મા જુદા જુદા સ્વરૂપે છે એમ સમજીને જ ચાલવાનું.**

**''નદી એક હૈ પનઘટ અનેક''**

ઘાટ તો અનેક હોય, પણ નદી તો એક જ છે. એક જ ઈશ્વરરૂપી નદી ઉપર જુદા જુદા સાંપ્રદાયિક ઘાટ બાંધેલા હોય, પાણી બધાયે લેવાનું છે અને બધાએ લીધું છે, પણ એક જ નદીમાંથી, માટે ભક્તિની નદી વહી રહી છે, જુદા જુદા નામથી ભક્તિ ભલે કરીએ, જળ તો આખરે ભક્તિ નામનું એક જ છે, અને એ જય મહારાજના વિગ્રહમાં મળશે, દર્શન થશે, જય મહારાજને ત્યાં, જય મહારાજના આંગણે જ આટલી ઉદારતા મળશે તમને,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

બધી જ અજ્ઞાનતાઓ દૂર કરવા માટે જ મહારાજશ્રીનું અવતરણ છે, અને એમનો આ વિગ્રહ છે, બસ આટલી જ સમજણ એની અંદર બતાવી દીધી,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

મત મતાંતરવાદીઓના અંધકારને, અજ્ઞાનને દૂર કરવા માટે જ જય મહારાજ પ્રગટ થયા છે, કોઈપણ આવ્યો હોય, બેસો, સંતો આવે, વૈષ્ણવ સંતો આવે કે કબીર સંતો આવે કે દશનામી શૈવ સંતો આવે, બધા જ મહારાજને ત્યાં ભજન કરે, ભોજન કરે, સત્સંગ કરે, નિવાસ કરે અને દરેકને એમ થાય, કે અરે યે મંદિર મેં તો બડા અચ્છા લગતા હૈ, આપણું સ્વાગત થઇ રહ્યું છે, **દરેક પ્રત્યે સમાન દ્રષ્ટિ, કેમ? બસ એક જ તત્ત્વ,**

''નિખિલ વાદિમતાંધ નિવારકમ''

તમારા એ સંસ્કારને એ તોડાવી નાખે, કે ભાઇ શાંતિ રાખો, પરમાત્માનું સ્વરૂપ આ સૃષ્ટિમાં એક સિવાય અન્ય છે જ

નહીં. આવા ભાવ સાથે જય મહારાજના સ્વરૂપને આપણે નિત્ય વંદન કરીએ, કે જય મહારાજ અમને પણ આવી સમજણ આપજો, સારી બુદ્ધિ આપજો, કે કયારેય પણ આપના વ્યાપક સ્વરૂપને ખંડન કરવાનો અપરાધ કે પાપ અમે ન કરીએ.

|| જય મહારાજ ||

## પ્રકરણ-૮૩

# વિદિત વિશ્વ વિભુમ્

અંધકારનું નિવારણ કરનાર, પરાત્પર પરબ્રહ્મ તત્ત્વ એવા અવધૂત, એ આપણી સમસ્યાઓનું સમાધાન કરવાવાળા છે, નિવારણ કરવાવાળા છે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

અનેકની શંકા સમાધાન, પણ જિજ્ઞાસાઓની હોય, શંકા હોય, તેનું નિવારણ કરવાવાળા છે જય મહારાજ. જગતના જીવની અનેક સમસ્યાઓ હોય, લૌકિક સમસ્યાઓનાં સમાધાન પણ એના જીવનને શાંત કરવા માટે જય મહારાજ આપે, અને જયારે અધ્યાત્મની કક્ષાએ આગળ વધવા માટે ઈચ્છા કરે, તો એની આધ્યાત્મિક જીજ્ઞાસાઓનું પણ નિવારણ કરવાવાળા છે.

**''કહો માયા ઈશ્વર જીવ શું નિર્મળ નામી રે''**

આ કોને કહેવાય, કયાંથી, આ છે શું બધું? એ અજ્ઞાનતાનું નિવારણ, શંકાઓનું સમાધાન, માર્ગદર્શન આપવાવાળા છે. માનવ જીવનની અંદર સમસ્યાઓ તો રહેવાની જ છે, ધર્મ માર્ગે પણ જયારે એના મનની અંદર શંકા કુશંકા, જિજ્ઞાસા ઉત્પન્ન થાય, એ સમસ્યાઓ એને સતાવ્યા કરે, એનું નિવારણ કેવું હોઇ

શકે, એ માર્ગ ઉપર કેવી રીતે આગળ વધાય? આ જગત શું છે? જગતની મોહમાયા શું છે? મન કેમ સ્થિર નથી થતું, જયારે બેસીએ છીએ ભજનમાં? આ બધી સમસ્યાઓ દરેકના માર્ગની અંદર આવીને ઊભી રહેતી હોય છે, જય મહારાજ એ સક્ષમ વિભૂતિ છે, આપી સૃષ્ટિનું બ્રહ્મ તત્ત્વ છે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

સમસ્યાઓનું સમાધાન કરવાવાળા એ જય મહારાજ છે, અને જય મહારાજના સ્વરૂને 'અચલમોક્ષયુતં' કહ્યું, અને એને જ આગળ લઇ જઇ કહ્યું કે આપ તો સકલ શાસ્ત્ર રહસ્યવિદં છો, જગતના વિદિત વિભુ પણ આપ છો. આમ અનેક બાબતોને સ્પષ્ટ કરતાં કરતાં સર્વના જીવનને સંતોષ આપવાવાળા છો. જીવન અનેક સમસ્યાઓથી ખરડાયેલું છે, ભરેલું છે, એને દૂર કોણ કરશે? એ શક્તિ અને સામર્થ્ય કોની પાસે હોય? ઘણીવાર ઘરના માણસો પણ એ સમાધાન નથી કરી શકતા. ગઇકાલે જ એક નવમા ધોરણમાં ભણતી છોકરી, કહે કે મહારાજ હું બહુ જ હેરાન છું, હું બહુ જ ડિસ્ટર્બ્ડ છું, અને બહાર સમાધાન કરું છં તો અંદરથી ઊભું થાય છે, અને અંદરથી કરું તો બહારથી ઊભું થાય છે, મારા ઘરમાં એટલી બધી અશાંતિ છે. હજુ નવમા ધોરણમાં ભણે છે, પણ જોયું કે એનામાં એટલી બધી માનસિક અસ્થિરતાની અવસ્થા હતી, એટલા બધા બોજ નીચે દબાયેલી હતી, ટેન્શનવાળું જેને કહીએ. એમ થાય કે આટલા નાના બાળકના જીવનની અંદર આ સમસ્યાઓ ઊભી થાય, વડીલો પણ નહીં સમજતા હોય. ઘરમાં મમ્મી પણ ઘરચિયાં કરે રાખે, પપ્પાની નોકરી નથી એટલે પરિસ્થિતિ તંગ છે, ફી ભરવાની છે, બુકસ લાવવાની છે, કહે કે હવેથી આ બધું મારે છોડી દેવું છે. કહે કે હું

સમજાવું તો કોઇ સમજતું નથી, અને આખો દિવસ ઘરમાં તણાવવાળું વાતાવરણ રહે છે. વિચાર કરો કે એક આવા નાના બાળકના મનની અંદર પણ જો આવી માનસિક સ્થિતિ સર્જાતી હોય, તો એ કયાં જાય? કોની પાસે જાય? કહે છે કે બહારનું શાંત કરવા જાઉ તો અંદરનું ભડકે બળે છે, અને અંદરનું શાંત કરવા જઉ તો બહાર ભડકે બળે છે. હવે આવડું નાનું બાળક, પછી આપણે કહ્યું કે બેટા તારા પપ્પાને લઇને આવજે. તો જીવનના આવા ઘણા બધા સમાધાન શોધવા કયાં જવું? જીવનની સમસ્યાઓને કયાં શાંત કરવી? જય મહારાજ તો આપણને નડિયાદમાં સુલભ છે, પણ બીજી દુનિયાનું શું થતું હશે, કે ચાલ મહારાજ પાસે જાઉં, જ્યોત સામે પ્રાર્થના કરી મહારાજને પગે લાગી કહીશું કે મહારાજ મારું સમાધાન કરો, મારી સમસ્યા દૂર કરો, પણ બીજા લોકો કે જ્યાં ભગવાનના મંદિર નથી, જ્યાં સાધુ-સંતો નથી, તેઓની કેવી અવદશા હશે? તો જય મહારાજના સ્વરૂપને અહીંયા આગળ, સ્તુતિ કરનારે શ્રદ્ધા પૂર્વક જય મહારાજમાં જે દર્શન થયાં તે આપણને આપ્યું, કે જુઓ જય મહારાજ આવા છે, તમે ગભરાશો નહીં. તમને માર્ગદર્શન મળ્યું હતુ આ સ્તુતિના ભાવ શબ્દોથી, કે જાવ બાપજી પાસે જતા રહો, કેમ?

**''વિદિત વિશ્વ વિભુમ્''**

આખા સમસ્ત વિશ્વને જાણવાવાળા છો, અને કેવા છો?

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

એના બધાય સંશયોનું નિવારણ કરવાવાળા આપ એક જ છો. માણસ પાસે પોતાની સમસ્યાઓનું સમાધાન મળે જ નહીં તો માણસ ગાંડો થઇ જાય, ક્યાં જઉં? શું કરું? આત્મહત્યા તરફ દોટ મૂકે. સાચું સમાધાન ન મળે તો તે પોતાની સમસ્યાના સમાધાનમાં

આત્મહત્યા તરફ જવા નીકળે. એક વાત છે, કે **જીવનની સમસ્યાઓનું નિરાકરણ આત્મહત્યા તો નથી જ. આત્મહત્યા એ જીવનની સમસ્યાઓનું સમાધાન નથી જ, એટલે ક્યારેય પણ મનમાં એવો વિચાર ન કરવો, કે ચાલ આ સમસ્યાથી થાક્યા છે તો આત્મહત્યા કરી લઈએ, જીવનનો અંત આવશે પણ સમસ્યાનો નહીં જ આવે, એટલે આવી ગાંડી દોડ આત્મહત્યાની એ જીવનની સમસ્યાઓનો સાચો ઉકેલ ક્યારેય આપી શકતી નથી, અને આપી શકવાની પણ નથી.** એના માટે જે કોઇ મહાપુરુષ, કોઇ સંત વિભૂતિ ના શરણે જાવ, કે બાપજી દુઃખી છું, આપનો આશ્રય લઇને આવ્યો છું, બસ એ મહાપુરુષના સાનિધ્યમાં બેસતાં જ, મહાપુરુષના સાનિધ્યને જવા દો, ઘરમાં જયાં દીવો કરો છો ત્યાં જઇને બેસી જાઓ છો કે નથી બેસી જતા? ઠાકોરજી હવે મનને શાંતિ આપો, દુઃખી છું, સમાધાન આપો, આ ઘરમાં આ પરિવારમાં આ સમસ્યા છે, તેનો ઉકેલ આપો, આવું કર્યું છે ખરું કોઇ વાર? કેમ આમ? કેમ કે શરણ જોઇએ છે, ભગવાનનું શરણ ક્યાઃક મળી જાય. તો આમ, આવી બધી આપત્તિઓનો એકમાત્ર માર્ગ અને દરવાજો એક જ, કે આપણા જય મહારાજ. ચાલો મારા સદ્ગુરુ મારા ઇષ્ટદેવ જે હોય તેમની પાસે પહોંચી જાવ, પ્રભુ આપને શરણે છું, કાંઇક સમાધાન આપો.

**''આરતમાં આવ્યો છું શરણે રે,**
**શબદ મુને સંભાળવો કરણે રે''**

હું તો દુઃખી થઇને આપની પાસે આવ્યો છું, દુઃખ દૂર કરવા માટે, સમસ્યાઓના સમાધાન માટે કોઇ વિભૂતિની પાસે પહોંચી જઇએ.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

સૌના દુઃખનું નિવારણ, સૌની સમસ્યાએનું સમાધાન, આપણા ઇષ્ટદેવ પાસે જાવ, જય મહારાજ ચોકકસ આપશે જ. સ્તુતિકર્તાને કેટલો બધો અનુભવ થયો હશે ત્યારે આ શબ્દોથી જય મહારાજને સંબોધ્યા હશે? દર્શન થયું હશે ત્યારે જ ને? અને આપણે તો અનભિજ્ઞ રહી જાત, પણ સ્તુતિકર્તાનો એટલો ઉપકાર માનો કે આપણને જય મહરાજના સ્વરૂપનાં દર્શન કરાવી દીધાં. જય મહારાજનું સ્વરૂપ કેવું છે જય મહારાજમાં કેવી શક્તિ પડેલી છે?

**અજ્ઞાનના અંધકારને દૂર કરીને સમજણનું સાચું અજવાળું આપવાવાળા જય મહારાજ છે.**

**''અંધકાર નિવારકમ્''**

જીવનના અંધકાર દૂર કરવાવાળા આપ છો, જીવનમાં ઘણી બધી અણસમજ છે, ઘણું બધું અજ્ઞાન છે, જીવનની અંદર ઘણી બધી એવી કુટેવો છે, એવી વિકૃતિઓ છે, અને એ બધાનો અંધકાર મને હેરાન કરી રહ્યો છે, અને એ અંધકારને હું મારી જાતે દૂર કરી શકતો નથી, માટે હે જય મહારાજ હું આપને શરણે છું, આ બધો અંધકાર આપ દૂર કરી શકો એમ છો.

અમારા જીવનનું અંધારું આપે જ દૂર કરવાનું છે.

**''અજ્ઞાન અંધારું ગયું,**
**ગુરુ ગમે અજવાળું થયું**
**સાચું સુખ સાગરે કહ્યું,''**

જય મહારાજના શબ્દો છે, કે ગુરૂ મહારાજના શ્રીમુખેથી મળેલા શબ્દો દ્વારા જ સાચા સમાધાન સુધી જઇ શકીશું.

**''જાસુ બચન રવિ કર નીકર''**

એ વચનની અંદર જ એટલો બધો પ્રકાશ હોય, એટલું બધું અજવાળું હોય શબ્દોમાં, જય મહારાજના શ્રીમુખમાંથી નીકળેલા શબ્દો, એટલો બધો પ્રકાશ આપે, અજવાળું આપે, પેલું અજ્ઞાનનું અંધારું,

**''મતાંધ નિવારકમ્''**

**''જાસુ બચન રવિ કર નિકર''**

સૂર્ય સમાન તેજ, વાણીમાં પણ બળ ઓજ-તેજ હોય છે, એ ઓજ-તેજ વડે સામા માણસના જીવનની અંદર જે પણ વ્યસન વિકૃતિઓ, વાસનાઓ છે, એ આપોઆપ દૂર થઇ જાય. માત્ર શબ્દના અજવાળાથી, કે હું ખોટે રસ્તે છું, મારા જીવનમાં મારાથી આ પાપ થઇ રહ્યાં છે, હું આ દુરાચાર કરું છું, જય મહારાજે મને જાગ્રત કર્યો, આજથી હું આ છોડી દઇશ.

**''મળ્યા ગુરુ નારદને સુખ રાશિ**
**તો ટળી તત્ક્ષણ માહી ચોરાશી''**

કહ્યું કે તારા પરિવારને જઇ અને પૂછી આવ, આ મારા લૂંટનો માલ ખાઇને મજા કરો છો, પણ એ માલ લઇને આવું છું અને એનું જે પાપ થાય છે, તેના તમે ભાગીદાર ખરા કે નહીં? બધા કહે છે કે ના, જે પાપ થાય છે તે તો તારે જ ભોગવવાનું, આંખ ઉઘડી ગઇ, અંધારું ગયું.

**''ગુરુ ગમે અજવાળું થયું**
**સાચું સુખ સાગરે કહ્યું''**

સાચી વસ્તુ છે, કે આ અનીતિનું, ભ્રષ્ટાચારનું લઇ આવું

છું, બધા એ ખાય છે, બધા જ મજા કરે છે, ગાડીઓ ફેરવે છે, બંગલામાં રહે છે, લહેર કરે છે, વિદેશ ફરવા જાય છે, આ જે ભ્રષ્ટાચાર છે એ અપરાધના ભાગીદાર? કોઇ નહીં. વાલીઓ લૂંટારો મટી અને વાલ્મિકી ઋષિ થયો, કેમ?

**''મતાંધ નિવારકમ્ ગુરુમ્''**

જય મહારાજ આપ અંધકારનું નિવારણ કરવા માટે સમર્થ છો, આપ બ્રહ્મત્વ પોતે જ છો, તો

**''જ્ઞાન ગઢ દ્રઢ ધ્યાન ધીરજ મહત જન આભરણ''**

આ જે જ્ઞાન છે, એમાં ધીરજ અપાવનાર, દ્રઢ બનાવનાર, એ જય મહારાજનું સ્વરૂપ છે. એનાથી જ જીવાત્માનું કલ્યાણ થાય. જીવાત્માનો ઉદ્ધાર કરવા માટે જય મહારાજ આ વિગ્રહ લઇને આ ધરતી ઉપર પધાર્યા છે, આપણા સહુના કલ્યાણ માટે જ આવ્યા છે, બાકી એમને તો આવવાનું કોઇ પ્રયોજન જ નથી. સ્વયં બ્રહ્મ છે, બ્રહ્મ તત્વ છે, સ્વયં બ્રહ્મ ચેતના છે, એમને આ દુનિયામાં આવવાની જરૂરત જ ન હતી, આ કીચડમાં? કીચડ વિકૃતિઓનો, વાસનાઓનો, સમસ્યાઓનો, દુઃખનો, અપરાધોનો જ્યાં જુઓ ત્યાં કીચડ. એમાં આવવાની ક્યાં જરૂર હતી? પણ જીવો ઉપર દયા કરીને,

**''પરમ દયાળ''**

આપ તો કૃપાળુ છો, પરમ દયાળુ છો,

**''કોટિ અપરાધ વિસારી**
**પૂરણ પ્રેમ દયાળની મૂર્તિ''**

એટલા માટે જ પધાર્યા છે જય મહારાજ, અને એ જ આપણને સાચા માર્ગે, સાચી દિશામાં, સાચા સુખ શાંતિના માર્ગે

લઇ જશે. જીવનનાં બધાં જ અંધારાં ઉલેચી નાખશે. નહીં રહેવા દે. એટલી આપણી અંદરની તૈયારી હોય, એટલી જાગ્રત અવસ્થા હોય, તો જીવનમાં અજ્ઞાનનું અંધારું સહેજ પણ નહીં રહેવા દે. રાગદ્વેષ, માન-અપમાન, સુખ-દુઃખ, આ બધું જ કાઢી નાખશે, ભગવાને ગીતામાં સ્થિતપ્રજ્ઞમાં એ જ વાત કરી, ભક્તના લક્ષણોમાં પણ એ જ વાત કરી, અરે ગુણાતીતમાં પણ એની એ જ વાત કરી છે,

**''માનાપમાનયોસ્તુલ્યોસ્તુયો મિત્રારિપક્ષશયોઃ''**

બધું જ, અપમાન થયું તો એનો કલેશ નહીં અને સન્માન મળ્યું તો એનો હર્ષ નહીં. પોતાની જાતને એટલી બધી સ્થિર રાખે, કે સન્માનમા ફુલાઇ ન જાય અને ક્યાંક અપમાન થતું હોય, ગાળો બોલાતી હોય ત્યાં દુઃખી થઇ અને આવેશમાં ન આવી જાય. બહુ જ અઘરું કામ છે. બધાયની સ્થિતિ કાગડા જેવી છે, એક જંગલનું શિયાળવું પ્રશંસા કરે, એટલે કાગડાભાઇ ફુલાઇ જાય, અને પોતાના જીવનમાં જે સાધન હાથમાં આવ્યું છે એ ગુમાવવું પડે. તો જીવન સાધનને સન્માર્ગે લઇ જવા માટે માન અપમાન સન્માનથી દૂર રહેવું. મહારાજ અમારે તમારું સન્માન કરવું છે, ના બસ હું શાંતિથી રહું છું, અડચણ નથી એટલું જ બહુ છે, મારે સન્માનની કોઇ જરૂર નથી, હું એને લઇને શું ફરું? અને સન્માન કર્યા પછી તમારી વૃત્તિઓ બદલાય અને હેરાન કરો તો?? એના કરતાં આ સન્માન વગર આપણા સંબંધો કેટલા સારા છે? આવું આપણે કહેલું પણ છે. તમે પણ આનંદમાં અને હું પણ આનંદમાં છું. આપણને એ બધું જોઇતું જ નથી.

**''મનાપમાનાયો સ્તુલ્યો''**

પોતાની વૃત્તિઓ જ્યાં સુધી સંતુલિત ન થાય, રાગદ્વેષમાં,

લોભની અંદર, લાભ-હાનીમાં ડગી ન જાય, ત્રાજવાને સ્થિર રાખવું એ સહેલું નથી, અને જોખતી વખતે વધતું ઓછું કરી નાખવું એ તો આપણી વૃત્તિઓ છે. તો સમતુલન રાખવા માટે ભગવાને કહ્યું કે, સ્થિતપ્રજ્ઞના લક્ષણોની અંદર કે, તે સમાન રહે છે. તો જીવનને સ્થિર, સંતોષ અને શાંતિકારક રીતે જીવવું હોય તો મહારાજના શરણે આવી. જય મહારાજને એટલું જ કહીએ, કે મારા મનની વૃત્તિઓ સદાય શાંત અને સ્થિર બની રહે, અને ત્યાં સુધી પહોંચવા માટે અમારા જીવનનો જે પણ કાંઇ અજ્ઞાનનો અંધકાર હોય, કે અણસમજનો અંધકાર હોય, એ બધું જ આપ દૂર કરી આપો. હંમેશાં નમ્રતા હશે, ધીરજ હશે, તો જ આ બધું ધીરે ધીરે ધીરે મળશે. જય મહારાજ કેવા છે,

**''ધૈર્યાદિ સદ્‌ગુણયુતં શુભશાંતવૃત્તિ''**

શુભ શાંત વૃત્તિવાળા છે. એવી ધીરજ, એવી શાંત વૃત્તિઓ જય મહારાજની, રોજ સ્તુતિ કરતાં આપણામાં થોડી થોડી આવતી જાય. પરિસ્થિતિની અંદર આપણી જાતને આપણે સંભાળી રાખીએ, ક્યાં તો અતિ વ્યામોહમાં ન પડી જવાય, છે એ તો સ્થિતિ, જેમ ભગવાન બુદ્ધને ગાળો બોલી જાય, ગાળો બોલી જાય, છતાં પણ એ સ્થિર રહે, શિશુપાળ હજાર ગાળો બોલે ત્યાં સુધી શ્રીકૃષ્ણ સ્થિર રહે, આ છે. ધર્મગ્રંથોની અંદર, આવી વાતો ઉપર આપણને દિશા નિર્દેશ કરે છે, કે જુઓ ભગવાનની માફક ધીરજવાળા થાવ. શિશુપાલે નવસો નવાણું ગાળો બોલી છે ત્યાં સુધી ભગવાન સ્થિર ધિર ગંભીર રહ્યા છે. ભગવાન રામને લંકા પાર કરવી હતી તો સમુદ્રની પ્રાર્થના કરી ત્રણ દિવસ તપ ધ્યાન કર્યું, આનું નામ ધૈર્ય, તો એ ધીરજ અમને મળે. જય મહારાજને એટલી જ પ્રાર્થના કે આપ તો,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

આટલા બધા શક્તિશાળી છો, સમસ્ત સૃષ્ટિના અંધકાર દૂર કરવાવાળા છો, અમારા અંતઃકરણનો અંધકાર આપ દૂર કરજો, બસ એથી વધારે અમારે કાંઇ નથી જોઇતું. અમારા અંતઃકરણની અંદરનો અંધકાર દૂર થશે, તો બસ અમારું કલ્યાણ થઇ ગયું. અંતઃકરણનો અંધકાર દૂર કરવા માટે જ સદ્ગુરુને શરણે જવું પડે, કે બાપજી આપ તો જ્ઞાન પ્રકાશ છો, સમજણને અજવાળે હવે અમને અજવાળો.

**''સમજણ આપી સમજાવ્યા''**

વિદ્વાનોની ભાષામાં એને જ્ઞાન કહીએ, અને સાદી ભાષામાં કહે છે એને સમજાવ્યું, તો એની પાછળનો ઉદ્દેશ માત્ર એટલો જ, કે મનની અશાંતિઓ દૂર થઇ જવી જોઇએ. જીવન જીવવાની અંદર હળવાશ આવવી જોઇએ. **જ્યારે પણ જીવન જીવવામાં હળવાશ આપણને અનુભવાય ત્યારે સમજવાનું કે આપણી ઉપાસના સફળ થઇ. એ તો અનુભવ દરેકને થતો હશે કે હું ક્યાં છું, મારું માપ કેટલું છે, એ માપ પોતાનાથી જ પોતાના વડે જ કાઢી શકાય.** પોતાની વૃત્તિઓ, પોતાનો ક્રોધ, પોતાની વિકૃતિઓ, આ બધું જ ક્યાં છે એ પોતે જ માપ્યા કરે, પછી એમ કહેવાનું મન થાય કે,

**''ગુરુજી હું તો ભૂલ્યો ભમું છું કયાંય રે**
**મુજને સમાવો માંહ્ય રે**
**હરિદાસ કહે ઝાલો બાહ્ય રે''**

બસ ભટક્યા કરીએ છીએ, હવે આપને શરણે આવ્યા છીએ. અને સાચે જ, દિશા ક્યાંય ન સૂઝતી હોય, જીવન ભટકતું

થયું હોય, તો જય મહારાજને શરણે જ આવવું પડે, કે ચાલો જય મહારાજ દ્રષ્ટિ આપશે, દિશા આપશે, ગતિ પણ આપી દેશે. તો આમ જય મહારાજના સ્વરૂપને આપણે,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

અજ્ઞાનના અંધકારને દૂર કરવાવાળા આપ સમર્થ પ્રકાશ સ્વરૂપ છો, એ પ્રકાશસ્વરૂપના જય મહારાજનાં દર્શન આપણને કરાવ્યાં. તુલસીજીએ કેવી સરસ વાત કરી છે,

**''જાસુ બચન રવિ કર નિકર**

**બંદઉં ગુરુ પદ પરમ પ્રકાશા''**

ગુરુ મહારાજ, આપના ચરણોમાં પ્રણામ, વંદન. આપનો એક શબ્દ, એક વાક્ય, મારા અંતઃકરણના, મારા સમસ્ત જીવનના અજ્ઞાનના અંધકારને પૂરેપૂરું હટાવી શકે છે.

**''નિખિલ વાદિ મતાંધ નિવારકમ્''**

|| જય મહારાજ ||

## પ્રકરણ–૮૪

# મતાંધ નિવારકમ્

અંધકારનું નિવારણ કરનાર સદ્‌ગુરૂ મહરાજ ભગવાન, સાક્ષાત્ પરમેશ્વર પરબ્રહ્મ તત્વ છે, જે આપણા સહુની અંદર બિરાજી રહ્યું છે, અંધકારને દૂર કરવા માટે જ્ઞાન પ્રકાશ સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનનો પ્રકાશ હોય ત્યાં અંધકાર રહેતો નથી. પાપનો અંધકાર રહેતો નથી. પાપનો અંધકાર રહી શકતો નથી. અજ્ઞાનનો અંધકાર પણ રહી શકતો નથી, તે સતત જાગ્રત છે.

**''યા નિશા સર્વભૂતાનાં તસ્યાંજાગર્તિ સંયમી''**

આ દુનિયા આખી ઊંઘતી હોય ત્યારે એ વિભુ, એ પરમાત્મા જાગતા હોય, અને

**''યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ''...**

લોકો ભલે જાગતા હોય, પણ એ પરમ તત્ત્વ એમને જોયા કરતું હોય,

**''પશ્યતો''**

જગત કેટલું સત્ય છે? જગતની અંદર આપણે જેના તરફ સુખની મીટ માંડીને બેઠા છીએ, કે આ મને સુખ આપશે, આ મને સુખ આપશે, એ અજ્ઞાન બુદ્ધિ છે, ભ્રામકતા છે. કોઈપણ આવી આશા કયારેય પણ સાચું સુખ આપી શકતી નથી, એ સાંસારિક

આશાઓ માત્ર ઠગારી હોય છે, તમને છેતરશે, ઠગશે. પછી ભાન થશે કે આ તો આખા છેતરાયા, જીવન આખું જુગારમાં મૂકીને હાર્યા. જો માણસ જીવન હારી જતો હોય, આટલું અમૂલ્ય આટલું મોંઘુ આવો સરસ મજાનો હીરો પારસમણી મળ્યો હોય, પારસમણી ફેંકી દીધો, તે આનું નામ. જીવન પરમાત્માને પ્રાપ્ત કરવા માટે આપ્યું છે ભગવાને. પણ એ પ્રાપ્ત કર્યા વગર એમ ને એમ ખોઇ બેસીએ, પારસમણીનો હીરો ફેંકી દઇએ કચરામાં, અંધકારની અંદર, એને ન દેખાયું કે આ મારું જીવન પારસમણિ છે, મારું જીવન હીરો છે. એ અહીં અજ્ઞાનના અંધકારમાં એ જોઇ શક્યો જ નહીં. આખું જીવન વેડફી નાખ્યું, રગદોળી નાખ્યું, રોળી નાખ્યું એવું કહીએ તો ચાલે. પોતાના પુત્રને મૂડી આપીને બાપ મોકલે, કે જા, વ્યાપાર ધંધો કરજે, અને સુખી થશે. પણ બધું ખોઇ-હારીને ઘરે આવે. નિરાશ હતાશ થઇને, કપડાં એવાં મેલાંઘેલાં હોય, પાસે પૈસો પણ ન હોય, બાપ એને ઓળખી પણ ન શકે, તું આવ્યો? તને મૂડી આપી કમાવા માટે, સુખી થાવ માટે મોકલ્યો હતો, એ વેડફી નાંખી? હા બાપુ, એ મૂડીનું કોઇપણ પરિણામ ન મળ્યું. એમ ભગવાન મનુષ્ય જીવન આપી અને મોકલે, મૂડી આપીને, પાછા ફરીએ ફાટલા લુઘડે, ગરીબી લઇને, અલ્યા શું કરીને આવ્યો? કાંઇ ન વળ્યું, જે મૂડી આયુષ્યની આપી હતી તે ખોઇને આવ્યો? જીવન અજ્ઞાનના અંધકારમાં જ એવું ડૂબેલું હતું, કે પોતે જ પોતાની જાતને ઓળખી શક્યો નહીં, કે હું કોણ છું. અંધારામાં રહેવાનું હોય, આપણો હાથ પ્રસારીએ તો આપણો હાથ પણ ન દેખાય, તો એવી સ્થિતિમાં માણસ પોતાની જાતને કેવી રીતે ઓળખી શકે? એમ જીવન અંધકારમય હોવાને કારણે આયુષ્યની મૂડી વેડફી નાખે ને પોતાની જાતને, પોતાના

સ્વરૂપને ઓળખ્યા સિવાય એ ભગ્ન હૃદયથી, હતાશ થઇને આખું જીવન ખોઇ બેસીને ભગવાન, જે આ વિશ્વના પિતા છે, તેમની પાસે જાય. આવ્યો? આંખ ઊંચી ન થઇ શકતી હોય, મોઢેથી હા પણ બોલી ન શકતો હોય, કેમ કે આવ્યો ખરો પણ બધું વેડફીને આવ્યો છે. કેવી રીતે માથું ઊંચું કરે? જીવન અજ્ઞાનમય અવસ્થાની અંદર માણસ આખી મૂડી વેડફી નાખે. તો એમાં કંઇક મેળવવાની દિશા, કંઇક માર્ગદર્શન, એ જો કોઇ આપવાવાળું હોય તો તે માત્ર સદ્‌ગુરૂ જ છે. એક આશાનું કિરણ આવે, કે આ અજવાળું ક્યાંથી આવ્યું? લાવો પ્રાર્થના કરીએ કે ગુરૂ મહારાજ,

**''અસતો માં સત્ ગમય**

**તમસો મામ્ જ્યો તીર્ય ગમય''**

મને અંધારામાંથી અજવાળામાં લઇ જાઓ, એક આશાનું કિરણ દૂરથી આવે અને અજવાળું દેખાય, એ પ્રકાશના આધારે આધારે એ દીવા સુધી પહોંચે તો એને અજવાળું આખું મળવાનું જ છે, અને એ અજવાળાની અંદર એ પોતાની જાતને સારી રીતે ઓળખી શકશે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

**મનનો અંધકાર દૂર કરવાવાળા છે.**

**''મતાંધ નિવારકમ્''**

આખા જનમનું જે અંધારું છે અણસમજનું, અજ્ઞાનનું, એ અજ્ઞાનતાનું અંધારું દૂર કરવાનું સામર્થ્ય સદ્‌ગુરૂનામાં, જય મહારાજનામાં છે,

**''અજ્ઞાન અંધારું ગયું રે**

**ગુરુગમે અજવાળું થયું**

**સાચું સુખસાગરે કહ્યું**

**અજ્ઞાન અંધારું ગયું રે''**

અજ્ઞાનનું અંધારું કયારે જાય? આપણા પોતાના અજ્ઞાનનું અંધારું છે. એને આપણે નિવારી શકતા નથી, એ તો,

**''મતાંધ નિવારકમ્''**

એ તો સદ્‌ગુરૂ જે પ્રકાશ સ્વરૂપ છે, જેમની વાણીમાં તેજ છે, એ જ બીજાના અંતઃકરણને પ્રકાશ આપી શકે. એમની વાણીમાં અજવાળું હોય તો જ એ અંતઃકરણને અજવાળી શકે, સાચી દિશા બતાવે, સાચી સમજ આપે. અહંકાર, મદહોશતા એને જલ્દી આંખ ઉઘાડવા દેતી નથી. ક્યારેક માણસ એવી કુટેવોની અંદર, ઊંડા ખાડાની અંદર ધકેલાઇ જાય કે એની પોતાની આંખ જ ન ઉઘડે. બધી જ રીતે ખતમ થઇ જાય. ઘરથી, ઇજ્જતથી, શરીરથી, પૈસાથી, પરિવારથી, બધાથી એ એવા ઊંડા ગર્તની અંદર ઊતરી ગયો હોય, એના જીવનમાં અંધારું જ અંધારું હોય, એ અજવાળું પામી જ ન શકે. અંધકારની અવસ્થામાં, માણસ પોતાની વ્યવહારિક ઉપાધિઓને કારણે એમાંથી બહાર જ નીકળી નથી શકતો, અને દુઃખી થતો હોય છે. સદ્‌ગુરૂ મહારાજ જ્ઞાનનું સ્વરૂપ છે, જ્ઞાનના અજવાળાનું સ્વરૂપ છે. સાચી સમજણ નહીં હોય, ત્યાં સુધી ખુલ્લી આંખે ધોળે દહાડે પણ માણસ અંધારામાં અટવાતો હોય છે, કશું પણ દેખાય નહિ એને. કે માણસ પોતે તો ક્યારેય પણ બહાર નીકળી શકતો નથી. હા ભગવદ્ કૃપા અને સદ્‌ગુરૂ સામેથી મળે તો કદાચ કોઇ મોટી ભૂલ થઇ ગયા પછી એમ થાય કે, નહીં, ભલે ભૂલ થઇ ગઇ, ચાલો જય મહારાજ પાસે જાઉં, મંદિરમાં જઇને દર્શન કરીશ, બેસીશ, મારા વિચારોનું પ્રાયશ્ચિત કરી લઇશ, જય મહારાજ મને માફ કરશે. ગુરુ મહારાજ

તો અજ્ઞાનનું અંધારું દૂર કરવા માટે જ ઉદાર થઇને બેઠા છે.

**''મારા અવગુણના ભંડાર ભર્યા**

**મારા વિકાર તો ના જાય કહ્યા**

**તમો કિરપાનાથે નથી લહ્યા''**

એને ગણકાર્યા જ નથી,

**''કર્મ પ્રધાન વિશ્વ કરી રાખા**

**જો જસ કરહી તો તસ ફળ ચાખા''**

આ કર્મ ફળ છે, અજ્ઞાન અવસ્થાની અંદર માણસ કોઇ કર્મ કરી બેસે, છતાંય ભગવાન એને દરગુજર કરી માફી આપવા માટે તૈયાર બેઠેલા છે, અને એમાંથી બહાર કાઢવા માટે,

**''અજ્ઞાનતા મિશ્ર દિવાકરમ્ વૈ''**

અજ્ઞાનના ભયંકર અંધકારમાંથી બહાર એને સૂર્ય જેવો પ્રકાશ આપી દે છે કે, લે જા. દરેકના અંતઃકરણમાં અંધારું તો હોય છે જ, અણસમજનું, અજ્ઞાનનું, સમજફેરનું પણ અંધારું હોય. માણસ કહેતો કાંઇ હોય અને સમજ્યો કાંઇ હોય, એમાં અણસમજનો અંધકાર છવાઇ જાય. આણે મને આવું કહ્યું, અરે ભાઇ તારી સમજવામાં સાંભળવામાં ભૂલે છે, એણે આવું કહ્યું જ નથી, પણ એના માટે એટલા બધા પૂર્વગ્રહો બંધાઇ જાય, એટલી બધી અકળામણ થાય, એટલો બધો ગુસ્સો આવે, માણસ ભયંકર રીતે અશાંત બની જાય, થાય કે હું જ સાચો છું, પણ એ અજ્ઞાનને વશ થઇને અણસમજને કારણે ઘણીવાર એ સમજફેરનું નાટક ઘરમાં જ સર્જાઇ જતું હોય છે. મેં તો આવું કહ્યું હતું. ના તમે આમ જ કહ્યું હતું, હું સાચું કહું છું. ના તમે ખોટા છો, આમ જે ગેરસમજનું નાટક છે એ ઘણીવાર ઊંડા અંધકારમાં ધકેલી દઇને

સંબંધો એટલા બધા વિક્ષિપ્ત કરી નાખે છે કે વાત ન પૂછો. **ખોટાને ખોટું સાબિત કરાવવાને બદલે ખોટાને સાચું કરાવડાવે, અને સાચું હોય એને ખોટું જ કરાવડાવે. અજ્ઞાનની સ્થિતિ કેવી હોય છે ભયંકર**? એને એમાંથી મુકત કરાવડાવે કોણ? છોડાવે કોણ? માત્ર એક સદ્‌ગુરુ. જે માત્ર જ્ઞાનનો જ અવતાર છે, જ્ઞાનનો જ પ્રકાશ છે.

''કેવલમ્ જ્ઞાનમૂર્તિમ્''

માત્ર જ્ઞાનનો જ પ્રકાશ એમની પાસે છે. જેમ સૂર્ય ઊગે અને બારણાં ખોલી બહાર નીકળીએ. એટલે અજવાળું મળવાનું જ છે, એમ અંતઃકરણમાંથી અજ્ઞાનની વાત બહાર મૂકી દઇ બહાર આવો જોઇએ, જ્ઞાનનો પ્રકાશ અવશ્ય મળશે. એમ,

''**નિખિલ વાદિમતાંધ નિવારકમ્**''

જેને કોઇ આશરો ન મળતો હોય, કોઇ સૂઝ ન મળતી હોય, કોઇ દિશા ન દેખાતી હોય, ત્યારે જય મહારાજને શરણે જઇએ તો બધા જ પ્રકારનાં અંધારાં દૂર કરી નાખે. એક જંગલના પર્વતની ઊંડી ગુફાની અંદર હજારો વર્ષનાં અંધારાં અંદર બેસી રહ્યાં હતાં, હજારો વર્ષનાં અંધારાં, બહાર નીકળે જ નહીં, પણ એક સંતે અંદર જ ધૂણી ધખાવી તો એ હજારો વર્ષનું ગુફાનું.

''**અજ્ઞાન અંધારું ગયું.**

**ગુરુગમે અજવાળું થયું**''

એ છે સદ્‌ગુરુ, આપણા અંતઃકણની ગુફામાં,

''**મારી હૃદય ગુફામાં ઉતર્યા, મન-વાણી રૂપે વિસ્તર્યા.**''

જય મહારાજ પ્રકાશસ્વરૂપે આવ્યા, હૃદયની ઊંડામાં ઊંડી ગુફામાં અંધકાર બહુ જ હોય છે, હૃદયના અંધકાર બહુ જ ભયંકર

હોય છે, ત્યાં સુધી પહોંચી જઇને બધા જ અંધારા દૂર કરી નાખે, પ્રકાશ આપે, ત્યારે સમજાયું. એટલે જે નકામાં ખોટાં માની લીધેલાં, પકડીને બેઠેલાં અંધારાં, માણસ અંધારાને પકડી અને બેસતો હોય છે, નહીં જ છોડું, તો આવી હઠ, અંધારું પકડી રાખવાની હઠ માણસને દુઃખી કરી નાખે. પણ સમજણપૂર્વક સહજ ભાવથી એને સમજે, કે આ અજ્ઞાન છે, આ અંધારું છે, આ મારી સમજણ ખોટી છે, એમ આપણે અંતઃકરણથી પહેલા સ્વીકારવું પડે. ગમે એટલું અંધારું હોય, પણ માણસનો સ્વભાવ એવો હોય કે, તમે ગમે તે કહો પણ મારું સાચું. સાચું અજવાળું તો આ અંધારું જ છે, તમને જે અંધારું દેખાય છે તે જ મારું અજવાળું છે, તમે જેને અંધારું કહો છો તે મારે મન પૂરેપૂરું અજવાળું છે. હવે આવા માણસોની વૃત્તિને શું સમજવાની? ઘુવડ સો વર્ષ જીવે, અને કહે કે સો વર્ષથી મેં સૂર્ય જોયો નથી, બોલો શું કહેશો એને? એનું અંધારું એણે જબરજસ્તીથી પકડી રાખ્યું છે. સૂર્ય ઊગે ત્યારે આંખો મીંચી અને ઊંઘી જાય, અને સૂર્ય અસ્ત પામે એટલે જાગે, આંખો ખોલે, સો શું લાખો વર્ષ જીવે તો પણ એને અજવાળું દેખાય નહીં, હઠ જેને કહેવાય, **માણસના સ્વભાવની હઠ એને એના અણસમજના અંધારામાંથી નીકળવા જ નહીં દે,** એ ગમે એટલો પ્રયત્ન કરશે છતાં પણ એના અંતઃકરણનું અંધારું જશે નહીં, કેમ છે હઠ લઇને બેઠો છે, અને એને જ કહ્યું કે,

**''મતાંધ નિવારકમ્''**

જે જડતાનો અંધકાર છે, પોતે પોતાની જાતે માની બેઠેલા અને પોતે પકડી રાખીલો અંધકાર છે, જેમ પેલા સંતે ઘરની ઓસરીના થાંભલાને વળગી, પગથી આંટી મારી અને હાથથી પણ આંટી મારી દીધી, પછી બૂમાબૂમ કરવા માંડ્યા કે મને

બચાવો, મને છોડાવો, આ થાંભલો મને છોડતો જ નથી. હું દુઃખી થઇ ગયો છું. મને દુઃખી કરી રહ્યો છે, આ થાંભલો કેવો દુષ્ટ છે, આ થાંભલો કેમ મને છોડતો નથી. આખું ગામ ભેગું થઇ ગયું, બધા જોઇ રહ્યા કે આ બાવાજી બૂમો પાડે છે, રડે છે, પછી બે ત્રણ જણાએ આગળ આવીને કહ્યું કે **બાબાજી આ હાથની અને પગની આંટીઓ છોડી દો. હમણાં છૂટા થઇ જશો. તો એ સંતે કહ્યું કે હું પણ તમને બધાને એ જ કહું છું, કે તમારા મનની આંટીઓ છોડી દો એટલે તરત જ તમે છૂટા થઇ જશો, પણ મનની આંટીઓ ન છોડતા હો તો સંસારનાં બંધનો કયાંથી છૂટવાનાં હતાં? મનના અજ્ઞાનની આંટી જ્યાં સુધી ન છૂટે, ત્યાં સુધી સદ્‌ગુરૂની કૃપા ન થાય.** અને સદ્‌ગુરૂની કૃપા થાય એટલે,

**''હરિ ગુરૂ સંત કૃપા થકી વણ છોડી છોડાય''**

આપણે છોડવાનો પ્રયત્ન ના કરીએ, તો પણ જય મહારાજ છોડી નાખે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

આવો ભયંકર અંધકાર, વર્ષો નહીં જનમો જનમનો અંધકાર, એક સહેજ વારની અંદર એને દૂર કરી નાખે. જેમ હજારો વર્ષનું પર્વતની ગુફાનું અંધારું, સંતે જઇ ધૂણી ધખાવી, અંધારું આમ ચપટી વગાડતાની સાથે બહાર નીકળી ગયું.

**''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાંતિ નિગચ્છતિ''**

ભગવાને ગીતાના નવમા અધ્યાયની અંદર કહ્યું,

''અપિ ચેત્સુદુરાચારો''

બહુ જ ભયંકરમાં ભયંકર દુરાચારી માણસ હોય, પણ જો સંકલ્પ કરે, અને પેલા સંતના કહેવા પ્રમાણે હાથની અને પગની

આંટી છોડી નાખે, તો તરત જ એ બંધનમાંથી છૂટો થઇ જાય. એમ ભયંકરમાં ભયંકર દુરાચારી,

**''અપિ ચેત્સુદુરાચારો''**

સુપરલેટિવ ડીગ્રી આપી દીધી, પણ

**''ભજતે મામનન્ય ભાક''**

મને અનન્ય ભાવથી જે ભજે છે એને, ચપટી વગાડવા માટે કંઇ વાર લાગે છે? ચપટી વગાડવા માટે કાંઇ શોધવા જવું પડે છે? આપણને ખબર છે કે ચપટી તરત જ વાગશે

**''ક્ષિપ્રમ્ ભવતિ ધર્માત્મા''**

જેમાં ચપટી વગાડવાનો સંકલ્પ કર્યો, અને તરત જ વાગી ગઇ એ જ સેકન્ડે, એમ ભગવાનને અનન્ય ભાવથી ભજો, અને આ જે પણ કાંઇ આપણા સ્વભાવની આળસ છે, હઠ છે, એને છોડી દો

**''ક્ષિપ્રમ્''**

તરત જ,

**''શશ્વચ્છાંતિ નિગચ્છતિ''**

તરત જ એ પોતાના જીવનની અંદર, પોતાના મનમાં સરસ મજાની શાંતિ પ્રાપ્ત કરી શકશે તરત જ,

અનુભવ કરી લેજો કયારે પણ એવો ઘમાસાણ વિચાર મનમાં બેસી ગયો હોય, ધમાલ ધમાલ કરી નાખતો હોય, કોઇ સંતની પાસે બેસો, અને એ એક જ વાક્ય કહી દે એની સાથે જ પેલું આખું તોફાન આપોઆપ શાંત થઇ જાય.

તરત જ શાંતિને પ્રાપ્ત થાય. આપણા જીવનના અનુભવ

છે, પહેલા પણ કહેલો છે છતાં પણ કાલે વાત કરીશું, તો આવી શાંતિ મેળવવા માટે કોઇક એવું શરણ સ્વીકારી લેવું પડે, અને એ શરણે પહોંચ્યા પછીથી જ આપણે પોતે આપણા જીવનને ઠારી શકીશું, શાંત કરી શકીશું, **જીવનની સાચી શાંતિ મેળવવા માટે કોઇ સંતનું શરણ જીવનમાં આવશ્યક છે જ, અને એ વગર સાચી શાંતિ નહિ મળે.**

**''જો ન હોતે સંત જગત મેં જલ મરતા સંસાર''**

બળી અને ખાખ થઇ ગયા હોત, જય મહારાજનું સ્વરૂપ કેવું છે ?

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

જય મહારાજ આપણને મળ્યા છે, એ જ આપણા માટેનો સાક્ષાત્કાર છે, બસ એમાંથી જ આપણે જય મહારાજનાં દર્શન કરીશું.

।। જય મહારાજ ।।

## પ્રકરણ-૮૫

# અજ્ઞાનનાં અંધારાં

"નિખિલ વાદિ મતાંધ નિવારકમ્"

"અજ્ઞાન તિમિરાંધસ્ય જ્ઞાનાંજન સલાકયા
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ"

અજ્ઞાનના અંધકારમાંથી જે બહાર કાઢે તે સદ્‌ગુરુ છે. અંધકારનાં આવરણ જન્મોજન્મનાં પડેલાં છે, માણસ પોતે અશક્ત છે, એ અંધકારના આવરણને દૂર કરી શકતો નથી. જીવનમાં માણસ અનેક પ્રકારનાં પાપ કરતો હોય છે, અનેક પ્રકારના દુરાચાર એના જીવનમાં થતા હોય છે, એ અજ્ઞાનનું પરિણામ છે. સદ્‌ગુરુ જ્યાં સુધી પ્રાપ્ત ન થાય અને જય મહારાજ જેવી પરબ્રહ્મ તત્વ વિભૂતિ આપણને આ સાચો માર્ગ ન બતાવે, ત્યાં સુધી જીવનનું અંધારું કયારેય પણ ઉલેચી શકાતું નથી. જીવનનાં અંધારાં બહુ જ અઘરાં હોય છે. જીવનના અંધારામાં માણસ એટલો બધો અટવાતો હોય છે, અને એ ભુલભલામણીની અટવામળમાંથી એ લખચોરાસીના ફેરામાંથી બહાર નીકળી શકતો જ નથી. સદ્‌ગુરૂ પ્રાપ્ત થાય, એ અજ્ઞાનના અંધકારના તારણહાર હોય, તો જ એમાંથી બહાર નીકળી શકે છે.

જેમ દીવો ઓલવી નાખીએ એટલે અજવાળું ઓલવાઇ

જાય, એમ અંધારાના દિવા પણ ઓલવવા પડે, ત્યારે અજવાળું થાય.

**''અંધારા અંતરનાં ઓલવીને**
**મારા જીવનની જ્યોત પ્રગટાવો''**

આમ જ, મહારાજ સ્વયં દૈદીપ્યમાન પ્રકાશ છે, સૂર્ય સમાન છે. સદગુરુનું એક એક વાક્ય એટલું બધું તેજસ્વી હોય છે, કે ક્યારેક ક્યારેક માણસ એને ઝીલી નથી શકતો, એને પચાવી શકતો નથી, જીરવી શકતો નથી. **પાત્રતા સિવાય અંધારાં ઉલેચી શકાતાં નથી.** સદ્‌ગુરૂ સ્વયં કૃપા કરે, કે હવે આનો મારે ઉદ્ધાર કરવો છે. તો જ. સદ્‌ગુરુ કેવા છે? જેમ મા નાના બાળકને ખૂબ જ હળવાશથી આંખામાં મેંસ આંજે, અને મેંસ આંજતી વખતે એ રડે નહીં, એને દુખાય નહીં, એની કેટલી બધી કાળજી રાખે છે, એમ સદ્‌ગુરુ પણ પોતાના શરણાગત શિષ્યની સાથે બાળચેષ્ટાવત એના અંતઃકરણમાં જ્ઞાનના આંજન આંજે.

**''જ્ઞાનાંજ સલાકયા''**

જ્ઞાનનાં આંજણ એવાં આંજે કે એક નવી દ્રષ્ટિ પ્રાપ્ત થાય, જ્ઞાનની દ્રષ્ટિ પ્રાપ્ત થાય, અને એ જ્ઞાનદષ્ટિ વડે અજ્ઞાનનાં પડળ જે પડેલાં છે, એને સમજણનું અજવાળું દેખાતું જ નથી. માયાનાં અંધારાં અજ્ઞાનનાં અંધારાં એવાં એને વીંટળાઇ વળ્યાં હોય, એના અંતઃકરણમાં જ છવાયેલાં હોય, કે સાચું આત્મદર્શન થતું જ નથી. માત્ર શરીરના ભાવોમાં જ રમ્યા કરતો હશે, પરિવારની અંદર વીંટળાયેલો હશે, પણ પોતે પોતાના આત્મસ્વરૂપને સમજી શકે નહિ અને જોઇ શકે પણ નહીં. પોતે જ પોતાના સ્વરૂપને અંધારામાં રાખી મૂકે છે, અને પોતાના જ અંધકારને લીધે એ પોતાનું આત્મસ્વરૂપ જોઇ શકતો નથી. સદ્‌ગુરૂ એક જ માત્ર વૈદ્ય

છે. સદ્‌ગુરૂ એક જ માત્ર એવા છે, જે જ્ઞાનદ્રષ્ટિ આપી શકે, અને જ્ઞાન દ્રષ્ટિને મોટામાં મોટી કહી છે. જ્ઞાન એ સૌથી મોટામાં મોટું સાધન છે, અને ગીતામાં પણ ભગવાને કહ્યું છે, કે જ્ઞાનથી મોટું આ જગતમાં બીજું કાંઇ પણ નથી.

**''નહિ જ્ઞાનેન સદશમ્‌ પવિત્રં ઇહ વિદ્યતે''**

આ લોકમાં, આ જીવનની અંદર જ્ઞાન જેવી પવિત્રતા બીજી કોઇ છે જ નહીં. જ્ઞાન પોતે પવિત્ર છે, અને જ્ઞાનનો જે સ્વીકાર કરે છે, અંગીકાર કરે છે, ધારણ કરે છે, એને પણ એ પવિત્ર કરે છે, તો એ જ્ઞાન વડે પવિત્રતા પ્રાપ્ત થાય, પણ એ તો પવિત્ર વિભૂતિ સદ્‌ગુરુ જય મહારાજ જ આપી શકે. જ્ઞાનનું અજવાળું ગુરુગમથી જ થાય. ગુરુગમ એટલે જે પણ કાંઇ સત્સંગ થતો હોય, જે પણ કાંઇ જાગ્રત થવા માટે સમજાવવામાં આવતું હોય સદ્‌ગુરુ મહારાજ પાસેથી. એને ગુરુ મહારાજના માધ્યમથી સમજીએ, પૂરેપૂરુ સમજીએ, અને એ ગુરુગમ વડે, એ સમજણ વડે આપણી જાતને પૂરેપૂરી સમજણમાં ઉતારી દઇએ, એને અનુભવમાં તારીએ, એનું નામ છે ગુરુગમ.

**''ગુરુગમે ગાઇએ ગોવિંદને, જીવનું જોખમ જાય.''**

જય મહારાજે જે પણ કંઇ આપણને સમજણ આપી હોય, એને આપણે સાથે રાખીને, સહેજ પણ અળગી નહીં થવા દેવાની. શું સમજાવ્યું છે? આમ નહિ કરવાનું, કે **આપણે ધીરજ ગુમાવવાની નહીં, આ બધી વાતો જે આપણને આપે અને એને આપણે આપણા જીવનમાં ઉતારીએ, એનું નામ છે ગુરુગમ.** અને એના વડે ભગવદ્‌ ભજન કરે, ચિંતન મનન નિદિધ્યાસન કરે, અને એ ગુરુ મહારાજે આપેલા જ્ઞાનના ચિંતન-મનન વડે,

**''ગુરુ ગમે ગાઈએ ગોવિંદને''**

ભગવાનને ભજો, આત્માનુસંધાન કરો, કે મારું સવરૂપ આત્માનું છે, આ શરીર એ વિકૃતિઓવાળું છે, એ મરણધર્મા છે, અને આ બધી વાતોને લક્ષમાં રાખીને આપણે આપણા જીવનને સંયમમાં, સદાચારમાં રાખીએ. કોઈપણ જાતના દુરાચારથી દૂર રહીને જીવન જીવીએ, અને ગુરુ મહારાજની આજ્ઞાનું પાલન કરીએ, એનુ નામ છે ગુરુગમ. એ ગુરુના જ્ઞાનની ગમ જે છે, ગુરુગમ, એના વડે આપણે ભગવદ્ ભજન કરવાનું છે, એમનું સમરણ કરવાનું છે, તો જ જીવનના ભવસાગરમાંથી પાર ઉતરી શકાય.

**''અપાર સંસાર સમુદ્રમધ્યે સમ્મજજતો મે''**

ગુરુ મહારાજને પ્રાર્થના કરે છે, કે ગુરુ મહારાજ હું આ સંસાર સાગરમાં ડૂબ્યો છું, ડૂબી રહ્યો છું, કોઇ આરો નથી, કોઇ આધાર નથી, તો ગુરુ મહારાજે એટલી જ વાત કરી

**''વિશ્વેશ પાદઃબુજ દીર્ઘ નૌકા''**

જે તારી પાસે જ છે, તારી બાજુમાં જ છે, ભગવાનની ભક્તિ કરો, અને એમના ચરણો પકડી લો, એ જ મોટામાં મોટું આ સંસાર સાગર પાર ઉતારનાર નાવડુ છે. ભલે અમારી ભગવદ્ ભક્તિનું નાવડું નાનું જ હોય, પણ એટલો વિશ્વાસ છે કે તે ભવસાગર પાર ઉતારી શકશે. જય મહારાજ તો ભવરોગ વૈદ્ય છે, અને જ્ઞાનને તો પુષ્પદંતે પણ બહુ જ સરસ રીતે ગાયું, કે જેની પાસે જ્ઞાનચક્ષુ છે એ જ સર્વ મોટો છે.

**''હહત મિતિસર્વાય નમઃ''**

**''ત્રિનયન યવિષ્ઠાય ચ નમઃ''**

શ્રેષ્ઠ યુવાન કોણ છે? કે જેની જ્ઞાનની ત્રીજી આંખ ખૂલે તે છે, અને એ જ સૌથી મોટો છે. ભગવાને ગીતાની અંદર પણ એ જ વાત કરી, સૌથી મોટું શું? સૌથી પવિત્ર? તો વિજ્ઞાન. પુષ્પદંત પણ ભગવાન શિવની સ્તુતિ કરતાં કરતાં કહે કે,

**''ત્રિનયન યવિષ્ઠાય ચ નમઃ''**

જેની જ્ઞાનની સમજણની ત્રીજી આંખ ઊઘડી છે, એ જ સાચો મહાન છે. અજ્ઞાન દૂર કરવાવાળા ગુરુ મહારાજ છે, અને એ અજ્ઞાન દૂર થયા પછી જ એની પાસે જીવન જીવવાની દ્રષ્ટિ આવે, બાકી માણસ પાસે એની પોતાની જીવન જીવવાની દ્રષ્ટિ હોતી જ નથી, બિલકુલ નથી હોતી. માત્ર ભૌતિકતા, લૌકિક સાંસારિક વ્યવહારો, એની પાછળ દોડાદોડ કરતો હોઇ. પોતાના સ્વરૂપને તો એ સમજતો જ નથી, એ સ્થિતિમાં માણસ પોતે જ પોતાની જાતને ખોઇ બેસશે, અને પછી રોવા બેસે આ શરીરના દુઃખોથી, મનની પીડાથી આ જગતના સંસારના વ્યવહારથી થાકી અને માણસ રડવા બેસે, કંટાળે, અરે તું તારા સ્વરૂપને જો તો ખરો,

**''સ્વસ્વરૂપ ગયો વિસરી સિંહ અજાની પ્રીત''**

તું આત્મા છું, તું સિંહ છું, તું ઘેટું નથી, તું શરીર નથી. આત્મ ચેતના એ શરીરનો આધાર છે, તેના વગર શરીર એક ક્ષણ પણ ટકી શકતું નથી, અને આત્માના આધાર વગર એને બીજું કશું પણ ટકાવી શકતું નથી. હવે એ જે આત્માના આધારેને તો આપણે જાણતા પણ નથી, અજ્ઞાન એનું નામ. એ અજ્ઞાનને કારણે જ આપણે આપણા જીવનથી જીવનના બધા જ આયામોથી બિલકુલ અજાણ. જેમ કોઇને ભણાવવા બેસાડીએ ગણિત, અને ન આવડતું હોય, એની જોડે માથાકૂટ કરીએ, પેલો કંટાળતો હોય, એને ભણવાની જરા પણ ઇચ્છા ન થાય. ભણાવનારા એટલો બધો

પ્રયત્ન કરે પણ એ સમજવા માટે જરાય તૈયાર ન થાય, આખરે થાકે બંને, ભણાવનાર પણ થાકે અને ભણનારો પણ થાકે. અજ્ઞાન, એના જીવનમાં જડતા છે, પોતાના જીવનમાં કશું પણ સમજવાની એની તૈયારી જ નથી. એક વેપારી છે, કહે કે છોકરો લખવા વાંચવા માટે તૈયાર જ નથી, શાળામાં પણ કાંઇ લખતો જ નથી, આ જડતા, એનું નામ છે અજ્ઞાન. જે આ સ્થિતિ છે, એના માટે તો જય મહારાજ કેવા છે? અજ્ઞાનના અંધકારનું નિવારણ કરવાવાળા છે.

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

અંધકારને દૂર કરવાવાળા જય મહારાજ છે. તો આપણે સહુ તો જય મહારાજના સાનિધ્યમાં, એમની નિકટમાં બેઠા છીએ. આપણે કયાંક ભૂલા ન પડી જઇએ. જેવી પણ નાની મોટી ઓછી સમજ હોય આપણામાં, એ સમજ વડે પણ પ્રયત્ન કરીએ કે જય મહારાજ અમને પણ આ આંટીઘૂંટીમાંથી, આ ભૂલભૂલામણીમાંથી બહાર કાઢી લેજો.

**''અનુપમાગમ શાસ્ત્રરતમ્ પરમ્''**

આપ કેવા છો? શાસ્ત્રોની અંદર આપ રત છો. પોતે સ્વયં શાસ્ત્રસ્વરૂપ હોઇ, વેદમૂર્તિ જ્ઞાનમૂર્તિ જેને કહેવાય. જય મહારાજનું સ્વરૂપ કેવું કહ્યું છે?

**''કેવલમ્ જ્ઞાનમૂર્તિ''**

જય મહારાજ, એ તો જ્ઞાનની મૂર્તિ છે, અને એના માટે કહ્યું કે

**''અનુપમાગમ શાસ્ત્રરતમ્ પરમ્''**

શાસ્ત્રો બધા આપના વિગ્રહની અંદર જ બિરાજે છે,

શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્રનું તત્ત્વ, એ બધું જ જય મહારાજના શ્રીવિગ્રહની અંદર જ રહેલું છે, એને કોઇ ઉપમા ન આપી શકાય.

**''અનુપમા''**

એને ઉપમા કઇ આપવી? એના માટે કોઇપણ ઉપમા નહીં મળે. શાસ્ત્ર એ સ્વયં બની ગયા છે, સાક્ષાત્ વેદજ્ઞાન એ પોતે જ છે. બધા જ શાસ્ત્રોનું મૂર્ત સ્વરૂપ, એની અંદરનું જે તત્વસાર છે, એ બધું જ ગુરુ મહારાજમાં જ સમાયેલું છે.

**''તોળ્યું તત્વ ત્રિલોકમાં''**

આખી સૃષ્ટિની અંદર બધું જ તોળાય, પણ એ જે ગુરુગમ છે, એ ગુરુગમની તોલે એ આવી શકતું નથી. અહીંયા શાસ્ત્રોની વાત કરી, શાસ્ત્રો કેટલાં ભણવા જઇશું? ક્યાં ભણવા જઇશું? કેટલો બધો સમય લાગશે? ચાર વેદ, એકસો આઠ ઉપનિષદ, અઢાર પુરાણ, ગીતા રામાયણ-મહાભારત આ બધું જ, દર્શન શાસ્ત્ર કેટલું ભણીશું? એ બધું ભણવા ને શીખવા માટે કેટલા બધા જન્મ જોઇએ? એટલો સમય લાવશો કયાંથી? સમય તો ખૂટવાનો જ. એ બધાયના સારસ્વરૂપ જય મહારાજ આપણને પ્રાપ્ત થયા છે, બસ જય મહારાજના ચરણોની અંદર જ આપણે આપણી શરણાગતિ સમર્પિત કરી દઇએ તો, બધા જ શાસ્ત્રોનોનું મૂર્ત સ્વરૂપ છે જય મહારાજ, એ આપણને મળી ગયું પછી આપણા જીવનની અંદર જ્યારે જેની જરૂર હશે, એ જય મહારાજ આપણને આપી દેશે. બધા શાસ્ત્રો ભણવા જઇશું ત્યારે સંસ્કૃત ભાષા નહીં આવડે.

**''શાસ્ત્ર રત પરમ્''**

જય મહારાજ બધા જ શાસ્ત્રોની અંદર તરબોળ છે, જય

મહારાજનું સ્વરૂપ જ શાસ્ત્રો છે. જેમ આમળું તૂરું હોય, ખાટું હોય, પણ એને ચાસણીમાં નાખી દો જોઇએ, પંદર દિવસ પછી એમાંથી કાઢી અને ખાવ જોઇએ, તરત જ કહેશે કે બીજું આપોને, કેમ કે આંમળાએ તૂરાશ અને ખટાશ હળવી કરી નાખી, દૂર થઇ ગઇ, અને પેલી ચાસણીરૂપી સદ્‌ગુરુનું જ્ઞાન એમાં પ્રવેશ્યું, તૂરાશ ખટાશ ઢંકાઇ ગઇ, અને સદ્‌ગુરૂના જ્ઞાન વડે એ આમળું મધુર થઇ ગયું. આપણે આપણા જીવનનું આખું જ પરિવર્તન જોઇતું હોય, અનુભવવું હોય, અને જીવનના સ્વાદ જો સાચી રીતે માણવા હોય તો,

**''સદ્‌ગુરુ જ્ઞાન્ વિચારતાં ઘર રહે ગુલતાન**
**નિશદિન નિરખોએ નાથને એ છે સદ્‌ગુરુની શાન''**

બસ એની અંદર ડૂબી જાઓ. આમળું જેમ ચાસણીમાં ડૂબી જાય, સમય જતાં એ મધુર થઇ જાય, એમ આપણું જીવન પણ જ્ઞાનમય બની જશે, અને એના માટે કહ્યું કે,

**''નિખિલ વાદિમતાંધ નિવારકમ્''**

આ બધા જ અજ્ઞાનમાંથી બહાર કાઢવાવાળા ગુરુ મહારાજ આપ એક જ છો, શાસ્ત્રોની અંદર આપની એટલી બધી ઊંડાઇ છે, એટલું બધું અગાધ છે, કે એમાં ઊંડા ઊતરીએ તો પણ ન પામી શકીએ, એના માટે ગમે તેટલો પ્રયત્ન કરીએ, પણ સદ્‌ગુરુના જ્ઞાનની ઊંડાઇ અને ઊંચાઇ માપવી બહુ જ અઘરી છે. એ જેટલું આપે એટલું લઇ લેવાનું, કારણ કે એમની પાસે અખંડ શાસ્ત્રજ્ઞાન છે, અનંત અને અગાધ શાસ્ત્રજ્ઞાન છે. એ શાસ્ત્રજ્ઞાનમાંથી આપણને જેટલો જોઇતો હશે એટલો પ્રસાદ આપી દેશે, કે લો આટલું જ રાખો, આટલું જ લઇ અને આગળ

વધો. બાકી આખી પ્રક્રિયામાંથી પાસ થવાનું હોય, પસાર થવાનું હોય, તો બહુ જ અઘરું લાગશે, પહોંચતાં પહોંચતા અધવચ્ચે કયાંક ખોટકાઇ પડીશું, રસ્તામાં અધવચ્ચે જ કયાંક ખૂટી જશે. સદગુરુ એકમાત્ર એવા છે,

**''પ્લવમ્ સુકલ્પં ગુરુ કર્ણ ધારમ્**

**મયાનુકુલેન નભસ્વ તેરિતમ્**

**...... ન તત્રન આત્મા''**

આ સંસાર સાગરમાં માત્ર સદ્‌ગુરુ જ તારશે, અને એ આપણા જીવનના કર્ણધાર છે, સોંપી દો જીવન એમને. જીવન સદ્‌ગુરૂના ચરણોમાં સમર્પિત કર્યું, અને આપણા જીવનની નાવ એમને સોંપી દીધી, કેટલો સરસ શ્લોક છે, ભાગવતનો શ્લોક છે, બસ તમે સોંપી દો. આમ શાસ્ત્રના જ્ઞાન વડે પોતે પરિપૂર્ણ છે, અને એમાંથી અમને સંસાર સાગર પાર ઉતારવા માટે.

**''સુવરદાશ્યમ્ અખંડ સુખાસ્પદમ્''**

આપ અખંડ સુખાસ્પદ છો, જેમ પ્રેમાસ્પદ એમ સુખાસ્પદ. માતા પિતાનું વાત્સલ્ય, પ્રેમ મળે એટલે એમ થાય, કે પરમ પૂજ્ય પરમ પ્રેમાસ્પદ એમ માતા-પિતાને સંબોધન કરવાની જરૂર ઇચ્છા થાય, લખાઇ જાય, તો એ જે પ્રેમાસ્પદ લખીએ છીએ, એમાં આપણા હૃદયના ભાવો વ્યકત કરીએ છીએ, એમ જય મહારાજનું સ્વરૂપ અહિયાં સુખાસ્પદ છે. સદ્‌ગુરુનું સ્વરૂપ એ અખંડ સુખ આપે છે.

**''ગુરુજીએ અખંડ સુખ આપ્યાં રે''**

એ અખંડ સુખ કયાં, સાંસારિક? એ તો ખુટવાના જ છે, એ તમને પૂરેપૂરા નહીં જ મળે. સાંસારિક લૌકિક સુખ, એ અધૂરાં

જ રહેવાના, કેમ કે એની અંદર બીજાની ઉપર આધાર રાખવો પડતો હોય છે, બીજાની અપેક્ષા રાખવી પડતી હોય છે, કોઇ વસ્તુની કોઇ વ્યક્તિની, કોઇ પરિસ્થિતિની, કે આ પરિસ્થિતિ મને સુખ આપશે, આ વસ્તુ સુખ આપશે. જે પરાવલંબી સુખ છે એ સુખ શાશ્વત હોતાં જ નથી, અધૂરાં હોય છે. વસ્તુ વપરાઇ ગઇ, ખૂટી ગઇ, અરે આ તો ખૂટી ગઇ, આપણું સુખ અધૂરું રહી ગયું. એમ સુખને માટે તો સદ્‌ગુરુના શરણમાં જવું જ પડે, અને સદ્‌ગુરુ આપશે, તો કયું સુખ આપશે? અખંડ સુખ આપશે. અને અખંડ સુખ કયું? કોઇ વસ્તુનું, વૈભવનું, સંપત્તિનું, સત્તાનું નહી. અને આ જે ગણાવ્યાં તે બધાં જ અધૂરાં સુખ છે, અખંડ સુખ એક માત્ર આપણા પોતાના આત્મસ્વરૂપનું, આત્મસ્વરૂપનું સુખ અખંડ હોય છે, એ કયારેય ખૂટતું નથી હોતું, કારણ કે પોતાનું છે, આપણે પોતે એના માલિક છીએ. આત્મસુખ એ જ અખંડ સુખ છે.

**''ગુરુજીએ આતમ સુખ આપ્યાં રે''**

જે આતમસુખ છે, એ જ પરિપૂર્ણ સુખ છે, અખંડ સુખ છે, અને સ્વયં પણ અખંડ સુખાસ્પદ છે, જે આત્મસુખ પોતાના જીવનની અંદર પ્રાપ્ત કરી ચૂક્યા છે અને સહુને અખંડ સુખ આપવાવાળા છે, એટલા માટે કહ્યું કે અખંડ સુખાસ્પદ, કે જે સુખ કયારેય ખૂટે નહીં. જેમ જેમ આત્મસુખ વાપરતા જાઓ તેમ તેમ આત્માનું સુખ વધતું જશે, એનું નામ છે અખંડ સુખ, અખંડ સુખને સમજવા માટે, અખંડ સુખને પામવા માટે માત્ર એક સદ્‌ગુરૂનું શરણ છે, કે જે અખંડ સુખ આપી શકે. એ અખંડ સુખનું સ્વરૂપ શું એ ખૂબ જ સારી રીતે સમજવું પડે. અખંડ સુખ એટલે આપણા આત્માનું સુખ, આપણું પોતાનું સુખ, કયારેય ઓછું ન થાય કે ખૂટે નહીં, કયારેય બીજા પાસે લેવા જવું ન પડે, માત્ર આપણું જ.

આપણી અંદર જ આપણું પોતાનું સુખ ભોગવાય એનું નામ છે,

**‘‘અખંડ સુખાસ્પદમ્’’**

જય મહારાજ પોતે પણ અખંડ સુખાસ્પદમ્ છે, અને સહુને અખંડ સુખ આપવાવાળા છે.

।। જય મહારાજ ।।

## પ્રકરણ–૮૬

# અનુપમાગમ

**''અનુપમાગમશાસ્ત્રરતં પરમ્**

**સુવરદાઽસ્યમખંડ સુખાસ્પદમ્**

**ચરણ ભક્ત ભવાબ્ધિ વિદાહકમ્**

**પરમપાવનમેવ મનો ભજ''**

**હે મારા મન પરમ પાવન પરમાત્મા સ્વરૂપ જય મહારાજને તું ભજ.**

**''બીજું ભજવું મૂકી દે, વળતો શીદ વદે છે વાદ''**

બસ, હે મન તું જય મહારાજને ભજ, તારું કલ્યાણ થશે. જય મહારાજનું સ્વરૂપ તો અકલ્પ્ય છે, અગમ્ય છે, એટલા માટે તો સ્તુતિકર્તાને લાગ્યું કે જય મહારાજને મારે કયા નામે સંબોધવા? કેવી રીતે એમને પ્રાર્થવા? પ્રાર્થના કરનારને જય મહારાજને પ્રાર્થના કરવા માટે કોઇ સાધન ન મળ્યું, જય મહારાજને નવાજવા માટે કોઇ શબ્દ ન મળ્યો, કોઇ ઉપમા ન મળી, એટલે માત્ર સંબોધન કર્યું કે,

**''અનુપમાગમ''**

એને ઉપમા આપી શકાય નહીં. જય મહારાજ કોના જેવા? એને ઉપમા શાની હોય? ભગવાન એ ભગવાન, એમને

કોઇની સાથે ન સરખાવી શકાય. ભગવાન એ કાંઇ બીજા જોડે સરખાવવાનું તત્ત્વ થોડું છે? આની જોડે સરખાવવું એ ક્યારેય નહીં બને. ભગવાનએ ભગવાન છે. પરમાત્માનું સ્વરૂપ છે. ભગવાનને માટે કોઇપણ જાતની વૃત્તિ અંદર રાખવી જ નહીં. મારા ભગવાન આકાશ જેવા છે, અરે આકાશ એ પણ એક તત્ત્વ છે, જયારે ભગવાન તો પરમ તત્ત્વ છે. એમને કોઇની સાથે સંબંધ નથી, એ શાશ્વત છે. ઉપમા આપવા માટે કોઇ પણ શબ્દ ન હોય, એને કયો અલંકાર આપવો? કઇ ઉપમા આપવી? અનન્ય અલંકાર. જેની બીજા સાથે સરખામણી થાય જ નહીં. ભગવાન એ ભગવાન જ છે. જય મહારાજ એ જય મહારાજ છે. બીજું કાંઇ નહીં. તુલસીદાસજી ભરતજી માટે ઉપમા શોધવા નીકળ્યા, ભરતજીને કઇ ઉપમા આપવી? તો

**''શારદ ઉપમા સકલ ઢંઢોળી''**

સરસ્વતીજીને યાદ કરી અને બધી જ ઉપમાઓ ઢંઢોળી જોઇ, એક પણ કામ ન લાગી, તો ભરતજીને ઉપમા કઇ આપવી?

**''અનુપમાગમ''**

જય મહારાજને બીજા કોઇની સાથે સરખાવી ન શકાય, બીજી ઉપમા આપી જ ન શકાય. તુલસીદાસજીને પણ થયું કે ભરતજીને કઇ ઉપમા આપી શકાય, એક પણ ઉપમા એમની માટે જડી જ નહીં, તો તુલસીદાસજીએ લખ્યું કે,

**''ભરત ભરત સમ અહહિ''**

ભરત એ ભરત જેવા જ છે. બીજા કોઇના પણ જેવા નહીં. રસોઇ કરી હોય અને બહુ મીઠી હોય, તો કહીએ છીએ ને કે ગળી મધ જેવી છે, એ રસોઇને મધ સાથે સરખાવી. મીઠું વધારે

પડી ગયું હોય તો, ખારું દરિયા જેવું છે, એટલે એની ઉપમા આપી દીધી. તો તુલસીદાસજીએ વિચાર્યું કે ભરતજીને કોની સાથે સરખાવું? તુલસીદાસજી જેવા વિદ્વાન સંત પુરુષ, આટલું સરસ મહાકાવ્ય લખ્યું છે, પણ ભરતજી માટે કોઇ ઉપમા જડી જ નહીં,

**''અનુપમાગમ શાસ્ત્રરતં પરમં''**

શાસ્ત્રથી પણ જે પર છે. તો જય મહારાજ માટે ઉપમા કઇ આપી? તો પ્રાર્થના કરનાર પ્રાર્થના કરે છે કે,

**''અનુપમા''**

ભગવાન એ ભગવાન, સદ્‌ગુરૂ એ સદ્‌ગુરુ, એમનો ઉપકાર કયારેય ભૂલાય નહીં, એમનું ઋણ કયારેય ચૂકવી શકાય નહીં. બસ ગુરુ મહારાજ એટલે ગુરુ મહારાજ. કેટલી હૃદયના ઉંડાણની એની વિશાળતા હશે કે સ્તુતિકર્તા આપણને આ સ્તુતિ દ્વારા જય મહારાજનાં દર્શન કરાવે છે, એક એક સંબોધનની અંદર, એક એક શબ્દની અંદર, એક એક વાક્યમાં, પણ આટલાં બધાં સંબોધન કર્યા પછી પણ સ્તુતિકર્તા એમ કહે,

**''અનુપમાગમ''**

મારી પાસે કોઇ ઉપમા નથી, કેવી રીતે લેવા જાઉં? ભાઇ તમે બહુ સારા માણસ છો, બહુ સારા સજ્જન માણસ છો, તમને સજ્જનની સાથે સરખાવ્યા, તમે શંકરાચાર્ય જેવા લાગો છો, તમે વિવેકાનંદ જેવા લાગો છો, આ રીતે ઉપમા આપી અને સરખામણી કરી શકાય, પણ ભગવાની સરખામણી કોઇની સાથે ન થાય, કારણ કે ભગવાન એ ભગવાન જ છે, એ પરમ સ્વરૂપ છે એથી આગળ કશું પણ નથી. જો એથી ઉપરનું કશું હોય તો એની સાથે સરખાવી શકાય.

**''અનુપમાગમ''**

સ્તુતિકર્તાએ ગુરુ ગીતમાં, ભગવાન શિવ પાર્વતીને ગુરુ મહિમા સંભળાવે છે, અને ગુરુ મહારાજની સરખામણી કરે છે,

**''પરમ સુખદમ્ કેવલમ્ જ્ઞાન મૂર્તિમ્**

**દ્વન્દ્વાતીતં ગગન સદ્શં તત્ત્વમસ્યાદી લક્ષ્યમ્**

**એકમ નિત્યં વિમલમ્ અચલમ્ સર્વધિ સાક્ષભિૂતમ્**

**ભાવાતિતમ્ ત્રિગુણ રહિતમ્''**

આટલું બધું કહ્યું છતાંય છેવટે શું કહેવું પડ્યું,

**''સદ્ગુરુમ્ તમ્ નમામિ''**

આટલા બધા સાથે સરખાવ્યું જય મહારાજના, સદ્ગુરૂના સ્વરૂપને, અને છતાંય છેલ્લે કહ્યું કે આપ ગુરુ મહારાજ તો ગુરુ મહારાજ જ છો. આ બધાની સાથે આપને સરખાવ્યા છતાં પણ આપ તેમની તુલનામાં તો ન જ હોઇ શકો.

**''સદ્ગુરું તમ્ નમામિ''**

આપ જે ગુરુ તત્ત્વ છો, તેને હું વંદન કરું છું.

**''પરમ સુખદમ્ કેવલમ્ જ્ઞાન મૂર્તિમ્**

**દ્વન્દ્વાતીતં ગગન સદ્શં તત્ત્વમસ્યાદી લક્ષ્યમ્**

**એકમ નિત્યં વિમલમ્ અચલમ્ સર્વધિ સાક્ષીભૂતમ્**

**ભાવાતિતમ્ ત્રિગુણ રહિતમ્''**

આ બધું જ એક બાજુ એ મૂકી દીધું. પણ આ એક શ્લોકની અંદર શિવ ભગવાને ગુરુ મહારાજનો સાક્ષાત્કાર કરાવ્યો છે, ગુરુ મહારાજના વિગ્રહમાં શું હોય? પરબ્રહ્મનો આનંદ, આત્માનો આનંદ હોય, પરમસુખને પ્રાપ્ત કરેલા અને પરમસુખને

આપવાવાળા,

**''પરમસુખદમ્''**

તેમનું સ્વરૂપ કયું છે?

**''કેવલમ્ જ્ઞાનમૂર્તિ''**

એમ આટલી બધી સરખામણીઓ કરી, ઉપમાઓ આપી ગુરુ મહારાજ માટે, અને છતાંય છેલ્લે ભગવાન શિવ જેવા શિવે કહ્યું કે સદ્‌ગુરુ એ સદ્‌ગુરુ જ છે.

**''સદ્‌ગુરુ તમ્ નમામિ''**

હું આપને વંદન કરું છું. સદ્‌ગુરુ સ્વરૂપે વંદન કરું છું. ગગન સ્વરૂપે પણ નહીં, કેવલ જ્ઞાનમૂર્તિ પણ નહીં, એ બધું તો છે જ, પણ આપની વિશિષ્ટતા, આપનું વિશિષ્ટ તત્ત્વ એ ગુરુતત્ત્વ છે, એથી ઉપર બીજું કશું પણ નથી, અને ગુરુ મહારાજ જે રીતે તારે એ રીતે બીજું કોઇ ન તારે.

**''ગુરુ તેની મુકિત કરે તત્કાળ''**

બસ એક સદગુરૂ જ એનો ઉદ્ધાર કરશે. સંસારની અંદર નાખ્યા તો ખરા ભગવાને કે જાવ તરવાનું હોય તો તરો, શેકાવાનું હોય તો શેકાવ, દાઝવાનું હોય તો દાઝો, પણ પોકાર કરે કે જય મહારાજ આપને શરણે છું,

**''ગુરુ તેની મુક્તિ કરે તત્કાળ''**

જનેતા જ બાળકને મારે,

**''જયારે નિજ માતા બાળકને મારે**

**ત્યારે તેને બીજું તે કોણ ઉગારે''**

કોણ ઉગારવા આવે ત્યાં આગળ? એકમાત્ર સદ્‌ગુરુ. અને

સદ્‌ગુરુ તત્ત્વની સાથે કશું પણ તોલે આવી ન શકે. ગુરુ મહારાજની શક્તિ સામાન્ય નથી,

**''મન પવન તણા જેણે તોલ કીયા''**

બોલો, કોઇ દિવસ હવાનું વજન થઇ શકે ખરું? મનનું માપ નીકળી શકે ખરું? પણ છતાંય,

**''મન પવન તણા જેણે તોલ કીયા''**

એ સામર્થ્ય છે. દરેકની પાસે પોતપોતાનું મન છે, પવન એટલે શ્વાસોશ્વાસ દરેકની પાસે છે આજીવન. મનને અને પવનને, એટલે મનને અને શ્વાસોશ્વાસને નિયંત્રણમાં રાખવાનું.

**''મન પવન તણા જેણે તોલ કીયા**

**નિજ સહજ સ્વરૂપ કો શોધ લીયા''**

પોતાના સહજ સ્વરૂપને શોધી કાઢયું, શેનાથી? મનની એકાગ્રતાથી. બીજા શબ્દોમાં કહીએ કે જય મહારાજની ઉપાસનાથી, સૂરત શબ્દથી. મનની સુરતાઓ અને શ્વાસોશ્વાસનો શબ્દ, આ બંનેને એક કરો. જયારે પણ જીવનમાં મનની શાંતિ જોઇતી હોય, ત્યારે શ્વાસોશ્વાસની સાથે એકાગ્ર થજો. સુરત શબ્દ જેને કહીએ છીએ, અને એમાં જે શ્વાસની સાથે શબ્દ થાય છે, ઓહમ્ સોહમ, ઓહમ્ સોહમ્, એની સાથે હળવાશથી અનુસંધાન કરજો. શ્વાસોશ્વાસને ઉતાવળ નહીં કરવા દેવાની. મન શાંત થશે. મન સ્થિર થશે. એ શાંતિની અનુભૂતિ આપણને પોતાને થશે. એમાં ધીરે ધીરે અભ્યાસ કરતાં એટલે સુધી જવાશે, કે આ શરીર અને મનનું વ્યવધાન સહેજ પણ નહીં નડે. જે શ્વાસોશ્વાસની સાથેનું અનુસંધાન થઇ ગયું, ઓહમ્ સોહમ્‌નું, એને કારણે શરીર અને મન બંને ભૂલાઇ જશે, અળગા થઇ જશે. એ જે

અળગા થયા અને પછી સ્થિતિ મળી, એ જ નિજ સ્વરૂપ.

**''નિજ સહજ સ્વરૂપ કો શોધ લીયા''**

પણ કયારે શોધાય?

**''મન પવન તણા જેણે તોલ કીયા''**

એને માપી લીધું મનને, હવે બીજે કયાંય નહીં જવાનું, બીજી અડચણ ઊભી ન કરે, મન કોઇપણ પ્રકારની તોફાની વૃત્તિ ન રાખે, કારણ કે મને શ્વાસોશ્વાસની સાથે પ્રાણને જોડી દીધો. **પ્રાણ અને આત્મા બે જુદા જુદા છે, શ્વાસની ગતિને પ્રાણ કહે છે, અને જે ચૈતન્યતત્ત્વ આખા શરીરનો જે કારોબાર ચલાવે છે એ આત્મા છે.** પ્રાણ ગયો એટલે શ્વાસ બંધ થઇ ગયો, પણ આત્મચેતના અંદર છે, એની અનુભૂતિ થાય એનું નામ છે,

**''નિજ સહજ સ્વરૂપ કો શોધ લીયા''**

સહજ સ્વરૂપ શું તો એ આપણો આત્મા, આપણું ચૈતન્યતત્ત્વ, જેણે આખા શરીરમાં સાહજિકતાની સ્થિતિ પ્રાપ્ત કરેલી છે. શરીર નાનું-મોટું, યુવાન ઘરડું, રોગી-નિરોગી થઇ શકે પણ આત્મચેતના તો પોતાના સહજ સ્વરૂપમાં જ હશે, એણે જવું પડતું નથી અને આવવું પડતું પણ નથી, એણે જન્મવું પડતું પણ નથી અને મરવું પડતું પણ નથી. આવવા જવાનું, જન્મવા મરવાનું એ માત્ર શરીરની ગતિ છે. આત્મા સ્થિર છે અને એ સ્થિતિની અવસ્થાને સમજવાની શ્વાસોશ્વાસ અને મન વડે, એટલે મન દ્વારા શ્વાસોશ્વાસને સ્થિર કરવાનો,

**''મન પવન તણા જેણે તોલ કીયા''**

**મનને માપવાનું અને શ્વાસોશ્વાસને માપવાનું. શાંતિથી બેસો, એકાગ્રતાથી બેસો, એકલા બેસો, અને શ્વાસોશ્વાસનું અનુસંધાન**

**કરજો, એ ધીરે ધીરે ધીરે પોતાના નિજ સ્વરૂપ આત્મસ્વરૂપ સુધી લઇ જશે. જય મહારાજે આપણને માર્ગ આપી દીધો,**

**''મન પવન તણા જેણે તોલ કીયા**

**નિજ સહજ સ્વરૂપ કો શોધ લીયા**

**જેણે પ્રેમરસ ના પ્યાલા પીયા''**

બસ પછી તો અમૃત પડ્યું હોય અંદર, કોઇ દુઃખ નહીં, કડવાશ નહીં, કોઇ દુઃખના વેર ઝેર નહીં, માત્ર આત્માનુંસંધાન અમૃત.

**''જેણે પ્રેમરસના પ્યાલા પીયા''**

તો આટલી બધી ઉચ્ચ અવસ્થા તરફ પોતાની સ્થિતિ છે, શરણે આવેલાને પણ લઇ જાય છે, તો એવા જય મહારાજને આપણે શાની ઉપમા આપીશું? તો સ્તુતિકર્તા આપણને બતાવે છે કે,

**''અનુપમા ગમ''**

જય મહારાજને ઉપમા આપવી બહુ જ અઘરી છે, ઉપમા આપી શકાય જ નહીં. જય મહારાજ એ તો સ્વયં જય મહારાજ જ છે, પરબ્રહ્મ તત્ત્વ છે, એથી આગળ સરખામણી કરવા જેવું બીજું કશું પણ નથી.

**''પરબ્રહ્મ પરમતત્ત્વ શાશ્વતમ્''**

એ જે શાશ્વતતા છે, તે અખંડ છે.

**''અખંડ સુખાસ્પદમ્''**

જય મહારાજ સ્વયં સુખાસ્પદ છે પોતાની જાતને આત્માને ઓળખવો એ જ છે

''**પરમ પદ વિદં**''

એ જ પરમપદ આત્મા સુધી પહોંચો, પોતાના નિજ સ્વરૂપને જાણો, અજ્ઞાન આપોઆપ દૂર થઇ જશે. અજ્ઞાનનું દૂર થવું એ જ પરમ પદવિદં. આ આખી જે અવસ્થા છે એ બ્રાહ્મી અવસ્થા છે, જેણે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરી દીધી છે, વેદો કહે છે કે,

''**અહમ્ બ્રહ્માસ્મિ**''

એ બ્રહ્મ એટલે બીજું કાંઇ જ નહીં, પરબ્રહ્મ પરમાત્મા અને પરમાત્માનો અંશ એ આપણો આત્મા, એ પરબ્રહ્મ છે, અને એટલે જ વેદોના ઋષિઓએ ઉપાસના કરવા માટે કહ્યું કે,

''અહમ્ બ્રહ્માસ્મિ''

હું બ્રહ્મ છું, કારણ કે એનો અંશ છું. જેમ પાણીનો એક છાંટો, એ સાગરનો એક અંશ જ છે, દરિયાનું પાણી જ છે. એટલે જેમ પાણી એ દરિયાનો અંશ છે, એમ આત્મા એ પરબ્રહ્મ પરમાત્માનો અંશ છે, જે ગુણ પાણીમાં છે તે ગુણ પાણીના ટીપામાં પણ છે, એનું બંધારણ પણ એનું એ જ છે, પરમાત્માના જે પણ કાંઇ ગુણો છે તે આત્મામાં છે, કશું પણ બાકી નથી, એના માટે ચિંતન કરતાં ઋષિઓ એ કહ્યું કે,

''**પિંડે સો બ્રહ્માંડે**''

જે આપણા શરીરમાં છે, એ જ જગતમાં સૃષ્ટિમાં છે. જે શરીરમાં નથી તે સૃષ્ટિમાં નથી, અને જે પણ કાંઇ સૃષ્ટિમાં છે તે બધું જ શરીરમાં છે જ, બધી જ ધાતુઓ લોહ પણ છે, વાયુઓ પણ છે. તો આખી જે રચના છે સૃષ્ટિની, અને શરીરની, તે એક સરખી જ છે. સમગ્ર સૃષ્ટિની અંદર પરમાત્મા છે, અને શરીરની

અંદર આત્મા છે. તો અહીં કહ્યું કે,

**''અનુપમાગમ શાસ્ત્ર પરમ્''**

જય મહારાજ એક એવી વિભૂતિ છે,

**''શાસ્ત્ર રતમ્''**

એ સ્વયં શાસ્ત્ર સ્વરૂપ જ છે, જ્ઞાન સ્વરૂપ તો છે જ,

**''કેવલમ્ જ્ઞાનમૂર્તિ''**

બધા જ શાસ્ત્રો જ્ઞાનની અંદર આવી જ ગયા. ગુરુ મહારાજ જય મહારાજનું સ્વરૂપ પણ શાશ્વત શાસ્ત્ર છે, અને શાસ્ત્રથી પણ પર છે,

**''શાસ્ત્રરતમ્ પરમ્''**

છતાંય પર. પોતે શાસ્ત્રનું સ્વરૂપ ખરા છતાંય એ બધાયથી સર્વોપરી છે, એ બધાયથી પર, એ તત્ત્વ છે. પરબ્રહ્મ એ ગુરુ તત્ત્વ છે, એ પરની અંદર જે રત છે.

શાસ્ત્ર સ્વરૂપ હોવા છતાંય, શાસ્ત્રની અંદર હોવા છતાંય એનાથી પર છે, તેનાથી પણ શ્રેષ્ઠ છે, આ ગુરુ તત્ત્વ છે, આ જય મહારાજ છે, એન એના માટે કહ્યું કે,

**''સુવરદાસમખંડ સુખાસ્પદમ્''**

અખંડ સુખ કોને કહેશો? અખંડ સુખની વ્યાખ્યા કઇ? કમાયા, સંપન્ન થયા, ઘરની અંદર બધી જ સુવિધાઓ હોય, બધું જ પરિપૂર્ણ હોય, એને કહેશો ખરા અખંડ સુખ? અને એ ઘરના જે વૈભવ છે, જે સંપન્નતા છે, એનાથી પૂરેપૂરું સુખ કયારેય કોઇને મળ્યું ખરું? બધું જ હોય, બધી જ સગવડો હોય, ખૂબ પૈસા હોય, ઘર પણ ખૂબ જ સજ્જ હોય, અખંડ સુખ લઇ આવો જોઇએ? એટલા બધા વૈભવની વચ્ચે પણ અખંડ સુખ તો નહીં જ મળે,

કયારેય નહીં મળે. ભલે લખચોરાસીના ફેરા ફરી ફરીને આવો, તો પણ વૈભવમાંથી સુખ મળવાનું નથી. જે સુખ વૈભવનું માનો છો, તે માત્ર ભ્રાંતિ જ છે. કેટલીક સુખ-સગવડ છે, કેટલી મઝા પડે છે, પણ એ ભ્રાંતિ છે. દોડયા કરશે આખી જિંદગી એ રેતીની અંદર, પણ પાણીનો એક છાંટોય નહીં મળે, એમ સંસારની અંદર પણ ગમે તેટલું દોડ્યા કરીશું, કે મને આ સુખ મળશે, અહીંયાથી સુખ મળશે, આ સુખ આપશે આમાંથી સુખ મળશે, પણ જ્યાં સુખ લેવા જાવ ને મોઢું મારો ત્યાં રેતી જ હાથમાં આવે, પાણીનું ટીપું પણ ન હોય. લગ્ન કરીશું તો સુખી થઇશું, નોકરી કરીશું તો સુખી થઇશું, પરિવાર સંતાન મળશે તો સુખી થઇશું, છોકરાઓને પરણાવી દઇશું એટલે સુખી થઇશું, પણ પછી કેટલી બધી નવી નવી ઉપાધિઓ આવે છે ? સંસારનું સુખ તો, જેમ મીરાએ કહ્યું ને,

**''સંસારીનું સુખ કેવું ઝાંઝવાના જળ જેવું''**

આ સંસાર એ તો ઝાંઝવાના જળ જેવું છે, પાણી દેખાય પણ પાણી છે જ નહીં, અરે પાણી કહેતા કાદવ પણ નથી, માત્ર રણ છે. પ્રીતમ સ્વામી એ બહુ જ સરસ વાત કરી છે,

**''રણ સંબંધે આવી મળ્યા સુત વિત દારા ને દેહ''**

આ જગતના રણની અંદર એકબીજા સાથે ઋણથી બંધાયેલા છે, એના લીધે ભેગા થયેલા છે, આ શરીર એ પણ ઋણાનુબંધ છે. ઋણાનુબંધ એ ઝાંજવાનાં જળ. માણસની તરસ કયારેય નહીં છીપાય. સુખની ભૂખ સંસારમાંથી ક્યારેય પણ તમે પૂરી નહીં કરી શકો. તમને સંતોષ નહીં જ મળે નહીં જ મળે. જેમ ભોગવતા જશો તેમ તેમ એની ભૂખ વધતી જશે પણ સંતોષાશે નહીં, એ તમને તૃપ્ત નહીં કરી શકે, પણ ભૂખ વધારશે, ક્યારેય સંતોષ નહીં મળે. જેટલું ભોગવતા જશો એટલો અસંતોષ.

અત્યારે ભોગવી અને ઉપરામ થયા પણ પાછળનું વધારે ભોગવવાનું બીજ મૂકી જાય છે, ફરી પાછી આ ભૂખ ઉઘડવાની, એટલે સંસાર કયારેય પણ સુખ આપતો નથી જ. અનુભવ કરીને કહેજો, કે સંસારમાં સુખ છે ખરું? સંસારી બનીને પગ મૂકીએ એની સાથે ખબર છે ને, પેલું કોડીયું ભાગવાનું હોય છે, હોય છે ને? અને કોડિયું ના ભાગે તો લાત મારવી પડે પાછી. તો સંસારમાં પ્રવેશ કરતા પહેલાં આવાં કોડીયા જ ભાંગવાનાં હોય છે. અહીંયાં તો અનંત સુખની, આત્મસુખની વાત કરી છે, જય મહારાજે.

**''અખંડ સુખાસ્પદમ્''**

|| જય મહારાજ ||